૪૯૫૨

શબ્દાર્થભેદ.

Gujrati Synonyms. ✗

By

LALLUBHAI PRANVALLABHDAS

PARIKH.

Ahmedabad—“ ARYODAYA ” Priting Press.

1891.

Price 12 Annas.

શબ્દાર્થ ભેદ

અથવા

પર્યાય તરીકે વપરાતા શબ્દો વચ્ચેનો તફાવત.

રચનાર

લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ.

અમદાવાદ—આર્યોદય પ્રેસ.

કિંમત રૂ ૦-૧૨-૦

પ્રસ્તાવના.

દરેક ભાષાગમાં પર્યાય તરીકે વપરાતા શબ્દોના અર્થમાં ભેદ હોય છે. એક દસ્તાવેજમાં મઝિયારૂં અને સહિયારૂં એ શબ્દો જૂદા જૂદા અર્થમાં વપરાયેલા જોવા ઉપરથી ગુજરાતીમાં પણ એવા ભેદ છે એમ મારા લક્ષમાં આવ્યું હતું, અને એ ઉપરથી એવા ભેદ શોધી કાઢવા તરફ મારૂં ધ્યાન ખેચાયું હતું. એ વખત હું અમદાવાદમાં હતો મારા રોજના કામથી ફારક થઈ મને જૂજ ખાનગી વખત મળતો. કોઇ વખત પા કલાક તો કોઇ વખત અડધો કલાક. કેટલીક વાર તો ઘણા દિવસ સુધી બિલકુલ વખત મળતો નહિ. તોપણ જે જૂજ વખત મને મળતો તે અને લાંબી રજાઓનો વખત હું ગુજરાતી શિષ્ટ ગ્રંથો વાંચવામાં અને આવા ભેદ શોધી કાઢવામા વાપરતો; તેથી મહીને બે મહીને પર્યાય તરીકે વપરાતા કેટલાક શબ્દો વચ્ચેનો તફાવત બતાવવા ને હું શક્તિમાન થતો. એ શબ્દો ઉપર સાક્ષર મંડળ તરફથી ટીકા થાય એ હેતુથી થોડા થોડા શબ્દો હું બુધ્ધિપ્રકાશમાં છપાવતો. આ પ્રમાણે સન ૧૮૮૫ ના સપટેંબર માસથી સન ૧૮૮૭ ના નવેંબર માસ સુધીમાં છુટક છુટક શબ્દો છપાવ્યા છે. અને કેટલાક શબ્દો સન ૧૮૮૬ ના અકટોબરથી સન ૧૮૮૭ ના ફેબ્રુઆરી સુધીમાં ગુજરાતશાળા પત્રમાં પણ છપાવ્યા છે. ત્યારબાદ એ શબ્દો અને એવાજ પ્રકારના બીજા શબ્દો ઉપર કેટલાક વખત સુધી મનન કર્યું અને ગુજરાતી ભાષાનાં પુષ્કળ પુસ્તકો વાંચ્યાં. જે શબ્દો છપાયેલા તેનો મોટો ભાગ રા. રા. મણિલાલ નભુભાઈ તથા હરિલાલ હર્ષદરાયને પણ બતાવ્યો અને તેઓની ટીકા તથા સુચનાઓ ગૃહણ કરી. બીજા ગૃહસ્થો જેઓના સમાગમમાં હું આવેલો તેઓને પણ મેં એ શબ્દો બતાવેલા છે. અને તેઓના તરફથી જે જે સૂચનાઓ થયેલી તે પણ ઉપયોગમાં લીધી છે.

સાક્ષર મંડળ આપોઆપ ટીકા કરશે એ મારી ધારણા ઘણે

ભાગે બર આવી નથી. માત્ર સુઇગામ ઇલ્લાકે પાલણપુરના મેહેતાજી નારાયણ કાશીરામ તથા રા. રા. નૃસિંહરાવ ભોળાનાથેજ એમાંના કેટલાક શબ્દો વિશે ટીકા કરી છે. તે ટીકા અને વિશેષે કરીને મી. નૃસિંહરાવની ટીકા ઘણી ઉપયોગી અને કિંમતી હોવાથી તેનો ઉપયોગ મેં આ લઘુ પુસ્તકમાં કર્યો છે.

ગુજરાતીમાં સારા કોષ તેમજ પર્યાય શબ્દો વચ્ચેના ભેદ બતાવનાર પુસ્તકોની ખામીને લીધે આ પુસ્તક લખવાનું કામ ઘણું વિકટ અને કંટાળા ભરેલું થઇ પડયું હતું, તોપણ આગ્રહ પૂર્વક મથન કરવાથી મ્હારી છ સાત વરસની મહેનતના ફળ તરીકે આ લઘુ ગ્રંથ હું સાક્ષર મંડળના આગળ રજુ કરવાને શકિતવાન થયો તેને માટે હું ઇશ્વરનો ઉપકાર માનું છું. આ પુસ્તક સાક્ષર મંડળને જેટલે દરજ્જે પસંદ પડશે કે ઉપયોગી થશે તેટલે દરજ્જે મારી મહેનત સફળ થઇ એમ હું સમજીશ.

મનુષ્ય તેમજ હરકોઈ વસ્તુનું નામ હમેશ યથાર્થ હોતુ નથી, તેમજ આ પુસ્તકના નામની બાબતમાં બન્યું છે. જેવો ઇંગ્રેજીમાં Synonyms શબ્દ છે તેવો ગુજરાતીમાં કોઇ શબ્દ નહિ જડવાથી, અને તેનું અનુકરણ કરવાથી ગુજરાતીમાં ઘણા શબ્દો વાપરવા પડે એમ લાગ્યાથી "શબ્દાર્થ ભેદ" એજ ટૂંકુ નામ આ પુસ્તકને આપ્યું છે. એ નામનો અર્થ માત્ર એટલોજ સમજવાનો છે કે પર્યાય તરીકે વપરાતા શબ્દોના અર્થ વચ્ચેનો તફાવત—

જે શબ્દો પર્યાય તરીકે વપરાતા નથી તે શબ્દોની વચ્ચેનો ભેદ બતાવવાનો મારો હેતુ નથી.

આવું પુસ્તક પ્રથમજ લખવામાં આવે છે તેથી કરીને બતાવેલા તફાવત તરફ નજર રાખી શબ્દોનો અનુક્રમ ગોઠવવાની અનુકુળતા મળી નથી તેથી નામ, વિશેષણ, ક્રિયાપદ અને પરચુરણ શબ્દો એ પ્રમાણે ભાગ પાડી અનુક્રમે છપાવ્યા છે. નામની સંજ્ઞા નીચે આવતા શબ્દો પ્રથમ છપાઈ જવાથી, ગઈ મેટ્રીકયુલેશનની

પરીક્ષામાં "શબ્દાર્થ ભેદ" વિષેના જે પ્રશ્ન હતા તેમાંના કેટલાક પરચુરણ શબ્દોમાં દાખલ કર્યા છે, તેથી આ પુસ્તકમાં રાખેલી ગોઠવણુનો ક્રમ કેટલેક અંશે તૂટેલો છે.

આ પુસ્તકમાં માત્ર પર્યાય તરીકે વપરાતા શબ્દો વચ્ચેનો તફાવત બતાવ્યો છે. તેમાં પણ જે શબ્દો વચ્ચેનો તફાવત મારાથી બતાવી શકાયો તેજ મેં બતાવ્યો છે, તમામ પર્યાય શબ્દોની વચ્ચેનો તફાવત બતાવ્યો નથી, તે કારણથી એમ સમજવું નહિ જોઈએ કે આ પુસ્તકમાં જે શબ્દો આવ્યા છે તેજ એક બીજાના પર્યાય છે અને બીજા નથી.

દાખલા બધા પ્રાચીન અને અર્વાચીન શિષ્ટ ગ્રંથોમાંથીજ લીધાછે. તે બતાવેલો ભેદ ખરોછે એમ દેખાડવા તેમજ કેટલીક જગોએ અપવાદ તરીકે પણ આપેલાછે. અપવાદ તરીકે આપવાનો હેતુ એટલોજ કે સર્વ ગ્રંથકારોની લખવાની પદ્ધતિ એક સરખી નથી એમ જણાઈ આવે.

આ પુસ્તક તૈયાર કરવાને માટે જે ગ્રંથો વાંચવામાં આવ્યા તે ઉપરથી માલમ પડેછે કે આપણી ગુજરાતી ભાષા ઉપર પણ દેશ કાળની અસર થાયછે. કેટલાક શબ્દો પ્રથમ જે અર્થમાં વપરાતા તે હાલમાં ગ્રામ્ય થઈ જતા માલમ પડેછે, તેમજ કેટલાકના અર્થ માં તફાવત પડતો જતો હોય એમ જણાયછે. જે સંસ્કૃત શબ્દ ગુજરાતી માં વપરાયછે તેના અર્થમાં અને તેજ શબ્દ ઉપરથી પ્રાકૃત માં જે રૂપ થયેલું તેના અર્થ માં તફાવત પડી ગયેલો જણાયછે. તેમજ ઇંગ્રેજી અને બીજી ભાષાઓમાંથી નવા નવા શબ્દો ગુજરાતી શબ્દો તરીકે સહજ રૂપાંતરની સાથે વપરાતા માલમ પડેછે.

આવું પુસ્તક કોઈ સમર્થ વિદ્વાન અને ભાષા શાસ્ત્રી ને હાથે લખાવાની જરૂરછે. તેવા પુરૂષને આ લઘુ ગ્રંથ વિચારોની નોંધ તરીકે કામ લાગશે એમ આશા રાખવામાં આવે છે.

આ પુસ્તક રચવામાં ઉપર જણાવેલા ગૃહસ્થો તેમજ બીજા

જે ગૃહસ્થો તરફથી કિંમતી સુચનાઓ અને મદદ મળેલી તેને માટે હું તેમનો ઘણો ઉપકાર માનું છું.

બુધ્ધિપ્રકાશ અને ગુજરાતશાળા પત્રમાં જે શબ્દો છપાયેલા તેમાંના કેટલાક પસંદ નહિ પડવાથી આ પુસ્તકમાં છપાવ્યા નથી. પ્રથમ નહિ છપાયેલા કેટલાક શબ્દો આ પુસ્તકમાં ઉમેરવામાં આવ્યા છે.

ધોળકા. તા. ૧૫ મી મે. સન ૧૮૯૧	લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ.

અનુક્રમણિકા.

વિશેષણ.

ક્રિયાપદ.

પરચુરણ શબ્દો.

शब्दार्थ भेद.

નામ.

ભાગ, હિસ્સો, ટુકડો અને કડકો (કટકો) અથવા કકડો.

ભાગ અને **હિસ્સો** એ શબ્દ જુદા પડેલા ભાગને માટે તેમજ જુદા નહિ પડેલા ભાગને માટે વપરાય છે, જેમકે ફલાણી પેઢીમાં મારો ત્રીજો **ભાગ** અથવા **હિસ્સો** છે; મારે **ભાગ** પાંચ રૂપિયા આવ્યા હતા. **ટુકડો** અથવા **કડકો** જુદા પડેલા અથવા જુદા ઓળખી શકાય એવા ભાગને માટેજ વપરાય છે.

હિસ્સો એ શબ્દ હમેશ પ્રમાણ સુચવે છે, અને કેટલીએક વખત હક્ક સુચવે છે. **ભાગ**માં પ્રમાણનો કે હક્કનો સ્થાઈ આભાસ રહેલો હોય એમ જણાતું નથી, પણ ઘણી વખત પ્રમાણ બતાવવાને માટે તે વપરાય છે.

કડકો અને **ટુકડો** ઘણું કરીને એકજ અર્થમાં વપરાય છે, પણ **ટુકડો** એ શબ્દ ઘણી વખત તુચ્છકાર બતાવે છે. પ્રવાહી પદાર્થના ભાગને માટે **ટુકડો** કે **કડકો** એ શબ્દ વપરાતો નથી, પણ ભાગ અને હિસ્સો એ શબ્દ વપરાય છે. ભાવવાચક નામના સંબંધમાં પણ **ટુકડો** અને **કડકો** ભાગ્યેજ વપરાય છે.

ટુકડો અને **કડકો** એ શબ્દોમાં **હિસ્સાની** માફક પ્રમાણ કે હક્કનો **આભાસ** રહેલો હોય એમ જણાતું નથી.

દાખલા.

જ્યેષ્ઠ પુત્રને વીસમો ભાગ તથા સર્વમાં જે સારો પદાર્થ હોય તે આપવો. **મિતાક્ષરા.**

સરોવરને ભાગ પશ્ચિમ, ચંદ્રકાન્તિ મહાન,
ચંદ્રકાન્તે શિળા બાંધી, ચંદ્રબિંબ સમાન.

રત્નેશ્વર-સ્વર્ગારોહણ.

હીંડે મૂક્યો રે મરડતો, મૂકે ઢળકંતી પાત્ર,
મરણકાળે રે ઘેરિયો, ખોયા ચારે રે ભાગ,

જીવરામભટ.

બૃહદશ્વ વળના ખોળિયા, તમે શે આણ્યો વૈરાગ,
નળરાજા દુખ પામિયો, નથિ તેનો સામો ભાગ.

પ્રેમાનંદ-નળાખ્યાન.

પરંતુ તેમને સામે હિસ્સે ગુણ ધરાવનારાજ આજે કેટલાછે! **મેવાડની જાહોજલાલી.**

ખેડુત ચારસેં રૂપીઆનો પાક પકાવે ત્યારે લગભગ સો રૂપીઆ ખર્ચ થાય, તે જતાં ત્રણસેં રૂપીઆ રહે તેમાંથી અરધ સરકાર હિસ્સો જતાં માત્ર અરધ ભાગ ખેડુતને પડયો રહે છે એ કેટલું આશ્ચર્ય? **ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ.**

સોંઘું શણનું સાદરડુંને, કાચલી કરો કડકો,
આવ્યા મધ્યે એજ આવશે, દેશે બહાર ધગડકો.

શામળદાસ.

જેઠ લગી જોઇ વાટડી, કોઇ આવે ને જાય,
કાગળ કટકો ગળ્યો નહીં, લખતાં જાદવરાય.

રત્નો.

કટકા બે પટકુળના કરી, નળ ચાલ્યો મુકી સુંદરી.

નળાખ્યાન-પ્રેમાનંદ

ભાતનાં ભોજન જમતા, અનેક વાનિનાં અન્નજી;
તેરે માગ્યા ખાવા ટૂકડા, ભાક્ષા ભવન ભવનજી, જંગલ

નિષ્કુળાનંદ.

એ મેઘના યોગે ઈંગ્રેજ લોકોના એક વાહાણના તુકડે તુકડા ઉડ્યા. **ચમત્કારચંદ્રિકા.**

પેટ અને ડોઝરૂં.

તિરસ્કારથી બોલતી વખત પેટ એ શબ્દને બદલે ડોઝરૂં એ શબ્દ વપરાય છે; અર્થાત ડોઝરૂં એ શબ્દ તિરસ્કાર વાચક છે, પેટ એ શબ્દ તિરસ્કાર વાચક નથી. પેટ એ શબ્દ કેટલીએક વખત સંતાન વગેરે અર્થમાં વપરાય છે--ડોઝરૂં એ શબ્દ તેવા અર્થમાં વપરાતો નથી.

દાખલા.

છાતી તથા પેટ ઉપર ઘણું માર્જન કરવું નહિ. કેમકે તે ભાગ રૂંધાઇ જાય તો અડચણ થઈ આવે છે. **પ્રાણવિનિમય.**

હશે કોપી સ્રીએજ પરષેર વેઠ,
હશે ભર્યું કંથેય પરષેર પેટ.

પ્રેમાનંદ-નળાખ્યાન.

રૂદયા ચાંપે રે, રાણી રૂદયા ચાંપે;
રૂદયા ચાંપે પેટને રે, એ હેલું વેલું લાડ;
હવે મળવાં દોહલાં રે, મળિયે તો પ્રભુજીનો પાડ; મોસાળ.

પ્રેમાનંદ-નળાખ્યાન.

પ્રપંચ ભેદે તમે, ડોઝરૂં પોતાનું ભરવા;
ઇશ્વરનો અધિકાર લઇને, આવ્યા ઢોંગ કરવા.

સવિતાકૃતકવિતા.

નફો અને ફાયદો.

વેપારમાં ખરચ, ખરાજાત વગેરે બાદ કરતાં રહેલી જે કમાણી તેને **નફો** કહે છે. કોઇ કામ કરવાથી તેનું સારૂં ફળ મળે

તેને **ફાયદો** કહે છે. **ફાયદો** એ શબ્દનો અર્થ ઘણો બોહોળો છે, તેથી નફાનો તેમાં સમાવેશ થાય છે, કેમકે **નફો** એ પણ વેપાર કરવાથી સારૂં ફળ મળે તેને માટે વપરાય છે. એ ઉપરથી જણાય છે કે **નફાની** જગાએ **ફાયદો** એ શબ્દ વપરાય, પણ કમાણી સિવાય બીજા કોઈ રૂપમાં કાંઈ લાભ પ્રાપ્ત થયો હોય તેને માટે **નફો** એ શબ્દ વાપરી શકાતો નથી, માત્ર **ફાયદો** એજ શબ્દ વાપરી શકાય છે.

દાખલા.

મારો બધો માલ વેચાઇ ગયો અને મને ઘણોજ નફો મળ્યો.

નસીબ અને ડહાપણની સરસાઈ.

વેરો થયા પછી જો **નફો** વધારવાની લાલચે ઉત્પત્તિના હુન્નરોમાં સુધારો થાય તો એ સુધારાથી વખતે **નફાનો** દર વધે અને સુધારામાંથી જે **ફાયદો** થયો તેમાંથી વેરો આપવામાં આવે.

અર્થશાસ્ત્ર—અંબાલાલ.

ભવિષ્યમાં જથાબંધ માલનું વેચાણ શા ભાવે થશે અને ઉપાડ કેટલો થશે તે વિષે જો તેણે ખરૂં અનુમાન બાંધ્યું હોય તો તેને **નફો** મળવાનો સંભવ છે. **કેળવણી.**

ઇંગ્રેજી રાજ્યના **ફાયદા.** **નિબંધરીતિ.**

જેમ જેમ તમે વધારે વિચાર કરશો તેમ તેમ તમને વધારે ફાયદો થશે. **ધર્મનીતિ.**

સુલતાને કહ્યું. ડહાપણ કરતાં નસીબ માણસને વધારે **ફાયદો** કરે છે એમ અમારૂં ધારવું છે. **જ્ઞાનોદય.**

કરકસર અને કંજુસાઈ.

કોઇ માણસ કોઇ કામ એવી રીતે કરે કે તે જેમ બને તેમ થોડા ખરચમાં અને ઘણા થોડા બગાડથી થાય તો તે કામ તેણે **કરકસરથી** કર્યું એમ કહેવાય. ધન વગેરે બચાવવાના

અતિ લોભને લીધે કોઇ માણુસ જરૂરી કામ પણ કરે નહિ, અને કદાચ કરેતો ઘણા સંકોચને લીધે ઘણી ખરાબ રીતે કરે ત્યારે તેણે **કંજુસાઈ** કરી એમ કહેવાય. કરકસર કરનાર તેમજ કંજુસ એ બંને પૈસો વગેરે બચાવી શકે છે, પણ પેહેલામાં પૈસા વગેરેનો લોભ એટલોબધો હોતો નથી કે તે સાચવવાને કે બચાવવાનેજ માટે જરૂરી કામ કરે નહિ, અથવા ઘણી ખરાબ રીતે કરે. બીજાનો તો પૈસો વગેરે બચાવવો એજ હેતુ હોય છે તેથી તે વખતે જરૂરીકામ પણ કરતો નથી. કરકસર કરનારનો હેતુ બગાડ થતો અટકાવવાનો હોય છે, અને કંજુસનો હેતુ પૈસો વગેરે બચાવવાનો હોય છે. **કરકસર**ની ગણના સદ્‌ગુણમાં થઈ શકે છે, **કંજુસાઈ** એ દુર્ગુણ ગણાય છે.

દાખલા.

સ્ત્રીએ સદા આનંદમાં રહેવું, અને ઘરના કામકાજમાં ચતુર રહેવું, ઘરમાંનો સામાન સરંજામ ચોખ્ખો રાખવો, અને **કરકસર**થી ખર્ચ ચલાવવો. **નીતિમંદિર.**

આવું છતાં કુટુંબનો વ્યવહાર ચાલતો અને ઘર ચલાવનારીની બુદ્ધિ, વેતરણું અને **કરકસરથી** નામ પ્રમાણે ખરચ રાખ્યું દેખાતું છતાં ઝાઝુ ખરચ થતું નહતું અને કોઈ રીતે લાગે એવી અડચણ પડતી નહતી, અને કેટલીક અડચણો વેઠવાની તો સઉને ટેવ પડી ગઇ હતી. **સરસ્વતીચંદ્ર.**

એ પૈસા ઉડાવી નાંખ્યાને બદલે તે છોકરાં સારો ઉદ્યોગ તથા **કરકસર** કરી તેમાં ઉમેરો કરે, તો તેઓ અંતે ધનવાન થાય.

સાતમીચોપડી.

ઘણી સ્ત્રીઓ નહાવામાંએ જાણે પૈસા બેસતા હોય તેમ પાણી વાપરવામાં **કંજુસાઇ** કરે છે. **સ્ત્રીમિત્ર.**

આકાર અને આકૃતિ.

કોઇ વસ્તુનો બહારનો ભાગ જેટલો દ્રષ્ટિએ પડે તેટલા ભાગ-

ના દેખાવથી તેનું જે રૂપ મુકરર થાય તેને આકૃતિ કહે છે. કોઈ વસ્તુને સર્વ બાજુ તરફથી જોતાં તેનું રૂપ જેવું કળ્યામાં આવે તેને આકાર કહે છે. આકૃતિ એ બહારના થોડા અથવા ઘણા દેખાવથી મુકરર થાય છે; આકાર મુકરર કરતી વખતે લંબાઇ, પોહોળાઈ અને જાડાઇ ધ્યાનમાં રાખવામાં આવે છે. કેટલી એક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાય છે.

દાખલા.

કહે ભીમક અચરજ હોય, તુજના પાંચ નદેખે કોય;
શકે દેવતા છે નિરધાર, થઈ આવ્યા નળને આકાર.

નળાખ્યાન.

કોટ તણાં કોસિસાં ઝળકે, શોભે પોલ અગાર,
ઉંચાં શિખર અટાલિ કેરાં, દીપ—શીખા આકાર.

રત્નેશ્વર.

સત્ય.—આકાર એટલે કોઇ પદાર્થની ચારે તરફની સીમા અથવા ચારે તરફની રચનાનો ઘાટ. નારીશિક્ષા.

તન સ્યામ સુંદર કમળ મુખ, આકરણ નેત્રવિશાળ;
રામના સારખી આકૃતિ, બળવાન બંન્ને કુમાર.

ગિરધરદાસ–રામાયણ.

અહો, ગંભીર અને ખુબસુરત આકૃતિવાળો, વાંકો અંગોઠો વાળીને, હાથમાં તરવાર ઝાલી સ્મશાનને રસ્તે આ કોણ ઉતરે છે?

માલતીમાધવ.

* આકૃતિ તથા વિસ્તાર. નારીશિક્ષા પૃ. ૮૧.

લાકડાં, કાટ, અને કાઠી.

પાંદડાં વગરના કાપેલા ઝાડના કડકાને માટે લાકડું એ શબ્દ

* આ જગાએ આકૃતિ શબ્દ આકારના અર્થમાં વપરાયો હોય એમ જણાય છે.

વપરાય છે. લાકડાં ઇમારત બાંધવાના, તેમજ બાળવાના અને બીજાં કામમાં વપરાય છે. માત્ર બાળવાના કામમાં આવે એવાં લાકડાંને કાઠી કહે છે. કાઠી એ શબ્દ તળ અમદાવાદમાં બાળવાનાં લાકડાંને ઠેકાણે ઘણું વપરાય છે. બીજાં સ્થળોમાં એટલો બધો વપરાતો નથી. કાટ એ શબ્દ માત્ર ઇમારતી લાકડાંને માટે વપરાય છે લાકડું એ શબ્દ સામાન્ય રીતે કાટ અને કાઠીની જગાએ વપરાય છે, પણ કાટની જગાએ કાઠી કે કાઠીની જગાએ કાટ એ શબ્દ વપરાતો નથી. ઇમારતી લાકડાં વેચનારને કાટપીટિયો કહેછે અને બાળવાનાં લાકડાં વેચનારને કઠિયારો કહે છે. કાટ અને કાઠી એ શબ્દ સં૰ કાષ્ટ શબ્દ ઉપરથી થયેલા જણાય છે.

દાખલા.—

કોણાં કોણાં પણ સાગનાં લાકડાં.

કથનાવળિ.

લક્કડખોદને લાકડા માંહે. આહાર કર્યો અવિનાશ.

છોટમ.

મૂડદાંને બાળવાને જોઈતાં લાકડાં ન મળવાથી બાંધેલાં ઘરોમાંથી કાટ ગાળ તોડી કાઢીને તે ઉપયોગમાં લેવો પડયો હતો.

દુકાળ—એદલજી.

એ ભાગમાં ઘાડાં જંગલો હોવાથી તથા દેશી રાજ્યો તરફથી અંગ્રેજી રાજ્યની માફક જંગલમાંનો કાટ કાપવાની મના નહિ હોવાથી તેઓ ખેતીના કામમાં બેદરકાર રહે છે.

ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ.

આંબાની કાઠી, અને રાંધનારી નાઠી.

કથનાવળિ.

કાષ્ટ શકટથી કાઠ, કેટલાક તો કાઢી,
કડકા બારે સાઠ, દરવાનાદિક દહાડી.

કૃષ્ણારામ.

દેરૂ, દેવળ, અને મંદિર.

ઘણુંખરૂં ઘુમટવાળા જે મકાનમાં દેવ કે દેવીનું થાનક હોય તે મકાનને માટે **દેરૂ** એ શબ્દ ઘણુંકરીને વપરાય છે. **દેવળ** એ શબ્દ દેવાલય ઉપરથી થયો છે અને એનો અર્થ દેવની જગા એવો થાય છે. **દેવળ** એ દેરાની માફક અમુક આકારનું હોતું નથી. મંદિર એ ઘણુંકરીને હવેલીના આકારનું હોય છે. **દેરૂ, દેવળ** અને **મંદિર** એ ત્રણે ધર્મની જગાઓ હોય છે. **મંદિર** એ શબ્દ કેટલીએક વખત ઘર એ શબ્દના અર્થમાં પણ વપરાય છે. તે પ્રમાણે દેરૂ અને દેવળ એ શબ્દો વપરાતા નથી. શ્રાવક લોકોના ધર્મનું દેવાલય દેરાના આકારનું હોય કિંવા ના હોય તોપણ તે **દેરૂ** કે દેરાસર કહેવાય છે.

ગોસાંઈજી, સ્વામીનારાયણ, કબીર વગેરેના ધર્મનાં દેવાલયોને **મંદિર** કહે છે. મહાદેવ કે બીજા કોઇ દેવ કે દેવીની જગાને **દેવળ** કહે છે; પણ જો તેનો આકાર ઘુમટદાર હોય તો તેને **દેરૂ** કહે છે. ખ્રિસ્તી ધર્મનાં ધર્મ સંબંધી મકાનો (ચર્ચ) ને **દેવળ** કહે છે. તેને માટે **દેરૂ** કે **મંદિર** શબ્દ વપરાતો નથી. કેટલીએક વખત દેરૂ અને દેવળ એકજ અર્થમાં વપરાય છે.

દાખલા.

નથી ધોરોમાં પીર, નથી શ્રાવકને દેરે.
અસલ જુએ નહિ કોય, સહુ નકલોને હેરે.

નરભેરામ.

વેલી વનસ્પતિ, વિધવિધ ઔષધિ, જૈન **દેરાં** જયકારીરે;
આડેકડે કરનાર મેવાડને, મારવાડની અહિં બારી. રમીએ ગુજરાતેરે.

બાળગરબાવળિ. નવલરામ.

ઠાકોર તણે **દેરેરે**, રાગ ખોરાજે છે,
જુઓ હરી નેત્ર સામીરે, નોબત વાજે છે.

નરભેરામ.

હવે છેલ્લુ કેહેવાનું આ છે કે આપણા લોક જે ખાતરીથીજ સમજે છે કે આપણાં દેવ દેવીઓનાં સ્વરૂપ જેવાં **દેરાં**માં જોવામાં આવે છે તેવાંજ ખરેખરાં છે, તે અજ્ઞાનથી સમજે છે.

નર્મગદ્ય.

"૫. આરમિનિયનનું **દેવળ** તથા ફિરંગીની લાતી"

... ...

"૧૦. ઐરિશમિશનનું **દેવળ** ને છાપખાનું."

... ...

"૧૩. અંગ્રેજોનું **દેવળ**"

નર્મગદ્ય.

ન શોભે **દેવળ** દેવી વીણ, ન શોભે ઘર ઘરૂણી પાખે.

ચંદ્રચંદ્રાવતિ—શામળ.

રૂપાનું આસન શ્વેત સિંહાસન, સોનાનું છત્ર શોભેરે;
દીપમાળ **મંદિરની** જોતાં, મુનિવરનાં મન લોભેરે.

ધીરો ભકત.

આ તાલુકાના **વડતાલ** ગામમાં સ્વામીનારાયણનું મોટું **મંદિર છે.**

ભૂગોળવિદ્યાના મૂળતત્વો ભાગ ૧

જમીનદારો પોતાનાં કુટુંબને સારૂ બંધાવેલાં અને તેને (ચૈતન્ય પંથને) અર્પણ કરેલાં **મંદિરોમાં** નિત્ય તેની પૂજા અને તેનું ભજન કરે છે.

હિંદના લોકનો ટુંકો ઇતિહાસ.

હરિ ભજન જેના ભવનમાં નહિ, **મંદિર** તેનું મશાણ;
સ્મરણ પુન્ય શમણે નવ સમજે, તે પાપી પાખંડી પશુ પ્રમાણ;
ધિક્કાર તેની જનનીરે, એવાં રત્ન જે જીવાડે. **ધીરો ભકત.**

છબી અને ચિત્ર.

કોઇ દેવ અથવા માણસની આકૃતિ હાથથી કે યંત્રછાપથી

કાગળ, પથ્થર, વગેરે પદાર્થ ઉપર કાડેલી કે પાડેલી હોય તેને છબી કહે છે. ચિત્ર એ ઘણુંકરીને માણસ અને દેવ સિવાય બીજી વસ્તુઓની આકૃતિ કોઇ પદાર્થ ઉપર કાડી કે પાડી હોય તેને કહે છે. ચિત્રમાં ઘણુંકરીને રંગ પુરેલો હોય છે. છબી કેટલીએક વખત સાદી અને કેટલી એક વખત રંગ પુરેલી હોય છે. જયારે ઘણી છબીઓ સળંગ કાગળ કે ભીંત ઉપર હોય છે ત્યારે તે ઘણું કરીને ચિત્ર કહેવાય છે. ઝાડ, પશુ, પક્ષી વગેરે વસ્તુઓ જેની મણના દેવ કે મનુષ્યમાં થઇ શકતી ના હોય તેની આકૃતિને ચિત્ર કહે છે, છબી કહેતા નથી. ચિત્રમાં છબીનો વખતે સમાસ થાય છે પણ છબીમાં ચિત્રનો સમાસ થતો નથી. કેટલી એક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાયેલા માલમ પડે છે.

દાખલા.

તેની અદાલતમાં ધનસાઇનું જે ચિત્ર કાઢેલું હતું તે આંપણું ન હતું. કરણઘેલો.

નાના વિધ ચિત્ર ચીતરીયાં,
જાણે દેવ વૃંદ ઉતરીયાં.

પ્રેમાનંદ.

મક—કલહંસક, આ માધવનું ચિત્ર કોણે કાઢયું ?

માલતીમાધવ.

એમાં ખ્રિસ્તી તથા તેની મા નામે મેરીની કેટલી એક સુંદર મુર્ત્તિઓ તથા સોહામણી છબીઓ છે.

ઈંગ્લાંડની મુસાફરી-મહિપતરામ.

કદી કાળે પેલી જડ છબિ વિનાશે પડિજશે,
અને આ તો મ્હારે હૃદયે જડિ તે ત્યહાંજ જડિતે.

કુસુમમાળા.

પણ પાસે આવીને ધ્રુવતીએ જરા લજ્જાના ચિન્હથી તે સિદ્ધ આગળ ધરી ત્યારે તે પોતાની છબી છે એવું તેણે સાનંદાશ્ચર્યથી જાણ્યું. રાવતી.

કચેરી, કોરટ અને હાફીસ.

ન્યાય ખાતાના અમલદારની ઇનસાફ કરવાની જગાને કોરટ કહે છે. કોઇ પણ જાહેર ખાતાના સરકારી અમલદારને કામ કરવાની જગાને કચેરી કહે છે. અમલદારોને ઘેર દિવાનખાનું હોય તે પણ તેમના સહવાસના સબબથીજ કચેરી કહેવાય છે. બીજાં ખાનગી અથવા સરકારી ખાતાંના અધિકારી અથવા અંમલદારોની, તેમજ વકીલ વગેરે ધંધાદારીઓની કામ કરવાની જગાને હાફીસ કહે છે. મેહેસુલ ખાતાના સરકારી અમલદાર જેમાં બેશી કામ કરે છે તે જગાને માટે કચેરી એ શબ્દ ઘણુંકરીને વાપરવામાં આવે છે; પણ તેવા અમલદાર, જેવા કે મામલતદાર ઇનસાફ કરવા બેસે ત્યારે તે ઇનસાફની જગાને કચેરી નહિ પણ કોર્ટ કહે છે. કોરટ અને હાફીસ એ શબ્દો ઇંગ્રેજી છતાં ગુજરાતીમાં વપરાયછે. કેટલી એક વખત કોરટ અને કચેરી એક બીજાની જગાએ વપરાયછે.

દાખલા.

કહાં જૈ કહું વાત આ દુઃખ કેરી,
ભણેલા વિના ભૂપ કેવી કચેરી.

રાજવિદ્યાભ્યાસ.

જ્યાં કલેકટરની કચેરી હોય ત્યાં બધે એ પેઢીની આડત ખરી અને તેમાં પણ એ રીતે વહિવટ ચાલે છે. **છઠ્ઠીચોપડી.**

કોરટમાં વાદી અને પ્રતિવાદી બંનેને ધરમેજો પાર પાડવાને સમજુતી આપતા હતા. **કરસનદાસ ચરિત્ર.**

કોરટ રૂપી રાણીને, પુત્ર ફેસલા થાય;
નિત્ય પરાયા પેટના, વગર ભણેલે રાય.

દલપતરામ.

સ્નેહથી સ્વતંત્રતાના પેશાને પસંદ કરે,
કીરતાની કોરટમાં, ધુમે ધીર ધારશે;
કહે છે બુલાખીરામ, સાંભળો સાહેબ તમે,
વારંવાર જાઉં એ વકીલ હવિ વારશે.

કાવ્યકૌસ્તભ.

છાપખાનાની **હાફીસ** જેવો દેખાવ નજરે પડયો.

કરસનદાસ ચરિત્ર.

સાહેબ, આજ હું **હાફીસ**માં જોઉંછું, ત્યાં નહીં હોય તે કાલે ઘેર જોતો આવીશ. **સરસ્વતીચંદ્ર.**

ધજા, પતાકા અને વાવટો.

ધોળા અથવા બીજા કોઇ રંગના કપડાનો ત્રિકોણ આકૃતિનો છેડવાળો ઘાટ જે વાંસ, લાકડી કે કાઠીને વળગાડવામાં આવે છે તેને **ધજા** કહે છે—ત્રિકોણ સિવાય બીજા કોઇ આકારની અને હાથમાં રાખવાની કે કંઇ ખોસવાની શેડ વિનાની ધજાને **પતાકા** કહે છે. **વાવટો** એ ધજા કે પતાકાના આકારનો અથવા બીજા કોઇ આકારનો હોય છે. **ધજા** અને **પતાકા** એ ખુશાલીના અથવા ધર્મના ચિન્હ તરીકે ગણાય છે. **ધજા** વખતે કોઇ દેવસ્થાન કે એવીજ બીજી જગા ઉપર ટાંગવામાં આવે છે. કેટલી એક વખત તેને તથા **પતાકાને** ધર્મને બાહાને નિકળતી મંડળીઓવાળા હાથમાં લઇ ચાલે છે. **વાવટો** એ રાજ્ય ચિન્હ તરીકે વપરાય છે. જુદી જુદી જગાએ જુદી જુદી રાજ્ય સત્તાઓ હોય છે, તેથી **વાવટા** પણ જુદા જુદા ચિન્હવાળા હોય છે. કેટલીએક વખત **ધજા** એ શબ્દ વાવટાની જગાએ વપરાય છે પણ **વાવટો** એ શબ્દ **ધજાના** અર્થમાં ભાગ્યેજ વપરાય છે.

દાખલા.—

વ્યોમે **ધજા** ઘણું ફરફરે, દુંદુભી ઢોલ ત્યાં ગડગડે.

સુદામાચરિત્ર—પ્રેમાનંદ.

જેરે શેરીવળાવીને સજ કરી, રોપ્યા આંગણે કેળોના થંભ,
જેરે દ્વારે **પતાકા ધજા** ધરી, કુંવર જાયો રાણીગે.

વેનચરિત્ર.

મણિ રત્નની જ્યોત ઘણેરી, વૈદુર્ય વિરાજે સાર,

ઘર ઘર ઉપર ચપળ **પતાકા,** નરનારી શણગાર.

સ્વર્ગારોહણ.

તેમની સામે નેધરલાંડના **વાવટાની** કીર્તિ હિંદુસ્થાનના સાગરમાં જાળવી રાખવાની યુક્તિઓ જાણનાર તરીકે તેઓ પ્રસિદ્ધિ પામેલા હતા. **ઈશાવતી.**

છત્ર ચમરને **વાવટારે,** દીવાનો નહીં પાર;
પુઠે તે આવે જાનરડીરે, તે તો મંગળ ગાતી નાર;

અનિરૂદ્ધજીની ઘોડલી.
ઓખાહરણ-પ્રેમાનંદ.

મજૂરી, મેહેનત અને વૈતરૂં.

કામ કરવામાં શરીર અથવા મનને જે જોર આપવું પડે તેને **મેહેનત** કેહે છે. કોઈ વસ્તુ ઉચકવા, લઇ જવા, લાવવા વગેરેમાં શરીરને જે મેહેનત પડે તેને **મજૂરી** કહે છે. મેહેનત શરીર અને મનની બંનેની હોય છે. મજૂરી માત્ર શરીરની મેહેનતને કહેવામાં આવે છે. કેટલી એક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાએલા જોવામાં આવે છે.

ઘણી મજૂરી કે મેહેનતને વૈતરૂં કહે છે. તેમાં મનની તેમજ શરીરની મેહેનતનો સમાસ થાય છે. નાખુશીથી અથવા બળાત્કારને લીધે પણ કીધેલી મજૂરી કે મેહેનતને માટે વૈતરૂં એ શબ્દ કેટલીએક વખત વપરાય છે.

દાખલા.

સપટેંબરની આખરે ગણતરી કાઢતાં માલમ પડયું કે આખા મદ્રાસ ઇલાકામાં સવા છ લાખ માણસો બાંધકામ ઉપર **મજુરી** કરતાં હતાં. **દુકાળ વિષે નિબંધ.**

પરંતુ આપણે હાલ સુખ શાંતિમાં રહીએ છીએ અને શરીરબળનો ઉપયોગ ફક્ત **મજુરી** કરવાનો છે. **કેળવણી.**

વરણુ અન્ય જે વિશ્વમાં, રળ્યું કણબીનું ખાય;
કણબી **મેહેનત** કોટિધા, બારે વારે જાય.

શામળભટ.

સર્વ કામ **મેહનત** થકી, કરતા હોયે લોક;
થાય સહાય સદા હરી, ફળ નવ થાયે ફોક.

નર્મકવિતા.

એને વાસ્તે કદાપિ તેમને જરાએ **મેહેનત** કરવી પડી ન હોય, તોપણ એમના વડવાને એટલે બાપદાદાઓને એ વસ્તુઓ મેળવવા વાસ્તે ઘણું કઠણ **વૈતરૂં** કરવું પડ્યું હશે. ... ...

છઠ્ઠીચોપડી.

... ... અભ્યાસ કંટાળા ભરેલા **વર્ઠતરા** જેવો થવાથી ... ... પ્રમાદધન પ્રમાદમાંજ રહેનો.

સરસ્વતીચંદ્ર.

છોકરો, દિકરો, પુત્ર, છોરો અને છૈયો.

છોકરો એ શબ્દ નાની વયના મરદને માટે સાધારણ રીતે વપરાય છે, પણ **દિકરો** એ શબ્દ એ પ્રમાણે સાધારણ રીતે વપરાતો નથી. માત્ર પોતાના અથવા અમુક માણસના છોકરા વિષે બોલતાં એ શબ્દ વપરાય છે. **દિકરા** એ શબ્દથી બાપની સાથેનો સંબંધ સેહેજ જણાઇ આવે છે; 'આ **દિકરો** સારો છે' એટલે બોલનારનો અથવા અમુક માણસનો આ છોકરો સારો છે. બાપની સાથેના સંબંધ સિવાય **દિકરો** એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી. '**છોકરો**' બોલતી વખતે બાપની સાથેનો સંબંધ ખાસ રીતે જણાઈ આવતો નથી.

પુત્ર એ શબ્દ સંસ્કૃત છે અને એનો અર્થ ઘણો ખરો દિકરાના જેવો છે, એટલે બાપ અથવા પિતાનો સંબંધ બતાવીનેજ એ શબ્દ વપરાય છે; પણ છોકરાની પેઠે તે સાધારણ અર્થમાં વપરાતો નથી.

કાઠિયાવાડના કેટલા એક ભાગમાં **છોકરો** એ શબ્દનો અર્થ લુંડા અથવા દાસના જેવો થાય છે, અને છોકરી એ શબ્દ દાસી અથવા લુંડીના અર્થમાં વપરાય છે, તે કારણથી છોકરાને બદલે ત્યાં **છોરો** એ શબ્દ વપરાય છે, અને છોકરીને ઠેકાણે છોરી શબ્દ વપરાય છે.

છૈયો એ શબ્દ નાની ઉમ્મરના છોકરાને માટે ઘણુંકરીને વપરાય છે. છોકરો એ શબ્દ દિકરો પુત્ર છોરો અને છૈયો એ શબ્દોની જગાએ વપરાય, પણ છોકરાને બદલે સર્વ જગાએ દિકરો કે પુત્ર શબ્દ વાપરી શકાય નહિં.

દિકરો અને **પુત્ર** એ શબ્દોના અર્થમાં કાંઈક માનનો આભાસ રહેલો હોય એમ જણાય છે. **છૈયા**માં કેટલી એક વખત કાંઇક વહાલ કે લાડનો આભાસ માલમ પડે છે.

છોરો એ શબ્દ ગામડીઆ લોકો ઘણી વખત વાપરતા માલમ પડે છે. એ છોકરાનું ટુંકુ રૂપ હોવાથી કવિતામાં ઘણી વખત વપરાયેલો જણાય છે.

બાર ચાદ વરસની ઉમ્મરના છોકરાને માટે છૈયો એ શબ્દ ઘણુંકરીને વપરાતો નથી.

દાખલા.

થયા વિસ્મે બાળક દીઠા નહીં, ગુરૂ પત્નિ તવ ઝાંખી થઇ;
હવાં સ્વામી મુજને શ્રાપે ખરા, શું કરૂં કેમ ન આવ્યા **છોકરા.**

પ્રેમાનંદ દશમસ્કંધ.

માતા કહે બાળકને બાળકમાં ગમે,
નહાનાં **છોકરાં** પાસે રમે.

એજન.

અકબરની બેગમોને કેટલાક **પુત્ર** થયા હતા, પણ તેમાંનો એકે જીવ્યો ન હતો. શીક્રીમાં શેખસીલીમ ચિસ્તી નામે, ફકીર રહેતો તેણે પાદશાહને **દીકરો** આપવાનું વચન આપ્યું હતું.

અકબર ચરિત્ર.

છોજીજનેતા જગતનાં હો બહુચરી,
છોરૂ ને નવ દો છેહ.

વલ્લભભટ.

કઠિણ દીસેહો, પૂરૂપ તણાં હઇયાં,
પર ઘેર જાયેહો, મુકવાને છઈયાં,

પ્રેમાનંદ

આખુ જગત મુખમાં દેખાડયું, દહોડ માસને છૈએ.

દશમ-પ્રેમાનંદ.

બાળપણામાં લગ્ન થાય છૈયા છોડીનાં,
જન્મ્યા પેહેલાં કોઈ, કરે સાટાં વીવાનાં

નર્મકવિતા.

હસ્તની ચિત્રણીને જઠરા વિશે, પુત્ર દિકરા આવે,
તેના મુખ પર મુછ છે, તે ભલી ભૂતળમાં ભાવે.
મોરપખીને શંખણી તેના, છૈયા છોરા ન્યાય નવ તોળે,
તે હરીની નિંદા કરે ને, કુળ ઇકોતેર બોળે.

નરસેરાંમ.

પુનર્લગ્ન અથવા પુનર્વિવાહ અને નાતરૂ.

રાંડેલી સ્ત્રી લગ્નની વિધિ સાથે પરણે તેને પુનર્લગ્ન કહે છે. તેવી વિધિ સિવાય રાંડેલી કે છાંડેલી સ્ત્રી બીજા ધણીની સ્ત્રી થાય તો તેણે **નાતરૂ** કર્યું એમ કહેવાય છે. **નાતરામાં** લગ્નના જેવી સઘળી વિધિ કરવામાં આવતી નથી. કેટલી એક નાતોમાં માત્ર ગોત્રજની પૂજા કરી ચુડો પહેરાવવામાં આવે છે. પછી તે સ્ત્રી, વર તથા તેની સાથે આવેલાં માણસો સાથે તેના નવા ધણીને ઘેર જાય છે.. કેટલી એક જ્ઞાતીમાં સ્ત્રી પોતાને ઘેરથી પાણીનું બેઢુ ભરીને કોઇ દેવાલયમાં જાય છે, ત્યાં દેવને દિવો કરી નવા ધણીના તરફથી આવેલો ચુડો પેહેરી તેને ઘેર જાય છે. છાંડેલી કે

છેડાછુટકો થયેલી સ્ત્રી નાતરૂ કરી શકે છે, પણ તે પુનર્લગ્ન કહેવાય નહિં. પુનર્લગ્ન કે પુનર્વિવાહ માત્ર રાંડેલી સ્ત્રી ફરીથી લગ્ન કરે તેનેજ કહે છે. રાંડેલો પુરૂષ બીજીવાર કુંવારી કન્યા સાથે લગ્ન કરે તે પણ ખરી રીતે જોતાં પુનર્લગ્ન છે, તોપણ તે ઉપર બતાવેલા અર્થમાં પુનર્લગ્ન કહેવાતું નથી.

દાખલા.

નાતરાં કરવામાં ગેરઆબરૂ કહો પણ પુનરવિવાહમાં કાંઇજ ગેરઆબરૂ નથી.

પુનર્વિવાહ પ્રબંધ.

જુવતીએ તજ્યું જાતરૂ, નર નારીએ કરયું **નાતરૂ.**

સુડાબોતેરી.

એ રીત કરતાં **પુનરવિવાહ**ની, રૂડી લાગે છે રીતજી,
જંગલિજન પણ જે સાંભળે તો, ખેદજ પામે ખચીતજી.

વેનચરિત્ર.

ધણીના મૂઆ પછી સ્ત્રીએ ફરીથી પરણવું તેને **પુનર્વિવાહ** અથવા વિધવા વિવાહ કહે છે. **નાતરૂ** એટલે તો ધણી જીવતો છતાં બીજાને જવું તે. **નિબંધરીતિ.**

તિરકસ જાળિયું

ભીંતમાં અજવાળા કે ધુમાડાને માટે જે આડુબાકુ રાખ્યું હોય તેને **તિરકસ** કહે છે. તે ઘણું કરીને એક ઇંટવાર પોહોળું અને તેટલુંજ ઉંચુ હોય છે, અને તેની વચમાં એક ઇંટ ઉભી મુકેલી હોય છે. **તિરકસ** કરતાં જરા વધારે મોટું બાકુ ભીંત, છાપરા, મેડા કે અગાસીમાં અજવાળાને માટે કે ધુમાડાને માટે મુકયું હોય, અને તેવા બાકામાં લોઢા, લાકડા કે બીજા કોઇ પદાર્થની જાળી જડી દીધી હોય તેવાને **જાળિયું** કહે છે. **જાળિયું** વખતે તિરકસ જેવડું હોય છે અને વખતે તે કરતાં જરા મોટું હોય છે,

એટલુંજ નહિં પણ તેમાં જાળી જડેલી હોય છે. તિરકસમાં જાળિ જડેલી હોતી નથી. જાળિયું એ ભીંત સિવાય મેડાની ભોંયમાં—છાપરાંમાં—કે અગાસી વગેરેમાં હોય છે—તિરકસ તેવી જગ્યામાં હોતું નથી. કેટલી એક વખત તિરકસની જગા એ જાળિયું એ શબ્દ વપરાય છે, પણ જાળિયાની જગાએ તિરકસ એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી.

દાખલા.

ગટરો પર ઠેરઠેર **જાળિયાં** મૂકવાં કે તેમાં સેહલાઈથી હવા આવ જા કરે.

સાર્વજનિક આરોગ્ય.

હવાની આવજાને સારૂં છેક ઘુમટ આગળ બે કલમ તરાંસ નાનાં **તિરકસો** હતાં. **મુદ્રા અને કુલીન.**

(તે) ગભરાયલો ગભરાયલો ઉઠયો અને રસોઇની ઓરડીમાંથી એક **જાળીયું** બ્હાર તળાવમાં પડતું હતું ત્યાંથી અંગુઠા પર ઉભો રહી બે હાથે જાળીના સળિયા ઝાલી જોવા લાગ્યો

સરસ્વતી ચંદ્ર.

અદેખાઈ, ઈર્ષા, અને સ્પર્ધા.

બીજાંની સારી સ્થિતિ જોઇ અથવા સાંભળીને મનમાં બળ્યાં કરવું તેને **અદેખાઈ** કહે છે. સામાનું સારૂં જોઇને તેના જેવું થવાનો અથવા કરવાનો મનમાં જે જોસ્સો થઇ આવે તેને **સ્પર્ધા** કહે છે. અદેખો માણસ સામા ધણીને પોતાથી કનિષ્ટ, કે પોતેજ કનિષ્ટ અવસ્થામાં હોય તો પોતાના જેવો કરવાને કે થવાને પ્રયત્ન કરે છે અથવા ઇચ્છે છે. પણ **સ્પર્ધા**વાળો માણસ સામાની સારી સ્થિતિ જોઈ તેના જેવી અથવા તેથી ચડિયાતી પોતાની સ્થિતિ થવા પ્રયત્ન કરે છે કે ઇચ્છે છે. **ઈર્ષા** એ શબ્દ ઘણી વખત અદેખાઈના અર્થમાં વપરાય છે અને કોઇ વખત સ્પર્ધાના અર્થમાં વ-

પરાય છે. **અદેખાઇ** એ એક દુર્ગુણ છે. સ્પર્ધાની ગણના સદ્‌ગુણમાં થાય છે. ઈર્ષાની ગણના તેના અર્થ મુજબ સદ્‌ગુણ કે દુર્ગુણમાં થાય. **ઈર્ષા** એ શબ્દ અદેખાઇ અને સ્પર્ધાને માટે વપરાય પણ **અદેખાઈ** અને **સ્પર્ધા** એક બીજાની જગાએ ભાગ્યેજ વપરાય.

દાખલા.

૧ ત્યારે પુષ્કરને થઇ **અદેખાઈ**, મુજ થકી વાધ્યો પિત્રાઈ

પ્રેમાનંદ—નળાખ્યાન

૨ નીચની પેઠે તે બાળક ઉપર **અદેખાઇ** ન આવી પણ ગોકુળજી ના મનમાં **સ્પર્ધા** થઇ આવી કે "મારે એના સમાન થવું"

સુજ્ઞ ગોકુળજી-મનસુખરામ.

૩ વેગમાં આવી રાજ્યભાર વેહેનારાની આડે ન આવવાની પોતે સંભાળ રાખતા એટલે કોઈની **ઈર્ષા** ને પાત્ર થયા ન હતા.

એજન.

૪ વાદવિવાદથી પંડિતોમાં **ઈર્ષા** વધીને વિદ્યામાં વધારો થાય છે.

નર્મગદ્ય

૫ એકને આબરૂ મળેલી જોઈ બીજાએ બીજવાઇ ન જવું પણ પોતાને આબરૂ મળે તેમ કરવાનો ઇર્ષા થી (અદેખાઇથી નહિ) પરિશ્રમ કરવો. **નર્મગદ્ય.**

૬ હલકા માણસના મનમાં પોતાના કરતાં સારા ગુણ, અથવા વધારે ઐશ્વર્ય, માન ઇત્યાદિ જેમનામાં હોય તે લોકો ઉપર જે દ્વેષ બુદ્ધિ હોય છે તેને ઈર્ષા કહે છે. **સ્ત્રીધર્મનીતિ.**

૭ તારાથી કંઇ તેના જશને, ઢાંકયો નહિં ઢંકાય,
ઈર્ષાથી ઉલટીહલકાઇ, દુનિયામાં દેખાય.

દલપતરામ.

૮ મુકી મમત, આળસ, **ઈર્ષા** સર્વે,
દેશ દાઝે ઘૂમો ઘૂમો ગર્વે;

બાળ ગરબાવળિ. નવલરામ.

૯ આ બનાવથી મને **ઈર્ષા** ઉત્પન્ન થશે પણ જેને તમે અતિ પ્રિ-

ય ગણ્યો છો તેના ઉપર કે તમારા ઉપર વેર લેવાનો હુ કદી પણ પ્રયત્ન કરીશ નહીં. ઈરાવતી.

૧૦ પણ ખુશીની સાથે હું કબુલ કરૂં છું કે જેમ લડાઈના કામમાં તેમ રાજનીતિ તથા વિદ્યાના કામમાં કંઈ પણ દરજ્જે તેમની સાથે હું સ્પર્ધા કરી શકુ તેમ નથી. ઈરાવતી.

ઉપરના દાખલા પૈકી ૩-૬-૯-૮-અને ૯ મા દાખલામાં ઈર્ષા એ શબ્દ અદેખાઇના અર્થમાં વપરાયેલો જણાય છે અને ૪ થા અને ૫ મા દાખલામાં સ્પર્ધાના અર્થમાં વપરાયેલો જણાય છે.

ઝુંપડુ-ઘર-હવેલી-મેહેલ અને બંગલો.

માણસને રહેવા સારૂ જે મકાન બનાવવામાં આવે છે તેને માટે ઉપરના બધા શબ્દો વપરાય છે. **ઝુંપડુ** એ છાજથી છાયેલી છાપરીવાળા નાના ઘરને માટે વપરાય છે. ઝુંપડાની દિવાલો વખતે માટીની બનાવેલી હોય છે અને વખતે પુળા વગેરેની બનાવેલી હોય છે. **ઘર** એ શબ્દ સામાન્ય અર્થવાળો છે. તે ઝુંપડુ, હવેલી, બગલો, મેહેલ એ બધા શબ્દોની જગાએ વાપરી શકાય છે, અને તેનો સાધારણ અર્થ મનુષ્યને રહેવાનું મકાન એવો થાય છે. **ઘર** તેના ખાસ અર્થમાં ઇંટ માટીના અથવા ચુના અને ઇંટથી ચણેલા સાધારણ કદના મકાનને માટે વપરાય છે. **ઘર** કરતાં વધારે વિસ્તારવાળું, વધારે ઉંચુ અને સારી બાંધણીનું મકાન હોય તેને **હવેલી** કહે છે—કોઇ રાજા અથવા એવીજ પંક્તિના પુરૂષને માટે જે મોટી શોભાયમાન હવેલી બાંધી હોય તેને **મેહેલ** કહે છે. ચારે તરફ ખુલ્લી જગા રાખીને જે સુંદર મકાન વાડી અથવા મેદાનમાં બાંધ્યું હોય તેને **બંગલો** કહે છે. બંગલાના છાપરાને ઘણું કરીને એ કરતાં જ્યાદે ઢાળ હોય છે. કેટલી એક વખત **હવેલી** અને મેહેલ એક બીજાની જગાએ વપરાય છે.

હાલના વખતમાં **હવેલી** એ શબ્દ વૈષ્ણવી સંપ્રદાયના મહારાજોનાં રહેવાનાં અને દર્શન કરાવવાનાં મકાનોને માટે પણ વપરાય છે.

દાખલા.

ભરવાડના **ઝુંપડામાંથી** એકદમ **મેહેલમાં** અમે શી રીતે વસીએ. **કુલીન અને મુંદ્રા.**

ઝાડોની ઘટામાં બરૂથી છાઇ લીધેલું તથા નાહના વાંસનું બાંધેલું એક નીચું **ઝુંપડું** આવેલું હતું. **ઈશિવની.**

લક્ષ્મી બાઇ શ્રી રંગપટ્ટનમાં એક સાધારણ ગૃહસ્થની સ્ત્રી પેઠે ઘર માંડી એક નાના **ઘરમાં** પોતાના નાનકડા રાજ બાળકને સાચવી છુપાવી બેઠી હતી. **કુલીન અને મુંદ્રા.**

એ ભાગની એક **હવેલી** મોટા અને શોભીતા **મેહેલ** જેવી છે. **ઈંગ્લાંડની મુસાફરી**

એવે સમે નગરના શેઠજી **હવેલીમાંથી**,
આવીને ઉભા નજીક બારીની કહેડીના;

દલપતરામ.

જેવા કંચન મોટા **મહેલ**, જેવા ભંડારી કુબેર.

શામળભટ.

ચૌદ માળની **હવેલિ** ખુબ **બંગલા**,
હીંચકે પલંગ ત્યાં સુવર્ણ સાંકળ્યા.

જીવરામ ભટ.

બન્યા **બંગલાને** બની ત્યાં બજારો,
રૂડા રોજગારી કરે રોજગારો. **દલપતરામ.**

કોટ અને કિલ્લો.

કોઇ ગામ, કસ્બા કે શેહેરની આસપાસ માટીની અથવા ઈંટ માટી કે ચૂનાની દિવાલ કરી હોય તેને કોટ કહે છે. દુશ્મનો એકા એક હલ્લો કરી શકે નહિ, તેમજ લશ્કરી હથિયાર દારૂ ગો·

બા વગેરે યોગ્ય બંદોબસ્તથી રહી શકે અને લશ્કરને લડતાં ફાવી શકે એ હેતુથી શેહેરમાં કે કોઇ ઉંચી જગા ઉપર દિવાલ કરી બુરજ, મોરચા વગેરે લશ્કરી અનુકૂળતા રાખી જે રચના કરવામાં આવી હોય તેને **કિલ્લો** કહે છે. **કિલ્લો** એ યુદ્ધ પ્રસંગે અથવા તોફાન સેતાનન. વખતમાં ઉપયોગી થઇ પડે એ હેતુથી કરવામાં આવે છે. **કોટ** એ સાધારણ રીતે ચોર લુંટારૂ દુશ્મન વગેરે એકાએક ગામ કે શેહેરમાં આવી ન શકે તેને સારૂ કરવામાં આવે છે. કોઇ જગાના રક્ષણને માટે તેની આસપાસ દિવાલ ચણી લીધી હોય તેને પણ કેટલી એક વખત **કોટ** કહે છે.

દાખલા.

શેહેર અમદાવાદમાં **કિલ્લા** બે (૨) છે, તેમાં એક ભદરનો અને બીજો ગાયકવાડની હવેલીનો, પેહેલો **કિલ્લો** અમદાવાદની પશ્ચિમ તરફના નદી ઉપરના **કોટ** આગળ છે, ને બીજો **કિલ્લો** પણ એજ તરફના **કોટ** આગળથી ભદરના **કિલ્લાથી** દક્ષણાતો છે.

અમદાવાદનો ઇતિહાસ.

કેનવિથ **કિલ્લો** ઉંચા ખડક ઉપર બાંધેલો હતો અને તેની ચારે મેર મજબુત **કોટ** હતો. **આલફ્રેડ ચરિત્ર**

અલ્હાબાદનો મોટો **કિલ્લો** જે મેહેલ તથા કિલ્લાની ગરજ સારતો હતો તેના ઝાડપાનથી ઢંકાઇ ગએલા એક ઝરૂખામાં કોઇ યુવતી બેઠી હતી. **ઇરાવતી.**

રાણા ભૂપસિંહનો રાજમ્હેલ એક મ્હોટા બગીચાની વચ્ચોવચ હતો અને બગીચાની આસપાસ એક **કોટ** જેવી ચારેપાસ ફરતી ભીંત હતી. **સરસ્વતી ચંદ્ર**

અહીં વલંદાની કોઠી હતી. અસલ કિનારા તરફ છોની દીવાલ હતી પણ રેલના જોરથી તે પડી ગયેથી સરકારે લાકડાનો **કોટ** કરાવ્યો છે. **નર્મગદ્ય.**

હવે કેદખાનાના **કોટો** જોવાનું બંધ રાખ્યું.

રાસેલાસ.

નોકર, ચાકર, સેવક અને ગુમાસ્તો.

એંઠું કાઢવા, વાસણ ઉટકવા, પાણી ભરવા, તથા ઘરનાં બીજાં નીચા દરજ્જાનાં કામ કરવાને માટે જે માણસને પગાર કરી અથવા બીજી શરતે રાખ્યો હોય તેને **ચાકર** કહે છે. લખવાના અથવા બીજા મુસદ્દીપણાના કામને માટે રાજાએ અથવા સરકારે જે માણસોને પગાર અથવા સાલિયાણું કરી રાખ્યા હોય તેમને **નોકર** કહે છે, કોઇ ધર્માચાર્ય કે ગુરૂ પાસે અથવા કોઇ ધર્મની જગામાં કોઇ માણસ ચાકરી કરવાને રહેતો હોય તેને **સેવક** કહે છે. **નોકર**ને **ચાકર**ના જેવું ઘરનું હલકુકામ કરવાનું હોતુ નથી. રાજા અથવા સરકાર સિવાય કોઇ મંડળી, કંપની, બેંક વગેરે એ જેઓને હિસાબ વગેરે કામને માટે પગારથી અથવા બીજી કોઇ શરતથી રાખ્યા હોય અથવા ખાનગી ગૃહસ્થોએ એવા કોઈ કામને માટે રાખ્યા હોય તેમને પણ **નોકર** કહે છે, પરન્તુ સાધારણ વેહેપારીને ત્યાં વેહેપારનું કામકાજ કરવાને જે નોકર રાખ્યા હોય તેમને ઘણું કરીને **ગુમાસ્તા** કે **વાણોતર** કહે છે. ગુમાસ્તાનું કામ ઘણું કરીને લખવાનું, માલ વોરવાનું, ઉઘરાણી કરવા વગેરેનું હોય છે. વેહેપારીને ત્યાં ફક્ત ફેરાશંટા ખાવાને માટેજ માણસને રાખ્યો હોય અને જેનું કામ લખવાનું ના હોય તેને ગુમાસ્તો નહિં પણ ફક્ત **નોકર** કહે છે.

સેવક એ શબ્દમાં દીનતનો આભાસ રહેલો છે. પોતાથી વય, વિદ્યા કે હોદ્દે મ્હોટા હોય તેમના ઉપર કાગળ લખતી વખતે અથવા તેમની સાથે વાતચીત કરતી વખતે કાગળ લખનાર અથવા વાતચીત કરનાર પોતાને **સેવક** લખે છે, અથવા કહે છે. રાજા કે ધર્મ ગુરૂના **ચાકર** **નોકરો** ઘણી વખત દીનતા ભાવથી બોલતાં **સેવક** કહેવાય છે. **ચાકર** એ શબ્દ ઘણી વખત **નોકર**ના અર્થમાં વપરાયેલો જણાય છે, પણ હાલમાં એ બે શબ્દો વચ્ચે દેખીતી રીતે ભેદ ગણવામાં આવે છે.

દાખલા.

નોકરી કરવા માટે નૃપના **નોકરો** મળ્યા,
નોકરી તજીને પડ્યા બીજી તકરારમાં; **દલપતરામ.**

વહાણના **નોકરો** ઉતારૂઓના સુખની સંભાળ લેવામાં કાંઇ મણા રાખતા નથી. **ઈંગ્લાંડની મુસાફરી. મહીપતરામ.**

ચાકરો જોડે માયાળુપણે પણ મર્યાદાસર કામ લેવું; એ રીતે વર, સગાં, આડોશીપાડોશી, વગેરે સંબંધી જોડે ચાલવાનો સ્ત્રીનો ધર્મ છે. **નર્મગદ્ય.**

શઠરાય જરાક નિરાંત વાળી ગાદીતકીયે બેઠો, એક **ચાકરે** તેને બંડી અંગરખુ પ્હેરાવ્યું તે પ્હેરી આદર્શ (તકતો) મંગાવી વિચાર કરતો કરતો તેમાં મ્હોં જોતો જોતો મૂછો આમળતો કારભારી બેઠો. **સરસ્વતી ચંદ્ર.**

હું ચરણે **સેવક** શ્રી રામ તમારો સુગ્રીવ એવું નામજી;
આરાઢ પદ્મ યોદ્ધા સંગાથે, કરૂં છું દંડ પ્રણામજી.
રણયજ્ઞ પ્રેમાનંદ.

દદ્દા દેહ દેવળમાં દેવ, **સેવક** થઇને કરને સેવ.
પ્રીતમદાસ.

જાઓ મૃત્યુ લોકમાં **ગુમાસ્તા** લેઈને,
માલ વેરજોજી પુત્ર શુદ્ધ જોઇને. **જીવરામ ભટ.**

વિલાયતથી આવેલો એક તાર લેઇ શેઠને આપવા આવેલો એક **ગુમાસ્તો** આવો વિચાર કરતો કરતો તાર આપી પાછો ગયો. **સરસ્વતી ચંદ્ર.**

* વાડવ થયા વકીલ, ઘર ઘર કેરા ઠાકર,
દીવ્ય વધારે ડીલ, વચન તણા થઇ **ચાકર. કૃષ્ણારામ.**
* રાંકની જાત તે રત્ન શું ઓળખે, આખર ચૈતન **ચાકરનો**
ગરીબતણે ઘેર પેટ ભરે તે, ઠાઠ શું જાણે ઠાકરનો.
અંગદવિષ્ટિ–શામળ.

---

* આ છેલ્લા બે દાખલામાં ચાકર એ શબ્દ નોકરના અર્થમાં વપરાયેલો જણાય છે.

ધોતિયું અને ફેપાડુ (થેપાડુ)

મરદની કેડે પેહેરવાના સફેદ રંગના આઠ દશ હાથ લાંબા કપડાને **ફેપાડુ** કે **ધોતિયું** કહે છે. **ફેપાડુ** સુતરાઉ કોરનું અને જાડુ હોય છે. **ધોતિયું** ઘણી વખત રેશમી કોરનું અને પોતમાં જરા પાતળુ અને સફાઇવાળું હોય છે. વિલાયતી સફાઇદાર સુતરાઉ કોરનાં ફેપાડાંને **ધોતિયાં** કહે છે, પણ પોતમાં જાડાં હોયતો **ફેપાડાં** કહે છે. કેટલીએક વખત ફેપાડુ અને ધોતિયું એ એકજ અર્થમાં વપરાય છે. લંબાઇ અને પનામાં જરા ટુંકુ ધોતિયું હોય તેને **ધોતી** કહે છે. ધોતી કસબી કોરની પણ થાય છે. અમદાવાદમાં રેશમી કોરનાં ધોતિયાં વણાવનાર અને વેચનારને ધોતી જોડાનો ધંધો કરનાર કહે છે, અને ઢેડના વણાટનાં જાડાં ધોતિયાં વેચનારને ફેપાડાંનો ધંધો કરનાર કહે છે. ધોતી જોડા વાળાનું અને ફેપાડાં વાળાનું મહાજન જુદુ છે. વળી ધોતિયું એ નાગરિક અને ફેપાડું એ ગ્રામ્ય જણાય છે.

દાખલા.

ધાયાં ધોયાં ધારક **ધોતિયાં**,
પવિત્ર પે'રે પાગ્રણુ પોતિયાં.

શામળ.

થેપાડાંવાળાની દુકાનો ૩૦૦ છે. **થેપડાં**માં ને **ધોતી**માં ફરક એટલોજ કે ધોતીની કોર રેશમી અથવા કસબી ને **થેપાડાં**માં સુતરાઉ કોર.

અમદાવાદનો ઇતિહાસ–મગનલાલ

(તેણે) દુર્બળ થઈ ગયેલા બાકીના આખા શરીર ઉપર **ધોતિયું** ઓઢી લીધેલું હતું. **સરસ્વતી ચંદ્ર.**

ધણી અને માલિક (માલેક.)

કોઈ પ્રાણી કે વસ્તુ વેચવાની–બક્ષીસ આપવાની–કે તેની

બીજી કોઇ રીતે વ્યવસ્થા કરવાની આપણુને સત્તા હોય તો તે વસ્તુના આપણે **માલિક** કહેવાઈએ. કોઇ વસ્તુનું અથવા માલ મિલકતનું સ્વામિત્વ બતાવવાને માટે જ્યારે **ધણી** શબ્દ વાપરવામાં આવે છે ત્યારે તેનો અર્થ માલિકના જેવોજ થાય છે; પણ સ્ત્રી પુત્રાદિકનું સ્વામિત્વ બતાવવાને માટે જ્યારે વપરાય છે ત્યારે તેનો અર્થ માલિકના જેવો થતો નથી, પણ એવો થાય છે કે ધણીની એ સ્ત્રી પુત્રાદિક ઉપર કેટલેક દરજ્જે સત્તા છે. એ સત્તા માલકીથી ઘણા ઉતરતા દરજ્જાની છે. એ ઉપરથી એમ જણાશે કે **ધણી** એ શબ્દ માલિકની પેઠે મનુષ્ય સિવાયનાં પ્રાણી કે વસ્તુના સંબંધમાં પૂર્ણ માલકી બતાવે છે, પણ મનુષ્યના સંબંધમાં (સુધરેલી પ્રજાઓના કાયદા અને નીતિનાં ધોરણોને અનુસરીને) માત્ર અમુક સત્તા બતાવે છે. **માલિક** એ શબ્દ એવી અધુરી સત્તા બતાવતો નથી. **માલિક** એ શબ્દ ઘણું કરીને મિલકતના સંબંધમાંજ વપરાય છે. **ધણી** એ શબ્દ મિલકત તેમજ મનુષ્યના સંબંધમાં વપરાય છે. **ધણી** એ શબ્દ પતિ, જામીન વગેરે અર્થમાં વપરાય છે. **માલિક** એ શબ્દ તેવા અર્થમાં વપરાતો નથી.

દાખલા—

બાળક માબાપ વિનાનાં, માબાપ પુત્ર વિનાનાં, અને સ્ત્રીઓ **ધણી** વિનાની થઇ પડે છે. **મનોવિકાર.**

કાંતો મજુર પોતેજ પોતાની જમીન પોતાની મુડીવડે ખેડે, ને કાંતો મુડી ને જમીનનો **માલેક** મજુરનો પણ **ધણી** હોય.

અર્થશાસ્ત્ર—અંબાલાલ.

તે વખતે તેની સાથેના બધા શિકારી કૂતરા તેની સાથે આવ્યા પણ લોયબાકનો પેલો કૂતરો તેના **ધણીને** જ્યાં દાટયો હતો તે જગાએ શોક કરતો બેશી રહ્યો. **આલ્ફ્રેડ ચરિત્ર.**

આપણા દેશમાં રાજા રૈયતનો **ધણી** છે, ને ઇંગ્લાંડમાં રાજા રૈયતનો નોકર છે. આપણે અહીં બધી જમીનનો **માલીક** રાજા છે, ઈંગ્લાંડમાં તેમ નથી. **ઇંગ્લાંડની મુસાફરી—મહીપતરામ.**

ધિક્કાર અને તિરસ્કાર.

વેર, અદેખાઈ, અન્યાય, વગેરે કારણથી મનમાં કોઇ પ્રાણી કે પદાર્થ તરફ મજબુત કંટાળો કે અણગમો પેદા થાય છે તે બતાવવાને માટે **ધિક્કાર** એ શબ્દ વપરાય છે. **તિરસ્કાર** એ શબ્દ પણ તેવીજ વૃત્તિ બતાવવાને સારૂં વપરાય છે. **ધિક્કાર** એ મનની અંદર કાંઇક ઉંડો રહેલો હોય છે; તે ઘણી વખત ખુલ્લી રીતે બોલી બતાવાતો નથી, પણ **તિરસ્કાર** એ તુચ્છકારના શબ્દોવડે ઘણી વખત બોલીને બતાવવામાં આવે છે; **તિરસ્કાર** એ **ધિક્કાર**નું દશ્યમાન સ્વરૂપ અગર પરિણામ છે. જે વસ્તુઓનો આપણે **ધિક્કાર** કરીએ છીએ તેઓનો આપણે અંતે **તિરસ્કાર** કરીએ છીએ. **ધિક્કાર** એ મનની અંદર કાંઇક ઉંડો રહેલો છે, તેથી કેટલીએક વખત કળ્યામાં આવતો નથી; **તિરસ્કાર** ઉંડો નથી તેથી શબ્દદ્વારાએ તરત કળ્યામાં આવે છે.

દાખલા.

જ્યાં સુધી સ્ત્રીઓના ઉપરથી **ધિક્કાર** ખસ્યો નથી, જ્યાં સુધી જેમ આપણામાં પૂર્વે સ્ત્રીઓનાં માન હતાં ને હાલના સુધરેલા દેશોમાં છે તેમ આપણી સ્ત્રીઓ પુરૂષથી માન નહિ પામે ત્યાં સૂધી તે બિચારીઓ તથા આપણે પણ સંસાર સુખના ઉંચા લહાવા લેઇ શકવાનાં નથી. **નર્મગદ્ય.**

ધિક્કાર પવિત્ર સુપાત્રને, કુપાત્ર શું રંજિત રહે;
શામળ વિક વિદ્યા ચાતુરી, ગરથ કાજ સદ્ગુણ ગ્રહે;

શામળભટ્ટ.

મે ટુંકારી **તિરસ્કાર** કીધો, હસ્યા પુરના લોક રે;
ત્રણ સંવત્સર દોહલે વેઠયા, મે નવ જાણ્યા પુણ્યશ્લોક રે.

નળાખ્યાન.

તણે શ્રાપ દીધો મુની ત્યાંહેરે, જ્યાં વિષ્ણુ વસે છે.
તમે દુષ્ટમાં રહેશો આંહે રે. જ્યાં૦
એમ ઓચરયા બ્રંહ્મ કુમાર રે, જ્યાં૦

કીધો પોળિઆને **તિરસ્કાર** રે. જ્યાં૦

પ્રલ્હાદાખ્યાન-કાળિદાસ.

સલહાના, **તિરસ્કારથી** શેહેનશાહે ઉત્તર આપ્યો, તું રાજદ્રોહી તથા હરામખોર છે એવું હું જાણુતો હતો, પણ તું બાયલોએ છે એવું તો મે હમણાંજ જાણ્યું. **ઈરાવતી.**

સંન્યાસીઓ અને જતીઓ સામસામ એક બીજાનો **તિરસ્કાર** કરવા લાગ્યા. **નર્મગદ્ય.**

હાય અને જોર.

જોર એ શબ્દ સાધારણ રીતે કોઇ પ્રાણી કે પદાર્થના બળની સંજ્ઞા તરીકે વપરાય છે. **હાય** એ શબ્દ કોઇ કામ પરત્વે કોઈ પ્રાણીના શરીર કે મનના બળને માટે વપરાય છે. **જોર** એ શબ્દ વાપરતી વખતે કોઇ કામની સાથે એને સંબંધ છે એમ અચૂક અનુમાન થતું નથી, પણ **હાય** એ શબ્દ વાપરતી વખતે થાય છે. હાય એ શબ્દ પ્રાણી સિવાયની વસ્તુઓ વિશે બોલતી વખતે વપરાતો નથી, પણ **જોર** એ શબ્દ વપરાય છે. હાય એ શબ્દ કેટલીએક વખત ખરાબ કામ કરવાને શરીર અથવા મનના બળને માટે વપરાય છે, એવા અર્થમાં જોર એ શબ્દ વપરાતો નથી.

દાખલા

અજોધ્યા લગે આજ ઉદવસ્ત કરૂં એટલી,
આ'ય રાખું ઘણી જોર આઝું;
દુખકાયર તણી નારી તું અવતરી,
મેલ્ય લવરી પરી હુંજ લાજું.

શામળ ભટ્ટ.

એટલીબધી થાકી ગઈ હતી, તો પણ તેણે નાસવાનું મન કર્યું; પણ પગમાં ચાલવાની **હાય** રહી નહોતી માટે અકળાઇને શોષ પડી. **પાંચમી ચોપડી.**

નગર શેઠની તે દીકરી, મદોન્મત જોબન મદભરી;
જોબન રૂપ તણું છે **જોર**, અહંકાર પૂરો આંકોર.

શામળભટ્ટ.

અંગ્રેજી પ્રજાનું મોટું **જોર** તેમની દરીઆઇ ફોજમાં છે.

ઈંગ્લાંડની મુસાફરી–મહીપતરામ.

રાજ્ય અનોપમ આજ થયું છે, લાજ વધારી તારી લેખ;
ઘોર કુકર્મી ચોર ગયા, ને **જોર** દગાનું ડૂબ્યું દેખ.

દલપતરામ.

મુદત (મુહૂર્ત) અને મેહેતલ.

અમુક કામ કરવું હોય તો અમુક વખતમાં કરવું એવો નિયમ બાંધ્યો હોય, અથવા ઠરાવ કરયો હોય તો તે વખતને **મુદત** કહે છે. અમુક કામ અમુક વખતમાંજ કરવું જોઈએ એમ ઠરાવી તે કરનારને તે વખત સુધીમાં, અથવા તે વખતને અંતે કરવાનું ફરમાવ્યું હોય, અથવા કરનારે પોતાની મેળે તે કરવાનું માથે લીધું હોય તો તેવા વખતને **મેહેતલ** કહે છે. **મેહેતલ** મુકરર કરેલા વિષયના સંબંધમાં મુકરર ઠેરવવામાં આવે છે. મુદત કેટલીએક વખત અમુક વિષયના સંબંધમાં ઠેરવેલી હોય છે, અને કેટલીએક વખત તેવા પ્રકારનાં કામને માટે ઠેરવેલી હોય છે. એ શબ્દ કેટલીએક વખત કાળના કોઇ ભાગ તરીકે સાધારણ રીતે વપરાય છે. **મેહેતલ** એ શબ્દ એવા અર્થમાં વપરાતો નથી. **મેહેતલ** એ કામ કરનાર કે કામ કરવાની ફરજ પાડનાર કે રજા આપનાર મુકરર કરે છે. **મુદત** વખતે કામ કરનાર ઠરાવે છે, અથવા કામ કરાવનાર મુકરર કરે છે; વખતે સરકાર કે કોઇ અધિકારી મુકરર કરે છે. જ્યારે કાળના કોઇ ભાગ તરીકે એ શબ્દ વપરાય છે. ત્યારે તે પ્રથમથી મુકરર કરવામાં આવતી નથી. **મેહેતલ** એ શ-

બ્દની જગાએ **મુદ્દત** એ શબ્દ વાપરી શકાય પણ **મુદ્દત**ની જગા-એ **મેહેતલ** હમેશ વપરાય નહિં.

દાખલા.

તેની **મુદ્દત** શ્રાવણ વદ ૫ ને બાર સોમે પાકે છે માટે એ તિથિએ જમે કરવા.

દેશી નામાનો ભોમિયો.

એ હજુ નવોસવો છે એટલે શિખવાને જરૂરની થોડી **મુદ્દત** આપવી જોઈએ. **ઈશાવતી.**

પણ એટલી **મુદ્દત**માં કાંઇ થાય નહિ તો તે દિવસને માટે તો પ્રયોગ માંડી વાળવો. **પ્રાણવિનિમય.**

તેથી વધારે માણસોને મરતાં અટકાવવાને માટે તેણે એક રાતની **મેહેતલ** માગી અને બીજે દાહાડે દરવાજા ઉધાડા મુકવા-ની તેમને રજા આપી. **કરણઘેલો.**

જોડા, ખાસડાં અને પગરખાં.

પગનાં તળિયાંના રક્ષણને માટે ચામડાનો પહેરવાનો જે દેશી ઘાટ તેને **જોડા** કહે છે. ઘસાઇ ગયેલા **જોડા**ને **ખાસડાં** કહે છે. **પગરખાં** એ શબ્દ જોડાના અર્થમાં વપરાય છે પણ તે ગ્રામ્ય થ-ઈ જતો જણાય છે. તિરસ્કારથી કે ક્રોધથી બોલતી વખતે **જોડા**ને **ખાસડાં** કહેવામાં આવે છે.

દાખલા.

હેઠે **જોડા**નો ઢગલો કરી સઉ મંડળ ઉપર ચઢયું અને દર-બારના દિવાનખાનામાં ગયું. **સરસ્વતી ચંદ્ર.**

આ કામદારને ઉમ્મરે **જોડાં** ઘસવી નાંખશો તેના કરતાં અ-મારા જેવાને ઘેર કોઇ વખત આવતા રહો તો તમારા જેવાને અ-મે તો કાંઈ કામ લાગિયે હો. **એજન.**

ન્યાતે નિંદા સાચી કરી, તદપિ શિક્ષા પામ્યા ખરી;
તો પછી પીડે કરી અન્યાય, તે પછી ક્યમ ન ખાસડાં ખાય.

દયારામ.

લે લૂંટી ધન કૃષ્ણનું, કાં રાજા કાં ચોર;
ખખેરાએ ખાસડે, બોરડિ કેરાં બોર.

દલપતરામ.

ખેડુતો અનાજ તથા રૂ ઉપજ કરવાને મહેનત કરે છે; વણકર લૂગડાં કરવાને મહેનત કરે છે; મોચી પગરખાં કરવાને મહેનત કરે છે, ઈત્યાદિ. **સાતમી ચોપડી.**

નમ્ર થઇ નાસ્તિક કહે, રીસ ન કરશો રાય;
પ્રભુ કરતાં મુજ પગરખાં, શક્તિમાન દેખાય.

દલપતકાવ્ય

ક્રોધ અને કોપ.

કોઈ માણસ કાંઇ અપરાધ કરે, અયોગ્ય કામ કરે, નુકશાન કરે, કે ગેરવર્તણુંક ચલાવે તેથી તેને શિક્ષા કરવાનો કે વેર લેવાનો મનમાં જે જોસ્સો પેદા થાય તેને **ક્રોધ** કહે છે. જેથી મોટી હાનિ થાય તેવો ઇશ્વરનો કે કોઇ દેવ દેવી કે મોટા પુરૂષનો **ક્રોધ** તેને **કોપ** કહે છે. **ક્રોધ** એ કેટલીએક વખત ઉભરાની માફક ઉછળી શમી જાય છે, અને કેટલીએક વખત તેની સાથે શિક્ષા કે દંડ તેના પરિણામ તરીકે જોડાય છે. **કોપ**ની સાથે ઘણું કરીને શિક્ષા કે દંડ જોડાયેલો હોય છે; **ક્રોધ**ની સાથે હમેશ તેમ હોતું નથી. જે **ક્રોધ**થી હાનિ થવાની અચૂક ધાસતી રહેતી હોય તેને **કોપ** કહે છે.

દાખલા.

એવો મનમાં રાખી **ક્રોધ**, માન્યો નહી કોનો પ્રતિબોધ.

નંદ બત્રીશી.

તમે જુવોછો કારભારી કેવો લુચ્ચો છે તે, આખુ વાન્નુંજ નષ્ટ અને દુષ્ટ છે. હશે; "ઘણું કરે તે થોડાને માટે" એમ કહી બુદ્ધિવન કાંઇક ગુપ્ત ક્રોધ અને વિચારમાં પડયો દેખાયો.

સરસ્વતી ચંદ્ર.

સર્વાર્થ સાધન મૌન છે, માટે ન કરવો ક્રોધ;
તે મુનિ, તે મહા સાધુ, તેહ પંડિત બોધ.

રત્નેશ્વર–સ્વર્ગારોહણ.

બીજુ બાણુ વેગે કાઢીને, મેલિયું રણમાંય;
દ્રોણે વળતું છેદિયું, તે ક્રોધ આણી ત્યાંય.

લલ્લુભારામ.

તેણે સમે ત્યાં અભિમન્યુને, ચઢી અતિશે રીસ;
કોપ કરીને બાણુ મેલ્યાં, વેગે કાઢી વીશ.

એજન.

પણુ વારૂ આપણે જોષિને બોલાવીને આ કોપ થવાનું કારણુ પૂછીએ ને બળિદાન આપી દેવને સંતોખીએ.

ઇલિયડનો સાર.

તતકાળ કોપે થયો રાતો, સુમિત્રા સુત જેહરે;
જેણે બાણે લવણુ માર્યો, ધનુષ સાંધ્યો તેહરે.

તુલસીદાસ.

હવા, વા, વાયરો, પવન, વાવાઝોડું અને વંટોળિયો.

દિશામાં વ્યાપી રહેલો જે સ્થીર વાયુ તેને હવા કહે છે. તે વાયુ જ્યારે ગતીમાં આવે છે ત્યારે તેને વા, વાયરો, કે પવન, કહે છે.

પવન એ શબ્દ ઘણુંકરીને બેઠો સરખા વેગથી જે વા આવે છે તેને માટે વપરાય છે; પણુ જે ઓછા વધતા વેગથી આવે તેને **વાયરો** કહે છે. **વા** એ શબ્દ સાધારણુ રીતે **વાયરો** અને **પવન**ની જગાએ વપરાય છે.

તોફાની **વાને વાવાઝોટુ** કે વાવાઝોડુ કહે છે.

જ્યારે બધી દિશા તરફથી સપાટાબંધ વા આવવાથી જમી-ન ઉપરની ધુળ છેક ઉંચે ઉડી એક ગોળ આકારમાં થાંભલાની મા-ફક ફરે ત્યારે વંટોળિયો થયો કહેવાય છે.

વંટોળિયા અને વાવાઝોટામાં ફેર એટલોજ કે વાવાઝોટામાં ધુળ ઉંચે ઉડી ગોળ થાંભલાની માફક ફરતી નથી, પણ જે દિશા-ઓ તરફથી વા ઘણો આવતો હોય તેથી ઉલટી દિશામાં ધુળ ઉડે છે.

દાખલા

આપણે ભોંયરામાં........બેઠા હોઈએ તે વખત બફારો થતો હોય, ત્યારે આપણે વીંજણો હલાવીએ છીએ; તેમ કરતાં આ-પણા શરીર ઉપર કાંઇ આવતુ જતુ જણાય છે.........એને **વા વાયરો** કે **પવન** કહે છે. જે હાલ્યાથી **વાયરો** થયો તે થીર હોય અને હાલેચાલે નહીં ત્યારે તેને **હવા** કહીએ તો ચાલે.

ત્રીજી ચોપડી.

ત્રેડ અને મનસુનના **પવનો** ચોકસ દીશાએથી ફૂંકાતા જા-થુકના મોટા **પવનો** છે. તેઓનું ફૂંકવું એટલું તો ચોકસ હોય છે કે તેઓ કયા મુલકોમાં અને કઈ વખતે ફૂંકે છે તે ઘણુંખરૂ ચોકસ મુકરર કરેલું હોય છે. વાયુચક્ર શાસ્ત્ર.

પવન આગળ થયો અને મોટા જોરથી વાવા મંડયો, ને જોડે વરસાદ પણ લાવ્યો. ભારે વરસાદ અને મોટા **વાવાઝોટા**થી ગભરાઇને બાપડો વટેમાર્ગુ એક મોટા ઝાડ તળે દબાઇને બેઠો.

પાંચમી ચોપડી.

નિરંતર એક દિશાએજ વાહાનારા **પવન**ને સામાન્ય **પવન** કિંવા **સતત પવન** કહે છે.

ચમત્કાર ચંદ્રિકા.

નિયત **પવનો**ને અંગ્રેજી ભાષામાં મનસુન એવું કહે છે.

એજન.

રાયળ સોસાયટીના લેખ ઉપરથી દિસે છે કે વર્ષમાં કોઇ પ-

ણુ મહિનામાં સામાન્યતઃ જોઇએ તો બીજી દિશા તરફના **વાયુ** કરતાં નૈઋત્ય દિશા તરફનો **પવન** વધારે વખત વાય છે.

એજન.

સર્વ દિશા તરફથી એકાએક જે પવનનો સુસવાટો આવે છે તેને **વાવાઝડું** કહે છે. **એજન.**

સર્વ દિશા તરફથી સપાટાબંધ આવતા વાને લીધે જમીન ઉપરની ધુળ એક ગોળ આકારમાં છેક ઉંચે ઉડે છે અને તે ગોળ થાંભલાની પેઠે આમ તેમ ફરે છે ત્યારે **વંટોળિયો** થયો એમ કહે છે. **એજન.**

ભલો ખુરો તોપતણો ભડાકો
હુવાવિશે હોય જતો હડાકો

દલપતરામ.

ઇચ્છા અને મરજી.

આ બે શબ્દો એક બીજાના પર્યાય તરીકે ઘણી વખત વપરાય છે. કોઇ પદાર્થ મેળવવા કે ભોગવવા વગેરેનો મનમાં જે જોસ્સો થઇ આવે તેને **ઇચ્છા** કહે છે. **મરજી** એ મનનો ક્ષણિક તરંગ બતાવે છે. **ઇચ્છાના** અંગમાં વિચાર કે વિવેક રહેલો છે. **મરજીમાં** હમેશ તેમ હોતું નથી. **મરજી** એ વખતે વખત મનમાં જે ખાએશ થાય તે બતાવે છે. **ઇચ્છા** એ વિચારયુક્ત ચાહના છે.

દાખલા.

સૌ પોત પોતાની વર્તમાન સ્થિતિમાં એવાં તો સંકડાઇ રહ્યાં છે કે કોઇને પાસેની કે તરતની અડચણ મટાડવી એ ઉપરાંત બીજી મોટી **ઇચ્છા** હોયજ શાની. **ધર્મવિચાર.**

પ્રત્યેક માણસ પુત્રની **ઇચ્છા** એટલાજ માટે કરે છે કે પોતાની વૃદ્ધાવસ્થામાં સેવા કરે. **સાવિત્રી ચરિત્ર નાટક.**

દેવતાથી દઝાય એ દેવતાને એકજ વાર અડવાથી એવું નક્કી થાય છે કે ફરીથી તેમ કરવાની ઇચ્છાજ થતી નથી.

નારી પ્રતિષ્ઠા.

જેઓ મન સ્વસ્થ રાખી ધર્માચરણ કરે છે, સત્કીર્ત્તિની ઇચ્છા રાખેછે અને અસત્યનો ત્યાગ કરે છે તે મોટા કુલીન છે.

નીતિમંદિર.

પછીથી એને સુખ પામવાની ઇચ્છા ઉત્પંન થશે તથા તેમ કરતાં મોજ શોખ ને વૈભવ ભોગવવાની **મરજી** થશે.

મેવાડની જાહોજલાલી.

શેનશાહ અકબરના વારસની **મરજી** હોય તો, મારી તથા તમારી ઈચ્છાને સેહેજમાં વશ કરી નાખવાને તે જોઇએ તેટલો સમર્થ છે. **ઇરાવતી.**

પછી ચિત્રગ્રીવ પણ પક્ષીઓ સહિત પોતાની **મરજી** માફક ફરવા લાગ્યો. **નીતિમંદિર.**

......તેને હવે **મરજી** પડે ત્યાં પરણાવજો.

સરસ્વતી ચંદ્ર.

......અમારા જેવાને ઘેર કોઈ વખત આવતા રહો તો તમારા જેવાને અમો તો કાંઇ કામ લાગિયે હો! પછી તો, ભાઇ તમારી **મરજી** **એજન.**

તેમજ રાજાની **મરજી** મુજબ કન્યાદાન કરવું એવો ધર્મોપદેશ પણ નથી. **માલતીમાધવ.**

રિવાજ અને ટેવ.

અમુક વસ્તુના સંબંધમાં દરેક માણસની જે ચાલ તે તેની **ટેવ** કહેવાય. ઘણા લોકો અમુક પદાર્થના સંબંધમાં જે પ્રમાણે ચાલતા હોય તે તેમનો રિવાજ કહેવાય. **રિવાજ** એ લોકોના સમુદાયનો છે. **ટેવ** એ દરેક જણની હોય છે. તમાકુ ખાવી, કસુંબો પી-

વો એ ટેવ છે, અને નહાનપણમાં લગ્ન કરવાં એ હિંદુઓનો રિવાજ છે. રિવાજ ઉપરથી કેટલીએક વખત ટેવ પડી જાય છે. ઘણા માણસોની ટેવ અમુક વિષય પરત્વે એક સરખી હોય તો તે મુજબ રિવાજ પડવાનો સંભવ છે. દરેક માણસનો અમુક પદાર્થના સંબંધમાં જે વહિવટ હોય તે બતાવવાને માટે રિવાજ એ શબ્દ કેટલીએક વખત વપરાતો માલમ પડે છે.

દાખલા.

બાળકને ઘરમાં ગોંધી રાખવાનો આપણા લોકનો **રિવાજ** સારો નથી. **સ્ત્રીમિત્ર.**

તેઓ દેવસ્થાન જોય છે ને તે પણ ઉપર ઉપરથીજ; બીજી વસ્તુઓ, લોકોના **રિવાજો** એ ઉપર થોડુંજ ધ્યાન આપે છે.

નર્મગદ્ય.

નારદને કલહની **ટેવ**, ગયા સ્વર્ગ જ્યાં બેઠા દેવ.

પ્રેમાનંદ.

તજિયે અર્ભક **ટેવને**, અંતિમાં સુખ નહીં કોય;
રંગનાં ચટકાં હોય છે, કુંડાં કચહુંના હોય.

દયારામ.

જતિ ગુરૂ બ્રાહ્મણ દેવ, ગોસાંઇ વિધવાનાં ધન;
સંઘરવાની ટેવ, અંતે ઓળવ્યાનું મન.

કૃષ્ણારામ.

વાંક અને ગુન્હો (ગુનાહ).

વાંક એ શબ્દ મૂળ વક્ર (વંકુ) ઉપરથી થયો છે અને એનો મૂળ અર્થ જે સિધ્ધુ નહિં તે છે. કોઇ પણ કામ અવળું કે ખોટી રીતે કરવામાં આવે, અથવા જે કરવું જોઇએ તે ન કરવામાં આવે, અથવા ના કરવું જોઇએ તે કરવામાં આવે, તો જેણે એમ કર્યું હોય તેણે **વાંક** કર્યો એમ કહેવાય. ગુન્હો એ પણ એક જાતનો **વાંક** છે; પણ જે

વાંકને ઇશ્વરી કે મનુષ્યના કાયદાથી ગુન્હા તરીકે ગણવાનું ઠર-માવ્યું છે તેજ વાંકને **ગુન્હો** કહી શકાય છે. **ગુન્હો** એ **વાંક** છે પણ બધા **વાંક ગુન્હા** હોતા નથી; માત્ર મોટા **વાંકને ગુન્હા** ગણેલા છે. કોર્ટમાં કોઇ ખોટી સાક્ષી પુરે એ એક **ગુન્હો** છે પણ બાળક રમત રમતાં કાંઇ જુઠું બોલે એ **ગુન્હો** ગણવામાં આવતો નથી પણ તે **વાંક** કહેવાય છે.

દાખલા.

જોવું પડશે સર્વથા, ઘણું રૂએ અબળા રાંક;
અન્નવિના બાળક ટળવળે, એમાં માતતણો શો **વાંક**.

સુદામાચરિત્ર-પ્રેમાનંદ.

થનો એનાથી કે પતિથી વિજને **વાંક** અદકો,
તદા બન્ને જુદાં મુજપર મુકે દોષ અવળો.

ઉત્તરરામચરિત નાટક.

જોતાં તેહનો કાંઇ અપરાધ નહાનો,
તેને મૂકતાં નાથનો **વાંક** શાનો.

પ્રેમાનંદ-નળાખ્યાન.

પુરૂષ પરહરે પ્રેમદા પોતાતણો રે લોલ;
તેને સત્ય કહે શાસ્ત્ર **ગુન્હો** છે ઘણો રે લોલ.

દયારામ.

ચેને તે ચેતાવું હું, હમણાં ઘેર ન જાઇશ તું;
તું સમજે **ગુનો** સાંખશે, જોતાંમાં મારી નાંખશે.

શામળભટ્ટ.

ગુનાહ થતા બંધ કરવાને જુવાન ગરીબને કામે લગાડવા માટે કારખાનાં કહાડવાં જોઇએ. **નર્મગદ્ય.**

જાત અને તરેહ.

જ્યારે ઘણી ચીજોને એક બીજા સાથે સરખાવતાં તેમાં ગુણ ધર્મ, કર્મ, રૂપ, રંગ, સ્વભાવ, બાંધો, રચના, કૃતિ, વગેરે બાબતમાં

એટલો બધો તફાવત માલમ પડે કે તેથી અમુક ધોરણ ગ્રહણ કરીને ચીજોના જૂદા જૂદા વર્ગ પાડી શકાય ત્યારે તે દરેક વર્ગને માટે **જાત** એ શબ્દ વાપરી શકાય છે, અને તેવા દરેક વર્ગમાં સામાન્ય-ગુણવાળી ચીજો દાખલ થાય છે. **તરેહ** એ શબ્દ એવો મહત્વનો તફાવત બતાવતો નથી કે જેને આધારે વસ્તુઓના જૂદા વર્ગ પાડી શકાય. તે શબ્દ ઘણું કરીને સમાન ગુણવાળી એકજ જાતની વસ્તુ કે પ્રાણીઓની વચ્ચે એક બીજામાં જે તફાવત હોય તે બતાવે છે. તરેહ શબ્દથી જે તફાવતનો બોધ થાય છે તે તફાવતને ધોરણ તરીકે ગણી **એક** વર્ગમાં આવેલી વસ્તુઓના વિભાગ કરવામાં આવે ત્યારે એ વિભાગથી થયેલા પેટા વર્ગમાંના દરેકને માટે જાત એ શબ્દ વાપરી શકાય, અને વળી એ પેટા વર્ગમાંની એક વસ્તુનો બીજી સાથે મુકાબલો કરતાં કાંઈ તફાવત માલમ પડે તો તે જુદી **તરેહની** છે એમ કહેવાય. એ ઉપરથી જણાશે કે **જાત** એ શબ્દથી ઘણા મોટા તફાવતનો બોધ થાય છે **તરેહ** એ શબ્દ તેના કરતાં કાંઇક ઓછો તફાવત બતાવે છે. **જાત** એ મોટા વર્ગની સંજ્ઞા તરીકે વપરાય, **તરેહ** એ ઘણા નાના વર્ગની સંજ્ઞા તરીકે વપરાય. **તરેહ** એ શબ્દ ઘણી વખત કાંઇક નવાઇનો અથવા વિલક્ષણ પ્રકારનો તફાવત બતાવવાને માટે વપરાય છે. જાત એ શબ્દ તેવો તફાવત ખસુસ રીતે બતાવવાને વપરાતો નથી.

દાખલા.

સર્વ **જાતના** લોકોને માટે એકજ **તરેહના** કાયદા હતા.

ગર્ધવસેન.

ત્યાંના લોક લાકડાને ઠેકાણે ખાણના કોયલા વાપરે છે એ કોયલા એક **જાતના** પથરા છે.

ઈંગ્લાંડની મુસાફરી–મહીપતરામ.

ઘાટ ઘાટના પાણી પીવાથી માણસ હોંશિયાર ને પાકો થાય છે કેમકે **તરેહ તરેહના** માણસો એના જોવામાં આવી જાય છે.

નિબંધરીતિ.

એ શાળામાં મે અનેક **તરેહનાં** પશુ, પક્ષી, નાના મોટા સાપ અને જળચર જોયાં. **ઈંગ્લાંડની મુસાફરી–મહીપતરામ**

——*०*——

પંડયા, અધ્યારૂ, મેહેતાજી, માસ્તર, અને શિક્ષક.

વિદ્યા ભણાવનાર કે શિખવનારને સાધારણ રીતે **શિક્ષક** કહે છે. ગામડી નિશાળના ઉપરી શિક્ષકને **પંડયા** કે **અધ્યારૂ** કહે છે. દેશી ભાષા શિખવવાને માટે સરકારે કે કોઇ ખાનગી કે જાહેરાંત મંડળીએ કે કોઇ ગૃહસ્થે જે નિશાળ સ્થાપી હોય તેના મુખ્ય શિક્ષકને **મેહેતાજી** કહે છે. ઈંગ્રેજી નિશાળમાં ભણાવનાર શિક્ષકને **માસ્તર** કહે છે. ઘર આગળ શિખવવા આવનારને **શિક્ષક** કહે છે, મેહેતાજી કહેતા નથી. પંડ્યા કે અધ્યારૂને બદલે કેટલી એક વખત **મેહેતાજી** એ શબ્દ વપરાય છે, તેમજ મેહેતાજીને બદલે **માસ્તર** વપરાય છે, પણ **માસ્તરની** જગાએ **મેહેતાજી** કે **મેહેતાજીની** જગાએ **પંડયા** કે **અધ્યારૂ** એ શબ્દ વપરાતો નથી; તેમજ **પંડયા** કે **અધ્યારૂ** અને **માસ્તર** એ શબ્દો એક બીજાની જગાએ વપરાતા નથી. **શિક્ષક** એ શબ્દ સામાન્ય અર્થવાળો છે તેથી પંડ્યા, મેહેતાજી, અધ્યારૂ, માસ્તર એ બધા શબ્દોની જગાએ વાપરી શકાય છે. **મેહેતાજીના** હાથ નીચેના હલકા પગારના શિખવનારને માટે **શિક્ષક** એ શબ્દ કેટલી એક વખત વપરાય છે. પંડ્યા અને અધ્યારૂ એ શબ્દો એકજ અર્થમાં વપરાય છે, પણ હાલના વખતમાં પંડ્યાની જગાએ અધ્યારૂ એ શબ્દ ઘણો વપરાતો માલમ પડતો નથી, પરંતુ પારસી લોકોના ગોર કે શાસ્ત્રની ક્રિયા કરાવનાર ને સાધારણ રીતે અધ્યારૂ કહેવામાં આવે છે.

દાખલા.

રે રે **પંડ્યા** તું પવિત્ર કુળમાં પ્રગટયો પઢયો વેદને;
આત્મારામ છે સૂર્ય દૈત્ય અગિયા જાણો નહિ ભેદને;

સંધ્યા આદિ ધર્મ કર્મ યુક્તે ભજજો પ્રભુ સર્વદા,
સાંખુછું સુતકે' છો શિક્ષક ગુરૂ હાવાં ન સાંખુ કદા.

ધનેશ્વર.

મહારાજાએ વિમાસ્યું, દિન જોગે એક વારૂં;
પુત્રને ભણવાને કાજે, ઘેર તેડયો **અધ્યારૂં.**

ચંદ્રહાસ–પ્રેમાનંદ.

અધ્યારૂ આમથી રહ્યો, કીધો ચંદ્રહાસનો સંગરે;
પાટી પાટલા પછાડયા પૃથ્વી, લાગ્યો રામ સંગાથે રંગરે.

એજન.

સહુથી સોભશે કુંવર, નિશાળમાં;
મેહેતાજીનેરે, મળી દેશે માન–કુંવર;

માંગલિક ગીતાવલિ.

પ્રાણશંકર મહેતાજીના સમજવામાં આ વિદ્યાઓ આવી ન હતી, પણ બુદ્ધિવાન દુર્ગારામથી તે સમજાઇ હતી, ને તે નિશાળિયાને સમજણ પાડી બરોબર શિખવતા. **દુર્ગારામ ચરિત્ર.**

મુખથી મહેતાજી કહે, શુણ મંત્રી શીર તાજ,
ભણ્યાવિના ભૂપતિતણું, કહો નિભે કેમ રાજ.

રાજ વિદ્યાભ્યાસ.

ગુજરાતના કેળવણી ખાતાના ચંચળ અને મહેનતુ ઉપરી ટી. સી. હોપ સાહેબે ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાં કરસનદાસનું સારૂં કામ જોઈ રાજી થયા અને રૂ ૮૦) ના પગારે તેને દીસાની ઇંગ્લિશ સ્કૂલના હેડ **માસ્તર**ની નોકરી આપી.

કરસનદાસ ચરિત્ર.

છોકરાને વંચાવ્યા પછી **માસ્તર** દાદોબાએ વ્યાકરણ તથા ભૂગોળવિદ્યાના પ્રશ્નો પૂછવાને વિનંતી કરી. **દુર્ગારામ ચરિત્ર.**

નિશાળિયાને ગમે નહીં, આપે **શિક્ષક** જે એવું જ્ઞાન;
નાશિને જાય નિશાળિયા, મળે શિક્ષકને કેવું માન.

વેનચરિત્ર.

કોઇ શિક્ષક પાસેરે, સમજવા જાતી છે;

વેનચરિત્ર.

બળદ, પોઠી, આખલો અને સાંઢ અથવા સાંડિયો.

ગાયથી ઉત્પન્ન થતા જે પુરૂષ જાત પ્રાણીને ખાંસી કરી ખેતીના કે ભાર વહેવા વગેરેના કામમાં વાપરવામાં આવે છે તેને **બળદ** કહે છે. ખાંસી કરેલા અથવા ખાંસી નહિં કરેલા જે નર જાત પ્રાણીની પીઠ ઉપર માલ ભરવામાં આવે છે કે જે બેસવાના કામમાં આવે છે તેને **પોઠી** કે **પોઠિયો** કહે છે. ખાંસી કર્યા વગરનો જે નર જાત પ્રાણી ગાયોમાં છુટો ફરતો ફરે છે તેને **સાંઢ** કે **સાંડિયો** કહે છે. ખાંસી ના કરેલા જે પ્રાણીને ગાડે જોડવા કે ભાર વહેવાના કામમાં વાપરવામાં આવે છે તેને **આખલો** કહે છે. આખલો અને સાંઢ એ બે શબ્દો એક બીજાની જગાએ વપરાવાનો સંભવ છે. પોઠી એ બળદ પણ હોય અને આખલો પણ હોય. બળદ ખાંસી કરેલોજ હોય છે. આખલો અને સાંઢ ખાંસી કરેલા હોતા નથી. પોઠિયો ખાંસી કરેલો કે કર્યાવગરનો હોય છે. બળદ એ શબ્દ ઘણી વખત પોઠિયાની જગાએ વપરાય છે.

દાખલા.

ઉપકાર માનુ તમતણો જો, આપો **બળદને** વેહેલરે;
જાવું દ્વારકાંમાં છેલ્લો ફેરો, લીકમજીની ટેલ, રણછોડ.

રણછોડ ભગત.

માતા કુંવરીને એમ કહાવે રે, તારો **બળદે** ચડી વર આવે રે.

દેવીદાસ.

આપણ શીદ આગળથી કહિયે, શું ગુણ્ય કુદરો **બળદ** પે'લી.

શામળભટ.

પુષ્કર કહે મારો પાંચ મહોરનો, **પોઠી** જીતું કે હારૂરે;
એક પાસે **બળદ** હમારો, એક પાસ રાજ્ય તમારૂરે.

નળાખ્યાન-પ્રેમાનંદ.

બાર ભાંગ ધંતૂરાનો આણ્યો રે, મહાદેવે **પોઠીડા** પલાણ્યોરે.

દેવીદાસ.

રાતામાતા **આખલા**, રાખી શિંગડાં સીધાં;
આગળ માગ મૂકાવતા, પદ પોલિસ લીધાં.

નવલરામ–ગર.

એક માતેલો **સાંઢ** ધરાઈને બેઠો હતો, એવામાં એક મચ્છર ગણુગણુતો ગણુગણુતો તેના નાક આગળ આવ્યો. તે જોઇ **આખલો** બોલ્યો, રે નીચ! નીકળ અહીંથી, મારા જેવા જબરા ને તારા જેવા નબળાપર હાથ ચલાવવો ઘટતો નથી, નહિં તો એક પલકમાં તને કચરી નાખું. **ત્રીજી ચોપડી.**

મહિપ **સાંઢ** વળગાડિયારે, વળગાડ્યા માતંગ,
વજ્ર અંગ વૈષ્ણવતણુંરે, સર્વ દંતુસળ થયા ભંગ. હરિ હરિ.

પ્રેમાનંદ.

દાન, ભેટ, બક્ષીસ, અને નજરાણો

આ બધા શબ્દો કાંઈ આપી દેવાના અર્થમાં વપરાય છે. ધર્મ બુદ્ધિથી કોઇ વસ્તુ બીજાને આપી દેવી એનું નામ **દાન કહે** છે. કોઇ ધર્માધ્યક્ષ અથવા ધર્મને બાને પુજાતા મનુષ્યને કે દેવને કે કોઇ મોટા માણસને પુણ્ય માની અથવા ફરજને લીધે, અથવા થયેલો ઉપકાર માનવાની નિશાની તરીકે અથવા માનની ખાતર કાંઇ આપવામાં આવે ત્યારે તેવા આપવાને **ભેટ** કહે છે. કાંઇ આપી દેવું એને સાધારણ રીતે **બક્ષીસ** કહે છે. બક્ષીસ આપનારનો વિચાર કાંઇ મુકરર હોતો નથી. સગાઈ, દોસ્તી, પ્રેમ, ખુશી વગેરે કારણથી બક્ષીસ આપવામાં આવે છે. કોઇ રાજા અથવા એવી પંક્તિના પુરૂષની કે કોઈ મોટા અધિકારીની નજર આગળ જે કાંઇ ભેટ દાખલ મુક્યુ હોય તેને **નજરાણો** કહે છે. **નજરાણો** ઘણુંકરીને શીરસ્તા મુજબ કે લાંચ ત–

રીકે આપવામાં આવે છે, અને કેટલી એક વખત ખુશીથી પણ આપવામાં આવે છે. નજરાણો આપનારની પંક્તિ તે લેનારના કરતાં ઘકણુંરીને નીચી હોય છે, તેમજ ભેટ આપનારની પંક્તિ ભેટ લેનારના કરતાં ઘણુંકરીને નીચી હોય છે. બક્ષીસ, આપનારની પંક્તિ હમેશ તેમ હોતી નથી. ઉંચી પંક્તિવાળો નીચીવાળાને અને નીચીવાળો ઉંચીવાળાને બક્ષીસ આપી શકે છે, તેમજ સરખી પંક્તિવાળા પણ એક બીજાને બક્ષીસ આપી શકે છે. દાન ધર્મ-બુદ્ધિથીજ આપવામાં આવે છે, તેથી આપનાર લેનારની પંક્તિનો તેમાં મેળ રહેતો નથી. ભેટ અને નજરાણો એક બીજાની જગાએ વખતે વપરાય પણ નજરાણો કે ભેટને બદલે **દાન** એ શબ્દ કદી વાપરી શકાય નહિં.

દાખલા.

એરણની ચોરીને સોયનું **દાન** કદી ન કરવું.

નિબંધ રીતિ.

જે કરવાથી ઘણાં માણસને ઘણામાંઘણુ સુખ મળે તેને વિચાર યુક્ત **દાન** કહીએ. **એજન.**

ગોદાન, પ્રજાપત્ય, આદિ લઇને બીજી ઘણી દક્ષણા બ્રાહ્મણોને મળવા લાગી. **કરણઘેલો.**

તાતે **દાન** દીધાં ઘણાં તે ઘડી,
ગણ્યાં સૈકે નાણાં તે તો તુછ;
કુંવરજાયો રાણીએ.

વેનચરિત્ર.

વિનતી વળિ કહું **ભેટ** લાવી દેઉં, પોતિયે ગાંઠ તાંદૂલ બાંધો.

નરસિંહ મેહેતો.

જીરે ભૂપતિને **ભેટ** ધરે ભાવથીરે;
જીરે માણેક મોતી વસ્ત્ર ધન માલરે. રાણીએ.

માંગલિક ગીતાવલિ.

ત્યાં જઈ સેવા કર્યાનું પત્ર ત્યાંના મહારાજ લખી આપે છે. માટે ત્યાં જનારે **ભેટ** મૂકવી પડે છે. **કરસનદાસચરિત્ર.**

જો તેની ઘોડાશાળમાંથી તેના સવાસો ઘોડા લઇ મારા લ-ગ્નોદશાને દીનસે ભાટ લોકોને **બક્ષીસ** કરો તો મારો ઉદ્ધાર થશે.

કરણઘેલો.

અને સર્વેને લાયકી પ્રમાણે સુવર્ણ, વસ્ત્ર વગેરે **બક્ષિસો** આપવી. **નીતિમંદિર.**

તેઓએ મને અગણિત **નજરાણાં** કર્યાં અને મારા ધારવા કરતાં પણ ખરેખર વધારે માન આપ્યું.

નસીબ અને ડહાપણની સરસાઈ.

દિવાની ઇનસાફ લાંચ રૂશવતને **નજરાણાં** લીધા વગર નિ-ષ્પક્ષપાતે અને ચતુરાઇથી કરવા ને પ્રજાની યોગ્ય સ્વતંત્રતા ઉપર હાથ નાંખવો નહિ એ હરકોઇ રાજ ચલાવનારનું મુખ્ય કામ છે.

કરસનદાસ ચરિત્ર.

કારભારી અને તેના જુદા જુદા પાસવાનો મળી સકને ઓ-છામાં ઓછા પચાશ હજાર લાંચના જોઇતા હતા અને એટલોજ દરબારને **નજરાણો** જોઇતો હતો. **સરસ્વતીચંદ્ર.**

ડાંગેર (ડાંગર), ચોખા અને ભાત.

જે ધાનમાંથી ચોખા નિકળે છે તેને **ડાંગેર** કહે છે. ડાંગેરને ખાંડવાથી **ચોખા** થાય છે. રાંધેલા ચોખાને **ભાત** કહે છે. કાચા ચો-ખાને ભાત કહેતા નથી. સુરત તરફ ભાત એ શબ્દ કેટલીએક વખત રાંધેલા ચોખાને માટે તેમજ ડાંગેરને માટે વપરાય છે. કેટલીએક વખત ભાત (રાંધેલા ચોખા) ની જગાએ ચોખા એ શબ્દ પણ વપરાતો જોવામાં આવે છે. ચોખા એ શબ્દની જગાએ ભાત કે ડાંગેર એ શબ્દ કદી વપરાતો નથી.

દાખલા.

આ ભાગમાં શેરડી વધારે થતી નથી. લોકોનો જુવાર, ઘઉં, ડાંગર (**ભાત** કહે છે) ના પાક ઉપર મૂખ્ય આધાર છે.

ગુજરાતની ખેતીવાડી—વિઠ્ઠલદાસ.

માધવ—પછી જાબાલીએ તેઓની પાસેજ **ભાત** જમીનમાં વવડાવ્યું, તરતને તરત છોડ ઉછેરી મોટા કીધા, તેઓની પાસેજ તોડાવ્યું, અને તેઓનેજ કહ્યું કે એના **ચોખા** કહાડી તમારે હાથે રસોઇ કરો. **આશીર્વાદ નાટક.**

તેઓ તે પ્રમાણે ઠામ માંડી **ભાત** પીરસીને જમવા બેઠા એટલે તો ભાત મોટા મોટા કીડા થઇ પત્રાવળીમાં ચાલવા માંડયો.

એજન.

મરણ થયાં બહુ માનવીકેરાં, ઘાત કરીને મુવાં ઘણેરાં;
મદિરાને જીવ અર્પણ કીધો, ભોજન ઉપર **ભાત**જ દીધો.

દલપત કાવ્ય.

ફરિયાદ અને દાવો.

કંઇ નુકશાન અથવા ઇજા થયાને માટે સજા કરાવવા—અથવા નુકશાન કે ઇજા થવાનો સંભવ હોય તો તે દુર કરાવવા—કે થયેલા નુકશાનનો બદલો લેવા—તેમજ લેણું કે હક મેળવવા કે કાંઇ ગેર વ્યાજબી થતી હરકત દૂર કરાવવા—વગેરે કારણ સારૂ જે અરજ કરવામાં આવે અથવા જાહેર કરવામાં આવે તેને **ફરિયાદ** કહે છે. કોઇ પણ પ્રકારનો હક મેળવવાને કે કાંઇ થતી હરકત દૂર કરવા કે કરાવવા સારૂ સરકારમાં જે અરજ કરવામાં આવે તેને **દાવો** કહે છે. દાવો એ ઘણુંકરીને દિવાની કોર્ટમાં થાય છે, ફોજદારીમાં ઘણુંકરીને થતો નથી. ફરિયાદ ફોજદારી તેમજ દિવાની કોર્ટમાં થઇ શકે છે. દાવો એ કાંઇ હક મેળવવા કે હક ઉપર થતો હુમલો દૂર કરવાને થાય છે. ફરિયાદ તે સિવાય સજા કરાવવાના હેતુથી પણ થાય છે. દાવો કરવાનો હેતુ સજા કરાવવાનો હોતો નથી. ફરિયાદ એ શબ્દ દાવાને માટે વપરાય છે પણ ફોજદારીમાં કરેલી ફરીયાદને માટે **દાવો** એ શબ્દ ઘણુંકરીને વપરાતો નથી; ફરિયાદ ખાનગી માણસના આગળ પણ થઇ શકે છે, દાવો ઘણુંકરીને

સરકારમાં કરવામાં આવે છે. દાવો એ શબ્દ જ્યારે હક, માલકીપણું, અખત્યાર વગેરે અર્થમાં વપરાય છે ત્યારે તે ખાનગી માણસના આગળ કરવામાં—રાખવામાં--કે બતાવવામાં આવ્યાનું કહેવાય છે.

દાખલા.

માત પ્રભાતે ચોરની, ગઈ નૃપને **ફરિયાદ**
શૂળિ ઠરાવી શેઠને ડોશીની શુણિ દાદ.

રાજવિદ્યાભ્યાસ.

તમારા પર **ફરિયાદ** કરિયે તો તમારા મ્હોટા ભાઇ સાંભળે, તાકાત કોની હોય કે **ફરિયાદ** કરે. **સરસ્વતિચંદ્ર.**

દિવાની હલકી **ફરિયાદો**ના કે ફોજદારી જુજ ગુન્હાના ચુકાદા કરવા સારૂ દરેક ગામમાં પંચ ઠરાવ્યા હતા.

ગર્ધવસેન.

આરદમણીદેવી વિ. ચોધરી શીવનારાયણના કામમાં દીકરાની સગીર વયમાં તેના બાપે મિલકતની કરેલી વ્યવસ્થા રદ કરાવવાનો દીકરે **દાવો** કર્યો તેમાં બતાવવામાં આવ્યું કે દાવાવાળી મિલકત અસલ વાદીના દાદાની હતી.

કાયદાસંગ્રહ. ફો.

માગનારના **દાવા** ખરા તેથી તાલુકદારથી જવાબએ ન આપાયો, ને અપીલએ નહીં થઇ. **છઠ્ઠી ચોપડી.**

વાત અને વારતા (વાર્ત્તા.)

એક બીજા જોડે સંભાષણ કરવામાં આવે કે કોઇ વિષય ઉપર બોલવામાં આવે તેને વાત કહે છે, તેમજ કોઈ ઐતિહાસિક કે કલ્પિત બનાવનું યથાવિધિ વર્ણન કરવામાં આવ્યું હોય તેને પણ વાત કહે છે. વાર્તા એ શબ્દ માત્ર ઐતિહાસિક વૃત્તાંતનાજ અર્થમાં વપરાય છે, સંભાષણના અર્થમાં વપરાતો નથી. વાત એ શબ્દનો અર્થ બનાવ, ગપ, હકીકત એવો પણ થાય છે. વારતા એ શબ્દનો

અર્થ કદી એવો થતો નથી. વાત એ શબ્દ વાર્તા ઉપરથીજ થયેલો છે તેમ છતાં એ બે શબ્દોના અર્થમાં ઉપર બતાવ્યા મુજબ તફાવત માલમ પડે છે. વાર્તાની જગાએ વાત એ શબ્દ વાપરી શકાય છે પણ જ્યારે વાત એ શબ્દ સંભાષણ વગેરે અર્થમાં વપરાય છે ત્યારે તેની જગાએ વાર્તા એ શબ્દ કવચીતજ વપરાય છે.

દાખલા.

અને ધર્મનીતિને જાણનારી અથવા જાણવાની પ્રીતિવાળી સ્ત્રીને તો પુણ્યવાન જાણવી, તથા તે સુભાગ્યવાળી સ્ત્રીની સાથે બેસવું ઉઠવું, અને હરેક વખતે નીતિ ધર્મ સંબંધી **વાત** ચીત કરતા રહેવું અને ખોટી **વાર્તામાં** કાન પણ દેવો નહીં.

ભામિની ભૂષણ. ૮૪

એ કારણ પૂછે છે તાત, વડો પુત્ર વદે છે **વાત**;
શ્રીદંત કહે પિતાજી સુણો, વણજ કરીશું વ્હાણજ તણો.

વિદ્યાવિલાસિનીની વાર્તા. ૨૫૩.

તેની કવિતાનો મોટો ભાગ **વાર્તાનો** છે.

નર્મ ગદ્ય.

પર ઘરમાં અચાનક ન જાવું, **વાત** કરી નવ હસવુંજી;
ગુંજ કરતાં હોય બે જણા ત્યાં, વણ તેડ્યા નવ ધસવું. શિક્ષા.

દયારામ.

રાજ ભુવનમાં **વાત** ગઇ, રાય કરે છે ઉત્પાત;
કષ્ટ સાંભળી સુધન્વાનું, રૂવે સત્યવતી માત.

સુધન્વા આખ્યાન-પ્રેમાનંદ.

તે પછી શામળ ભટના વિવિધ વિષય તથા પદ્માવતીની **વાર્તા** સંક્ષેપે લીધી છે. **દલપતરામ.**

ઉધમ અને ઉદ્યોગ.

ઉધમ એ શબ્દ ઉત્ (ઉપર, બહાર, ઉલટું,) અને યમ્ (અટકાવવું) ઉપરથી થયો છે, અને એનો અર્થ મન અથવા

ચિત્તને બહાર ભ્રમણ કરતું અટકાવવું, આળસમાં જતું અટકાવવું કે કોઈ કામમાં રોકવું એવો થાય છે. ઉદ્યોગ એ શબ્દ આઘય ઉત્ અને ધાતુ યુજ્ (જોડવું) ઉપરથી થયો છે. અને એનો અર્થ “ બહારના પદાર્થ સાથે, તે મેળવવાને માટે, મનનું જે જોડાવું તે, ગહેનત ” એવો થાય છે. કાંઈ પણ કામ કરવું એને માટે ઉદ્યમ એ શબ્દ સાધારણ રીતે વપરાય છે. જ્યારે તેવું કામ ધંધા કે રોજગાર તરીકે અથવા હરકોઈ બીજા હેતુથી લાંબી મુદત સુધી કરવામાં આવે ત્યારે તેને ઉદ્યોગ કહે છે. ઉદ્યોગમાં ઉદ્યમનો સમાવેશ થાય છે. પણ જુજ વખત સુધી કરેલા ઉદ્યમને ઉદ્યોગ કહેવામાં આવતો નથી. કેટલીએક વખત આ બે શબ્દો એકજ અર્થમાં વપરાતા માલૂમ પડે છે.

દાખલા.

વાસણ ચુલા આગળ અડે,
ઉદ્યમ વણ ઉપર નવ ચડે.

શામળભટ્ટ

દસ માસ ગર્ભવાસ પ્રાણી, શો કરે **ઉદ્યમ**;
એવું જાણી સંતોષ આણો, હરિ વિસારશે કયમ, મા. ન.

પ્રેમાનંદ—સુદામાચરિત્ર.

આ વિચારથી તે સર્વ પક્ષીઓ ઉપર દ્વેષ કરી તેમને પાષાણાદિથી વારંવાર તાડન કરતો. પ્રસંગે વૃક્ષ ઉપર ચઢી તેને ક્રોધથી હલાવતો, અને તમામ ફળોને તે પક્ષીઓ ખાવા ન પામે, અને ફરી આ સ્થાને તેઓ ન આવે એવો **ઉદ્યમ** કરવા લાગ્યો.

સિદ્ધાન્તસિન્ધુ.

મુંબાઇમાં તો થોડાક પણ જિલ્લામાં તો લોક **ઉદ્યમને** માટે બૂમ પાડે છે—કહે છે કે અમે શ્રમ કરીએ પણ કોની સાથે માથું ફોડીએ?

નર્મગદ્ય.

હોય ઉઠાવ **ઉદ્યોગ** હજારો,
તે ધનના ધણી ધર્મ તમારો.

દલપતરામ.

નિયમ તો આ રાખવાનો કે આર્યોએ પોત પોતાનાં કુળ કર્મ કરવાં, પછી કુળને ઉદ્યોગે કુટુંબ નિર્વાહ ન થતો હોય તો ઉદ્યોગ બદલવો પણ તેમ કરતાં ઉતાવળ ન કરવી ને નવો ઉદ્યોગ લીધા પછી તેનેજ વળગી રહેવું.

ધર્મવિચાર-નર્મદાશંકર

હસે ને ખસે ને ધસે ધાઈને શું શશીબિંબ સામો,
તજી અર્થ ઉદ્યોગનો જોગ શું કાળ કાઢે નકામો.

ગૂજરાતી પિંગળ-દલપતરામ.

વચન અને કોલ.

એક માણસ બીજા પ્રત્યે અમુક કામ કરવાનું કે અમુક રીતે વર્તવાનું ગંભીરપણે કબુલ કરે તેનું નામ **વચન** આપ્યું કહેવાય છે. **કોલ** એ શબ્દ પણ **વચન**ના અર્થમાં વપરાય છે પણ તે (કોલ)માં ગંભીરતા, સાચવટ અને ભરોંસાના ચિન્હ તરીકે વચન આપનાર વચન લેનારના હાથમાં તાળી આપે છે. **વચન** આપતી વખતે પણ કેટલીએક વખત હાથમાં તાળી આપવામાં આવે છે પણ હમેશ તેમ કરવામાં આવતું નથી, પણ **કોલ**માં તો હમેશ તેમ કરવામાં આવે છે. **વચન** કરતાં **કોલ**માં વધારે ગંભીરપણાનો તથા સાચવટ અને ભરોંસાનો ભાસ રહેલો હોય એમ જણાય છે. **વચન** એ શબ્દ કાંઈ બોલવું વગેરે અર્થમાં વપરાય છે. તેવા અર્થમાં **કોલ** એ શબ્દ વપરાતો નથી.

દાખલા

વચન એ ફરે નહીં, મુખે બોલું જે બોલ;
એના સાક્ષી શ્રી રામજી, સાત પરીયાંનો **કોલ**.

વિદ્યાવિલાસિની-શામળભટ્ટ.

.... માટે તું જો મારૂ રક્ષણ કરવાનું માથે લે-**વચન** આપેતો હું બોલું.

નર્મગદ્ય-ઇલિયડનો સાર.

ધર્મ વાણી એણીપેર બોલ્યા, સાંભળિયે અરજુન,
મેં મારી જે વાત વિચારી, તમને કહું **વચન**.

લજ્જારામ.

કુંવરે તેણીને કહી ગુજ, **કોલ** દીધો છે મારે ભુજ;

... ...

પદ્માવતીની વારતા-શામળ.

કોલ દીધો તો કર વિષે, તે મિથ્યા થઇ વાત;
તન ન તજું જો માહરૂં, લાજે મારો તાત.

એજન.

પુસ્તકશાળા સ્થાપવા, લીધું નૃપનું વેણ;
કોલ દિધો કવિને કરે, નેહ જણાવી નેણ.

દલપતરામ.

નમુનો અને વાનગી.

કોઇ પદાર્થનો, અને વિશેષે કરીને કોઇ ખાવા કે પીવાના પદાર્થનો, જુજભાગ, તે પદાર્થ કેવો છે તે જાણવા અથવા તેવીજ જાતના બીજા કોઈ પદાર્થ સાથે મુકાબલો કરવા માટે, અથવા એવાજ બીજા કોઇ કારણસર, કાઢવા, લેવા, કે રાખવામાં આવ્યો હોય તેને **વાનગી** કહે છે. **નમુનો** એ શબ્દ ખાવા કે પીવાના પદાર્થ અથવા બીજા હરકોઈ જાતના પદાર્થમાંથી એકાદ પદાર્થ, અથવા તેનો કાંઇ ભાગ, તે પદાર્થ કેવો છે તે જાણવા, તેમજ બીજા તેવા પ્રકારના પદાર્થની સાથે મુકાબલો કરવા લઈ કે રાખી મુક્યો હોય તેને માટે વપરાય છે; તેમજ એક પદાર્થના જેવો બીજો પદાર્થ કરાવવો, મંગાવવો, કે કરી બતાવવો હોય તો પેહેલા પદાર્થને બીજાના સંબંધમાં **નમુના** તરીકે ગણવામાં આવે છે. **વાનગી** એ શબ્દ ઘણું કરીને ખાવાપીવાના ઉપયોગમાં આવતા પદાર્થની હોય છે. **નમુનો** એ ગમે એ પદાર્થનો હોય છે. અક્કલનો **નમુનો** કહેવાય છે, **વાનગી** કહેવાતી નથી.

કોઇ ઉત્તમ પ્રકારની વસ્તુને પણ **નમુનો** કહે છે **વાનગી** કહેતા નથી.

જ્યારે **નમુનો** એ શબ્દ કોઇ ખાવા કે પીવાના પદાર્થના સંબંધમાં વપરાય છે ત્યારે તેનો અર્થ **વાનગીના** જેવોજ થાય છે.

દાખલા

સંસ્કૃતમાં રામાયણ, મહા ભારત તે વીર કવિતાના મુખ્ય અને શ્રેષ્ઠ **નમૂના** છે. **નર્મગદ્ય.**

પ્ર૦ દુનિયામાં વિવેક અથવા અગમ બુદ્ધિ કેવી ગણવામાં આવે છે?

ઉ૦ લોકોમાં સૌથી એનું વધારે મહત્વ છે; કેમકે એનું ચણતર પુખ્ત વિચારથી થયેલું છે, અને મનુષ્યની સમજ શક્તિનો પૂર્ણ **નમુનો** જે ડહાપણ તેની સાથે એ નિકટનો સંબંધ ધરાવેછે.

નીતિ અને લૌકિક ધર્મ.

ફૂંગટ—પહેલાં તો મને **વાનગી** કાઢવા દે પછી તું.

ચતુર ચંચળ—...નાટક. દા. કે. જે.

સ્થળ સંકોચને લીધે અધિક વિચાર અને સિદ્ધતાઓ અત્રે ન લખતાં માત્ર **વાનગી** બતાવી બંધ કરવા અગત્ય પડે છે.

વિચારસાગર—મનસુખરામ.

વાસો, વરધ અને દા'ડો.

લગ્ન અથવા તેવાજ બીજા કોઈ માંગલિક કાર્યનો દિવસ મુકરર કર્યો હોય તેના પે'લા થોડા દિવસને માટે **વરધ** એ શબ્દ વપરાય છે. કોઇ બાળક નવું જન્મ્યું હોય તેના જન્મ દિવસથી મહીના દોઢ મહીના સુધીના દિવસને **વાસા** કહે છે, તેમજ કોઈ બાળકને ઓરી કે બળિયા નિકળ્યા હોય તો જે દિવસથી ત દેખા દે તે દિવસથી મટતા સુધી **વાસા** ગણવામાં આવે છે. કોઇ ગામમાં આપણે રાત રહ્યા હોઇએ તો તે પણ વાસો રહ્યા એમ કહેવાય. ખેડુત વગેરે લોક ખેતર સાચવવાને ખેતરમાં રાત્રે સુવા

જાય તેને **વાસો** ગયાનું કહે છે. **વાસો** એ શબ્દમાં રાત્રીનો સમાસ અવશ્યે કરીને થાય છે. **દા'ડો** એ શબ્દ સામાન્ય રીતે દિવસને માટે વપરાય છે; તેમાં રાત્રીનો સમાસ વખતે થાય છે અને વખતે થતો નથી. કોઈ માણસ મરી જાય ત્યારથી તેના કારજ સુધીના દરેક દિવસને દા'ડો કહે છે, અને કારજ ઉપર જે જમણવાર કરવામાં આવે તેને દા'ડો પાણી કહે છે. દા'ડો એ શબ્દ સાધારણ રીતે **વાસો** અને **વરધ**ને માટે દિવસના અર્થમાં વાપરી શકાય છે, પણ **વાસા**ની જગાએ **વરધ** કે **વરધ**ની જગાએ **વાસો** એ શબ્દ કદી વપરાતો નથી; તેમજ દા'ડો એ શબ્દની જગાએ ઉપરના શબ્દો હમેશ વપરાય નહિં. કોઈ સ્ત્રીને ગર્ભ રહયો હોય તો એને દા'ડા છે એમ કહેવાય છે. આવા અર્થમાં વાસો કે વરધ શબ્દ કદી વપરાતો નથી. વરધ એ શબ્દ વૃદ્ધિ (જય, પુષ્ટિ, આનંદ) શબ્દ ઉપરથી થયેલો જણાય છે અને વાસો એ वस् ઉપરથી થયેલો જણાય છે.

દાખલા.

વે'પારી ત્યાં **વાસો** રહ્યા સુણ રાય રે;
બે પોર નિશાના ગયા, સુણ રાય રે.

પ્રેમાનંદ-નળાખ્યાન.

પાક્યાં ધાન્ય ધરતીપર ખાસાંરે,
રહે ખેતર ખેડુતો **વાસા,**
ચોમાસાના ચાર માસ છે સારારે.

નવલ ગરબાવળી.

સખત મજૂરી સાથે જૈને જેલમાં જો,
વેઠયું દુખ વસિને **વાસા** એકવીશ જો.

દલપત કાવ્ય.

ગામમાં બળિયાનો ઉપદ્રવ બહુ ચાલતો હોય તો **વાસા**માંના બાળકને પણ બળિયા કઢાવવામાં અડચણ નથી. **સ્ત્રીમિત્ર.**

ઉકરડી નોતરતાં ગાવાનાં ગીત વિવાહની **વરધો**માં પણ ગાઇ શકાય. **માંગલિક ગીતાવલિ.**

આપણે ઘેર, આપણે ઘેર, લાડકડીનો વી'વા,
એની **વરધો**માં વે'લા પધારજોરે. **દેશી ગીત.**

દશ **દહાડા** તો યુદ્ધ કર્યું છે, ગંગા કેરે તન;
પાંચ **દહાડા** દ્રોણે વળતું, યુદ્ધ કર્યું પાવન.
લજ્જારામ.

દા'ડે રહેજો દે'રામાં ને રાતે ભરજો પાણી.
કથન સપ્તશતી.

દહાડોને રાત ટુંપે છે, તે કેમ સંખાય.
સાસુવહુની લઢાઇ.

આપણા લોક **દહાડો પાણી** કરવામાં પુષ્કળ પૈસા ખરચે છે.

ચાલ અને વર્તણુંક.

અમુક પ્રસંગે એકાદિ રીત પકડીને તે પ્રમાણે કરવું અથવા ચાલવું તેને **વર્તણુંક** કહે છે. એક બીજાની સાથે કામ પ્રસંગે અથવા વ્યવહારમાં જે રીત રાખી હોય તેને **ચાલ** કહે છે. વિવેકબુદ્ધિ વાપરવાની ટેવ અને આપણા મનમાં નીતિનું જે ધોરણ બંધાઇ રહ્યું હોય તે પ્રમાણે **ચાલ** બંધાય છે. આસપાસની હકીકત એ **વર્તણુંક**ની નિયામક છે. સારી **ચાલ**નો માણસ ઘણે પ્રસંગે રૂડી રીતે વરતે છે; પણ બાળકોની **વર્તણુંક** એક સરખી હોતી નથી. **ચાલ** ઉપર આપણી નીતિ અને સ્વભાવની અસર ઘણી હોય છે. **વર્તણુંક** ઉપર મરજી અને આસપાસની હકીકતની ઘણી અસર હોય છે. એક સરખી **વર્તણુંક** રાખવાથી **ચાલ** મુકરર થાય છે અને **ચાલ** ઉપરથી અમુક પ્રસંગે આપણી કેવી **વર્તણુંક** થશે એ વિષે અનુમાન થઇ શકે છે. કેટલી એક વખત આ શબ્દો એક બીજાની જગાએ વપરાતા જોવામાં આવે છે.

દાખલા.

પ્રમદાને તેના દીયરની **વર્તણુંક** અને બોલથી ઘણી ઝાળ લાગી.
પ્રમદા.

રાજ્ય પ્રાપ્ત થાય ત્યારે અયોગ્ય **વર્તણુંક** ચલાવવી નહિ.

નીતિ મંદિર.

........રાજ્ય કાર્યને પ્રસંગે અને બ્હાને અધિકારી વર્ગની સ્વચ્છંદ **વર્ત્તણુક** તેના કાનમાં આવી હતી..............

સરસ્વતી ચંદ્ર.

કારણકે એવી **ચાલ** ચલાવનારા ઘણું કરીને આખરે આપ મતલબીજ જણાઇ આવે છે.

મિત્રતા. પુરષોત્તમ કાનજી.

હુ તેને વળગી રહ્યો તે એટલાજ માટે કે તેના ભલા ગુણોને વિષે હુ ઘણું માન ધરાવતો હતો, અને સીપીયો મને વળગી રહ્યો તે એટલા માટે કે મારી **ચાલ** ચલણ એને પસંદ હતી.

એજન.

ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી **ચાલ**;
જરૂર જાણો જગતમાં, મૂલ પ્રમાણે માલ;

દલપતરામ.

જ્યાન અને નુકશાન.

કોઇ વસ્તુનો નાશ થાય, કે તેને કાંઇ હાનિ પોહોચે, કે કોઇ વેપાર રોજગાર કે બીજી કોઇ બાબતમાં ખોટ જાય કે કાંઇ ગેર ફાયદો થાય ત્યારે **નુકશાન** થયું એમ કહેવાય છે. જ્યારે કોઈ વસ્તુનો અથવા તેના કોઇ ભાગનો નાશ થાય અથવા તેને એવી હાનિ પોહોચે કે જેથી તેની કિંમતમાં ઘટાડો થાય ત્યારે થયેલા નુકશાનના પ્રમાણમાં **જ્યાન** થયું કહેવાય છે. **જ્યાન** એ ઘણું કરીને જે વસ્તુની કિંમત નાણામાં થઇ શકતી હોય તેને માટે વપરાય છે. **નુકશાન** એ તેવી વસ્તુને માટે તેમજ જેની કિંમત નાણામાં થઇ શકતી ના હોય તેને માટે પણ વપરાય છે. સોપારી કાપતાં આંગળી વઢાય એ શરીરને **નુકશાન** થયું કહેવાય છે, પણ **જ્યાન** થયું કહેવાતું નથી. **જ્યાન** એ શબ્દ હયાત વસ્તુનો કે તેના કોઇ ભાગનો

નાશ થાય ત્યારેજ વપરાય છે. **નુકશાન** એ શબ્દ જે વસ્તુ હયાત હોય તેનો નાશ થાય કે તેને હાનિ પોહોચે ત્યારે તેમજ જે હવે પછી પ્રાપ્ત થવાની હોય તે કોઇ કારણથી પ્રાપ્ત ના થાય ત્યારે પણ વપરાય છે વરસાદ ન આવવાથી ખેડુતોને અન્ન પાકે નહિં તો ધારેલા પાક જેટલું **નુકશાન** થયું કહેવાય પણ **જયાન** થયું કહેવાય નહિ; પણ જો પાકેલું ધાન ચોર ચોરી જાય, કે બાળી મુકે તો તે પાકનુ **જયાન** થયું કહેવાય. **જયાન**નો સમાવેશ **નુકશાન**માં થાય છે. પણ નુકશાનનો **જયાન**માં થતો નથી.

દાખલા.

જંબા જાય ત્યાં **જયાન** પરનુ થતું ન જાણે;
કરી એકઠું ધાન, છાંડે શરમ ન આણે.

કૃષ્ણારામ.

શીંકુ તોડયું ગોરસ ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માંખણ ખાધું ઢોળી નાખ્યું, **જાન** કીધું આ વાર રે. જસોદા.

નરસિંહ મેહેતો.

નાશીને જાશો કેટલે રે, હવડાં સહાશું કહાન;
હૈડું દાઝે છે મારૂં રે, ઘણું કર્યું છે **જયાન.** નાશીને.

ભાલણ.

પ્રભુ દુર્જનની પીડા અપાર છે, દિન રાત્ર કરે ઘણ **જાન,** બાળક. **ભામિની ભૂષણ ભાગ બીજો.**

પહેલી આકે આ દેશમાં મંડળી મળવાનો ચાલ નહિ તેથી શાં શાં **નુકશાન** થયાં............ **નર્મગદ્ય.**

ને છોકરો મોટો થયો. પછી વ્યાપાર કરવા લાગ્યો. તેમાં વારંવાર **નુકસાન** લાગ્યાથી સર્વ નાણું ગયું; અને ઉલટો કરજદાર થયો.

પંચી કરણ-વેદ ધર્મ સભા.

જાુઠુ બોલવામાં એવાં એવાં ઘણાં **નુકશાન** છે, માટે તેથી સદા બચતા રહેવું. **ભામિની ભૂષણ.**

ગામડું, ગામ, કસ્બો, અને શેહેર અથવા નગર.

જે જગામાં ઘણું થોડાં ઘર અને માણસની વસ્તી ઘણી થોડી હોય તેને **ગામડું** કહે છે. ગામડા કરતાં જરા વધારે વસ્તીવાળી જગાને **ગામ** કહે છે. **ગામડામાં** વખતે જરૂરી વસ્તુઓ મળે છે અને વખતે મળતી નથી. **ગામમાં** એક બે અથવા વધારે વે'પારી અને વસવાયાં-કારીગર વગેરેનાં ઘર હોય છે, તેથી જરૂરી વસ્તુઓ ત્યાં ઘણું કરીને મળી આવે છે. ગામથી જે મોટું હોય અને મહાલ અથવા પ્રગણાનું જે મથક હોય અથવા જેની અંદર (લડાઇનો) કસબ જાણનાર મુસલમાન સીપાઇ વગેરે રેહેતા હોય અને જયાં થાણું વગેરે રાખવામાં આવતું હોય તેને **કસ્બો** કહે છે. કસ્બાથી **જે મોટું** હોય અને જ્યાં વેપાર ધંધો બહુ ચાલતો હોય તેને શેહેર કે **નગર** કહે છે. **શેહેર** અને **નગર** એ એકજ અર્થમાં વપરાય છે. ગામ એ શબ્દનો સાધારણ અર્થ લોકોને રેહેવાનું સ્થાન થાય છે, અને તેવા અર્થમાં **તે ગામડું**, કસ્બો, કે શેહેરની જગાએ ઘણી વખત વપરાય છે, પણ **ગામડું** એ શબ્દ કસ્બા કે શેહેરની જગાએ વપરાતો નથી, પણ વખતે ગામની જગાએ વપરાય છે. હાલમાં મોટા **ગામને** વખતે **કસ્બો** કહેવામાં આવે છે.

દાખલા

કોઇ **ગામડાનો** રહેનાર શિવદત્ત નામનો પુરૂષ કાશીયાત્રા કરવા ગયો હતો તેને ત્યાં કાશીના રાજા સાથે મિત્રતા થઇ, અને ઘણા દિવસ ત્યાં રહીને પાછો પોતાના **ગામમાં** આવ્યો.

પંચીકરણ.

નવ ખંડ ન્યાળી નેટ, નજર વજર પેઠીમા;
ત્રણ **ગામ** તરભેટ, ઠેઠ ઠરી બેઠીમા.

વલ્લભ ભટ.

ગામડામાં તો થોડાં ઘર અને ફળીઆં હોય, પણ **ગામ** કે **કસ્બામાં** તો ઘણાં ઘર ને ફળીઆં હોય છે.

ત્રીજીચોપડી.

પછી આસપાસ લગતાં **ગામ** હોય તે તથા બીજાં ફરતાં ગામ છોકરાંને પૂછી પૂછીને તેઓ દિશા બતાવે ને તે ખરી હોય તો તે લખવાં, ને જેટલે ગાઉને છેટે હોય, તેના માપ પ્રમાણે છેટે લખી તેમ કરવાનું કારણ કહેવું, એટલે છોકરાંને સમજણ પડે કે, નકશામાં **ગામડાં**ની વચ્ચે જે અંતર હોય છે તે ગાઉના માપ પ્રમાણે છે, આશરે કે અમથું મૂકેલું નથી.

ભુગોળવિદ્યા. ભાગ. ૧

ઉત્તરમાં તુંગભદ્રા નદીની પાસે હરિહર **કસ્બો** એ ઉચ્ચ પ્રદેશનો છેક નીચાણનો ભાગ છે, ...

એજન ભાગ. ૨

નગર ઉજેણુ ભલું નિરખીયું;
હરદેવનું હઈડું હરખિયું.

ભદ્રાભામની. શામળ.

મેહેલ્યા બળદ દોડી ઠામ, ઉતર્યો જઇ ગંધારે **ગામ,**
ગઈ **નગર** વધાઇ નેટ, આવ્યો કસ્તુર **નગર**નો શેઠ.

એજન.

જિલ્લાના મોટા **કસ્બા**ઓમાં એજ કારણને માટે દવાખાનાં કર્યા છે. **ભૂગોળવિદ્યા ભાગ. ૧**

મોટાં **ગામ કસ્બા ને શેહેરો**માં ડેપ્યુટી પોસ્ટ માસ્તર નામે કારકુનો રાખ્યા છે.

એજન.

સોરઠ દેશ તણે શીમાડે, વડું **શેહેર** વઢવાણ.
રાજસિંહજી રાજ છે, મહિપતિ તે મકવાણ.

દલપત કાવ્ય.

ધનવંતરી સમ ધન્ય તુજ, સર્વત્ર છાપ છપાયલી;
આ **શેહેર**ના જન સૌ કહે, વાહ વાહ ડાક્ટર વાયલી;

દલપતકાવ્ય.

આમદાવાદ **શેહેર**ની બાંધણી પોળની છે.

ચોથીચોપડી.

સ્વસ્તી શ્રી દ્વારિકાં નગરીના નાયક,
રાજ રાજેશ્વર છો સદારે, **દયારામ.**

* * * * * * * * * *

ગોઠિયો અને ભાઇબંધ.

બાળકના બાળક સોબતી કે મિત્રોને **ગોઠિયા** કહે છે. ભાઇબંધ એ શબ્દ ગોઠિયાને માટે વાપરી શકાય છે એટલુંજ નહિ પણ તે મોટી ઉંમરના પુરૂષ મિત્રને માટે વપરાય છે. ગોઠિયાની જગાએ ભાઇબંધ વપરાય પણ મોટી ઉંમરના ભાઇબંધની જગાએ ગોઠિગો એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી.

દાખલા.

છકેલ છેલ છોકરો, ઠગાય ખાય ઠોકરો,
જુગારી સંગ જાય તે, ખતા ઘણાક ખાય તે,
બમેલ જાણી ભૂત છે, પિતા કહે કપૂત છે;
ગમાર ચાર **ગોઠીઆ**, પીટાય જેમ પોઠીયા.

દલપતરામ.

મારફાડ ગાળતણી ચાલ થકી આવે આળ,
દિયે દોષ દેવને એ **ગોઠિઆ** ગુમાનીના;
લુટિને લપાટી ઝુટી બાંધે માલ પેટ સાથે,
ખુએ તંગ અંગ રંગ ઢંગ એ જુવાનીના.

નીતિ વિનોદ. મલબારી.

નાના બાળક પર તો સારા નરતા ગુણની જલદી અસર થઇ જાય છે, માટે તેમના **ગોઠીઆ** હમેશ લાયકજ જોઇએ.

મિત્રતા પૂરૂષોત્તમ. કા.

પછી તે કપટી **ભાઇબંધ**ના નામપર મોટી પોક મૂકે છે; પણ રડવા સિવાય તેમાં બીજું કાંઈ વળતું નથી.

એજન.

અને જેઓ ફક્ત આપણા પૈસા ખાવા માટે દોસ્ત થાય તે નાની અથવા સુખડીયા **ભાઇબંધ** ગણાય.

એજન.

પણ તેમના ઘાંટાથી શેરીમાંનો એક બીજો માણસ જાગી ઉઠયો, ને ધશીને રસ્તામાં આવ્યો. એ પેલા બળતા ઘરના ધણીનો **ભાઇબંધ** હતો. **ચોથી ચોપડી.**

ઉજાણી અને જયાફત.

ચાર સ્નેહીએ મળીને ખાવું અથવા સારૂ ભોજન કરવું તેને **જયાફત** કહે છે. **ઉજાણી** એ શબ્દ પણ એવાજ અર્થમાં વપરાય છે. મિત્ર તેમજ અમુક નાત અથવા કોમના લોકો કોઇ કારણ પ્રસંગે વાડી કે કોઇ સુંદર જગાગાં જમવાનું કરે તેને **ઉજાણી** કહે છે. **જયાફત** એ મિત્ર મેળાપની ખુશાલીના નિમિત્તે કરવામાં આવે છે, તેથી તેવે પ્રસંગે સુંદર જગામાં સુંદર ભોજન કરાવવામાં આવે છે. **ઉજાણી** એ મિત્ર મેળાપની ખુશાલીને માટે તેમજ નાત અથવા કોમ કે ધર્મના રિવાજને અનુસરીને પણ કરવામાં આવે છે. **ઉજાણી**માં વખતે વ્યવહાર વાળાને જમવાનું કહેવાની ફરજ પડે છે; **જયાફત**માં તેમ થતું નથી. કેટલી એક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાય છે. **ઉજાણી** એ શબ્દ ઉદ્યાન (વાડી, બાગ) ઉપરથી થએલો જણાય છે.

દાખલા.

અગર જો બાગમાં એવી **ઉજાણી**એ જવાનું ઉભુ કરવામાં આવ્યું હોય તો દરેક બાનુએ પોતાનો ભાગ આપવાને ચુકવું નહીં.

વિવેક વાણી.

સૌ અલીઓ હળી મળી આવો આજ, આપણે કરિયે **ઉજાણી**;
સૌ કાંઈ કાંઇ ઘરથી લાવો આજ, આપણે કરિયે **ઉજાણી**.

બાળ ગરબાવળી. નવલરામ.

એમના છોકરાના જે દોસ્તદારો તથા સગાં હશે તેમને પોતાને ઘેર એક દિવસ **ઉજાણી** આપી.

ઈંગ્લાંડની મુસાફરી મહીપતરામ

રોજ પરગામથી નવાનવા ભાઈબંધને ખુશામત ખોરા આવે ને **ઉજાણીઓ** ચાલે. **છઠ્ઠી ચોપડી.**

પણ આ રાજ દરબારી **જ્યાફતમાં** ઉલ્લાસ તથા અત્યાનંદ જણાતો નહોતો. **ઈરાવતી.**

તેમણે સાકર વહેંચી, પેંડા વેહેચ્યા, પોતાના સોબતીઓને **જ્યાફતો** આપી...........ને ધુમ ધામ કરી મેલી.

સાસુ વહુની લડાઈ.

ગીત અને ગરબો

લગ્ન અથવા બીજા કોઈ ખુશાલીકે આનંદના પ્રસંગ ઉપર બૈરાં જે ગાય છે તે **ગીત** કહેવાય છે. નોરતાંમાં અથવા માતા વાવે છે ત્યારે અથવા એવા બીજા કોઈ પ્રસંગે બૈરાં તાળી પાડી ગોળ ફરતાં જે ગાય છે તેને **ગરબા** કહે છે. **ગીત** ગાતી વખત તાળી પાડવામાં કે ફરવામાં આવતું નથી. પણ **ગરબા** ગાતી વખતે ઘણું કરીને ફરવામાં આવે છે. **ગરબા** ને **ગીત** કહી શકાય પણ **ગીતને** ગરબો કહેવાય નહિ. **ગીત** એ સામાન્ય શબ્દ છે. **ગરબો** એ વિશેષ છે. જે ગીત તાળી પાડી ફરતાં ગાઈ શકાય તેને **ગરબો** કહે છે.

દાખલા.

શીખે સાંભળે ને ગાય, **ગરબો** રાસનોરે લોલ.
અંતરંગ ભક્ત થાય, અવિનાશનોરે લોલ. **દયારામ.**
ગાય **ગરબો** ગોરીને ૫રે, ફેરણીરે લોલ. **એજન.**
આજ મને આનંદ, વાધ્યો અતીઘણો મા;
ગાવા **ગરબા** છંદ, બહુચર માતતણા મા.

વલ્લભ ભટ, બૃહતકા. ૨

વાયુ પ્રિયામંદ સમીર ઢોળે, સરસ્વતી મંગળ-ગીત બોલે.
વરૂણ નારી જળમિષ્ટ આપે, દેવાઙ્ગનાઓ પદ યુગ્મ ચાંપે.

ઈંદ્રજીતવધકાવ્ય.

કુટુમ્બ તેડો તમતણું, કોઇએ મુને નથિ-દીઠી,
ગીત ગાયે કામની, આપણે ચોળી પીઠી.

મદાલસા પ્રેમાનંદ.

હથિયાર અને ઓજાર.

કાંઇ કારિગરીનું કામ કરવાનાં અથવા કાંઇ ઘાટ બનાવવાનાં અથવા બીજું કાંઇ કામ કરવાનાં રાચ કે સાધનને **ઓજાર** કહેછે. લડાઈ ટંટા વગેરે પ્રસંગે બચાવ કરવાનાં તેમજ સામાં મારવાનાં સાધન કે શસ્ત્ર વગેરેને **હથિયાર** કહે છે. **હથિયાર** એ શબ્દ કેટલાએક **ઓજાર**ને માટે વપરાય છે, પણ બધાં **ઓજાર હથિયાર** કહેવાનાં નથી. કેટલાંએક **ઓજાર** જેવાં કે, કોવાડો, કોદાળો, વાંશી વગેરે મારવાનાં **હથિયાર** તરીકે વપરાય, પણ કામ પરત્વે તો તેઓ **ઓજાર**જ ગણાય છે. મારવાનાં **હથિયાર**ને માટે **ઓજાર** એ શબ્દ કદી વપરાતો નથી.

દાખલા.

હિમતથી નારી પણ **હથિયાર** હાથ ગ્રહી,
મહા વન માંહી મોટા મરદને મારે છે;

દલપતરામ.

केश—हाजोईश तो हुंज छुं. (तरवार भणी आंगळी करीने) आ हथियार लईने आगळ तुं शुं करनार ?

बाळमित्र.

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચઢવું છે;
હિંમત **હથિયાર** બાંધીરે, સત્ય લડાઈયે લડવું છે. ખબરદાર. ટેક.

બૃહત કાવ્યદોહન. ધીરો ભગત.

એ વગર ખરપડી હાથમાં ઝાલી ઘાસ ઉખેડવાના કામનું **હથિયાર** થાય છે તેનો ૨૦–૧–૦ બેસે છે.

ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ.

એ રીતે **હથિયાર** ઢોર, કોસ, વગેરેનું એક ખેડુતને આશરે સવા બસેં રૂપીઆ ખર્ચ થાય છે. **એજન.**

બીજાં **ઓજારો**માં ખેડવાનું હળ, કાપવાનું દાતરડું, ઉપણુવાનુ સૂપડું, ને ચાદર, તથા એ વગર કોદાળી, પાવડો કુહાડી, કોસ (પાણી કહાડવાનો), કોહોલું (શેરડી પીલવાનો કોલ), વગેરે વાપરે છે. **એજન.**

એવાં એવાં કારણોથી **અ**ખાને સોનીના ધંધા ઉપર ધિક્કાર આવ્યો ને તેણે પોતાના **ઓજાર** કુવામાં નાંખી દીધાં, ને પછી સંસારમાં સાચુ શું છે તેની ખંતે ખોળ કરવા લાગ્યો.

નર્મગદ્ય.

સલાટ અને ચીતારાનાં કામમાં ધારેલી વસ્તુઓ અને પોતાનાં રસ જ્ઞાન એની વચમાં બીજી કેટલીક વસ્તુઓ-**ઓજારો,** હુન્નરની રીતિયો, કેટલાક વિચાર આવી નડે છે, તેથી તેઓનું કામ વધારે મુશ્કેલ થાય છે. **નર્મગદ્ય.**

———*o*———

પગલું અને ડગલું.

ચાલવાથી જમીન ઉપર પડેલા પગના તળિયાનો જે આકાર તેને **પગલું** કહે છે, અને ચાલતાં બે પગલાંની વચ્ચે જે અંતર રેહે તેને **ડગલું** કહે છે. ડગલાંથી અંતર ગાપતી વખતે પગલાં વચ્ચેનો અંતર તથા જે જગા પગલાંએ રોકી હોય તે હિસાબમાં લેવાય છે. કેટલીએક વખત આ બે શબ્દો એક બીજાના અર્થમાં વપરાતા જણાય છે.

દાખલા.

એમ કહી વન મૂકી ચાલ્યા, સીતાને રાજન
પગ ન ચાલે **પગલાં** ભરતાં, ક્ષણ ક્ષણ ઉભા રહે વંન.

તુળસીદાસ.

પાતળિયે ત્યાં **પગલાં** પાડ્યાં, પોતાનાં સાક્ષાતરે.

રણછોડ ભગત.

ત્યાં રા૦ સામળદાસ અને આ લખનાર થોડાં **પગલાં** સાથે ચાલ્યા. **ગોકુળજી ઝાલાનુ ચરિત્ર.**

આણી મન આનંદ, મા માંડ્યાં **પગલાંમા,**
તેજ કિરણ રવિચંદ, દોનાનાં **ડગલાંમા.**

વલ્લભભટ્ટ.

દોરી સર્વેની એના હાથમાં, ભરાવ્યું **ડગલુ** ભરે;
જેવો જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નિસરે-કૃષ્ણ.

દયારામ.

તેની તો ડગલે ડગલે ફજેતી.

કરણ ઘેલો.

માણસ પુરૂષ અને મરદ.

મનુષ્ય જાતિમાંના હરેક પ્રાણીને માટે **માણસ** એ શબ્દ વપરાય છે, અને તેમાં સ્ત્રી જાતિનો પણ સમાવેશ થાય છે. **પુરૂષ** એ શબ્દ પુરૂષાતન એટલે ગુણ-કર્મથી સંસાર ચલાવવા તથા પ્રસિદ્ધિ મેળવવાની જેનામાં શક્તિ હોય તેને માટે વપરાય છે. એમાં સ્ત્રી અથવા બાળકનો સમાવેશ થતો નથી. કેટલી એક વખત આ શબ્દ મનુષ્ય પ્રાણીમાંના નરની સંજ્ઞા તરીકે માણસ શબ્દની માફક સાધારણ અર્થમાં પણ વપરાય છે. પુરૂષ એ શબ્દ માણસ એ શબ્દ કરતાં જરા વધારે પ્રતિષ્ઠિત જણાય છે-**મરદ** એ શબ્દ સાધારણ રીતે માણસની નરજાતી બતાવે છે, અને તેના ખાસ અર્થમાં માણસનું શૌર્ય, બળ, અને ટેક બતાવે છે. આ શબ્દમાં સ્ત્રીનો સમાવેશ થતો નથી પણ છોકરાનો વખતે થાય છે. માણસને જેજે ચીજો કરવી ઘટે તે કરવાની જેનામાં શક્તિ હોય

તે **પુરૂષ** કહેવાય, અને તે પોતાના બળને યોગે જ્યારે પરાક્રમ બતાવે ત્યારે તે **મરદ** કહેવાય. કેટલીએક વખત આ ત્રણે શબ્દો એક બીજાની જગાએ વપરાય છે.

પુરૂષ અને **મરદ** એ શબ્દો કેટલી એક વાર પતિના અર્થમાં વપરાય છે, **માણસ** એ તેવા અર્થમાં ક્વચિત વપરાય છે પણ ચાકર કે નોકરના અર્થમાં ઘણો વપરાય છે.

દાખલા.

માણસ બીજી બધી વસ્તુઓને અને બીજી વસ્તુઓ **માણસ** ને એમ સઘળે ઠેકાણે પરસ્પર કામ લાગે છે. **નર્મગદ્ય**

તેની સાથે **માણસો** હતાં પણ તે બધાં નાશી ગયાં

આશીર્વાદ નાટક.

એ ત્રણ **માણસમાં** એની સ્ત્રી, છોકરો જેશંગ, ને તેની બાયડી હતાં. **સાસુ વહુની લડાઇ.**

જે **પુરૂષે** નવા ને અગત્યના ને કીમતી શોધ કર્યા અને જગતને નવું નવું જ્ઞાન આપ્યું તે મહા**પુરૂષ** કેવો નમ્ર હતો.

મોટા **પુરૂષ** સાગર જેવા ગંભીર હોય છે.

નર્મગદ્ય.

દોષ ન દેતું **પુરૂષને**, સ્ત્રી જાતીજ કઠોર;
પાછું ઝાંખે નહિં જરી, કરીને નરને ઠોર.

વીરમતિ નાટક.

નહી **પુરૂષ** નહી નારિરુપ ધારો,
નહી થાય નાથ જન્મ તો તમારો;
નહી તુલના પ્રભુ કોઇ સાથ થાય,
નહી પ્રતિમા પ્રભુ તારિ તો જણાય.

ઇશ્વર પ્રાર્થના માળા.–દિં ડિ.

ખરો **મર્દ** તું પ્રતાપ નીવડયો, ખરાખપર ખાંડે ખપળ્યા;
ખરા રીસોડી સામદ સઘળા, ખરા મુસલ્લને થકવ્યા

મેવાડની જાહોજલાલી.

જન કહેશે જખમાર, શૂર પણ તેમાં શાનૂ;
હણે વેરી કે વધ, મરદ તો તેને માનૂ-

દલપત કાવ્ય.

મુર્ત્તિ અને પુતળું.

ધાતુ, પત્થર, માટી વગેરેનો કોઇ પ્રાણીના આકારનો જે ઘાટ હોય તેને **પુતળું** કહે છે. કોઇ દેવ, દેવી, ધાર્મિક પુરૂષ કે સ્ત્રી અથવા આચાર્યનું તેવું પુતળું બનાવ્યું હોય તો તેને **મુર્ત્તિ** કહે છે. **પુતળાંને** ધર્મને બાને માન મળતું નથી પણ **મુર્ત્તિઓને** મળે છે, તેથી જેને તેવું માન મળતું નથી તે **પુતળાં** અને મળે છે તે **મુર્ત્તિઓ** કહેવાય. **મુર્ત્તિ** એ શબ્દ કેટલી એક વખત ચિત્ર અથવા છબીના અર્થમાં વપરાય છે, પણ **પુતળું** એ શબ્દ તેવા અર્થમાં વપરાતો નથી. કેટલી એક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાતા જોવામાં આવે છે.

દાખલા.

ત્યારે પરમેશ્વરના પ્રતિનિધિ તરીકે તેઓ માટી લાકડાં, અથવા ધાતુની માણસના આકારની અથવા મનસ્વી આકારની **મુર્ત્તિઓ** બનાવે છે અને ઇશ્વર સર્વ વ્યાપક છે માટે **મુર્ત્તિઓમાં** પણ હોવાંજ જોઇએ એમ સમજીને તેમને પરમેશ્વરની માફક માન આપે છે. **કરણ ઘેલો.**

મૂરખ માને **મૂરતી**, જેને નહિં આધાર;
કવિ કલ્પિત સહુવાત તે, નહિં કંઇ વિશ્વાધાર.

નર્મ કવિતા

જમીનની અંદરનાં દેવળો એટલાં બધાં તથા શોભાયમાન છે, તેઓના ઉપર દેવીની **મુર્ત્તિ** એવી તો રમણીક ખોદી કાઢી છે તથા **પુતળાં** એવાં તો મોટા કદનાં છે કે આપણે એ સઘળું જોઇને ખરેખરા તાજુબ પામીએ છીએ. **કરણઘેલો.**

... ...અને તે ગાતી ગા-
તી તમારી મુર્ત્તિ મ્હારી દૃષ્ટિ આગળ ખડી કરૂં છું.

સરસ્વતી ચંદ્ર.

અડદ **પુતળાં** કરચાં પચાસ, મહી મંડળ પુરચાં તે પાસ.

શામળ ભટ.

પાટણમાં પાટણના પાટવીનુ પૂતળું છે,
પાટણના પુરૂષ તે કોઇક પિછાણે છેઃ

દલપત કાવ્ય.

ટોળુ અને ટોળી.

ઘણાં માણસ, પશુ, કે પક્ષી વગેરે એકઠાં મળ્યાં હોય તો તેમના સમુદાયને **ટોળુ** કહે છે; **ટોળી** એ શબ્દ **ટોળા** કરતાં ઘણા નાના સમુદાયને માટે વપરાય છે; અને કેટલી એક વખત અમુક ઉદ્દેશથી એકઠાં થતાં માણસો ને માટે વપરાય છે. જ્યારે અમુક વિચાર અથવા ઉદ્દેશથી **ટોળીનુ** બંધારણ થયું હોય ત્યારે તેની હયાતી તે બંધાઈ તેજ વખતથી ગણવામાં આવે છે, એટલે ટોળીમાંના જનો અમુક વખતે ખરે ખર એકઠા મળ્યા ના હોય તો પણ **ટોળી** એ શબ્દથી તેમના સમુદાયની હયાતીનું જ્ઞાન થાય છે; પણ **ટોળુ** એ શબ્દ તો ઘણાં પ્રાણીઓ ખરે ખર એકઠાં થયાં ન હોય ત્યાં સુધી વપરાતો નથી. અમુક કામ હાલમાં અથવા હવે પછી કરવાને માટે **ટોળી** બાંધવામાં આવે છે; **ટોળુ** એ અમુક વખતે અમુક વસ્તુ જોવાને કે કરવાને મળે છે; કેટલાં માણસ મળ્યાં હોય ત્યારે **ટોળુ** કે **ટોળી** કહેવાય એ મુકરર નથી તેથી એ બે શબ્દો એક બીજાની જગાએ કેટલીએક વખત વપરાવાનો સંભવ છે,

ટોળીએ ઘણું કરીને અમુક ઉદ્દેશથી મળેલાજન સમુહને માટે વપરાય છે. મનુષ્ય સિવાય ઇતર પ્રાણીઓ કે પદાર્થના નાના ટોળાને માટે એ શબ્દ ઘણો વપરાતો નથી.

ડું ટોળે મળી વસનારાંરે, પીપર ઉપર પંખીડાં

કચ્છ ગરબાવળિ.

ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરણી ધ્રુજાવે.

ઓખાહરણ. પ્રેમાનંદ.

નાં ટોળાંથી વીંટાઇ રહેલા પૂર્ણિમાના ચંદ્રનું દર્શન તે કે-ો હોય !

ઉત્તર રામ ચરિત નાટક.

સ્તિ કેરાં ગાજે ટોળાં, તેના કાને પીડા પમાડે.

એજન,

રંતુ આ માણસો ત્યાં ઉતરયા પછી કેટલીક વારે ત્યાંના રા-ાસીઓની એક ટોળી આવી.

ચમત્કાર ચંદ્રિકા.

તે જેમ નામ કવિની બહુ ટોળી જોઇ,
નીતી તણા કવનો કરનાર કોઇ.

દલપત કાવ્ય.

ક ટોળીને કાંઇ કામ પાર પાડવાની મતલબ હોય છે. કો-વિદ્યા હુન્નરનો ફેલાવો કરવાને થયેલું હોય છે.

ઈંગ્લાંડની મુસાફરી. મહી.

ો ટોળીમાંના ઘણાક વહી ગયેલા ગણાતા.

સાસુ વહુની લઢાઇ. મહી.

સંઘ અને કાફલો.

બંને શબ્દો સમુદાય વાચક છે. સંઘ એ ઘણું કરીને જે સમુદાય કોઇ જગાએ યાત્રા કરવા જતો હોય તેને ાય છે. કાફલો એ શબ્દ વેપાર રોજગાર, કે એવાજ જ કામને સારૂ જતા મનુષ્યના સમુદાયને માટે તેમજ ગા-—વહાણ વગેરેના સમુદાયને માટે વપરાય છે. સંઘ એ શ-

બ્દ માણસ સિવાય બીજાં પ્રાણી કે પદાર્થને માટે ઘણું રીતીને વ-પરાતો નથી, પણ કાફલો એ શબ્દ તેવાં પ્રાણી કે પદાર્થને માટે ઘણી વખત વપરાય છે. કેટલી એક વખત **સંઘ** એ શબ્દ કાફલા-ના અર્થમાં વપરાતો માલમ પડે છે પણ ધર્મને બાને યાત્રા કરવા જતા મનુષ્યના સમુદાયને માટે **કાફલો** એ શબ્દ ઘણું કરીને વપરાતો જોવામાં આવતો નથી.

દાખલા.

શ્રાવણ માસે **સંઘ** ભરાય બહુ ભારે રે, મા અંબાજી;
જેને ઇચ્છા હોય તે આવે તારે પારે રે, મા અંબાજી.

બાપો.

માણેકઠારીએ મેળો કીધો, મોહનને મન ભાવે રે,
વૈષ્ણવ વાજીંત્ર લેઇ સરવે, **સંઘ** સમાજે આવે, રણછોડ.

રણછોડદાસ.

તે સાંભળી નિરાશ થઇ દમયંતી બોલી કે, વારૂ ભાઇ, આ **કાફલો** ક્યાં જવાનો છે? સુચીએ કહ્યું, સુબાહુ રાજાના ચેદી દે-શમાં વ્યાપાર કરી લાભ મેળવવા સારૂ અમે જઇએ છીએ. તે સાં-ભળી પોતાના પતિનો વખતે મેળાપ થાય એવી લાલચે દમયંતી **સંઘ**ની સાથે વિદાય થઇ.

સીતા અને દમયંતી આખ્યાન.

મિલેટસ આગળ આવ્યો ત્યારે તેણે ઈરાનીઓનાં મોટાં રા-જ્યને નક્કી ઉંધું વાળવુંજ એવો નિશ્ચય કર્યો ને પોતાના વહાણનો **કાફલો** કહાડી નાંખ્યો.

નર્મગદ્ય.

———*+*———

પાનું અને પૃષ્ટ.

કોઇ પણ ચોપડી કે પુસ્તકમાંનો અક્કેકો જે કાગળ હોય તેને **પાનું** કહે છે. તેના કાગળની દરેક બાજુને **પૃષ્ટ** કહે છે. દરે-

ક કાગળની બે બાજુ મળીને એક પાનું થાય છે. પૃષ્ટમાં માત્ર એકજ બાજુ આવે છે. **પૃષ્ટ** એ શબ્દની જગાએ **પાનુ** એ શબ્દ કેટલીએક વખત વપરાય છે.

દાખલા.

અને વળી તમે જે ચોપડીઓ વાંચો છો તેનાં **પાનાંના** કાગળ અને તે ઉપર છાપેલા અક્ષર એ સાંચાના ન હોય?

કેળવણી.

ગ્રંથકારોએ પોતાના ગ્રંથનાં અધુરાં રહેલાં **પાનાંને પાનાં** આવી સ્થિતિમાં લખ્યાં છે. **પ્રાણવિનિમય.**

કદિ ચાંદનિની રજની નિકળે,
તહિં કાવ્યતણાં સહુ પૃષ્ટ ખુલે.

કુસુમ માળા.

તેનાં પેહેલાં ૨૨૨ **પૃષ્ટમાં** ગ્રંથ કર્ત્તાના અનેક વિષયોપર લખેલા નિબંધ હતા અને બાકીનાં **પાનાંમાં** રામાયણ, મહાભારત, અને ઇલિયડના સાર તથા આ દેશ અને બીજા દેશોના ઇતિહાસ હતા.

નર્મગદ્ય પ્રસ્તાવના—મહીપતરામ.

ખોડ, ખાંપણ, ખામી.

આ ત્રણે શબ્દો ન્યૂનતા, કસર કે એબ બતાવે છે. કોઇ પદાર્થના અંગનો કોઇ ભાગ અથવા અંશ નાશ પામ્યો હોય, ક્ષીણ થયો હોય, કે જોઈએ તે કરતાં વધારે કે ઓછો હોય, કે જેવી સ્થિતિમાં જોઈએ તેવી સ્થિતિમાં ન હોય અને તેથી કરીને તે પદાર્થ દોષવાન ગણાતો કે જણાતો હોય, ત્યારે તે પદાર્થને **ખોડ**-વાળો પદાર્થ કહી શકાય છે. આવી ખોડ મૂળથી હોય છે અથવા પાછળથી પણ થયેલી હોય છે. કોઇ પદાર્થ પ્રથમ પૂર્ણ સ્થિતિમાં છતાં પાછળથી તેનો કાંઇ અંશ કે ભાગ ક્ષીણ થયો હોય, કે જતો રહ્યો હોય કે તેનો નાશ થયો હોય, તો તે પદાર્થને **ખાંપણ** લાગી

એમ કહેવાય છે. **ખાંપણ** ઘણુંકરીને પાછળથી લાગેલી હોય છે. જે પદાર્થમાં કાંઈ પણ **ખોડ** કે **ખાંપણ** હોય તે **ખામી**વાળો પદાર્થ કહેવાય છે. **ખામી** એ શબ્દ પૂર્ણતા પ્રાપ્ત કરવાને માટે જે, વસ્તુની જરૂર હોય તે વસ્તુનો અભાવ માત્ર બતાવે છે; ખામીવાળી વસ્તુ ઓને હમેશ ખોડવાળી કહી શકાય નહિં, પણ ખોડ કે ખાંપણવાળીને **ખામી**વાળી કહી શકાય છે. **ખામી** એ શબ્દ કોઇ પદાર્થના ભાગ કે અંશનો અભાવ, કે તેના સંબંધમાં આવતા બીજા કોઇ પદાર્થનો અભાવ બતાવે છે. **ખોડ** અને **ખાંપણ** એ શબ્દો તો માત્ર જે વસ્તુ વિષે બોલવામાં આવે છે તેનાજ અંગના ભાગ કે અંશનો અભાવ બતાવે છે, પણ તેના સંબંધમાં આવતા ઇતર પદાર્થના અભાવને દર્શાવવાને એ શબ્દ વપરાતા નથી. **ખાંપણ** એ શબ્દ ખાંપવું (ધીમે ધીમે ખોદવું) એ ઉપરથી થયેલો જણાય છે, અને એનો અર્થ કોઈ પદાર્થનો કાંઈ ભાગ ખોદાઇ જવો કે ક્ષીણ થવો એવો થાય છે.

કોઈ પદાર્થના અંગનો કોઇ ભાગ જોઇએ તે કરતાં વધારે હોય અને તેથી કરીને તે પદાર્થની સંપૂર્ણતામાં ખામી જણાતી હોય તો તેવો વધારાનો ભાગ **ખોડ** તરીકે ગણાય છે, પણ તે **ખાંપણ** તરીકે ગણાતો નથી. **ખામી** એ શબ્દ આવા વધારાના ભાગને માટે વપરાતો નથી.

કેટલીએક વખત આ શબ્દો એક બીજાની જગાએ વપરાતા જોવામાં આવે છે.

દાખલા.

શરીર કુળમાં કાઢે ખોડ,
કહે નળ મુજ સરખી નહિ જોડ.

નળાખ્યાન—પ્રેમાનંદ.

ખમા ખમા કહ્યું વચંન, પડયાં ખોળામાં બે રતંન;
અમુલક જુગિત છે બે જોડ, નહી તેમાં **ખાંપણ** કે ખોડ.

શામળ. ભદ્રા ભામની.

પણ ચાલાક માણુસ જો પોતાની ખોડને જાણી લે છે તો પછી થોડા વખતમાં સુધરી જાય છે. **ભામિની ભૂષણ.**

આરે જગતમાં એકજ મોટી ખોડ,
સરખે સરખી જોડ ન દીઠી કોઈની.

એજન.

કેમકે જે માણુસ સામાની **ખામી** જોઇને તેનું હાસ્ય કરી પોતાના ગુણનું અભિમાન કરે છે, તેને બીજા જન્મે અથવા તો તેજ જન્મમાં એવી કોઇ ખોડ પેદા થાય છે, જેથી તેનું અભિમાન રહેતું નથી. **એજન.**

વડુ **ખાંપણ** છે એક વિવેક, માત પીતા નહી જાતે એક.

શામળ-માધવાનળ.

વેશ્યા સાથે વણજ ન કરીએ નીચ શું નેહ ન ધરીએજી.
ખાંપણ આવે, ઘર ધન જાએ, જીવીતને પર હરીએ; સૂણજો.

વીર વિજય.

આજકાલ આપણા લોકમાં વિદ્યા રહિતત્વ અને થંડુ લોહી એ સૌથી મોટી **ખામી** છે, અને એથી કાયરપણું, ખુશામત, તાબેદારી, બીકણ પણું, અને ના મરદાઇ એ **ખામી**ઓ છે.

નર્મગદ્ય.

આસ પાસના મંડળની ખુશામત—અપ્રિય પણ સત્ય બોલનારની **ખામી**..............એ સઉ કારણોથી..............પ્રમાદ ધન પ્રમાદમાંજ રહેતો.

સરસ્વતી ચંદ્ર.

માતા મારી કુળમાં લગાડી નથી **ખામી**,
× × × × × × ×

. રાજે.

માજી રાજ્યોથી ઘણું, છે રૂડું આરાજ,
પણ તેમાં જે **ખામિ** છે, તે ઉચરી મેં આજ.

દલપતરામ.

પાટીદાર અને કણબી.

અગાઉના વખતમાં ગામડાની જમીનની ઉપજ હાલની માફક વીઘોટી ઠરાવીને સરકારી મહેતા રાખી વસુલ કરવામાં આવતી નહોતી, પણ દરેક ગામના પટેલો પોતપોતાના ગામની ઉપજ ઉઘરાવી સરકારમાં ભરતા. તેમ કરવામાં તેમને કેટલીક જમીન મફત ખેડવા કે ખેડાવી ખાવાને ઇનામ કે પસાયતા તરીકે રહેતી એ પ્રમાણે આખા ગામની જમીનની ઉપજ એકજ માણસથી ઉઘરાવવાનું બને નહિં માટે દરેક ગામના કેટલાએક ભાગ પાડવામાં આવતા. આવા દરેક ભાગને પાટી કહેતા, અને એવી દરેક પાટીનો વહિવટ કરનારને **પાટીદાર** કહેતા. હાલમાં પણ કેટલીએક જગાએ ગામની જમીનના ભાગ પાડેલા મોજુદ છે, અને તે દરેક ભાગને પાટી કહે છે. ગુજરાતમાં જમીન ખેડવાનું અને તેના વહિવટનું કામ ઘણું કરીને કણબી લોકોના હાથમાં હતું તેથી એ નાતના જે લોકો પાટીનો વહિવટ કરતા તે **પાટીદાર** કહેવાયા અને તેમના વંશ જે હાલ સુધી **પાટીદાર** કહેવાય છે.

પાટીદાર એ જાતે **કણબી** છે પણ બધા **કણબી પાટીદાર** કહેવાતા નથી.

હાલમાં **પાટીદાર** એ શબ્દ **કણબી** કરતાં જરા વધારે પ્રતિષ્ઠિત ગણાય છે તેથી **કણબીઓ** પોતાને **પાટીદાર** કહેવડાવવા ઇચ્છતા માલમ પડે છે. **કણબી** એ હિંદુઓની એક નાત છે **પાટીદાર** એ મૂળ જુદી નાતના ન છતાં હાલમાં કેટલેક દરજ્જે જુદી નાત તરીકે ગણાય છે. કણબીઓમાં નાતરાંનો રિવાજ છે, પાટીદારોમાં નથી. આ બે શબ્દો વચ્ચેનો ભેદ અનાવળા બ્રાહ્મણ અને દેસાઇઓ વચ્ચેના ભેદ સરખો છે. કેટલીએક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાતા જોવામાં આવે છે.

દાખલા.

કણબીની ન્યાતમાં લેઉવા, કડવા અને આંજણા એવા ત્રણ મુખ્ય ભેદ છે. તેમાં લેઉવા **કણબી** પોતાને **પાટીદાર** કહેવડાવે છે, તથા અભિમાનને લીધે નાતરાં કરતા નથી.

ન્યાત વિષે નિબંધ—મયારામ.

પાટીદારની પ્રેમદાઓમાં જુઓ, અધર્મ નથી જણાતોજી.

વેન ચરિત્ર.

પછિ મંત્રિએ કરવા તપાસ, કણબી આદિક મેળવ્યા વાસ;
સઉને સમજાવીને કહિવાત, પુનર્લગ્ન તજો તમે ભ્રાત.

વેન ચરિત્ર.

પણ તેમાં સૌથી વધારે કાળજીવાળા, સૌથી વધારે સંભાળ રાખનારા, મેહેનતુને નજર પહોંચાડે એવા ખેડુતોમાં પાટીદાર, કણબી ને કાછીઆ મુખ્ય છે.

ગુજરાતની ખેતીવાડી—વિઠલદાસ.

ચરોતરમાં જેવા પાટીદાર છે તેવા આ ભાગમાં અનાવળા બ્રાહ્મણ દેશાઇઓ છે. ને ચરોતરના કણબી તેવા આ ભાગમાં ભાટેલા છે. કણબીને પાટીદારમાં જેટલો તફાવત છે તેટલોજ તફાવત ભાટેલાને દેશાઇ વચ્ચે છે.

એજન.

અને પાટીદાર તથા ભાટેલા ખેડુતમાં પોતાનું કામ કરવાની બુદ્ધિ છે.

નર્મગદ્ય.

---*+*---

નાત અને જાત.

જમવા અથવા કન્યા આપવા લેવાના, અથવા એવીજ રીતના બીજા કોઇ વ્યવહારને લીધે જોડાયેલા જન સમુહની સંજ્ઞા તરીકે **નાત** એ શબ્દ વપરાય છે. અમુક ગુણ અથવા લક્ષણ જે પદાર્થ અથવા પ્રાણીઓમાં સામાન્ય હોય તે પદાર્થ અથવા પ્રાણીઓ એકજ **જાત**નાં છે એમ કહેવાય. **નાત** શબ્દથી જેમ અમુક પ્રકારના વ્યવહારનું જ્ઞાન થાય છે તેમ **જાત** શબ્દથી હમેશ થતું નથી; પણ

તેથી અમુક પ્રકારના ગુણોના સામાન્યપણાનું જ્ઞાન થાય છે. જાતમાં નાતનો સમાવેશ થાય છે, પણ નાતની અંદર જાતમાં ગણી શકાય એવાં સઘળાં પ્રાણી કે પદાર્થનો સમાસ થતો નથી.

નાત એ શબ્દ પ્રાણીઓના અને વિશેષે કરીને માણસના સમુહને માટે વપરાય છે, પણ **જાત** એ શબ્દ તે સિવાયના પદાર્થોને માટે પણ વપરાય છે. નિર્જીવ પદાર્થોના સંબંધમાં **નાત** શબ્દ વપરાતો નથી.

સરખા વ્યસનવાળા અથવા સરખી ખોડ ખાંપણ વાળા માણસો તે વ્યસન અથવા ખોડ ખાંપણના સંબંધમાં એક **નાત**ના છે એમ બોલાય છે; એક **જાત**ના છે એમ બોલાતુ નથી.

દાખલા.

નાગરી **ન્યાત**માં નામ વધારિયું,
નરસંઇયાને અભેદાન દીધું.

હારમાળા.

એનું કુળ છે કેવી **જાતે**રે,
એતો વર કેવી છે **નાતે**રે.

દેવીદાસ.

જગમાં એક જનની જાત, નોંખી નોંખી બાંધી **ન્યાત.**

દલપતરામ.

જનની કોણ રાવણતણી, બહુ ઉપજાવ્યા બાળ,
જાતે શ્વાન કે શુકરી, ભૂંડણ કે શિયાળ.

શામળભટ.

હિંદુસ્તાન દેશમાં નાના પ્રકારના લોકો છે, **જાતો** ઘણી છે; **ન્યાતો** અગણિત છે.

નર્મગદ્ય.

સઉને સરખા કરવા ડોલે, બોલે વાત બનાવી;
નાક કટે જેમ **નાત** વધારી, ભોળાને ભરમાવી. સજ્જન.

દલપતકાવ્ય.

છિદ્ર, કાણું અને શા'ર.

કોઇ પણ શા'રવાના હથિયાર વડે જે કાણું પાડવામાં આવે તેને **શા'ર** કહે છે; પણ તેવા હથિયાર વિના બીજી કોઇ ચીજથી અથવા બીજી કોઇ રીતે જે છિદ્ર થાય તેને **કાણું** કહે છે. **છિદ્ર** એ શબ્દ ઘણાજ બારીક કાણાના અર્થમાં વપરાય છે. મોટા છિદ્રને **કાણું** કહે છે. **શા'રને કાણું** કહી શકાય પણ **કાણા**ની જગાએ **શા'ર** એ શબ્દ હમેશ વાપરી શકાય નહિં.

છિદ્ર એ શબ્દનો લાક્ષણિક અર્થ ખોડ, દોષ, ગુપ્તવાત, એવો થાય છે. **શા'ર** અને **કાણું** એ શબ્દો એવા અર્થમાં વપરાતા નથી.

દાખલા.

દીઠું ધંન ગયું દૂખડું, શત **છિદ્ર** જુગત લીધું તુંમડું.

પ્રેમાનંદ—દશમ.

તે જમીનના કોઇ ગુપ્ત કે પ્રગટ ખાડા કે **છિદ્ર**માંથી બહાર નીકળે છે.

ચમત્કાર ચંદ્રિકા.

આયુશ, ધન, ઘર**છિદ્ર**, તપ, ઔષધને અપમાન;
ગુપ્ત રાખવાં યત્નથી, મૈથુન, મસલત દાન.

હિતોપદેશ—રણછોડભાઇ.

મોટા કેરૂ **છિદ્ર** કાઢશે તે દંડાશે,
મોટા સાથે વેર, કરે તો સ્ત્રી રંડાશે.

શામળ.

લક્કડ ખોદ પોતાની ચાંચવતે લાકડામાં **કાંણું** પાડે છે.

ચમત્કાર ચંદ્રિકા.

એ દો પીસ્તામાં **કાણાં** પાડેલાં હતાં; તેમાંથીતાણુંના દોરા બહાર નીકળીને વણકરની નજરે દેખાતા.

જાત મહેનત—ગણપતરામ.

મુનસે નીહાળીને જોયું કે, એ નાના પ્રાણીના માથામાં નાની કરવતડી છે; તે વતી તે આગથી આમ અને આમથી આમ **સાર** પાડતુંજ જાય છે. **એજન.**

તારે કે શ્રાદ્ધ સરાવશે કે તો કે શ્રાદ્ધને તે કેમ **સાર** પડતો હશે!!! **પિંગળાદર્શ–કવિ હીરાચંદ.**

વાત કહી રહેતી નથી, મહારી રૂદેમાં ઠરી,
સુન્દરી વચને **શા'ર** પડિયા, તેથી જાયે નીસરી.

રઘનાથદાસ.

વઢવાડ અને લડાઇ.

એક બીજાની જોડે ગાળા ગાળી કે મારા મારી કરવામાં આવે તેને **વઢવાડ** કહે છે. **લડાઇ** એ શબ્દ એવા અર્થમાં વપરાય છે એટલુંજ નહિ, પણ હથિયાર વડે કાપાકાપી અને મારંમારા કરવામાં આવે તેને માટે પણ એ શબ્દ વપરાય છે. શત્રુઓનાં હથિયાર બંધ સૈન્ય એક બીજાની સાથે યુદ્ધ કરે તેને હાલના વખતમાં **વઢવાડ** કહેતા નથી પણ **લડાઈ** કહે છે. **લડાઇ** એ બો'ળા અર્થવાળો શબ્દ છે તેથી **વઢવાડનો** તેમાં સમાવેશ થાય છે.

દાખલા.

માત પિતાને વાલું બાળ, રમવા જાય કરે બહુ આળ;
વઢવાડો તો લાવે ઘણી, નીશાળેથી ઉતર્યો ભણી.

દ્વારકો.

એથી જે મહા દુખ હિંદુઓમાં વહુવારૂને પડે છે, અને સાસુ વહુની **લઢાઇથી** જે કલેશ કંકાસ થાય છે તે તથા દેરાણી જેઠાણીની, **વઢવાડની** પીડા અને નણદ ભાભીનાં મેણાં તથા અદેખાઇનો સંતાપ ઇંગ્લાંડની સ્ત્રીઓને થતો નથી.

ઇંગ્લાંડની મુસાફરી, મહીપતરામ.

લડાઇ વખતે તેમજ સલાહ સંપમાં પણ અકબરના જેવી રીતભાતવાળા મહાન પુરૂષો ભાગ્યેજ મળી આવશે.

બ્રિટિશ હિંદુસ્તાન. ચિમનલાલ.

ટંટો ટુંકો થાય તો, વળી કરે વિસ્તાર;
લડાઇથી લાજે નહિ, એ પણ એક ગમાર.

દલપતરામ.

પારકી **લડાઈ** તારે શીદ હોરવી પડે !

ભામિની ભૂષણ. ૨

ધન્ધો, વેપાર (વ્યાપાર) અને રોજગાર.

હમેશ કરવાના કામને અથવા નિત્યના અભ્યાસ કે ઉદ્યોગને **ધંધો** કહે છે. **વેપાર** એટલે દ્રવ્ય પ્રાપ્તિને અર્થે માલ અથવા નાણાંની કે બંનેની આપ લે કરવી તે. **રોજગાર** એટલે ઉદર નિમિત્ત અથવા દ્રવ્ય પ્રાપ્તિને માટે જે દિવસે દિવસે ઉદ્યોગ કરવામાં આવે તે. **ધંધો** એ શબ્દ સામાન્ય છે, તેથી દ્રવ્ય પ્રાપ્તિને અર્થે કરેલા ઉદ્યોગનો તેમજ બીજા કોઇ કારણ સર કરેલા ઉદ્યોગનો તેમાં સમાસ થાય છે. **વેપાર** અને **રોજગાર** એ શબ્દો તો દ્રવ્ય ઉપાર્જન કરવાના હેતુથી કરેલા ઉદ્યોગને માટેજ વપરાય છે. સ્ત્રીઓ ઘરકામ કરે તેને **ધંધો** કહી શકાય પણ તે **વેપાર** કે રોજગાર કહેવાય નહિ.

વેપારમાં અવસ્ય રીતે માલની કે નાણાંની કે બીજી કોઇ રીતની આપ લે થવી જોઇએ. મોચી જોડા બનાવી વેચે એ એનો **ધંધો** કે **રોજગાર** કહેવાય પણ **વેપાર** કહેવાય નહિ, પણ જે માણસ મોચીઓ પાસે જોડા ખરીદ કરી વેચતો હોય તે જોડાનો **વેપાર** કરનાર કહેવાય.

રોજગાર એ શબ્દ રોજ (દહાડો, દિવસ) ઉપરથી થયો છે,

તે કારણથી દ્રવ્ય પ્રાપ્તિને માટે જે ઉદ્યોગ રોજ કરવામાં આવે અથવા જે ઉદ્યોગની સમાપ્તિ રોજની રોજ અથવા ટુંકી મુદતમાં થતી હોય તેવા બધા ઉદ્યોગને **રોજગાર** કહી શકાય છે.

વેપાર અને **રોજગાર**ની વચ્ચે એટલો તફાવત છે કે **રોજગારમાં** માલની આપલે અવશ્યે કરીને થવાની જરૂર નથી પણ **વેપારમાં** છે. **ધંધો** એમાં **રોજગાર** અને **વેપાર**નો સમાવેશ થાય છે. **વેપાર** એ એક જાતનો **ધંધો** છે પણ બધા **ધંધા** **વેપાર** નથી.

કારીગર વર્ગ જે **ધંધો** કરે છે તે સાધારણ રીતે **રોજગાર** કહેવાય. ફડિયા, નાણાવટી વગેરે જે લોકો માલ ખરીદવા વેચવાનો કે નાણાંની ઉથલ પાથલ કરવાનો **ધંધો** કરે છે તે **વેપાર** કહેવાય.

દાખલા.

ગામ ગામમાં આપલેનો **ધંધો** પણ મોઘવારીને લીધે લાભકારી નથી.

નર્મગદ્ય.

મા બાપે પોતાની છોકરીઓને પાંચ વર્ષથકી માંડીને તે બાર વર્ષ સૂધી સારી પેઠે વિદ્યાભ્યાસ કરાવવો, ને બારથી તે તેર વર્ષ સૂધી ઘર **ધંધો** તથા સંસાર ચલાવવાની રીતિયો સમજાવવી.

એજન.

વાદી—આપનો શો ધંધો છે ?

પુરૂષ—હું સરકારી નોકરછું **આર્ય સમુદાય**

બધે ઠેકાણે ખેતીવાડી એ સામાન્ય **ધંધો** છે.

બ્રિટિશ હિંદુસ્તાન. ચિમનલાલ.

લોકના મહોડાં પર આજ કાલ તેજ નથી, તેઓને રોજગાર નથી. **નર્મગદ્ય.**

ભુખેમરતાં ને ફાટે તુટે લુગડે રડવડતાં છોકરાંને જેમ તેમ સમજાવી ખાવાપીવાનું આપી નિશાળમાં રાખે છે, ને જરા-

તરા ભણાવી રોજગારે લગાડે છે, તેમાંનાં કેટલાંકને છુટ સાફ કરતાં શિખવે છે, ...

ઇંગ્લાંડની મુસાફરી. મહીપતરામ.

પરદેશ સાથે **વેપાર** કરવાને પુંજી જોઈએ. **નર્મગદ્ય.**

અરાઢમા સૈકામાં યુરોપ સાથે **વેપાર** ચલાવવાનું મુખ્ય બંદર સુરત હતુ. **બ્રિટિશ હિંદુસ્તાન-ચિમનલાલ.**

સ્ત્રી, બાયડી, નારી, ઓરત, અને રાંડ.

સ્ત્રી એ શબ્દ હરકોઇ પ્રાણીની, અને વિશેષે કરીને મનુષ્ય પ્રાણીની નારી જાતીની સંજ્ઞા તરી કે વપરાય છે. તેમાં પરણેલી અને રાંડેલીનો સમાવેશ થાય છે, પણ નાની ઉંમરની છોકરીઓનો તેમાં સમાવેશ થતો નથી. **બાયડી** એ શબ્દ ઘણું કરીને મનુષ્ય જાતની નારીની સંજ્ઞા તરી કે વપરાય છે, અને કેટલી એક વખત લગ્ન સંબંધથી જોડાયેલી સ્ત્રીના અર્થમાં પણ વપરાય છે. ઇતર પ્રાણીઓના વિશે બોલતાં એ શબ્દ ઘણો વપરાતો નથી. **બાયડી** એ શબ્દમાં છોકરીનો સમાવેશ થતો નથી, પણ રાંડેલી, પરણેલી કે કુંવારીનો થાય છે. **નારી** એ શબ્દનો અર્થ સ્ત્રીના જેવોજ થાય છે પરન્તુ તેમાં તમામ પ્રાણીઓની સ્ત્રી જાતનો તેમજ છોકરીઓનો સમાસ થાય છે. બાયડી અને સ્ત્રીમાં છોકરીઓનો સમાવેશ થતો નથી.

રાંડ એ શબ્દ તિરસ્કારથી બોલતી વખતે **બાયડી** કે **સ્ત્રી** ને માટે વપરાય છે. એ શબ્દ રાખેલી સ્ત્રી કે વેશ્યાના અર્થમાં પણ વપરાય છે. **સ્ત્રી** કે **બાયડી** એ શબ્દ તેવા અર્થમાં વપરાતો નથી.

ઓરત એ શબ્દ લગ્ન, શાદી કે નીકાહથી જોડાએલી સ્ત્રીને માટે વપરાય છે. તેમાં પરણેલી કે રાંડેલીનોજ સમાવેશ થાય છે,

કુંવારી છોકરી કે બાયડીનો સમાવેશ થતો નથી; તેમજ મનુષ્ય સિવાય બીજા પ્રાણીઓ વિશે બોલતાં એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી.

દાખલા.

એ લોકમાં જેવો **સ્ત્રી** પુરૂષનો, માતા પુત્ર પુત્રીનો તથા પિતા આદિ સંબંધીઓનો પરસ્પરનો સ્નેહ છે, તેવો કોઇ લોકમાં પણ નહીં હશે.

સુરેશ ચરિત.

વા'લી **સ્ત્રી**એ પુત્ર પ્રસવ્યો છે, તેનું મુખ નથી જોયું;
અરે નળ રાજા હું રાંકનું, તેં સુતનું સુખડું ખોયું.

નળાખ્યાન–પ્રેમાનંદ.

ધર્મ પત્નીઓ એ પોતાનું સર્વસ્વ કન્યાશાળા અને **સ્ત્રી**–પાઠશાળામાં લુંટાવી દીધું.

ચંદ્રપ્રભા ચરિત્ર.

આપણી **બાયડી**ઓ દેખાય છે તો નાજુક પણ કુટતી વેળા એટલું જોર કોણ જાણે ક્યાંથી આણે છે!

નર્મગદ્ય.

અને તેનાં **બાયડી** છોકરાંને પકડી બંધીખાને પૂરી દેવાં.

આર્ય સમુદય.

ખલક જોવાને ઉલટી, નર **નારી** જુગ જોડ;
ઘણો ડાહ્યો ગોવાળીઓ, એમ કહિ મ્હોંમચકોડ.

શામળ ભટ.

એક સહસ્ત્ર રૂવે છે **નારી**, તેમાં ત્રણ પટરાણી;
તતક્ષણ તજશે પ્રાણ તે સઉ, મારૂં બંધન જાણી.

નળાખ્યાન—પ્રેમાનંદ.

વૃદ્ધ પણે પરણે વળી, નાની સરખી **નાર**,
વળતી હેરે હેરણાં, એ પણ એક ગમાર.

દલપતરામ.

મરદોને **ઓરતો** એકે વખતે એક પંક્તિએ બેસી જમે છે ને તેમાં ઊંચીને સારી જગા સ્ત્રીઓને આપે છે.

ઈંગ્લાંડની મુસાફરી. મહીપતરામ.

... ... તેને સારી થશે તો તને પાછી આપવામાં નહીં આવે, તારો દાવો એ **ઓરત** પરથી ઉઠયે છે, ...

સાસુવહુની લઢાઇ.

પરનાતીની **રાંડ,** નિજ નાતોમાં ઘાલે,
દામે ડળાઈ ડાઢ, મનમાને ત્યમમા'લે.

કૃષ્ણારામ.

મેર **રાંડ** ! મારૂં નામ લીધે શો તારો દાઢો વળવાનો છે; લેને પરમેશરનું નામ કે તારી પેઢી ઉધરે ને તારૂં એ કલ્યાણ થાય.

ભામિની ભૂષણ-૨.

સુંદર કહે કોને પેલી **રાંડ** મારી શોક વેરણ હમણાં કરી છે તેને ? **સાસુવહુની લઢાઇ.**

પનાઇ અને હોડી.

ચપટા તળિયા વાળી અને કરોડ વિનાની નાની હોડીને **પનાઇ** કહે છે. હોડી કરોડ વાળી હોય છે, અને વખને પનાઇ કરતાં મોટી હોય છે. **પનાઈ**ને કરોડ હોતી નથી, અને છાછરી હોય છે. **હોડી** કરોડ વાળી અને ઉંડી હોય છે. **હોડી** ઉંડી હોવાને લીધે તે છીછરા પાણીમાં ચલાવવાને ઠીક પડતી નથી, પણ **પનાઇ** ઠીક પડે છે. ઘણી વખત **પનાઇ**ને બદલે **હોડી** એ શબ્દ વપરાતો જોવામાં આવે છે,

દાખલા.

ચાંણોદથી શૂળપાણજી **પનાઇ**માં બેસીને જવાય છે.

તે બોલ્યો કે પશ્ચિમ તરફથી એક હોડી આવશે તે આ બારીની પાસે થઈને જશે. **કરણ ઘેલો.**

ખેપીયો અને કાસદ.

કોઈ ઉતાવળના કામ બાબત એક ગામથી બીજે ગામ કાગળ વગેરે પોંચાડવાને જે માણસને પૈસા આપવા ઠરાવી મોકલવામાં આવે તેને **ખેપિયો** કહે છે. **કાસદનું** કામ પણ ઉતાવળથી કાગળ વગેરે એક ગામથી બીજે ગામ લઇ જઇ પોંચાડવાનું હોય છે. જે માણસ હમેશ એવા કાગળ વગેરે લઇ જવાનું કામ કરનો હોય તેનેજ **કાસદ** કહે છે. કોઇક પ્રસંગે જે માણસ એવું કામ કરે તેને **ખેપિયો** કહે છે. ગમે તે ધંધો કરનાર માણસ ખેપિયાનુ કામ કરી શકે છે.

જે વખતમાં ટપાલ ખાતુ નહોતું, તે વખતમાં એક ગામથી બીજે ગામ કાગળ વગેરે લઇજવા લાવવાનું કામ **કાસદોજ** કરતા; અને જરૂરી પ્રસંગે ખેપિયાની મારફત ઉતાવળના કાગળો એક ગામથી બીજે ગામ મોકલવામાં આવતા.

દાખલા.

તેણે **ખેપિયો** મોકલી તેના બાપને તે ગામથી બોલાવ્યો.

ત્યાં બીજા વટે માર્ગુ ઉતર્યા હતા તેમાં એક **કાસદ** હતો. તે બીજા મુસાફર જોડે વાત કરતો હતો કે અલ્યાભાઇ હું માઠા સમાચાર લઇને અમદાવાદ જાઉછું. **સાસુવહુની લઢાઇ.**

ઘોડો, ટટ્ટુ, ટટવું અને બટ.

મોટા કદના ઘોડાને **ઘોડો** કહે છે. નાના કદના ઘોડાને **ટટ્ટુ** કહે છે. દુબળ અને કદરૂપા ટટ્ટુને **ટટવું** કહે છે. જબરા, શોભીતા અને

શરીરના ભરાવવાળા ટટ્ટુને બટ કહે છે. **ઘોડો** એ શબ્દ જાત બતાવવાને ઘણી વખત ટટ્ટુ, ટટવું, અને બટની જગાએ વપરાય છે, પણ મોટા કદના **ઘોડાને** બદલે ટટ્ટુ કે બટ એ શબ્દો વપરાતા નથી.

દાખલા.

સ્વાર નિચે પડતાંજ તેનો **ઘોડો** ત્યાંથી ઉપડી નાઠો.

મુંદ્રા અને કુલીન.

રખે **ઘોડા** તુ હણહણતો, રખે રાજા એ જાગતો.

ચંદ્રહાસ. વિશ્નુદાસ.

વૃદ્ધ માણસ કાળા રંગના જરાક વધારે મોટા **ઘોડા** ઉપર હતો અને બે ચાકરો પહાડી જોરાવર **ટટ્ટુ** ઉપર પલાણ નાખી બેઠા હતા.

ઈરાવતી-છગનલાલ.

હીંડે ઉછળતા **ઘોડલા**, શાહજન થઇ સારા.
ટટ્ટુઓ ટગુમગુ ચાલતાં, પૂઠે ગરીબ ગધેડા.

બાળ-ગરબાવળિ-નવલરામ.

કાંઇક કામણ જાણે કુબડો, એના ગુણ રસાળા,
ત્રણ કોડીના ટટુઆ, એણે કીધા પંખાળા.

નળાખ્યાન-પ્રેમાનંદ

નાનાં **ટટવાં** કઠણ હોય છે ખરાં પણ તેમનું કદ મોટું નથી હોતું.

કેળવણી.

તે રાજાનો કુંવર સવારમાં એક શોભીતા **બટ** ઉપર બેસી ચા જતો હતો.

છેડો અને અંત.

કોઈ દૃષ્યમાન લાંબી ચીજના છેવટના ભાગને **છેડો** કહે છે.

અંત એ શબ્દ તેવી ચીજના છેડાના અર્થમાં વપરાતો નથી, પં-ણ જ્યારે તેવી ચીજનો **અંત** આવ્યો એમ કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ તે ચીજનો નાશ થયો, અથવા નાશ થવાનો વખત નજીક આવ્યો એમ થાય છે; જેમ કે આ લાકડી—ધોતિયાનો **અંત** આવ્યો. જ્યારે **અંત** એ શબ્દ દૃષ્યમાન લાંબી વસ્તુઓ સિવાયના પદાર્થના સંબંધમાં વપરાય છે ત્યારે તે પદાર્થનો છેવટનો ભાગ—છેડો આવ્યો, અથવા સમાપ્તિનો કે નાશનો વખત આવ્યો એવો એનો અર્થ થાય છે. **છેડો** એ શબ્દ કોઇ દૃષ્યમાન વસ્તુના સંબંધમાં કેવળ સમાપ્તિ કે નાશ બતાવતો નથી, પણ **અંત** એ શબ્દ બતાવે છે, પરંતુ બીજે બધે પ્રસંગે એનો અર્થ અંત શ-બ્દના અર્થ જેવોજ થાય છે.

દાખલા

હેમાં આ ઉજળો બરફશો બગ ઉભેલો,
ને ચોગમ સુકું રાન પડયું જેનો નહિં **છેડો**

કુસુમ માળા. નૃ.

સો. જયા કુંવરે તરત તેમને નીચે બેસાડ્યાં, પોતાના લુગડા-ના **છેડા**થી તેમનાં આંસુ લૂઇ નાખ્યાં, અને કહ્યું: "તમે મારાં મુરબ્બી છો, પણ હવે થોડા વખતસારૂ મારે મુરબ્બી થવાનો વ-ખત આવ્યો છે. **જયા કુંવર.**

રાજ્યતંત્રને પહેલે **છેડે** ગવર્નર અને તેની સેક્રેટરિયટ છે.

બ્રિટિશ હિંદુસ્તાન. ચિમન.

કટિ લટકતા **છેડા** પટકૂળનારે,
મુખ (શોભે) ભર્યાં ગંગેરી તાંબૂળનારે.

સીતા સ્વયંવર-કાળિદાસ

ભાષણ પૂરૂં થતાંજ સર્વ સમાજે ખુશી તેમજ સાબાશીના પોકાર કર્યા, સર્વ કન્યાઓને પુસ્તકો વહેંચવામાં આવ્યાં તથા આ પ્રમાણે આ આનંદદાયક શુભ પ્રસંગનો **છેડો** આવ્યો.

જયાકુંવર.

આમ રમા કરશું તો તેનો ક્યારે છેડો આવશે ?

એજન.

કરવો પ્રથમ સત્સંગ, જેથી આવે ભક્તિરંગ,
વાધે ઉરમાં ઉમંગ,
અંતે વાસનાનો ભંગ, કરીને જીતો જંગ. જેથી.

નૃસિંહ વાણીવિલાસ, ૨.

રસને લોભે માછલું પોતાના પ્રાણનો અંત આણે છે.

મનોવિકાર.

મી. લિંડસે જે આસામમાં સિલ્હેરપ્રાંત ઉપર દેખરેખ રાખવાનું કામ કરતા હતા તે ગયા સૈકાના અંતમાં લખે છે કે "એ વર્ષ સુધી ચોખાનો પાક એટલો બધો થયો કે ખેડુતો જમીનનું ગણોત બિલકુલ આપી શક્યા નહિ".

બ્રિટિશ હિંદુસ્તાન. ચિમનલાલ.

શ્રી રઘુનાથે શારંગ તાણી, બાણ નાખ્યું બળવંતજી;
એક શરે શીર છેધું અચાનક, આણ્યો તત્ક્ષણ અંતજી.

સીતા સ્વયંવર–કાળિદાસ.

બદલો અને સાટું.

એક પદાર્થના અવેજમાં બીજો કોઇ પદાર્થ એવી જાતનો અથવા જુદી જાતનો, તેમજ એટલીજ કિંમતનો અથવા એથી વધારે ઓછી કિંમતનો આપવો, લેવો, કે અદલ બદલ થવો, કે એકને ઠેકાણે બીજો આવવો, રહેવો, કે થવો, તેને બદલો કહેછે. સાટામાં ઘણુંકરીને જે પદાર્થ આપવામાં આવે તે પદાર્થની જાતનોજ, અ-

થવા સરખી કિંમત-મહત્વ-ઉપયોગ-વગેરેનો બીજો પદાર્થ લેવામાં આવે છે. **બદલામાં** તેજ જાતનો પદાર્થ લેવાની અગત્ય નથી, પણ **સાટામાં** ઘણું કરીને છે. દાણા આપી પૈસા લેવામાં આવે તે **બદલો** કહેવાય. બાજરી આપી તેટલીજ કિંમતના ઘઉં લેવા એ **સાટું** કર્યું કહેવાય. **સાટું** કન્યાઓનું, ગાળાગાળી, મારામારી, મહેનત વગેરે અનેક પદાર્થનું કર્યાનું કહેવાય છે. બદલો પણ અનેક પદાર્થનો થઇ શકે છે, પણ તેમાં કિંમત-ઉપયોગ-જાત વગેરેના સરખાપણાનો મેળ રહેતો નથી.

દાખલા.

મ્હારા વિશ્વાસુ પ્રધાન! ભાયાતો! અને મ્હારી વ્હાલી પ્રજા! આજ પર્યંત મેં તમારી સેવા કરી તેના **બદલામાં** તમારી આશિષ રૂપી મને એક પુત્રી મળી.

કુસુમાવલી-દોલતરામ.

પણ જે સાચા સચોટ કામ કરવાવાળા છે, તેઓ પોતાની મહેનતનો **બદલો** બીજા પાસેથી મેળવવાની આશા રાખતા નથી.

જાત-મહેનત-ગણપતરામ.

ધોધની ઊંચાઈ ઘણી અને પાણીનો જથો બહુ એટલે પડતા ધોધનો જોસ એટલો બધો હોય છે કે નીચે પાણીને **બદલે** ફીણ ફીણ થઇ રહે છે.

મહીસુરની મુસાફરી-હરગોવિંદદાસ.

કાલનો શો ભરોસો કે હું કાલે **સાટું** વાળીશ, એમ કહેવાય.

જાત-મહેનેત-ગણપતરામ.

વસુધાપતિ સાથે હું વઢું, તારે **સાટે** શુળિયે ચઢું;
ચોકી વાળાને કરિ અર્જ, આપિ લાંચ સારી નિજ ગર્જ.

શામળ-રૂપાવતી.

....

માથા સાટે માથું અને હજારો કન્યાના દામ,
તેથી બીજા આશ્રમ વિમુખ કે કુંવારા છે;

મનહુરમાળા બુ. પ્ર.

વિચાર અને તરંગ (તુરંગ)

સારૂ શું અને નઠારૂ શું, ખરૂ શું અને ખોટું શું, શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ, ઇત્યાદિનો સમજ અથવા જ્ઞાનશક્તિને આધારે મનમાં જે તોલ કરવો તેને **વિચાર** કહે છે. કેટલીએક વખત એવો તોલ કરવાથી જે નિશ્ચય થયો હોય અથવા મત કે અભિપ્રાય બંધાયો હોય તેને પણ **વિચાર** કહે છે. તુરંગ એટલે મનના બુટ્ટા, ખ્યાલ અથવા કલ્પના. **વિચાર** કરવામાં જ્ઞાનશક્તિનો ઉપયોગ થાય છે. **તુરંગ**માં તેનો સેજસાજ ઉપયોગ થાય છે. **વિચાર** અમુક વિષયને લગતા હોય છે. **તુરંગ** ઘણી વખત અનેક વિષયો ઉપર એક પછી એક ઉઠયાજ કરે છે. **વિચાર** ઘણી વાર સુધી કાયમ રહી શકે છે, અને તેને વિષયનો મજબૂત આધાર હોય છે. **તુરંગ** પાણીનાં કુડાળાંની માફક એક પછી એક પ્રગટ થઈ લય પામે છે, અને તેઓને વિષયનો મજબૂત આધાર હોતો નથી. કેટલીએક વખત **વિચાર** એ **તરંગ**ના અર્થમાં વપરાય છે, પણ **તરંગ** એ **વિચાર**ની જગાએ ઘણુંકરીને વપરાતો નથી, તેમજ મત અથવા અભિપ્રાયના અર્થમાં પણ વપરાતો નથી.

જ્યારે કોઇ માણસને એકજ વાતની ધુન લાગી રહી હોય અને તે વાતનેજ વળગી રહી તે ઉપર રાતદહાડો વિચાર તથા મહેનત કરે, જે કરવાથી તે બીજાઓને વિલક્ષણ દેખાતો હોય, ત્યારે એ વાતને પણ ઘણી વખત **તરંગ** કહેવામાં આવે છે. આવા અર્થમાં **વિચાર** એ શબ્દ વપરાતો નથી.

દાખલા.

કેટલીએક મુદ્દત સુધી તો એક પણ માણસે તેના **વિચારને** કબૂલ રાખ્યો નહીં. જાત-મહેનત—ગણુ.

કોઇ કોઈ વેળાએ તો પ્રવાસમાં જે પદાર્થો જોવામાં આવે, તે વિષેના **વિચાર** કરતો કરતો હું બહાર જતો.

એજન.

" સોયના નાકામાં થઇને સાત હાથી ચાલ્યા ગયા. તેમાં છેલ્લા હાથીનું પુંછડું અટકી રહ્યું " એવું વાંચીને પણ **વિચાર** કરતા નથી, કે સોયના નાકામાંથી હાથી શી રીતે નીકળી શકે ?

તાર્કિકબોધ.

આપણો દેશ કેમ આબાદ થાય ? આપણે શું કરીએ તો લોકો સુધરે ? એ સંબંધમાં ખોટી ખોટી કલ્પનાઓ અને જૂના જૂના **તરંગો** ઉત્પન્ન થયા કરે છે.

જાત-મહેનત-ગણુપતરામ.

એના જૂદા જૂદા **તરંગો** દોડાવવાથી શું વળ્યું ?

એજન.

દિવસે તે તેનું કામ કરતો અને રાત્રે તે તેના **તરંગ** પાછળ મંડતો. એજન.

ભાર અને બોજો.

કોઇ પ્રાણી, વાહન, કે એવીજ બીજી કોઇ વસ્તુ ઉપર કાંઇ માલ વગેરે મુકયું હોય તેના ભારને **બોજો** કહેવામાં આવે છે. ભાર એ શબ્દ તેવા **ભારને** માટે, તેમજ દરેક પદાર્થના જડ પરમાણુઓના સમુહના વજન અથવા તોલને માટે પણ વપરાય છે. જે

જડ પદાર્થ કોઇએ ઉચકેલો, અથવા કોઇ પદાર્થ ઉપર લાવેલો, અથવા કોઈ પદાર્થની અંદર મુકેલો ન હોય, તે જડ પદાર્થના વજન કે તોલને **બોજો** કહેવામાં આવતો નથી, પણ **ભાર** કહેવામાં આવે છે. **બોજો** તો માત્ર ઉચકનાર કે વહેનારની ઉચકવા કે વહેવાની શક્તિ પરત્વે બોલવામાં આવે છે. આ બંને શબ્દો લાક્ષણિક રીતે માણસ વગેરેને લાગુ કરાય છે, જેમકે અમુક માણસ **ભાર** અથવા **બોજો** થઇ પડયો છે.

દાખલા.

"મા—ખરૂં જોતાં **ભાર** આકર્ષણને લીધેજ છે. આકર્ષણ ના હોત તો મોટી મોટી વસ્તુનો પણ કાંઈ **ભાર** લાગત નહિ. પૃથ્વીજ જે વસ્તુનું જેટલું આકર્ષણ કરે તેટલો તે વસ્તુનો **ભાર.**"

નારી શિક્ષા-ભાગ ૨ જો.

પૂર્વે પિતાયે જીત્યા ત્યારે, જીત્યા સુર પરીવારજી;
સજીવન વિદ્યા મુજપાસે, મારે માથે રાજનો**ભાર.** માયા.

રૂપાવતી-સામળ.

તમો અસુરને સંહારવા, લીધો છે અવતાર;
અપદાનવને સંહારીને, ઉતારો ભૂનો**ભાર.**

અભિમન્યુ આખ્યાન—પ્રેમાનંદ.

સજ્યાં ટોપ કવચ હથિયાર,
દીસે ભાગ્યવાન કાં ઉચલે **ભાર.**

પ્રેમાનંદ.

તેના ઉપર કામ કાજનો **બોજો** એટલો બધો વધી પડયો છે કે, તે જાતની હાલચાલથી કાંઇ નવું કરી શકતો નથી.

બ્રિટિશ હિંદુસ્તાન—ચિમનલાલ.

.... પણ તેથી એક મનુષ્ય-જીવને એક કલાક સુધી આનંદ રહ્યો અને કેટલાએક વખત સુધી તેના હૃદયમાંથી જીંદ-

ગીનો બોજો ઓછો થયો.

જાત મહેનત.

બોજ ઉપાડે બાળદિયો, એ સહુ પરને કાજ.

શામળ.

બૂમ અને બરાડ. (બરાડા.)

મોટે સાદે બોલવું એને બૂમ કહે છે. મોટેથી બૂમ પાડવી અથવા બરાડવું એને બરાડ અથવા બરાડા કહે છે. બૂમ એ શબ્દ મનુષ્ય અથવા ઈતર પ્રાણી મોટેથી બોલે કે ચીસ પાડે તેને માટે વપરાય છે. બરાડા એ શબ્દ ઘણે ભાગે પશુઓ મોટેથી અવાજ કરે તેને માટે વપરાય છે; અને તેવા બરાડાને મળતી આવતી માણુસની બૂમોને પણ બરાડા કહે છે. બૂમ કરતાં બરાડા ઘણે મોટે સાદે મારવામાં આવે છે. કેટલીએક વખત આ બે શબ્દો એકબીજાની જગાએ વપરાય છે.

દાખલા.

કહીએ ઘણુંક તોય કશું ધરે નહિ કાન,
મરણ કોઈનું થયે દોડવામાં ફાવી છે;
દશવીશ મળે કુદે, હાય હોય બૂમ મારે,
ધડાધડ છાતીઓની ઉપર મચાવી છે.

મનહરમાળા.

રામદાસનું ઘર અલાયદું આવેલું હતું, ને રાત ઘણી અંધારી હતી, તેથી બૂમ પાડે તો કોઈ મદદે આવે એમ નહોતું.

કૌતકમાળા.

બૂમો અને બરાડા પાડીને બળાત્કાર વાપરવાથી જેવું કામ થાય છે તેનાં કરતાં નરમાશની સત્તા વધુ ચાલે છે; અને તે વધારે ફળદાયક થઇ પડે છે. જાત-મહેનત-ગણપતરામ.

ઊંડાં કોતર ઉતરે, ચડે ગિરી ગરાડ,
અશુદ્ધે ઉર ધડકે નહીં, પાડે વાઘ બરાડ. વૈદર૦

નળાખ્યાન-પ્રેમાનંદ.

પ્રવૃત્તિ કર્મની વૃદ્ધિને અર્થે સુધારાએ બહુ બરાડા પાડ્યા,

ધર્મવિચાર-નર્મદાશંકર.

રાડ કરાડ વિડાર બરાડજ, પાડી કર્યો સનમુખ સડાકો;
તેથી ડરે સહદેવ મહાભડ? એક કીધો તરવાર તડાકો.

દ્રૌપદી હરણ-પ્રેમાનંદ.

દિલગીરી અને શોક.

પોતાના સ્વભાવને અનુકૂળ નહિ એવી હકીકત બનવાથી, અથવા ધારેલી વસ્તુ નહિ બનવાથી, તેમજ તેવા બીજા કોઇ કારણથી, મનમાં જે ઉદાસી પેદા થાય તેને **દિલગીરી** કહે છે. વાલા પ્રાણી કે વાલી વસ્તુના નાશથી, કે અસહ્ય વિયોગથી, કે કોઇ કામમાં નિરાશ થવાથી મનમાં ઘણીજ દિલગીરી પસરે તેને **શોક** કહે છે. દિલ થોડુ ઉદાસ થાય તેને **દિલગીરી** કહે છે; અત્યંત ઉદાસ થાય તેને **શોક** કહે છે. અત્યંત દિલગીરીને શોક કહી શકાય. **દિલગીરી**ની છાપ ઝટ ઘસાઇ જાય છે. **શોક**ની છાપ તેમ જલદી ઘસાઇ જતી નથી.

દાખલા.

એ વાત સુરચંદે કહી, તે સાંભળીને પેલી બાઇના મનમાંથી **દિલગીરી** ઘટી ગઇ. તાર્કિકબોધ.

આપણા દેશમાં હજી સુધી એક પણ ઉનનું કારખાનું થયું નથી એ **દિલગીરી**ની વાત છે.

દેશી કારીગરીને ઉત્તેજન-ર.

અંકલેશ્વરમાં તો તેનાં કારખાનાં બિલકુલ બંધ પડ્યાં છે, એ કેવું દિલગીરી ભરેલું છે? એજન.

તેવામાં એક મડદાને ચારપાઈમાં નાખીને કોઈ ઘસડીને લઇ જતું હતું; પણ તેની પછવાડે તેનો કોઇ પણ સગો કે વહાલો શોક કરનાર હતો નહીં. જાત મહેનત.

પ્રજા એમ બહુ કળ કળે, લક્ષ કોટિધા લોક;
દુર્જિનકેરાં દલ હસે, સજ્જનને મન શોક.

રૂપાવતી—શામળ.

પછે થયાજ ક્ષિંતાય, દીન શોક ધારરે;
મુહૂર્ત કાંઇ વિવ્હલાજ, જ્ઞાન શૂન્ય સારરે.

દ્રૌપદી હરણ—પ્રેમાનંદ.

મહારાજ! હવે વધારે શોક કરશો નહિ; થોડી વારમાં પ્રિય વસ્તુ મેળવી આપવામાં કામદેવ પોતેજ આપને સહાય થશે.

વિક્રમોર્વશીત્રોટક—રણછોડભાઇ.

નવરાશ અને ફુરસદ.

જ્યારે કોઇ માણસને કંઇ કામ કરવાતું ન હોય, અથવા તેણે પોતાનું કામ કરવું બંધ રાખ્યું હોય, ત્યારે તેને **નવરાશ** છે એમ કહેવાય છે. કામ હોય તે છતાં અમુક નિયમને અનુસરીને, કે થાક લાગવાથી, કે બીજા કોઈ કારણસર, તે કામ જૂજ વખત ને માટે બંધ કર્યું હોય અને બીજું કંઇ કામ હાથ ઉપર ના લીધું હોય ત્યારે **ફુરસદ** છે એમ કહેવાય છે. **નવરાશ** એ શબ્દ નિવૃત્તિ * ઉપરથી થયેલો જણાય છે અને તે કારણથી તે ઘણું કરીને કામનો અભાવ બતાવે છે.

* જુઓ વ્યુત્પત્તિ પ્રકાશ પૃષ્ટ ૫૮.

કામ છતાં બંધ કર્યું હોય અથવા બિલકુલ કામ ન હોય ત્યારે **નવરાશ** મળી કહેવાય. **ફુરસદ** એ શબ્દ **નવરાશ**ની માફક કામનો અભાવ બતાવતો નથી; માત્ર તેમાંથી થોડા વખતને માટે મુક્ત થવાપણું બતાવે છે. ફુરસદવાળાને કામ હોય છેજ, પણ નવરાને તો કેટલીએક વખત બિલકુલ કામ હોતુ નથી.

દાખલા.

તેણે હવે **નવરાશ**નું સુખ નિરાંતે બે વરસ ભોગવ્યું.

જાત-મહેનત-ગણપતરામ.

એ ઠેકાણે તેને વધારે **નવરાશ** મળવા લાગી.

એજન.

એમાં પાઇની પેદાશ નહિ ને ઘડીની **નવરાશ** નહિ એ કામ કોણ કરે ? માટે પૈસા પેદા કરે એજ ખરો મરદ સમજવો.

કૌતકમાળા.

ભક્તિ, યોગઆદિ શુભ કાર્યો કરવા તને અભિલાષા રહેતી હોય તો " નવરાશે કરીશ " કિંવા " કાલે કરીશ " એવો કંટાળા ભરેલો અનિશ્ચિત ઉચ્ચાર કરીશ નહિં.

શ્રી પરમપદ બોધિની.

આખો દહાડો તેને આ નિરસ મજુરી કરવી પડતી, તેથી સાંજરે **ફુરસદ**નો વખત તેને મીઠો મધ જેવો લાગતો.

જાત મેહેનત.

એતો ખરૂં, ચિમન, પણ મારાથી કંઇ બધાને શિખવી શકાય નહીં, કેમકે મને એટલી **ફુરસદ** નથી.

વિચાર કરતાં શિખવા વિષે સંભાષણ.

પગ, ટાંટિયો અને ચરણ.

ઉભા રહેવામાં અથવા ચાલવામાં પ્રાણીના શરીરના જે અવયવ [ક]ામમાં આવે છે તેને **પગ** કહે છે. **પગ** એ શબ્દ સં. पाद्‌नुं અપભ્રષ્ટ [રૂ]પ છે. સંસ્કૃતમાં તો પાદ્ શબ્દનો અર્થ ઘણું કરીને પગનું ચાપવું એવો થાય છે, પણ ગુજરાતીમાં તો **પગ** એ શબ્દમાં કેડના હાડાની [ન]ીચેના તમામ ભાગનો સાધારણ રીતે સમાવેશ થાય છે. **ટાંટિયો** એ શબ્દ ઘણું કરીને પગના ઢીંચણથી હેઠલા ભાગને માટે વપરાય છે. **ચરણ** એ શબ્દ કેટલીએક વખત આખા પગને માટે અને [કે]ટલીએક વખત પગના ચાપવાને માટે વપરાય છે. તિરસ્કારથી [બ]ોલતી વખત પગને બદલે **ટાંટિયો** એ શબ્દ ઘણો વપરાય છે; [ત]ેમજ માનથી બોલતી વખત પગને બદલે **ચરણ** એ શબ્દ ઘણો [વ]પરાય છે.

દાખલા.

મંત્ર જપ્યો મહાદેવનો, માળા ઝાલી હાથ;
એક **પગે** ઉભો રહ્યો, સ્તુતિ કીધી શિવસાથ.

રૂપાવતી—શામળ.

ભરતખંડના જંગલી રાજાઓ તેના **પગ** આગળ જે કીંમતી નજરાણાં મૂકવાને તૈયાર હતા, તેમાંથી તેણે એક પણ લીધું નહી.

જાત—મહેનત.

જસરાજ—ગઢવી, તમે તો ઉલટા મારે ગળેજ **ટાંટીઆ** ભરવ્યાને ?

શ્રીયશોભાખ્યાન-ભુ.

અડધેક આવ્યો એટલે પાણીનું જોર બહુ થયું. ભગદળ શાહના **ટાંટીઆ** ઉચકાવા લાગ્યા.

કૌતકમાળા.

એ તોફાનમાં તો લોકો ગુસ્સામાં ગાંડા થઇ ગયા હતા; તેઓ ઝાકડને પકડીને ફુરજા સુધી ટાંટીએ ઘસડીને ખેંચી ગયા.

જાત—મહેનત.

ફરી આલિંગન લાગ્યો ચરણ,
દેહતો જાણીએ રવિનો કીરણ.

ધ્રુવાખ્યાન—તુલસીદાસ.

પદાર્થ, વસ્તુ, ચીજ અને જણુશ.

જગતમાં ઉત્પન્ન થયેલું અથવા માણસના તર્ક કે વિચારથી ઉત્પન્ન થયેલું કે થાય એવું જે કંઇ હોય, અથવા થઇ શકે, તેને પદાર્થ કહી શકાય છે. એમાં જડ ચૈતન્ય વગેરે તમામ વસ્તુઓનો સમાસ થાય છે. પદ એટલે શબ્દ અને અર્થ એટલે ભાવ, ખુલાસો, માયનો, એ ઉપરથી પદાર્થ એ શબ્દ થયો છે. જે કોઇ પણ સંજ્ઞાથી જણાવી શકાય, તે પદાર્થ કહી શકાય છે. વસ્તુ એ શબ્દ સં. વસ્ (રહેવું, ઢાંકવું, દીપાવવું) ઉપરથી થયો છે, અને એનો મૂળ અર્થ મૂળ હોનાર, મૂળ પદાર્થ થાય છે, પણ સાધારણ પક્ષે એ શબ્દ જે પદાર્થ, જડ કે ચૈતન્ય, હયાતીમાં હોય અથવા છે એમ માનવામાં આવે છે, તેને માટે વપરાય છે. પદાર્થ અને વસ્તુ એ શબ્દો ઘણે ભાગે નિર્જીવ ચીજોને માટે વપરાય છે, પ્રાણીને માટે સાધારણ રીતે બોલતાં વપરાતા નથી, પરંતુ પારિભાષિક શબ્દો તરીકે તે પ્રાણીને માટે પણ વપરાય છે. ચીજ એ શબ્દ નિર્જીવ વસ્તુ તેમજ ગાયન, વિચાર, વગેરે ભાવવાચક નામને માટે પણ વપરાય છે, પ્રાણીઓને માટે ઘણું કરીને વપરાતો નથી. જણુશ એ શબ્દ માત્ર સ્થૂળ અથવા જડ પદાર્થને માટેજ વપરાય છે, ચૈતન વાળા પ્રાણી કે ભાવ વાચક નામને માટે સાધારણ રીતે વપરાતો નથી. માત્ર લાક્ષણિક રીતે વપરાય છે; જેમ કે એ તો એક જણુશ છે.

દાખલા.

જે ગુણુ અથવા ક્રિયાથી કરીને દ્રવ્યનું દ્રવ્યત્વ સિદ્ધ થાય તે પણુ જુદા પદાર્થજ હોવા જોઈએ.

સિદ્ધાન્તસાર.

મેં મોહક પદાર્થના અભાવવાળા પ્રદેશમાં રહીને આ ઇન્દ્રિયોના જયને મીથ્યા માની લીધો.

મહાકાળ.

બીજા સર્વે પદાર્થ કરતાં અક્કલનું શ્રેષ્ટપણું આ વાત બતાવી આપે છે.

કૌતકમાળા.

તમો આ બ્રહ્માત્મક જગતને અજ્ઞાનકલ્પિત મિથ્યા કહો છો, પણ જે મિથ્યા વસ્તુ હોય તે દેખવામાં આવે નહીં અને હાથમાં પણ આવે નહીં. શ્રી વલ્લભ દિગ્વીજય.

પ્રિય પરપ્રીતિ કાજે, અથવા સદવસ્તુ માનને કાજ;
સુણુજો હે જન! ચિત દઈ, રચના કવિ કાલીદાસની આજ.

વિક્રમોર્વશી ત્રોટક–રણુછોડભાઈ.

આજ વખતે જયેષ્ટારામને પણુ કચેરીમાં પંદર રૂપિયાની જકાત ખાતાના કારકુનની જગ્યા મળી હતી, તેથી ઘરમાં પણુ જે જોઇયે તે ચીજ નજરે પડવા લાગી.

ભાનુમતી.

કોઇ સમયે પરગામ જતો હોય અને કોઇ પાડોશી કે દોસ્તો કાંઇ ચીજ મંગાવે તો જે કિમ્મત બેઠી હોય તેથી વધારે કિમ્મત ગમે એવા આકરા સોગનપર પણુ લે.

કૌતકમાળા.

જો! ગાયન એ એવી ચીજ છે કે સૌને મોહ પમાડે છે, એટલે ઉંઘાડે છે; અને તેના જે રસિક છે તેને તો એ જગાડે છે.

શ્રી ભામિનીભૂષણુ–દ્વિતીય અલંકાર.

આપણને જે જે ચીજો જરૂર કરીને જોઇએ તે અને આપણા એશઆરામની અનેક જણસો, જે સાધનો અને સંચાવડે તૈયાર થાય છે, તે સઘળું અનેક પુરૂષોની અગાધ બુદ્ધિ અને અપાર શ્રમનું ફળ સમજવું.

જાત મહેનત.

એક સમે તેના કેટલાક નોકરો ચોટામાં જણશ ભાવ લેવા ગયેલા, કોઇ કોટમાં ગયેલા, અને કેટલાએક નીચેના માળમાં સુતા હતા.

તાર્કિક બોધ.

ભિક્ષુક અને ભીખારી.

આ બે શબ્દો સં. भिक्ष् એટલે ભીખ માગવી એ ધાતુ ઉપરથી થયાછે. પણ ગુજરાતી ભાષામાં તેમના અર્થમાં કાંઇક તફાવત પડેછે. **ભીખારી** એટલે જે માણસ ભીખ માગવાનો ધંધો કરે છે તે, અથવા ભીખારીના જેવી જેની સ્થિતિ કે મનની વૃત્તિ હોય તે. **ભિક્ષુક** એ શબ્દ પણ આવા અર્થમાં કેટલીએક વખત વપરાય છે, પણ એનો ખાસ અર્થ એવો નથી. ગુજરાતમાં બ્રાહ્મણોની ઘણી નાતોમાં ગૃહસ્થ અને ભિક્ષુક એવા બે વર્ગ હોયછે. જે લોકો ભીખ માગવાનો ધંધો કરતા નથી, અથવા ગોરપદુ, કે કોઇ ધર્મ સંબંધી ક્રિયાઓ કરાવવાનું કામ કરતા નથી, અને જેઓ દાન દક્ષણા વગેરે લેતા નથી, તેઓ ગૃહસ્થ કહેવાય છે. જે લોકો ગોરપદુ વગેરે કરેછે અને દાન દક્ષણા લેછે તેઓ **ભિક્ષુક** કહેવાય છે. પણ આ કહેવાતા સઘળા **ભિક્ષુકો** કાંઇ ભીખ માગવાનો ધંધો કરતા નથી. તેઓ વહિવટ મુજબ ધર્મ સંબંધી ક્રિયાઓ કરાવી જે દાનદક્ષણા અમુક માણસો પાસેથી અથવા અમુક કા-

મના માણુસો પાસેથી હક તરીકે મળે છે તે લે છે. ભીખારી એ શબ્દને ઠેકાણે ભિક્ષુક એ શબ્દ વપરાય છે, પણ ભિક્ષુક શબ્દની જગાએ ભીખારી એ શબ્દ હમેશા વપરાતો નથી. ભીખારી એ શબ્દ ઘણીજ હલકી પંક્તિ બતાવે છે.

દાખલા-

રોગીને દુખ રોગ, ભોગ એકે નવ ભાવે,
ભિક્ષુકને દુખ એક, છેક **ભીખારિ** કહાવે.

શામળભટ.

એક નાતમાં નાત, કળિયે બીજી કીધી;
ગૃહસ્થ **ભિક્ષુક** જાત, દીકરીઓ નવ દીધી.

કૃષ્ણરામ.

માઠું સહુથી માગવું, માગ્યાથિ રૂડું મર્ણું,
ભિખારી નામ ભલું નહીં, તુછ છેક તે તર્ણું.

શામળભટ.

લોભ રૂપિ આ લોકમાં, કૃત કર્ત્તારે કૂપ;
પૂરૂ કોનું નવ થયું, કાં **ભિક્ષુક** કાં ભૂપ.

શામળભટ.

બીજે વરસે એણે ગામમાં એક ધર્મશાળા બાંધી; તેમાંથી અરધી જગા વટેમાર્ગુને ઉતરવાને સારૂ કાઢી; ને બાકીની જગા આંધળા, લૂલા વગેરે અપંગ તથા **ભીખારી** ડોસાં ડગરાંને રાખવાને કરી.

છઠ્ઠી ચોપડી.

મે'ણાં ટુણાં ખાઉં અમો, તે કહે નાગાની નારી;
એ સ્પર્ધ્ધણો હવે કે' હુને, (હતી) નાગી થઇ **ભીખારી**

દ્રૌપદીહરણ-પ્રેમાનંદ

——:o:——

વખત, અવસર, અને તક.

વખત એ શબ્દ કાળને માટે અથવા તેના કોઇપણ ભાગને માટે સામાન્ય રીતે વપરાય છે. જે કાળ અથવા તેના ભાગને માટે બોલવામાં આવે તેની સાથે કાર્ય પ્રસંગ ખસુસ રીતે જોડાએલો હોય નહિ ત્યારે **વખત** એ શબ્દ વપરાય છે.

અવસર એ શબ્દ કોઈ કાળની સાથે જોડાએલા ઉપયોગી કે જરૂરના કાર્ય પ્રસંગ વિશે બોલતાં વપરાય છે.

કોઈ કાર્ય પ્રસંગની સાથે જોડાએલા કાળના કોઈ ઘણા જરૂરના ભાગને દર્શાવવાને માટે **તક** એ શબ્દ વપરાય છે.

અવસર એ શબ્દ વાપરતી વખતે કાર્ય પ્રસંગ વિશે પ્રધાનપણે બોલવામાં આવે છે, અને **વખત** વિશે ગૌણપણે બોલવામાં આવે છે.

તક એ શબ્દ વાપરતી વખતે કાર્ય પ્રસંગ તેમજ તેની સાથે જોડાએલા વખતના ઘણા જરૂરી ભાગ વિશે સામાન્યપણે બોલવામાં આવે છે.

જે કાર્ય પ્રસંગની બાબતમાં બોલવામાં આવે તે કાર્ય પ્રસંગ જ્યાં સુધી ચાલે ત્યાં સુધીના વખતનો **અવસર**માં સમાસ થાયછે.

તક એ શબ્દમાં માત્ર કાર્ય પ્રસંગની સાથે જોડાએલા વખત પકી જે ભાગ ઘણો જરૂરી ગણાય છે તેજ ભાગનો સમાસ થાયછે.

અવસર અને તકની સાથે કાર્ય પ્રસંગ અથવા હરકોઇ બીજો બનાવ ખસુસ રીતે જોડાએલો હોય છે. **વખત**ની સાથે હમેશ તેમ હોતું નથી. કેટલીક વખત તક એ શબ્દ વખતના અર્થમાં વપરાય છે.

દાખલા.

"આખો દહાડો તેને આ નિરસ મજુરી કરવી પડતી, જેથી સાંજરે ફુરસદનો **વખત** તેને મીઠો મધ જેવો લાગતો."

જાત-મહેનત.

રાત્રિ દિવસ મળીને ચંદ્ર પૃથ્વીની એક તરફ એકજ વખત આવે છે, માટે પૃથ્વીનો જે ભાગ જે વખત ચંદ્ર તરફ હોય તે વખત તે ભાગમાં ભરતી થવાનો સંભવ છે.

નારી શિક્ષા ભાગ ૨.

કેટલાક વખત ઉપર પોતાના કામસારૂ તે ઈરાન દેશમાં અને કદાચ તેથી પણ આગળ ગયા, પણ ઘણો વખત થયો તેમની કંઈ ખબર હજી મને મળી નથી.

ઇરાવતી.

પિતાજી કાંઈ ઉધમ ન કરો, ધનનો નવ રાખો સંઘરો;
આ અવસર સચવાશે કેમ, પિતાજી તમે વિચારો એમ.

પ્રેમાનંદ—મામેરૂ.

પેહેરાવો સહુ વાત નાગરિ, આવો અવસર નહિ આવે ફરી.

એજન.

રાયે નારીને કહી, ચલાવિયો તોખાર;
એ અવસરે પ્રધાન સુત, આવ્યો એણે દ્વાર.

શામળભટ.

ચેતી લે ચેત્યાનો અવસર, ફરી ફરી ક્યાં મળશેરે;
જોબન જતાં વાર ન લાગે, જરા આવિને ઢળશેરે.

દ્વારકો ભકત.

શીઘ્ર જઇયે વર્ષાની તકે, તેડુ મોકલ્યું રાય ભીમકે;

નળાખ્યાન—પ્રેમાનંદ.

ઇંદ્રાણીને છે તારી બિહીક, રખે દમયંતિ થાતિ અધીક;
પરણ્યું ઇંદ્રને સાચવ તક, જો તું કલ્પવૃક્ષ પારિજાતક.

નળાખ્યાન—પ્રેમાનંદ.

——:૧:——

આળ અને તહોમત.

કોઈ પણ અયોગ્ય કે અઘટિત કામના આરોપને આળ કહેછે. કાયદા મુજબ ગુન્હો ગણી શકાય એવા કૃત્યના આરોપને તહોમત કહેવામાં આવેછે. આળ એ શબ્દ ગુન્હો થઇ શકે એવા હરકોઇ કૃત્યના આરોપને માટે તેમજ ગમેતે અયોગ્ય કે અઘટિત કૃત્યના આરોપને માટે વપરાય છે; પણ તહોમત એ શબ્દ તો ઘણુંકરીને ગુન્હો ગણી શકાય એવાજ કૃત્યના આરોપને માટે વપરાય છે.

આળ એ શબ્દ ઘણું કરીને ખોટા અથવા જુઠા આરોપના અર્થમાં વપરાયછે. તહોમત વખતે ખરૂં નિવડેછે અને વખતે ખોટું પણ માલમ પડેછે.

દાખલા.

સસરા કહિને ગાળ, પુત્ર પૌત્રને દેતા;
એળે ચઢાવી આળ, લાંચ પટેલ થઇ લેતા.

કૃષ્ણારામ.

અધર્મે આળ ચડાવિયાં ને, ઓછું આપ્યું અન્ન;
ભોજન પેટભરી પામ્યાં નહિ, વસ્તુ લેખે વન.

પ્રેમાનંદ.—નળાખ્યન.

જેણે ચડાવ્યાં આળ, બાળ રમતાં રોવરાવ્યાં;
સ્ત્રીવધ ગોવધ બ્રહ્મહત્યાદિક પાપ કરાવ્યાં.

શામળ.

ચૈતસિંહને સહાય કરવાનું તોહમત અયોધ્યાની બેગમ (નવાબ વજીરની મા) ઉપર મૂકી ભારે દંડ માગ્યો.

હિંદના લોકનો ટૂંકો ઇતિહાસ.

મ્હારા વિશ્વાસુ અમલદારો સામે આવું તહોમત મૂકતાં એની જીભ ન કપાઇ!

સરસ્વતીચંદ્ર.

—o—

વ્યાપાર અને વે'પાર.

પદાર્થોની ક્રિયાને અથવા પરસ્પરના વ્યવહારને **વ્યાપાર** કહે છે. સંસાર વ્યવહારના ઉપયોગમાં આવતા પદાર્થોને વેચવા સાટવાની જે ક્રિયા તેને **વે'પાર** કહે છે. વે'પારમાં ઘણું કરીને માલ આપીને સામો અવેજ લેવામાં આવે છે. કેટલીક વખત આ શબ્દ ઉદ્યોગ-ધંધા કે રોજગારના અર્થમાં પણ વપરાય છે.

વે'પાર એ શબ્દ **વ્યાપાર** ઉપરથી નિકળેલો છે, તેમ છતાં **વ્યાપાર**ની માફક તે ફકત ક્રિયાના અર્થમાં વપરાતો નથી. **વેપાર**ની જગાએ **વ્યાપાર** એ શબ્દ ઘણી વખત વપરાય છે પણ **વ્યાપાર**ની જગાએ વેપાર એ શબ્દ ઉપર દર્શાવ્યા મુજબ વપરાતો નથી.

દાખલા.

તેથી સર્વ પ્રાણિનાં જીવન તથા વાણી આદિ સર્વ ઇંદ્રિઓના **વ્યાપાર**ને સિદ્ધ કરનાર તમેજ છો, એમાં કોઇ સંશય નથી.

સિદ્ધાંત સિન્ધુ ૧.

આ શ્લોકના આરંભમાં નમન કર્યું છે. એ નમન એટલે મારાથી આપ ઉત્કૃષ્ટ અને આપથી હું અધમ એવી બુદ્ધિ પૂર્વક શરીર વગેરેનો **વ્યાપાર**.

આર્ય સમુદય-સત્સ્નેહ ભાજન.

તે એકવાર માંદગીમાં સપડાઇ જવાથી પ્રાણીઓના અવયવો અને તેમના **વ્યાપાર**નું જ્ઞાન મેળવવા મંડયો.

જાત મહેનત.

વેપાર કરી ધન લાવિયે વણઝારારે;
તો લખેશરિ નામ કહેવાય, સમજ મન મારારે.

પ્રેમાનંદ-કાવ્યદોહન.

જર ન મળે જોગી થયા, ભૂખે ચોળિ ભભૂત;
વેપાર વણુ વરતિક થયા, એ કયાંના અવધૂત.

શામળભટ.

એ વખતે દિલ્હીને યૂરોપ વચ્ચે વેપાર શરૂ થયો હતો, તે વેપારનો માર્ગ મેવાડમાં થઈ સુરતને બીજાં બંદરો મારફત હતો; તે પ્રતાપે લૂટ ચલાવ્યાથી બંધ પડયો.

મેવાડની જાહોજલાલી.

યત્ન અને ફાંફાં.

કંઇ કામ કરવાને માટે કંઇ શ્રમ કે ઉદ્યમ કરવો, તેને યત્ન કહે છે. કંઈ કામ કરવાને માટે આમ તેમ ફોગટ ઉદ્યમ કરવો કે બાથોડિયાં મારવાં તેને ફાંફાં કહે છે.

યત્ન કરતા પહેલાં અમુક કામ શી રીતે થશે એનો વિચાર કરવામાં આવે છે, અને તે કરવાને માટે અમુક રીત કે ઢબ પકડી તે મુજબ શ્રમ કરવામાં આવે છે. ફાંફાંમાં એવો કંઇ વિચાર કરવામાં આવતો નથી, તેમજ કોઈ પણ ઢબ કે રીત પકડવામાં આવતી નથી.

યત્ન કેટલીક વખત સફળ થાય છે અને કેટલીક વખત ફોગટ નિવડે છે. ફાંફાં ઘણું કરીને ફોગટ નિવડે છે.

ફાંફાંની જગાએ કેટલીક વખ તયત્ન એ શબ્દ વપરાય છે, પણ યત્નની જગાએ ફાંફાં એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી. માત્ર યત્ન નિષ્ફળ થયેથી તેને ફાંફાં કહી શકાય છે.

દાખલા.

રત્ન મળશે યત્ન કરતું, વર સરૂપા વામરે;
કોટિકાસ્યની સુણી વાણી, (ત્યાં) વદે શું મારનું ધામરે.

દ્રૌપદી હરણ—પ્રેમાનંદ.

આખરે પાછો ફરી ઠરાવ કર્યો કે નોકરી ખોળવી, પણ થોડા દિવસ વાટ જોઇ, ધીરજ ખમી, સારી નોકરી કેઇ છે તે ખોળવું અને ખોળી તેનેજ મેળવવા યત્ન કરવો.

સરસ્વતી ચંદ્ર.

પાંડવોને લાક્ષાગ્રહમાં બાળવાનો કૌરવોએ યત્ન કર્યો......

રાજસૂયયજ્ઞ—ગ્રંથ વિવેચન.

અહો શો મોહનો પ્રભાવ! સંસારની ક્ષીણ વસ્તુઓ ઉપરથી ચિત્ત ઉઠાવે છે ત્યારે કહેવાતા વૈરાગીયો માન કે યશને માટે ક્વાં ફાંફાં મારે છે?

કુસુમાવલી—દોલતરામ.

ફાંફાં મારે ભવાબ્ધિ તારક, જડે ન પટકૂળ તોયે;
શાળા માંહે માળા શૃંગી, શૂળ શંખ અતિ જોયે.

દ્રૌપદી હરણ—પ્રેમાનંદ.

આખા મેં ઉપર પડી, તેમાંથી તપખીર;
ફાંફાં મારે કૂંકડો, ધારી ન શક્યો ધીર.

દલપતરામ.

——:૦:——

મદદ અને વ્હાર.

કોઇ કામમાં કોઈ માણસને સહાય થવું તેને મદદ કરવી કહે છે. કોઈ માણસના પોતાના અથવા તેના તાબાનાં માણસ કે વસ્તુઓના રક્ષણને માટે અથવા તેના તરફથી તેના શત્રુ ઉપર જય મેળવવાને માટે સહાય થવા જવું, અથવા તેને તે કામમાં મદદ કરવી એને વ્હારે જવુ એમ કહે છે. મદદ એ સામાન્ય રીતે હર કોઈ કામગાં આપવામાં આવે છે. તે નાણાંથી, સલાહથી, અંગબળ વગેરેથી થઇ શકે છે. વ્હાર એ શબ્દ માત્ર વિકટ પ્રસંગે રક્ષણ કરવા સારૂ અથવા જય મેળવવા સારૂ આપેલી મદદને માટે વપરાય છે.

જે પ્રાણીની વ્હારે જવાનું કહેવામાં આવે છે તે પ્રાણી પરાજય કે હાર થવાની ધાસ્તીમાં છે એમ અનુમાન થાય છે. મદદમાં એવુ અનુમાન થતુ નથી.

દાખલા.

આવો ચઢીએ મારી વ્હારે, કીજે દુષ્ટ સર્વ સંહારે;
એમ આરતનાદે પોકારી, રડતી ગુરૂજીને સંભારી.

દ્રૌપદી હરણ-પ્રેમાનંદ.

વા'રે ચઢો મન ધરી વદું વેણ રૂડું,
થાયે અરિહીન નહિ તવ આપ કૂડું

દ્રૌપદીહરણ—પ્રેમાનંદ.

નબળાને બળીઓ પીડે, ને નબળો મદદ માગે તો તેની વ્હારે ધાવું, એ ક્ષત્રીઓનો ધર્મ છે.

મેવાડની જાહોજલાલી.

બીજાની મદદ લઈને કામ કરવાથી આપણે નમાલા થઈ જઇએ છીએ; પણ જો જાત મહેનતથી આપણે આપણું કામ કરીશું, તો આપણામાં કામ કરવાની ઉલટ વધતી જશે.

જાત-મહેનત.

હુમાયુ બેનની મદદે આવ્યો, તે વખતે તે મરણ પામેલી હતી તોપણ તેનો બોલ પાળ્યો.

મેવાડની જાહોજલાલી.

વિશેષણ.

થોડું અને ઓછું.

આ બે શબ્દો કોઇ પણ સંખ્યા અથવા જથાના ભાગની સંજ્ઞા તરીકે વપરાય છે. થોડું એ શબ્દ સામાન્ય રીતે વાપરવામાં આવે

છે; પણ ઓછું એ શબ્દમાં મુકાબલાનો આભાસ રહેલો હોય એમ જણાય છે. કહેલી, ધારેલી, પરઠેલી, કે જોઈએ તે કરતાં કમી સંખ્યા અથવા જથાને માટે ઓછું એ શબ્દ વપરાય છે, પણ થોડું; એ શબ્દમાં એવો અર્થ હમેશ રહેલો હોય એમ જણાતું નથી.

દાખલા.

દુનિયામાં નિરૂદ્યમી માણસો થોડાં છે.

અર્થશાસ્ત્ર—અંબાલાલ.

ઉંચી જગોએ વનમાં ટિટોડી, ઇંડાં મુકે તો નહિ વૃષ્ટિ થોડી.

દલપત કાવ્ય.

ગને મટશે થોડા દિન માંહ, ફીકર તું કરીશ માં;
મારા સમ તુંને જો ગભરાય, આંખો ભરીશ માં.

રણછોડભાઈ.

ડાહ્યો બોલે ઘેલા બોલ, સાચો તોલે ઓછું તોલ.

શામળભટ.

રાજને પાટ ઘેર દુંદભી ગાજે, નકી પોકારે છડીદાર;
છપ્પનપર ભૂંગળરે, હજુ કાંઈ ઓછો રહ્યો. સાંભળ

નારસેરામ.

તમો પુરણ બ્રહ્મ છો, સર્વાત્મા સમદૃષ્ટરે;
તમારે કો અધિક ઓછો, નથી જોતાં સૃષ્ટરે.

ગિરિધર—રાજસુયયજ્ઞ.

આળસુ અને એદી.

જેને કામ કરવાનું મન થાય નહિ તેને આળસુ કહેછે. જેનામાં ઘણુંજ આળસ હોય તેને એદી કહે છે. આળસુ માણસ કામ કરવામાં નકામી ઢીલ કરે છે, અને આળસને લીધે ઘણું મોડું કરે

છે તેમજ અધુરૂં પણ મુકે છે. જે માણસ એદી હોય છે તેતો ઘણું કરીને કંઇજ કરતો નથી. એદીમાં ઘણુંજ આળસ કે સુસ્તી હોય છે. આળસુમાં તેથી ઓછું આળસ કે સુસ્તી હોય છે.

દાખલા.

મહેનત આપણા સુખને માટે નિર્માણ કરી છે. માત્ર આળસુ-ને અને એદીનેજ એ દુઃખરૂપ છે.

જાત મહેનત.

હિંસા કરનાર, લોભી, ક્રોધી........................

...................આશાથી ભરપૂર ને તત્કાળ કામ કરવામાં આળસુ એ તમોગુણી ભક્તોનાં ચિન્હો છે.

પરમપદબોધિની.

તેઓ પુરેપુરા આળસુ થઇ છેક બેભાનિયત હાલતમાં આવ્યા નથી પણ તેમની પાછળ પરદેશી માલરૂપી રાજાના લશ્કરની સામાં ગરક થઇ જવાય એવા બાણો છોડવા માંડયાં છે.

પરદેશી માલ-ભવાનીશંકર.

એદી અપરાણી અને ધુવડને આ કાળ આકરો થઈ પડયો.

કુસુમાવળી-દોલતરામ.

——:૦:——

નિર્બળ અને નબળું.

નબળું એ શબ્દ નિર્બળ ઉપરથી થયેલો જણાય છે. આ બે શબ્દોનો મૂળ અર્થ બળ વગરનું એવો થાય છે. નિર્બળ એ શબ્દ ગુજરાતીમાં એના મૂળ અર્થમાં રહેલો છે. નબળું એ શબ્દ એના મૂ-ળ અર્થમાં તેમજ લાક્ષણિક અર્થમાં વપરાય છે. કોઇ પ્રાણી અથવા વસ્તુમાંથી તેનું સ્વાભાવિક બળ—તેજ—ગુણ વગેરે જતું રહેવાથી તે પ્રાણી કે વસ્તુ જે હલકો દરજ્જો ધારણ કરે તે બતાવવા ને એ શબ્દ વપરાય છે. માણસમાંથી મનોબળ ઓછું થવાથી તે નિદાખોર,

જુદા ઓસો, કુચ્ચો વગેરે થાય છે, અને એવો માણસ **નબળો** કહી શકાય છે. કાઇ માલમાંથી તેનું તેજ અથવા ગુણ જતો રહેવાથી તે માલ **નબળો** કહેવાય છે.

નિર્બળ એ શબ્દ પ્રાણી અથવા વસ્તુ જેમાં કાઇ પણ પ્રકારનું બળ હોઇ શકે તેમાં બળની ખામી અથવા અભાવ બતાવવાને માટેજ વપરાય છે. એ શબ્દ લાક્ષણિક અર્થમાં વપરાતો નથી, પણ **નબળું** એ શબ્દ સઘળા પદાર્થો વિશે ઉપર કહ્યા મુજબ લાક્ષણિક અર્થમાં વપરાય છે.

નબળી વસ્તુઓમાં પ્રથમ વખતે જે બળ હોય તેનો વિકાર થઈ તેની જગાએ બીજા કાઇ ખરાબ પ્રકારનું બળ દાખલ થયું હોય છે, તે કારણથી તે વસ્તુ બળ વગરની છે એમ તો કહેવાય નહિ, પણ જે પ્રકારના બળ કે તેજની તેમાં આશા રાખીએ તે પ્રકારના બળ કે તેજની તેમાં ખામી છે એમ કહેવાય.

કેટલીક વખત બળવાન પદાર્થનું બળ આપણને અનુકૂળ નથી હોતું ત્યારે પણ આપણે તેને **નબળો** કહીએછીએ. એવે ઠેકાણે **નબળો** એટલે ખરાબ, દુઃખકારક એવો અર્થ થાય છે.

દાખલા.

વનમાં વનફળ આ'ર કરીને, થયો **નિર્બળ** દેહ;
વળિ વાનર સેન્યા મેળવી, શું જુદ્ધ કરશે એહ.

ગિરધર—રામાયણ.

એ બળવંતા આશ્રય આગળ, ગાય ધવળ મંગળ ગુણ ગીત;
જેના ધારા સૌથી સારા, **નિરબળ** નરને ડર નહિ ચિત્ત.

દલપતરામ.

મરતું માથે સર્વને, ચિરંજીવિ નહિ કાય;
નાસું, નહિ **નિર્બળ** થઈ, પ્રભુ કરે તે હોય.

પદ્માવતી—શામળ.

તેમ આ દેશની દુરદશા દેશીઓના નબળા ગુણોને લીધે થઈછે.

ઇંગ્લાંડની મુસાફરી—મહિપતરામ.

નાના પ્રકાર નબળાં કરમો નિવારો,
હે સ્વામિનાથ હરિ સેવક હું તમારો.

દલપત કાવ્ય.

રોજગાર વેપાર વિના માણસ નબળું પડી જાય છે, તેથી હું ગુરીબનું માનોને કંઇ નબળો પાતળો જે મળે તે રોજગાર કરો તો સુખી થશો.

ભામિની ભૂષણ. ૨

ચંદન—સુખ વાસ્તે આપી છે, માટેજ કહું છું કે તમે મુને ચાકરડી કરતાં પણ નબળી કરી લેખવો તે કેમ ખમાય.

એજન.

જાનું અને જીર્ણ

જાનું એટલે અસલનું અથવા ઘણા કાળનું. જે વસ્તુ જાની હોય છે તે ઘણું કરીને ખખળી કે ઘસાઇ ગયેલી હોય છે, તે કારણથી જાનું એ શબ્દનો અર્થ કેટલીક વખત ઘસાઇ અથવા ખખળી ગયેલું એવો પણ થાયછે. જીર્ણ એટલે ખખળી કે ઘસાઈ ગયેલું. કેટલીક વસ્તુઓ જાની છતાં ખખળી કે ઘસાઇ ગયેલી હોતી નથી. તેવી વસ્તુઓ જાની છતાં જીર્ણ કહી શકાતી નથી. જે વસ્તુઓ ખખળી કે ઘસાઈ ગયેલી હોય છે તેજ માત્ર જીર્ણ થયેલી કહેવાય છે. જીર્ણ એ શબ્દની જગાએ કેટલીક વખત જાનું એ શબ્દ વાપરી શકાય છે, પણ જાની વસ્તુ ખખળી કે ઘસાઈ ગઈ ન હોય તો તે જીર્ણ કહી શકાતી નથી. જાનું એ શબ્દ કાળ બતાવે છે. જીર્ણ એ શબ્દ વસ્તુઓ ઉપર કાળની થયેલી અસર બતાવે છે.

જીર્ણ એ શબ્દ સંસ્કૃત છે, અને જાનું એ શબ્દ જીર્ણ ઉપરથી થયેલો પ્રાકૃત શબ્દ હોય એમ જણાય છે, તેમ છતાં ઉપયોગમાં તેઓના અર્થમાં ઉપર બતાવ્યા મુજબ તફાવત માલમ પડે છે.

દાખલા.

ભૂસ્તર શાસ્ત્રીની સભાના મકાનમાં હજુ પણ સ્મિથનો નકશો રાખી મૂકવામાં આવ્યો છે. જાણે એક મોટો ઐતિહાસિક દસ્તાવેજ હોયની; તેમ જૂનો અને જીર્ણ થઈ ગયેલો—તેના ઘસાઇને ઝાંખા પડેલા રંગને ફરી તેજદાર કરવાને આપણને કહેતો હોય એમ લાગેછે.

જાત મહેનત.

જૂની જગા જે ઠાર, જ્યાં વળિ જૂના લેખ બહુ;
જોવા જોગ અપાર, વિધ વિધ થળ વિદ્વાનને.

દલપતકાવ્ય.

એ ત્રણે ઉપર શંકરાચાર્યનું ભાષ્ય છે. બીજાં પણ ભાષ્યો કહેવાંજ છે, છતાં જૂનામાં જૂનું શંકરનું છે.

સિદ્ધાંન્તસાર—મણિલાલ.

હું ચોળું તન રાખ, તુંતો સોને શોભાવે;
મારે જીરણ વસ્ત્ર, તુંતો પટકૂલ ઓપાવે.

શામળ.

.........તપાસ કરતાં તેમને જણાયું કે, એક મોટો જૂનો જીર્ણ ઓરડો, જેમાં આગળ હગોકના દર્દીઓને રાખવામાં આવતા હતા, તે ખાલી છે.

જાત મહેનત.

બંગલોરમાં મહારાજનો જૂનો કિલ્લો (ધડીમાંહે કોટ) છે તે જીર્ણ અવસ્થામાં છે.

મહિસૂરની મુસાફરી. હરગોવિંદદાસ.

મઝિયારૂ, પંત્યાળુ, અને સહિયારૂ.

એકજ કુટુંબનાં માણસો વહેંચણ થઇ જૂદાં થયાં ન હોય ત્યાં સુધી તે કુટુંબનો વહેવાર રોજગાર તથા માલમિલકત મઝિયારાં છે એમ કહેવાય છે. જ્યારે એકજ કુટુંબના વિભક્ત થયેલા બે અ-થવા વધારે માણસો, અથવા જૂદા જૂદા કુટુંબ કે કોમના માણસો

કોઈ પદાર્થ અથવા વહેપારના સહભાગિ હોય ત્યારે તે પદાર્થ કે વહેપાર સહિયારો છે એમ કહેવાય છે.

બે અથવા વધારે માણસો પોતાની મિલકત, મહેનત, કે કારીગરી કોઇ ઉદ્યોગ, વહેપાર, કે કામ પરત્વે એવા ઇરાદાથી ભેગી કરે કે તેમાંથી જે નફો કે ખોટ મળે—આવે તેન્તેઓ વહેંચી લે, તો તેવા ઉદ્યોગ વહેપાર કે કામને પંત્યાળુ કહે છે, અને તેમાંની મિલકત પંત્યાળી કહેવાય છે.

સહિયારૂ એ શબ્દ વહેપારને માટે તેમજ મિલકત કે માલને માટે વપરાય છે.

પંત્યાળુ માત્ર સહિયારા વહેપારને માટે તેમજ તે વહેપારને અંગે જે મિલકત ભેગી કરી હોય અથવા ઉત્પન્ન થઇ હોય તેને માટે વપરાય છે.

મઝિયારૂ એ શબ્દ માત્ર અવિભકત કુટુંબની માલ મિલકત કે વહેપારને માટે વપરાય છે.

પંત્યાળુની જગાએ સહિયારૂ એ શબ્દ વાપરી શકાય છે, પણ સહિયારૂ એ શબ્દની જગાએ પંત્યાળુ એ શબ્દ હમેશ વાપરી શકાતો નથી.

મઝિયારી મિલકતને વખતે સહિયારી કહેવામાં આવે છે, પણ પંત્યાળી ભાગ્યેજ કહેવામાં આવે છે.

પંત્યાળુને બદલે મઝિયારૂ એ શબ્દ ઘણુંકરીને વપરાતો નથી

દાખલા.

જે ઓરડી મઝિયારી રહેલી છે તે ઉપર મરનાર ભાઇની વિધવાનો હક્ક નથી.

હિંદુલૉ—ગીરધરલાલ.

ખેડુતને ખબર હોય છે કે એક માણસ આટલી જમીન સારી રીતે ખેડી શકે; માટે જો એથી વધારે ભાગિયા થાય છે તો તેઓ ઘણું કરી મઝિઆરો ભાગ વેચી નાખી કીંમત વેંચી લેછે;

અથવા એક ભાગિયો બીજાઓનું મન મનાવેછે, ને એઓ પછી બીજે ધંધે વળગે છે.

અર્થશાસ્ત્ર—અંબાલાલ.

એતો કોઈ વરસ આપણે કમાયા, કોઇવરસ બીજો કમાયો, તો સૌનું ભજીઆરૂં હોયતો જણાય નહીં.

ભામિની ભૂષણ—પ્રથમઅલંકાર.

પછી તે એક બીજા કારીગર સાથે પંત્યાળો ધંધો કરવા લાગ્યો.

જાત મહેનત.

अ અને ब એ દરેકે રૂ ૨૦૦૦ કાઢી પંત્યાળો વેપાર શરૂ કરયો.

અંકગણિત—લાલશંકર.

વળી એ પંત્યાળુ મૂકીને તે એક બીજા માણુસની સાથે સહીઆરૂ કામ કરવા લાગ્યો.

જાત મહેનત.

अ, ब, क, એ ત્રણુ જણે સહીઆરો વેપાર કર્યો.

અંકગણિત—લાલશંકર.

ઊંનું અને ગરમ.

જે વસ્તુમાં સ્વાભાવિક કે કૃત્રિમ ગરમી હોય, કે દાખલ થઇ હોય. તે વસ્તુને ગરમ વસ્તુ કહે છે. ઊંનું એ શબ્દ માત્ર કૃત્રિમ ગરમીના યોગે ગરમ થયેલી વસ્તુ વિશે બોલતાં વપરાય છે, સ્વાભાવિક ગરમી બતાવવાને માટે વપરાતો નથી. વાસણમાં પાણી ભરી દેવતા ઉપર મુકવાથી દેવતાની ગરમીને યોગે પાણી ગરમ થાય તેને ઊંનું થયું એમ કહે છે. કસ્તુરી, સુંઠ, મરી, લવિંગ વગેરે ચીજોમાં સ્વાભાવિક ગરમી છે માટે તે ગરમ ચીજો કહેવાય છે, ઊંની ચીજો કહેવાતી નથી. કૃત્રિમ ગરમીથી ગરમ થયેલી વસ્તુના સંબંધમાં ઊંનુ અને ગરમ એ શબ્દો સરખા અર્થમાં વપરાય છે.

દાખલા.

શાક નાના ભાતનાં, ભજીઆં ગઠાને રાયતાં;
કઢી ઊંની ઉકળી અહીં, અથાણાં મન ભાવતાં.

રાજસૂય યજ્ઞ—ગિરધર.

ઉંની પીએ અધિક ચાહ, ઉનું ગમે છે,
અંઘોળ ઉષ્ણુ જળ અન્ન ઉનું જમે છે.

દલપત કાવ્ય.

ઉંના કરીને સાણસારે, ત્રોડયું સાધુનું શરીર;
કપા કગળા કાંતનારે, નિસરે નહિ રૂધિર. હરિ. હરિ.

પ્રેમાનંદ સપ્તમ.

એણી ગમ જે લોક જાય છે તે પોતાની જોડે ગરમ લુગડાં, સારો ખોરાક, અને બળતણુ ઘણુંજ રાખે છે.

સાતમી ચોપડી.

ગરમ દેશોમાં જાફત અને નાચ રંગના તમાસાનો ઘણું કરીને સંધ્યાકાળનોજ વખત હોય છે.

રાસેલાસ. ગુજરાતીના માલિકો.

પ્રતિ પ્રયોગ વખતે પ્રયોગ પૂરો થાય કે બહુ સંભાળથી હાથને થંડા કે ગરમ પાણીથી સાફ ધોઇ નાખવા.

પ્રાણુવિનિયમ-મણિલાલ.

ઉજડ અને વેરાન.

આ બે શબ્દો વિશેષે કરીને મનુષ્ય પ્રાણીની, અને કેટલીએક વખત મનુષ્ય તેમજ બીજાં પ્રાણીની વસ્તીનો અભાવ બતાવે છે. કોઇ ઘર, ગામ કે મુલકમાં પ્રથમ વસ્તી હોય અને પછીથી જતી રહી હોય, કે તેનો નાશ થયો હોય, તો તે ઉજડ થયો કહેવાય છે. કોઇ પ્રદેશ કે જગામાં ઘણા વખતથી મનુષ્યની વસ્તી હોય નહિ તો તે પ્રદેશ કે જગાને વેરાન પ્રદેશ કે જગા કહે છે. ઉજડ એ શબ્દ હાલમાં વસ્તી નથી એમ બતાવેછે,

પણ તે ઉપરથી પ્રથમ વસ્તી હશે એમ ઘણી વખત અનુમાન થાય છે. વેરાન એ શબ્દ પ્રથમ વસ્તી નહોતી અને હાલમાં પણ નથી એવું બતાવે છે. વેરાન એ શબ્દ મનુષ્યની વસ્તીની સાથે બીજાં પ્રાણીઓ અને ઝાડ પાનનો પણ અભાવ કેટલીક વખત બતાવે છે. ઉજડ એ શબ્દ ઝાડ પાનનો અભાવ બતાવતો નથી. કેટલીક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાતા જોવામાં આવે છે.

દાખલા.

મેવાડના ઇતિહાસમાં કહે છે કે આ ટાણે પ્રતાપે મેવાડને ઉજડ કર્યો, તથા સપાટ પ્રદેશમાં જે મળ્યું તેનો ભોગ તરવાર દેવીને આપ્યો.

મેવાડની જાહોજલાલી.

હે રાગજી! તમ વિના આવન, થયાં ઉજડ આજ;
એમ સુણી દારૂણ દુઃખ પામી, રૂએ ગન મહારાજ.

રત્નેશ્વર-સ્વર્ગારોહણ.

જદાશુન્યે ભાળ્યો ઉજડ ખખ રેકાણ ભૂપતિ,
સદા આનંદેલો ઉદવિગ્ન હુઓ વરમતિ.

દ્રૌપદી હરણ-પ્રેમાનંદ.

કટક-કટકટ સુણી નગર ઉજડ કરી,
લોક ભાગી ગયા મન માને;
નિર્જીવ પુર લહી તેહ સળગાવિયું,
આવી લાગ્યું પછે વન વેરાને

એજન.

દ્રૌપદીને એક દાસી રહી વન ત્રાસી વદે શું વિપ્રની આગે;
વેરાન વને ગહ્વર ગુફામાં ચાલ્યા ખાવા મા'ભાગ્યે.

એજન.

ખબર નથી પડતી કે આ વેરાન પ્રદેશનો પાર ક્યારે આવશે.

મનોવિકાર.

ફરી દેવા રૂડું જગ, ઉજડવેરાન સરખું,
થયો શાને આજે, તતપર હવે, પાપી અહીં તું,

માલતી માધવ.

ગર્ધવસેનના વખતમાં સરકારનો જાપતો ન રહેવાથી સઘળાં જંગલ વેરાન થઈ ગયાં હતાં, કેમકે લોકોએ તેમાં પુષ્કળ ભેલાડ કરી નાખ્યો હતો.

ગર્ધવસેન.

અશકય અને અસંભવિત.

જે બનાવ યુક્તિ, બુદ્ધિ, યત્ન અથવા ઉદ્યોગથી બનવો મુશ્કેલ કે કઠિન હોય તે બનાવ **અસંભવિત** કહેવાય; પણ જે કદિ બને એમજ ના હોય તે **અશકય** કહેવાય. કુદરતી કાયદાથી અથવા સાધારણ વિવેકબુદ્ધિથી જે બનાવો બનવા કેવળ ઉલટા-લાગે તે **અશકય** કહેવાય; પણ જે વધારે ઉદ્યગ, બુદ્ધિ કે યુક્તિ વાપરવાથી બની શકે એવા બનાવ હોય, પણ સાધારણ ઉદ્યમ, બુદ્ધિ કે યુક્તિથી બને એમ ના હોય તે **અસંભવિત** કહેવાય. બે અને બેનો સરવાળો ચારથી ઓછો કે વધારે થવો, સૂર્યનું પશ્ચિમ દિશા તરફ ઉગવું, સીધી લીટીના બે છેડા એક બીજાને મળવા વગેરે બનાવો જે કુદરતી કાયદાથી અથવા વિવેક બુદ્ધિથી ઉલટા છે તે બનવા **અશકય** છે. પનામાની સંયોગીભૂમિને બદલે સામૂદ્રધૂની થવી એ **અસંભવિત** છે, પણ એ વાત **અશકય** નથી, કેમકે કોઇ મોટી કંપની એ કામ માથે લઇ ઘણા વરસ સુધી કરે તો તે બની શકે એવું છે. **અશકયની** જગાએ **અસંભવિત** એ શબ્દ વાપરી શકાય પણ **અસંભવિતની** જગાએ **અશકય** એ શબ્દ હમેશ વપરાય નહિં.

દાખલા.

કેટલીક વાતો વિષે ઉપદેશ કરવો સરળ છે, પરંતુ તેવું બનવું

કઠિણુ છે. તેવીજ આ વાત છે. તો પણ આવાત અશકય નથી.

અસ્તોદય.

અશકય વસ્તુની આશા કદાપી પણ રાખવી નહિ.

મનોવિકાર.

"તમારૂં અસલનું કારભારી કુટુંબ" નું ખાનદાન તે હતું એવું આજ પચાશ વર્ષે પાછું થાય તો એમાં ઇશ્વરને ઘેર શું અશકય છે.

સરસ્વતીચંદ્ર.

વસ્તુ સંભવના શકય અને અશકય એવા નિશ્ચિત ભેદ કરી બેસવું, એ સર્વજ્ઞતાનું કામ છે........

પ્રાણ વિનિમય—પ્રસ્તાવના.

અજીર્ણ શું અગ્નિને તે કહો, એહ અસંભવિત વાત;
મહારન્યવન ઇંદ્રતણું તે, પ્રજાળ્યું કેમ સાક્ષાત.

રાજસૂયયજ્ઞ—ગિરિધર.

કેટલાક જાણે છે કે કોઇક અસંભવિત ગપ ઠોકવી એટલે અદ્‌ભુત રસ કહેવાય; પણ એ સગજ ભૂલ ભરેલી છે તે આ ઉપરથી સમજાશે.

રસશાસ્ત્ર—છોટાલાલ.

ઉજળું (ઉજ્વલ)—ગોરૂં—ધોળું.

ઉજળું એ શબ્દ કેટલીક વખત ધોળું અથવા સફેતના અર્થમાં વપરાય છે, અને કેટલીક વખત તેજસ્વી, ચળકતું, મેલ વગરનું એવા અર્થમાં વપરાય છે. ધોળું એ શબ્દ પ્રકાશીત અથવા તેજસ્વીના અર્થમાં વપરાતો નથી. ઉજળું એ શબ્દના અર્થમાં ધોળાપણાની સાથે ચળકાટનો કાંઈક અર્થ રહ્યો હોય એમ ઘણી વખત જણાય છે. ધોળામાં ચળકાટનો અર્થ ખાસ રીતે રહ્યો હોય એમ જણાતું નથી.

ગોરૂં એ શબ્દ માત્ર કોઈ પણ પ્રાણીના અંગના રંગ વિશે બોલતાં વપરાય છે. સફેત અને કિંચીત લાલ રંગના મિશ્રણથી જે

રંગ થાય તેના સરખા વર્ણવાળા અંગને ગોરૂં અંગ ઘણી વખત કહેવામાં આવે છે.

ગોરામાં ખુબસુરતીનો આભાસ રહેલો હોય એમ જણાય છે.

પ્રાણી સિવાય ઇતર વસ્તુ વિષે બોલતાં ગોરૂં એ શબ્દ વપરાતો નથી. પણ ઉજળું અને ધોળું એ શબ્દ વપરાય છે.

દાખલા.

સિંદુર લેપન અંગ શોભે, એક ઉજવળ દંત;
શુધ બુધ નારી અક્ષય ભંડારી, કૃપા કરજો શ્રી ભગવંત.

શ્રીમદ ભાગવત.

ઉમર તો ડુંગર થયા રે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઇ રે, અંગે ઉજળા થયાછે કેશ. ઘડપણ.

નરસિંહ મહેતો.

ખુરાસાનીને વિલાયતી વળી, બંગાળી કહેવાયરે;
પાણી પંથાને પાખરિયા, ઉજ્વલ જેની કાયરે.

પ્રેમાનંદ—નળાખ્યાન.

તેના શરીરનો વર્ણ રૂપેરી ગોરો હતો.

સરસ્વતી ચંદ્ર.

રાય ગોરા ગાત્રે, તૃણા માત્રે, તારૂણી નવ લેખતી;
જોઇ મૂખ મરડે, આંખ્ય ઠરડે, સર્વને ઉવેખતી.

નળાખ્યાન.

ગુણવતી ગોરી ઘણું, અપાર મહિમા વાધ્યો;
અનુચરી શત સેવા કરતી, જોગ રૂપનો સાધ્યો.

ભાલણ—નળાખ્યાન.

ઉત્તર મહાસાગરમાં ગ્રીનલેંડ નામનો એક બેટ છે.ત્યાં ધોળાં રીંછ ઘણાં જોવામાં આવે છે.

નારી શિક્ષા.

શ્રી નારદ કહે છે કે, એક દિવસે યમુના સમીપ બાલકો સાથે વાછડાઓને ચારતા બલદેવે ધોળા પર્વત સરખો મોટા પગવાળો અને મેઘના શરખો ગર્જના કરતો બકાસુરને આવેલા જોયો.

ગર્ગ સંહિતા.

વાંઢો અને કુંવારો.

વાંઢો એ શબ્દ મોટી ઉંમરના વગર પરણેલા કે રાંડેલા મરદને માટે વપરાય છે. **કુંવારો** એ શબ્દ માત્ર વગર પરણેલા નાની કે મોટી ઉંમરના મરદને માટે વપરાય છે, પણ રાંડેલા મરદને માટે વપરાતો નથી. **વાંઢો** એ શબ્દ નાની ઉંમરના કુંવારા છોકરા કે મરદને માટે વપરાતો નથી.

વાંઢો એ શબ્દ માત્ર નરજાતીમાં વપરાય છે પણ **કુંવારો** એ શબ્દની માફક ત્રણે જાતીમાં વપરાતો નથી. **વાંઢો** શબ્દ કાંઈક અપમાન દર્શક લાગે છે, પણ **કુંવારો** એ શબ્દ તેમ લાગતો નથી.

દાખલા.

વિધવા જો પરણે ઓ લોકો, **વાંઢાને** સુખ થાયરે,
ઘર માંડે બહુ પરજા વાધે, ઉદ્યમમાં ચિત જાયરે.

નર્મ કવિતા.

વિધવા સ્ત્રીને **વાંઢા** નરનાં, લોહિ ઉકળતાં ઠરશે;
પ્રજા તણી વૃદ્ધિ પૃથ્વિપર, કુળ સગળામાં કરશે.

વેન ચરિત્ર.

ડોસો **કુંવારો** રહે પણ ડોશી કુંવારી ના રહે.

જ્ઞાતિ વિષે નિબંધ.

એક નાનકડો શો કૃષ્ણ **કુંવારો**, તે તો પાટજ બેઠોરે.

ગીત સંગ્રહ—બાળા.

મારૂં **કુંવારા** મેણું ભાગશે ને હું છોકરાંનો બાપ કહેવાઇશ.

મનોવિકાર.

મુખ મરડી દમયંતી બોલી, ઘરડાં માણુસ નઠોર;
પરણ્યાં કુંવારાં કાંઈ ન પ્રીછે, ફોગટ કરવો સોર.

પ્રેમાનંદ.

થોડું અને જૂજ.

થોડું એ શબ્દ જથો તેમજ સંખ્યા બતાવવાને માટે વપરાય છે, અને એનો અર્થ ઘણું નહિ, જરાક વગેરે થાયછે. **જૂજ** એ શબ્દ જથો તેમજ સંખ્યા બતાવેછે, પણ **થોડું** એ શબ્દના કરતાં કંઈક ઓછો જથો કે સંખ્યા બતાવેછે. કેટલો જથો કે કેટલી સંખ્યા હોય ત્યારે **થોડું** એ શબ્દ વાપરવો એ મુકરર નથી, તેથી **જૂજ** એ શબ્દ પણ ક્યારે વાપરવો એ પણ મુકરર થઇ શકતું નથી, તો પણ **થોડા** કરતાં કંઇક કમી બતાવવાને એ શબ્દ વપરાય છે. **જૂજ** એ શબ્દ કેટલીએક વખત નાનું અથવા હલકું એવા અર્થમાં વપરાય છે. **થોડું** એ શબ્દ એવા અર્થમાં વપરાતો નથી.

દાખલા.

માત્ર **થોડાક** જણ છુટા રહીને કે સભામાં ભરાઇ લોકનાં દુઃખ સરકારને જણાવે છે તથા કૃપા માગે છે અને તે થોડાકમાંના. **જુજ** તે, લોકના હક માટે પણ અરજ કરે છે.

ધર્મવિચાર—નર્મદાશંકર.

સુધારાવાળાનો પોણુ ઉપર ભાગ તે હિંદુ ધર્મતત્વ અવશ્ય ભણેલાં એવી ભક્તિનો વિચાર રાખનારો છે; **થોડાક** જણ તે પ્રાર્થના સમાજની રીતની ભક્તિ કરનારાં અને **જૂજ** તે આર્ય સમાજની નીતિયે ભક્તિ તથા કર્મ કરનારા છે.

એજન.

કોલમ્બસના માણસોએ જમીન માલમ ન પડવાથી હુલ્લડ ઉઠાવી મૂક્યું હતું; તેવામાં તેની પાસે થઇને દરિયા ઉપરનો કચરો તરતો ચાલ્યો જતો હતો; તેવી નજીવી વસ્તુ દેખાડીને તેણે તોફાન નરમ પાડી દીધું. અને એટલો **જૂજ** બનાવ નજરમાં રાખીને તેણે

તેમને દિલાસો દીધો કે, જે નવી દુનિઆં આપણે આટલી આતુરતાથી ખોળીએ છીએ તે હવે છેટે નથી.

જાત મહેનત.

વૈદની થોડી એક શીશીઓ અને ભૂંડના શરીરમાંના ફુક્કા સિવાય તેની પાસે બીજા કંઇ ભારે સંચા કે યંત્ર ન હતાં; તોપણ આવી જૂજ ચીજોની ગદદ વડે તેણે કેટલીક જાતના નવા (ગાસ) વાયુનો શોધ કર્યો.

ભોજન.

મી. કરસનદાસ મૂળજી જ્યારે વિલાયત સિધાવ્યા ત્યારે દૂરરે બદનારા....................હજારો હતા. પરંતુ જ્યારે તેઓ..........નાતી બહાર મૂકાયા ત્યારે તેમની સાથે ભોજન વ્યવહારી કેટલા જૂજ હતા તે ઘણાકના જાણવામાં હશે.

મિત્રતા પુરૂષોત્તમ.

પુષ્ટ અને જાડું.

પુષ્ટ એ શબ્દ **पुष्**=પોષણ કરવું ઉપરથી થયેલો છે. સારી પેઠે પોષણ થવાથી કોઇ વનસ્પતિ કે પ્રાણી જાડું થાય ત્યારે તે પુષ્ટ થયું કહેવાય છે. પોષણ થવાથી અથવા સ્વાભાવિક રીતે અથવા બીજા હરકોઇ કારણને લીધે કોઇ પ્રાણી કે પદાર્થ દળમાં વધ્યો હોય ત્યારે તે જાડો થયો કહેવાય છે. પુષ્ટ એ શબ્દ ઘણું કરીને કોઇ પ્રાણી કે છોડ ઝાડ વેલ વગેરે વનસ્પતિ વિશે બોલતાં વપરાય છે. જાડું એ શબ્દ પ્રાણી તેમજ ઇતર વસ્તુઓ વિશે બોલતાં વાપરવામાં આવે છે; અને તે દળ અથવા ઘટપણાનો અર્થ બતાવે છે. પુષ્ટની જગાએ જાડુ એ શબ્દ વાપરી શકાય પણ જાડું એ શબ્દની જગાએ પુષ્ટ એ શબ્દ હમેશ વાપરી શકાતો નથી. જાડું એ શબ્દમાં જડપણાનો વિશેસ આભાસ રહેલો હોય એમ જણાય છે, અને તે કારણથી એ શબ્દ કેટલીએક વખત તિરસ્કાર કે અપમાન દર્શક જણાય છે. જાડું એ શબ્દ પાતળુ તેમજ ઝીણું એ શબ્દોથી ઉલટો છે. પુષ્ટ એ

બંને ઘણે ભાગે પાતળાથી ઉલટો હોય એમ જણાય છે.

કાબલા.

પરિઘ સરખા પુષ્ટ છે, પંચ ફણાળા સર્પરે;
આકૃતિ હસ્તની છે મનોહર, ઘણો મનમાં દર્પરે.

આલણુ—નળાખ્યાન.

આત્માને શી પુષ્ટતા, શુષ્કતા શી તેહને;
છે દેહ પુષ્ટ આ પડયો રહો, પણુ લાગે શું એહને.

શ્રીમદ્‌ભાગવત.

એમ વર્ષ બાર પર્યંત, ગાયોએ બાળ ગ્રહ્યો;
પય પાન કરાવી કરયો પુષ્ટ, તેણે મોટો થયો.

મુકુંદ કૃત ગોરક્ષ ચરિત્ર.

એ કાગળમાંથી હવા બહાર નીકળે નહિ અને કાગળ બહુ જાડો ન હોય તો કોથળી ફાટી જશે.

પદાર્થ વિજ્ઞાન—બળવંતરામ.

તેમણે જાડાં ડોટીનાં કેડીઆં પહેર્યાં હતાં; પણ તેમના બદનમાં મોટું દિલ હતું, તે આ વખતે બહાર પડયું.

જાત મહેનત.

હજુ પણ પાઘડી, દુપટ્ટા, શેલાં, વગેરે અનેક તરેહનું જાડું અને ઝીણું સુતરાઉ કાપડ, તથા કિનખાબ, ગશરૂ, સાટિન, અને પીતાંબર, વગેરે અનેક તરેહનું રેશમી કાપડ બહુ ઠેકાણે થાય છે.

ભવાની શંકર

ઘેલું અને ગાંડું

કામ, ક્રોધ, લોભ, મોહ, હર્ષ વગેરે મનોવિકારને લીધે જેના મનની સ્થિરતા અમુક વિષયના સંબંધમાં રહેતી ન હોય તેવા માણસને તેમજ જેનું મન સાધારણ રીતે નબળું હોય, અને તેની અસર તેના કામકાજ ઉપર જણાતી હોય તેને ઘેલો કહે છે. ગાંડો એટલે કેવળ [illegible] જેની ડાગળી અથવા ભેજું તદ્દન ખસી ગયું હોય

તેને ગાંડો કહે છે. જેનું ભેજું થોડું ખસી ગયું હોય અથવા અમુક વિષયના સબંધમાં ખસી ગયું હોય અથવા ખસી જતું હોય તેને ઘેલો કહે છે. ઘેલો માણુસ સંસાર વ્યવહારનાં સાધારણ કામ કરી શકે છે, પણ અમુક અમુક કામની અંદર અથવા બધાં કામમાં તેના મનની નબળાઈ અથવા અસ્થિરતા માલમ પડે છે; પણ ગાંડો માણુસ તેના મનની અસ્થિરતાને લીધે તેવાં કામ કરી શકતો નથી. ઘેલો એ શબ્દ મનની સાધારણ નબળાઈ બતાવે છે. ગાંડો એ શબ્દ ઘણીજ નબળાઈ બતાવે છે. કેટલીએક વખત આ બે શબ્દો એક બીજાના અર્થમાં વપરાતા માલમ પડે છે. સ્ત્રી, બાળ વગેરે પરત્વે આ શબ્દો લાડમાં વપરાય છે ત્યારે તેઓના અર્થ ઉપર કંઇ ધ્યાન રહેતું નથી.

દાખલા.

ભૂપમેં દીઠી ગર્વ ઘેલડી, સખી બે મધ્ય ઉભી અલબેલડી.

પ્રેમાનંદ.

જગ્ન મંડપ જોયો નહિ, ન જોયો દિક્ષિત નરેશ;
ઘેલો જશો આગળ ધશો, સર્વને મારતો ઠેશ.

પ્રેમાનંદ.

શી મૂરખને શીખ, શી ઘેલા શું ગોષ્ટી,
શી અદાતાની કિરત, શું વેરી શું વિષ્ટી.

શામળ ભટ.

એ સ્વભાવને લીધે તે ઘણી વખતે ઉતાવળથી તથા વગર વિચારે કામ કરતો તેથી તેનું ઉપનામ ઘેલો પડ્યું.

કરણ ઘેલો.

આજ હું હરખઘેલી થઇ ગઇ છું.

વીરમતિ નાટક.

ગુણવંત ઘણો અલખત ઘેલડો.

શામળ ભટ.

રે હું હરખે ઘેલો થઇ જઇશ.

આશીર્વાદ નાટક.

આમે નાશી ગયુ યવનથી, હાગને દામ મેલી;
મંદાક્રાંતા, વણિક વનિતા, તેથિ થૈ ખાસ ઘેલી.

દલપતરામ.

એક ઘેલા મનુષ્યને ગાંજો કે બીજી કેફ પાઇએ તો તે જલદી ગાંડો બને છે.

મનોવિકાર-ગણપતરામ.

એક મોટો આગનો ગોળો હાથી ઉપર પડતાંજ તે ગાંડો થઇ ગયો, અને એટલું જોર કરીને આગળ ધસ્યો કે બીજા લોકો સઘળા પાછળ પડી ગયા.

કરણ ઘેલો.

નાગુ અને ઉઘાડુ.

ઉઘાડુ એટલે ઢાંકેલું નહિ તેવું; ખુલ્લુ. કોઇ પ્રાણી અને વિશેષે કરીને માણસના અંગના જે ભાગ હમેશાં ઢાંકયા રાખવામાં આવતા હોય, અથવા અમુક કામ પરત્વે ઢાંકવાની જરૂર હોય, તે ભાગ ઉઘાડા મુકવામાં આવે ત્યારે તે પ્રાણી કે માણસ નાગુ છે એમ કહેવાય. નાગુ એ શબ્દ ઘણું કરીને માણસના શરીરના ગુપ્ત ભાગ ઉઘાડા હોય ત્યારે વપરાય છે. ઉઘાડુ એ શબ્દ સાધારણ રીતે ઢાંકણુ વિનાનું-ચોખ્ખુ-સ્પષ્ટ એવા અર્થમાં વપરાય છે. ઉઘાડું એ શબ્દ નાગુ એ શબ્દની જગાએ વપરાય, પણ નાગુ એ શબ્દ ઉઘાડુ એ શબ્દની જગાએ હમેશ વપરાય નહિ. નાગું એ શબ્દના અર્થમાં કંઇક શરમનો આભાસ રહેલો જણાયછે. ઉઘાડુ એ શબ્દમાં તેમ નથી. નાગી વાત એટલે જે વાત કરવાથી શરમ લાગે તે. ઉઘાડી વાત એટલે સ્પષ્ટ, ખુલ્લી વાત. નાગુ બોલવું એટલે બે શરમ ભાષણ કરવું; ઉઘાડું બોલવું એટલે ખુલ્લી રીતે બોલવું.

ઉઘાડુ એ શબ્દ પ્રાણી તેમજ બીજી બધી વસ્તુઓ વિષે લો-

હતાં વાપરી શકાય છે. નાગુ એ શબ્દ ઘણું કરીને માણસ વિશે બોલતાં વપરાય છે.

દાખલા.

નાગો થઇ બીજા નૃત્ય કરતો.

હરગોવન.

એ રીતે સડકના રસ્તામાં નાગાં ઉભાં રહેવું, હાથના ને શરીરના ચાળા કરવા એ મર્યાદાથી ઘણુ બહાર છે.

નર્મગદ્ય.

પ્રેમિ વિદુરની નાર, નાહાતાં નાગી ધાઇ.

નરભેરામ—કાવ્ય દોહન.

તેમજ નાગા શૃંગાર રસની બાબત ઉછરતા છોકરાઓને શીખવવી નહિ.

કાવ્ય સંક્ષેપ.

કુટે કંઇક કપાળ, મૂકી ઉર ઉઘાડાં,
જણાય નહિં જંજાળ, સમટ પેહાં ગાડાં.

કૃષ્ણારામ કાવ્ય—દોહન.

વાંસો ઉદર ઉઘાડાં ન રાખીએ,
ઉંચે ધાંરે ન કરીએ ઉચ્ચાર—અદબ શીખો,

દલપતરામ.

કો લુંટવા નવ આવી ચડે, ઉઘાડે બાર ખાતર નવ પડે.

નળાખ્યાન પ્રેમાનંદ.

ઉભય અને બે.

ઉભય અને બે એ શબ્દો સંખ્યાવાચક છે. કોઈ અમુક બે વસ્તુઓ વિશે સાથે બોલતાં ઉભય એ શબ્દ બે એ શબ્દની જગાએ વપરાય છે. બે એ શબ્દ માત્ર સંખ્યા બતાવેછે. આવા અર્થમાં ઉભય શબ્દ વપરાતો નથી. બે વાગ્યા એની જગાએ ઉભય વાગ્યા એમ કહેવાતું નથી; પણ અમુક બે પગ વિશે બોલતાં ઉ-

ભય પણ એમ કહી શકાય. કોથળીમાં ઘણા રૂપીયા હોય તેમાંથી ગમે તે બે રૂપીઆ લાવવાનું કહેવું હોય તો ઉભય રૂપીઆ લાવો એમ કહેવાય નહિં, પણ ઉભય રૂપીઆ લાવો એમ કહેવામાં આવે ત્યારે એમ સમજાય કે અમુક બે રૂપીઆ એક સાથે મંગાવવામાં આવેછે. અર્થાત-ઉભય એ શબ્દ અમુક બે વસ્તુઓ વિશે બોલતી વખતે વપરાયછે. બે એ શબ્દ ગમે તે બેવસ્તુઓ વિશે બોલતાં વપરાયછે. ઉભય એ શબ્દ બન્નેના અર્થમાં વપરાય છે.

દાખલા.

અંધ્રિ ઉભયમાં થઈને સોળ ચિન્હછે રે લોલ;
જેમાં ચિત્ત યોગી જન કેરાં લીન છેરે લોલ.

દયારામ.

ઉભય ચર્ણ કદલિશા રાજે, કાંડે તોડા રૂડા બિરાજે,

શિવદાસ.

વાસ્તવિક રીતે જોતાં, એકજ વિષય જેણે હાથ લીધો હોય એવા કોઇ બે માણસ, હોરેસ અને જુવેનલના જેટલા વૃત્તિ તેમ વાણી ઉભયમાં અન્યોઅન્યથી જુદા પડયા નહિ હોય.

ચે૦ પુત્ર પ્રતિ ઉપદેશ.

ભરૂચની માફક એ જીલ્લાની જમીનના પણ બે ભાગ પાડીએ તો પાડી શકાય.

ગુજરાતની ખેતીવાડીની હાલની સ્થિતિ.

માગો વર તમો બે ભ્રાત, બળવંતા છો અતિ વિખ્યાત.

ભાલણ—સપ્તશતી.

સ્વામી કહેછે સંતોષ પામી, બેશ થઇને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ.

નળાખ્યાન-પ્રેમાનંદ.

અળગું અને વેગળું.

જે વસ્તુ કે પ્રાણીએ આપણી પાસે રહેવું જોઇએ, અથવા

જે આપણી પાસે હોય અથવા રહેતું હોય અથવા આપણને અડકે એ રીતે આપણી પાસે આવતું હોય તે જ્યારે દૂર થાય અથવા દૂર રહે ત્યારે તે વસ્તુ કે પ્રાણી અળગું છે અથવા થયું અથવા રહ્યું એમ કહેવાય. જે વસ્તુ કે પ્રાણી દૂરજ હોય તે વેગળું છે એમ કહેવાય. વેગળું એ શબ્દથી પાસે રહેવાના અથવા પાસે આવવાના કે પાસે આવવું જોઇએ એવા કોઇ અર્થની સૂચના થતી નથી; પણ અળગું એ શબ્દથી તેવી સૂચના થાયછે. વડોદરાથી અમદાવાદ વેગળું છે એમ કહેવાય છે, પણ અળગું છે એમ કહેવાતું નથી. પણ કોઇ છોકરૂં તેની માને વળગ વળગ કરતું હોય તો તેને અળગું રહેવાનું કહી શકાય. વેગળું એ શબ્દ અળગું એ શબ્દની જગાએ વાપરી શકાય પણ અળગું એ શબ્દ વેગળું એ શબ્દની જગાએ હમેશ વપરાય નહિ.

દાખલા.

આટલા આખા ઘરમાં મનીસ પણ આવી વખતે મને પાણી પાનાર સરખું કોઇ પાસે ગળે નહીં; ને કમળીઆ અળગી બેઠીછે.

સાસુ વહુની લઢાઇ.

તુજે લાડકવાયો તન, અલગો નથિ કર્યો એકદન.

કાવ્ય સંક્ષેપ—લજ્જારામ.

આંખથી અળગા થાઓછો બાળ,
પ્રાણ હરી જાઓ છો તતકાળ.

એજન.

અશ્વ ગજ રથ ધનુષ ભાથા, કવચ અળગાં પરહરો;
પાળે પગે બાપ મારા, ખડ્ગ ખેડાં કર ધરો.

શ્રીમદ્ ભાગવત.

બહિ વૃદ્ધ પણે સેવા કરે, દેખ્યાથી દિલ દુખ ટળે;
એ અંત કાળે અળગી નહીં, બહુ સ્નેહ સાથે બળે.

શામળ ભટ.

સાગર વચ્ચે વેગળો, ખટ મહીનાની વાટ;
પાળે પગલે કયમ જશો, વસમા તેના ઘાટ.

શામળ ભટ.

ખારા પાણીનો કુવો ઘરમાં હતો, પણ મીઠું પાણી વેગળે-થી લાવવું પડતું.

સાસુ વહુની લઢાઇ.

જરાનું લશ્કર રે જ્યારે ગઢ ભેળશે,
કાયા નગરમાં હોશે હાહા કારજો;
દશેને દરવાણી થાશે વેગળાં,
વસ્તુ લુંટાશે તેની કોઇ નહિ કરે વા'ર જો. શીખા.

ભોજો ભકત.

બધું અને આખું.

બધુ એ શબ્દ જથો, માપ, સંખ્યા વગેરે બતાવે છે, અને સર્વ, સઘળું વગેરે અર્થમાં વપરાય છે. આખું એ શબ્દ **સં૦ અક્ષત** (જેના ભાગ અથવા કડકા નથી તે) ઉપરથી થયો છે અને એ-નો અર્થ કુલ, તમામ વગેરે થાય છે. જે પદાર્થ અથવા પદાર્થોના સમુહની પરિસીમા મુકરર થઈ શકતી હોય તેવા પદાર્થ અથ-વા પદાર્થોના સમુહની બાબતમાં સમગ્રપણે બોલતાં આખું એ શબ્દ વપરાય છે. બધુ એ શબ્દ જથો બતાવતી વખતે આખાના અર્થમાં વપરાય, પણ તેનો અર્થ જથામાં આવેલો દરેક પદાર્થ એકેએક બધાની સંજ્ઞા નીચે આવી જાય છે પણ તમામ પદાર્થ એક પદાર્થ તરીકે બધાની સંજ્ઞા નીચે આવતા નથી એવો થાય છે. બધું એ શબ્દ કેટલીક વખત કુલ અથવા તમામના અર્થમાં વ-પરાય છે, અને કેટલીક વખત મોટો અથવા ઘણો ભાગ બતાવવાના અર્થમાં વપરાય છે. આખું એ શબ્દ વાપરવામાં આવે ત્યારે જે પદાર્થ અથવા પદાર્થના સમુહને તે લગાડવામાં આવે છે તે પદાર્થ અથવા પદાર્થના સમુહનો કોઇ પણ ભાગ તેમાંથી બાતલ થતો નથી,

આખું એ શબ્દ સંખ્યા બતાવતો નથી. બધુ એ શબ્દ સંખ્યા બતાવે છે.

દાખલા

કુરાજ્યમાં જેમ જનો ન જંપે;
બીકે બધા લોકની કાય કંપે.

દલપત કાવ્ય.

રજા છોડ લીધા બધે દામ નમી;
વધી જાણીએ તે પ્રજા સૂખ પામી.

એજન.

બધુ વિશ્વ તો નીરથી ધોઇ દીધું,
દિસે જાણિયે સૂતકી સાફ કીધું.

એજન.

શેઠને ઓળખે છે આખું ગામરે,
નીકર લેજો અગારૂં નાગરે.

હુંડી—પ્રેમાનંદ.

બીજી કેટલીક કહેવા લાગી કે "અરે એટલુંજ નહિ, પણ આપણે એવી ધમકી આપીશું કે, જો તમે તમારો કાયદો રદ કરશો નહિ તો અમારા ધણીઓને ઉશ્કેરીને તમારી આખી ફોજ તમારા સાગી થાય એમ કરીશું". બીજી બધી કહેવા લાગી કે હા, હા એ તો બહુ સારી હિકમત શોધી કાઢી.

બર્ગોલ્ડ.

પાંખે કરી ચકલિયો રજ અંગ નાંખે,
જાણે નિગળજન નિજ અંગ આખે.

લૂલું અને લંગડું.

જેનું, કોઈપણ અંગ નબળાઈને લીધે અથવા વાગવાથી અથવા બીજા હરકોઈ કારણથી એવું થઇ ગયું હોય કે તે ચલન, વલન, આકુંચન, પ્રસારણ વગેરે ક્રિયા યોગ્ય રીતે કરી શકે નહિ,

ત્યારે તેવા અંગને લૂલું એ સંજ્ઞા લગાડવામાં આવે છે. લંગડું એ શબ્દ ઘણું કરીને પગની કાંઈ ખોડ હોવાથી તે બરોબર સીધો કે લાંબો થઈ શકતો ન હોય ત્યારે વાપરવામાં આવે છે. લૂલા પગને લંગડો કહી શકાય કારણ કે લુલવાટને લીધે તે જોઈએ તેવો સીધો કે લાંબો થઈ શકે નહિ, પણ બધી જગાએ લૂલું એ શબ્દ લંગડું એ શબ્દની જગાએ વપરાતો નથી.

લંગડું એ શબ્દ ઘણું કરીને પગની ખોડને માટે વપરાયછે. લૂલું એ શબ્દ ગમે તે અવયવોને માટે તેમજ આખા શરીરને માટે પણ વપરાય છે.

દાખલા.

વાત કરતાં વઢી પડે છે, ભણતાં જાયછે ભૂલી;
આંખડિયે અંધારાં આવે, કાયા થઈ જાય લુલી.
જાત જાણ્યા વિના મત પંથ બહુ થયા,
અટકી રહ્યા આંધળા આપ ભૂલ્યા;
વધી ગયા વિવાદમાં તેણે હરિનાવે હાથમાં;
મેરૂ જવા મન કરે પાય લૂલા,

ભોજો ભક્ત.

આંધળાં લૂલાં ને આપતો એ તો દિનદિન પ્રતેદાન;
કવિ પંડિત જનનું પણ કર તો, સારિ રીતે સનમાન. ક્રી॰

દલપતરામ.

દિલ્લીના લોદી રાજાની સાથેની લડાઇમાં એ ઠુંઠો થયો હતો, અને એક બીજી લડાઈમાં તોપનો ગોળો વાગવાથી લંગડો થયો હતો,

મેવાડની જાહોજલાલી.

તરંગીપણાના આવેશના એક પણ છાંટા વિનાનો હોઈ, બીજાનામાં તેવું હોય તેને કેટલેક અંશે ધિકકારનાર એ પુરૂષ લંગડા ઉંટ હાંકનારમાંથી છત્રીશ પ્રગણાંનો રાજા થયો હતો.

ચે॰ પુત્ર પ્રતિ ઉપદેશ.

મોટી ખુંધને લીધે એ છોડી બેડોળ દેખાતી હતી, અને પગે એટલી લંગડી હતી કે લાકડી ટેક્યા વિના ચલાતું નહિ.

પાંચમી ચોપડી.

નીચું અને ઠીંગણું.

આ બે શબ્દો ઊંચાઇ બતાવવાને માટે વપરાયછે. જે વસ્તુ જોઇએ તેટલી ઊંચાં ન હોય, અથવા મુકાબલે બીજી ચીજ કરતાં ઓછી ઊંચી હોય તે વસ્તુ નીચી કહેવાય છે. ઠિંગણું એ શબ્દ માત્ર જે પદાર્થ કે પ્રાણીઓ ઊંચાઇમાં વધી શકેછે તેઓની ઉંચાઇ વિશે બોલતાંજ વપરાય છે. જે પદાર્થોમાં વધવાનો ગુણ નથી તેમના વિશે બોલતાં એ શબ્દ વપરાતો નથી. જે પદાર્થ કે પ્રાણી તેની જાતના તેવાજ બીજા પદાર્થ કે પ્રાણી કરતાં ઉંચાઇમાં ઘણો થોડો હોય તે ઠિંગણો કહેવાય. ઠિંગણું એ શબ્દની જગાએ નીચું એ શબ્દ વપરાય, પણ જે પદાર્થમાં વધવાનો ગુણ નથી તે પદાર્થના સબંધમાં ઠિંગણું એ શબ્દ વપરાતો નથી, પણ નીચું એ શબ્દ વપરાય છે.

દાખલા.

કાદવવાળી જગ્યા પાસે એક ઘર હતું તેનું ભોંયતળીઉં એટલું તો નીચું કે વરસાદમાં તેના રસોડામાં તસુ તસુ પાણી થઇ જાય.

ચોથી ચોપડી.

આ પ્રદેશની બે બાજુઓ તરફ દરિયાને અડીને નીચી જમીનના ફળદ્રુપ ચીચરવટા છે.

બ્રિટિશ હિંદુસ્તાન. ચિમનલાલ.

..........તેથી મુસાફરોને અથવા લશ્કરને આ દેશમાં ઉત્તર તરફથી આવવું હોય, તો એ પર્વતના વિકટ માર્ગ વિના, અથવા નીચા ડુંગરા ઓળંગ્યા વિના બીજો રસ્તો નથી.

પાંચમી ચોપડી.

ઠીંગણું કહતોકે નિર્માલ્ય બાંધાનો માણુસ માછલોની પેઠે એકને ચીરતાં પોતેજ ચીરાઇ જાય એમ થતું નથી.

ચે૦ પુત્ર પ્રતિ ઉપદેશ.

..........તથા તે ઉંચો અથવા ઠિંગણો, જાડો અથવા પાતળો છે, એ જાણ્યા વગર, તે દરજીએ એક અંગરખું સીવ્યું તે જો બાપુ માગાને બરાબર આવ્યું, તો એ કેવળ આકસ્મિક યોગે બન્યું એવું થશે.

સૃષ્ટિ પ્રાપ્ય ઇશ્વર જ્ઞાન.

તે ઘણી ઠીંગણી હતી.

પાંચમી ચોપડી.

શતુ અને રતુમડું.

જે ચીજ લાલ રંગની હોય તેને રાતી કહે છે. જે ચીજ થોડીક લાલ હોય તેને રતુમડી ચીજ કહે છે. રાતી વસ્તુનો રંગ રતુમડી વસ્તુના રંગ કરતાં વધારે લાલ હોય છે.

દાખલા.

લોહીનો રંગ તે લાલ કે રાતો;..................

ભાષાંતર પાઠમાળા ૪

કેવાં જુઓ આ ફુલ કર્ણિકાનાં;
રાતાં તથા શ્વેત દિસે મઝાનાં.

દલપત રામ.

તેમને ભીષ્મક રાજા આગળથી સાગા જઇ વિધિ પ્રમાણે કાશ્મીર દેશની શાલ અને સમુદ્રથી થયેલાં દિવ્ય રાતાં રત્નો વગેરેથી સત્કાર કરવા લાગ્યો,

ગર્ગ સંહિતા.

"ફેગ, પ્રિય બ્રિટાનિયા !" રતુમડા ટોપની રાણી એ સ્વચ્છ પીતળ જેવા રણુકાના સાદે બુમ મારી કહ્યું.

હિન્દ અને બ્રિટાનિયા

ક્રિયાપદ.

નાંખવું, ફેંકવું અને ઉશેટવું.

કોઇ વસ્તુ ઝડપથી જાય એવા જોરથી નાખવી તેને ફેંકવું કહે છે. નાખવું એ શબ્દ કેટલીક વખત ફેંકવાને માટે વપરાય છે; કેટલીક વખત નીચે અથવા ખાડામાં અથવા ભોંય ઉપર અથવા બીજી કોઇ વસ્તુ ઉપર પડે તેમ કરવાને માટે વપરાય છે, તેમજ કેટલીક વખત એક ચીજ ઉપર બીજી ચીજ ઉઠાવીને મૂકવાને માટે પણ વપરાય છે. ઉશેટવું એ શબ્દ કંટાળાથી કે ધિક્કારથી નાખવું અથવા ફેંકવું એવા અર્થમાં વપરાય છે. ફેંકવામાં જેટલું બળ વપરાય છે તે કરતાં નાખવામાં ઓછું વપરાય છે. ઘણા જોરથી કોઈ છોકરો કાતર કે પથરો નાખે તો તે ફેંક્યો કહેવાય છે. કુવા ઉપર ચડી છોકરાં તેમાં કાંકરા કે પથરા પડતા મુકતા હોય તો તે નાખે છે એમ કહેવાય, પણ જોરથી કુવામાં નાખતા હોય તો ફેંકે છે એમ કહેવાય. નાખવું એ શબ્દ કૃદંતની સાથે ક્રિયાની પૂર્ણતા જણાવવાને માટે વપરાય છે; પણ ફેંકવું અને ઉશેટવું એ શબ્દો એવી રીતે વપરાતા નથી.

દાખલા.

એમ કહી રાવણે હાથ નાખ્યો ખડગ ઉપર જાણ;
ત્યારે મારીચ મન કંપીઓ એ મારશે નિરવાણ.

ગીરધર—રામાયણ.

સહસ્રાર્જુનને બાંધીને રાખ્યો, બળીરાયે કાળાગ્રહ નાખ્યો.

ર એજન.

તે નિત્ય ફૂળ નવાં લાવી મુકે; જોતી પ્રભુની વાટ;
વાશી થાય ત્યારે કાઢી નાખે, ધરતી મન ઉચાટ.

એજન.

એવું કહી ત્રણ બાણ ત્યાં મૂકિયાં, છબીસે છેદ્યાં તતકાળ;
દેખી પાંચ ફેંક્યાં બીજાં પાપીએ, તે પણ ભાગ્યાં ગોપાળ.જેજે•

દયારામ.

જીવણરામ એક દહાડો પાંચ વાગે નિશાળેથી આવ્યો, તેવો જ એક ખૂણે પોતાનું દફતર ફેંકી તોબરા જેવું મોં કરી બડબડતો બેઠો.

પાંચમી ચોપડી.

હરી ઇચ્છા હનુમાન પધાર્યા એક ક્ષુધા ભરમાં,
આવી અચાનક ફળ ભક્ષી, તરુ ફેંક્યાં સાગરમાં.

દયારામ.

ઉછેરીને ન ઉશેટિયે હો બહુચરી, કોઇ પ્રજા હોય પેટ;
વિષમ વેળામાં વેઠિયે હો બહુચરી, માનહિ છૂટો નેટ.

વલ્લભ ભટ.

ના ઉમેદ કરી નાખનારી મુશીબતોને અને મન ભંગ કરી નાખે એવી મુશ્કેલીઓને એવો ધૂની નર મૂળમાંથી મચરડીને ઉશેટી દે છે.

જાત મહેનત.

સૂવું અને પોઢવું.

સૂવું અને પોઢવું એ શબ્દો એકજ અર્થમાં વપરાય છે, પણ પોઢવું એ શબ્દ માનાર્થે વપરાય છે; સૂવું એ શબ્દ સાધારણ રીતે આરામને માટે કે ઉંઘવાને માટે લાંબા થઈ પથારી વગેરે ઉપર પડવું એને માટે વપરાય છે. પોઢવું એ શબ્દના અર્થમાં નિવૃત્તિ કે દુઃખના અભાવનો આભાસ હોય એમ જણાય છે. સૂવામાં હમેશ તેમ જણાતું નથી. જ્યાં સાધારણ રીતે સૂવું એ શબ્દ વપરાય છે ત્યાં માનાર્થે બોલતાં પોઢવું એ શબ્દ વાપરી શકાય છે.

દાખલા.

હરિભક્તને દેખી હયને પેખી, હરિ વદની હર્ષ પામીજી;
શું સ્વપ્ન નિશાનું થાશે સાચું, શકે સૂતા છે મુજ સ્વામીજી.

ચંદ્રહાસ–પ્રેમાનંદ.

મેલા કંથ! કુબુદ્ધ થકી તેં એ શું કીધું,
સુતો જગાડ્યો સિંહ (સાપ), મોત તેં માગી લીધું.

શામળ-અંગદ વિષ્ટિ.

વિચાર કર, કાંટા દીલ ઉપર પથરાવી સુવું, અને પેલા ભાલા ઘોચે તેથી શરીર એવડું ચાળણી જેવું થઇ જવા દેવું, એ દુખમાં શું બાકી.

વીરમતિ નાટક.

સેજ પલંગેરે પોઢતા, મંદિર ઝરુખા માંયજી;
તેને નહીં તૃણ સાથરો, રહેતા તરુતળ છાંયજી.

નિષ્કુળાનંદ.

સર્વ દેવનો જે સર્વેશ, તરણ પોઢ્યો આસન શેષ.

નાકર.

દોડવું અને નાસવું.

દોડવું એટલે ઘણી ઝડપથી જવું. નાસવું એટલે ભય અથવા બીકથી જતુ રહેવું. કોઈ પ્રાણી અથવા વસ્તુના ભયથી તેની પાસેથી અથવા તેની તરફથી ઘણી ઝડપથી જતું રહેવું તેને નાસવું કહે છે; પણ કોઇ પ્રાણી અથવા વસ્તુ તરફ ઘણી ઝડપથી જવું તેને દોડવું કહે છે. બંને શબ્દોમાં ઉતાવળા જવું એવો અર્થ રહેલો છે પણ નાસવું એ બીક અથવા ભયસૂચક છે. દોડવું એ કેટલીક વખત કાર્ય સૂચક જણાય છે અને સાધારણ રીતે ગતીની ત્વરા બતાવે છે. નાસવું એ શબ્દ વખતે દોડવું એ શબ્દની જગાએ વપરાય, પણ દોડવું એ શબ્દ નાસવાના પૂરેપૂરા અર્થમાં ભાગ્યેજ વપરાય.

દાખલા.

દોડિ, દોડિ, કરેજ દેવિ વિજળી, કાશીદનાં કર્મ ત્યાં;
શાસ્ત્રી પુત્ર સુતાર કામ શિખતાં, શાની ઘરે શર્મ ત્યાં.

દલપતરામ.

ઘોડાની પાછળ દોડી દોડી મારા શરીરના સાંધા તુટી ગયાછે.

શકુન્તલા-ઝવેરીલાલ.

તમો આજ દાણુ નહીં પામો એક કોડી,
હતી બાપની મીરાત, આવ્યા છો દોડી.

-પ્રેમાનંદ.

કલ્યાણ યાદવ લોકને, વળે દાનવનો ઘાણ;
મંદિર મૂકી દૈત્ય નાહાસે, પડે બહુ ભુંગાણ.

પ્રેમાનંદ-હરણ.

મન એમ જાણ્યું મારશે, હમણે મુને એ રામ;
એમ વિચારીને રાવણ નાઠો, મૂકીને સંગ્રામ.

ગિરધર રામાયણ.

માથે લીધી મોટ, રખ્યત નાઠી દો' દેશે;
બાંધે લીધાં બાળ, કામની સૌ છૂટે કેશે.

શામળ ભટ.

જોવું અને નિરખવું.

આંખ વડે કોઇ વસ્તુના બહારના રૂપ, રંગ, કે આકારનું જ્ઞાન થવા તે તરફ નજર કરવી તેને જોવું કહેછે. નિરખવું એટલે ધારી ધારીને સારી પેઠે અથવા નિહાળીને જોવું. જોવામાં જેટલું લક્ષ અપાય છે તે કરતાં નિરખવામાં વધારે લક્ષ આપાય છે. નિરખવું એ શબ્દ ઘણું કરીને સ્થૂળ પદાર્થના સંબંધમાં વપરાય છે. જોવું એ શબ્દ સ્થૂળ તેમજ સૂક્ષ્મ પદાર્થ અથવા ભાવવાચક નામના સંબંધમાં પણ વપરાય છે. જ્યારે ભાવવાચક નામની સાથે વપરાય છે ત્યારે તેનો અર્થ કંઇક જૂદોજ થાય છે.

દાખલા.

સંસાર દેશ સોહામણો, વણ૦
તેનો જોતાં ન આવે પાર;—સમજ૦

પ્રેમાનંદ.

વિચાર અને ઉદાસીનતામાં ડુબેલો હોવાથી આસપાસની ધા-

મધુમ દેખાતાં છતાં તેને જોતો નહોતો.

સરસ્વતી ચંદ્ર.

તેણે સગુણસિંહને જોયો, નિહાળ્યો, ઓળખ્યો.

કુસુમાવલી.

નંદજીને કહ્યું જૂઓ, જોડી કેવી શોભેરે;
નંદે નિરખ્યાં આમને રાખી બેઉને સંગ—માતા પ્રત્યે.

દયારામ.

એમ કહી અંતરધાન થયા, નારદ ઋષિ ત્યાંય;
પાર્વતી તો વાટ જોતી, કવ નિરખું વીરભદ્ર આંય.

નાકર.

દ્વિતીયાનો જિમ ચંદ્ર જોઇ, લોક કરે અવલોકન;
તિમ મેં નિરખી સતી, પ્રફુલ્લિત થયો મન.

ભાલણ.

ઘટવું અને ખુટવું.

આ બે શબ્દો હોય તે કરતાં અથવા હોવું જોઇએ તે કરતાં કંઇક ઓછું થવું અથવા હોવું—એવો અર્થ બતાવે છે. પણ ખુટવું એ શબ્દ ઘણી વખત ખપ કરતાં ઓછું છે એમ બતાવે છે. એવા અર્થમાં ઘટવું એ શબ્દ વપરાતો નથી. મેળ કાઢતાં રૂ ૫૦) સિલકમાં જોઇતા હોય તેને બદલે રૂ ૪૦) હોય તો રૂ ૧૦) ખુટ્યા કે ઘટ્યા કહેવાય. પણ પંદર માણસની પંગતને માટે પંદર પાટલા જોઈતા હોય તેને બદલે બાર મળ્યા હોય અને ત્રણ મળ્યા ન હોય તો ત્રણ ખુટ્યા એમ કહેવાય પણ ઘટ્યા એમ કહેવાય નહિ. ગામના તળાવમાંથી પાણી ગરમીને લીધે ધીમે ધીમે ઓછું થાય તેને ઘટ્યું એમ કહેવાય, પણ જ્યારે એટલું બધું ઘટે કે નાવા ધોવાના ઉપયોગને માટે જેટલા પાણીની જરૂર હોય તેટલું પણ ન રહે ત્યારે તે ખુટ્યું કહેવાયછે. એ ઉપરથી મા-

લમ પડે છે કે ઘટવું એ માત્ર કમી થવું એવા અર્થમાં વપરાય છે. ખુટવું એ શબ્દ એવા અર્થમાં વપરાય છે એટલુંજ નહિ પણ ઓછુ છે અથવા ખપ કરતાં ઓછું છે એવા અર્થમાં એ વપરાય છે.

દાખલા.

લક્ષણ લઘુતાનાં વધ્યાં હો બહુચરી, તુચ્છ તણે ફળ થાય;
નદિએ નીર બધે ઘટ્યાં હો બહુચરી, આયુષ્ય અલ્પ ઉપાય.

વલ્લભ ભટ.

વળી વિશેષ વિચાર કે, જેવા વિચાર આચારથી માણસના મન કે શરીરને ચલનવલન મળે તેવા વિચાર આચાર પ્રમાણે અમુક અમુક તત્ત્વની પ્રવૃત્તિ વધવા ઘટવા પણ માંડેછે; અને પ્રાણીમાં જુદા જુદા રંગ જણાવા માંડેછે.

પ્રાણવિનિમય.

ભાથા ખૂટે કવચ તૂટે, ઊઠે અગ્ની જવાળ,
રથ ચૂર્ણ થાયે વેગાન ભાંગે, વઢે વીર વિકાળ.

શ્રીમદ ભાગવત.

દીવેલ તો ખુટ્યું રે કુશકા ખાંડતાંરે,
પ્રાણિયા તેં કીધું એવું રે કામ.

રામકૃષ્ણ.

ખોળતાં ખૂટીરે રાતડી, ન મળ્યા શ્રી અવિનાશ.

રત્નો.

કહેવું અને બોલવું.

કંઇ ધ્વનિ થવો અથવા કરવો અથવા કાંઇ ઉચ્ચારણ કે ભાષણ કરવું તેને માટે બોલવું એ શબ્દ વપરાયછે. એવું ઉચ્ચારણ કે ભાષણ વખતે કોઇ પ્રાણી પ્રત્યે કરેલું હોયછે અને વખતે નથી પણ હોતું. કહેવું એટલે કોઇ પ્રાણી પ્રત્યે તેને જાણ થવાને માટે જે મ્હોડેથી બોલવું તે. એક માણસ બીજા માણસ પ્રત્યે કંઇ બોલે ત્યારે તે કહેછે એમ બોલાય છે; પણ તે અમુક માણસ પ્રત્યે ના

બોલતો હોય ત્યારે તે બોલે છે એમ કહેવાય. કહેવું વચન અથવા શબ્દ ઘણું કરીને અર્થ ગ્રાહી હોય છે; પણ બોલેલી વસ્તુ અર્થગ્રાહી હોય કિંવા ના પણ હોય. આ બંને શબ્દો વખતે એક બીજાની જગાએ વપરાય છે, પણ બીજા પ્રત્યે ભાષણ કરવું એ અર્થમાં બોલવું એ શબ્દ ઘણું કરીને વપરાતો નથી. માણસ સિવાયનાં પ્રાણીઓ અથવા વસ્તુઓ જે અવાજ કરેછે તેને માટે કહેવું એ શબ્દ વપરાતો નથી, પણ બોલવું એ શબ્દ વપરાય છે. કહેલી ચીજ ફરી કહી બતાવવી હોય ત્યારે કહેનાર બોલ્યો એમ કહેવાય છે.

દાખલા.

કહોરે બાઈ શું કીજે, વારે નહિં ત્યાં કોએરે.

કવિ ભાલણ.

સત્ય કરીને કહું હું તુને, પોતાના હિત કાજ રે;

વિષ્ણુદાસ.

પિતા કહેરે પુત્ર સુણ, મોટમ વાત એ મેર;
તરુણ પણે તીરથ કર્યું, તમને વરસજ તેર.

ચંદ્ર ચંદ્રાવતી શામળ.

હિંમત રાખી શ્રી રાવણે, બોલ્યો બોલ ગુણ ગાંઠમાં;
સામળ કહે જીતી જસ લેઇને, વર્યો વેરભાવે વહ્નિકુંડમાં.

શામળ.

વૈશંપાયન એણી પેરે બોલ્યા, સુણ જનમેજય રાયજી;

વિષ્ણુદાસ.

મોરના સોર સોહામણા, દાદૂર બોલેરે જોર;
કોયલડી ટોકા કરે, નાવ્યા નંદ કીશોર;

રત્નો.

કીર આનનપર શ્રીખંડ શોભે, કોયલ બોલે અણછતી;
વનલતા પર પંખી બેઠા, નવ રહેવાયું મારીવતી.

પ્રેમાનંદ.

ડાટવું અને દફનાવવું.

જમીનમાં ખાડો ખોદી તેમાં કોઈ ચીજ નાખી તે ઉપર ધૂળ માટી વગેરે વાળી દેવું એને સાધારણ રીતે ડાટવું કહે છે. દફનાવવું એ શબ્દ કોઇ પ્રાણીના અને વિશેષે કરીને માણસના મુડદાને જમીનમાં ડાટવું એવા અર્થમાં વપરાય છે.

કોઇ ચીજનો થોડો ભાગ જમીનમાં ડાટ્યો હોય અને બાકીનો ભાગ જમીન ઉપર ખુલ્લો રહ્યો હોય તોપણ તે ચીજ ડાટી એમ ઘણી વખત કહેવાય છે.

દફનાવવું એ મુડદા સિવાય બીજી કોઇ ચીજને ડાટવામાં આવે તેને માટે વપરાતો નથી. દફનાવવું એની જગાએ ડાટવું એ શબ્દ વપરાય છે. પણ ડાટવું એ શબ્દની જગાએ દફનાવવું એ શબ્દ સઘળી વખત વપરાતો નથી.

દફનાવવું એ શબ્દ જમીનમાં ડાટવું એને માટે વપરાય છે. પણ ડાટવું એ શબ્દ જમીન સિવાય બીજી કોઇ ચીજમાં અથવા ચીજથી ઢાંકી દેવું એને માટે પણ વપરાય છે.

દાખલા.

એ મ્લેચ્છ લોકોને ગુજરાતની ધરતીમાં દટાવું સરજીત હશે તેથી કાળ તેઓને લલચાવીને અહીં લાવ્યો હશે.

કરણ ઘેલો.

ઉંડું નીચું ભોંયમાં, ધન ડાટે જન જોય;
નીચે સ્થાન જવા કરે, પસ્તાતું જન તેય.

હિતોપદેશ.

આંધળાનું જીવવું તે મરવા કરતાં ઘણુંજ ભુંડું..............
......એતો જીવતું મોત. અરે! એતો જીવતાં ભોંયમાં દટાવું! અરે! આત્માને શરીરની કબરમાં દફન કરીને ફરવું."

કરણ ઘેલો.

વળી આખે રસ્તે ચીનના કારીગરોની બનાવેલી આતશ બા-

છે મંગાવેલી હતી તેમાંથી તરેહ તરેહવાર ઝાડો થોડે થોડે અંતરે દાટેલાં હતાં.

કરણ ઘેલો.

"મારા પ્યારા જોન"—મારી બાયડી મરણ પામી છે અને મને શોકાણુ છે માટે તેને દફનાવવાની ક્રિયા મહેરબાની કરી કરજે.

માસિક સારસંગ્રહ.

દર્શન કરીને પાછા આવતાં ગામની પરવાડે એકાંત જગામાં કોઈ પરદેશી મુસલમાન તેની ડોશીનું મુડદું દફનાવતો તેમના જોવામાં આવ્યો.

ગર્ધવસેન.

ઝાલવું અને પકડવું.

કોઈ વસ્તુ હાથમાંથી પડી, ખસી, કે છટકી જાય નહિ એમ રાખવી તેને **ઝાલવી** એમ કહે છે. તેવી વસ્તુ ઘણા બળથી ઝાલવી તેને **પકડવી** કહે છે. ઝાલવા કરતાં પકડવામાં વધારે બળ વાપરવામાં આવે છે. ઝાલેલી વસ્તુ પડી ખસી કે છટકી ન જાય એને માટે જેટલું જોર વાપરવાની જરૂર હોય તેટલા જોરથી તે હાથમાં રાખવામાં આવે તો તે **ઝાલી** રાખી એમ કહેવાય છે; પણ તે વસ્તુ નાસી કે છટકી ન જાય તેને માટે ઘણા બળથી ઝાલી રાખે તો તે **પકડી** રાખી એમ કહેવાય છે. કેટલીક વખતે પકડવું અને ઝાલવું એ શબ્દો એકજ અર્થમાં વપરાય છે.

દાખલા.

અગણિત બ્રહ્મનું ગણિત લેખું કરે, દુષ્ટ ભાવે કરી માળ ઝાલે;

નરસિંહ મહેતા.

હાં હાં કહી હેલામાં હરિયે, હરિભક્તનો ઝાલ્યો હાથ;
ખપ કરીને ખપુવો ખેંચી લીધો વૈકુંઠનાથ.

પ્રેમાનંદ.

આનંદ આણિ અંબુજ ભણિ ચાલ્યો. બેસતામાં ગળળાએ ઝાલ્યો.

નળાખ્યાન-પ્રેમાનંદ.

પકડયો પાણ પ્રતિહાર, મહોકમ દીધો માર;
કહ્યું કેત્તી વાર લીધાં પાંચે શીર ગર્દીને.

શામળ.

ચંદુભટ—તું જાય તો મને કેજે હોકે। હું પણ તારી પાછળ આવું ને તને પકડીને હોળીમાં હોમું.

દ્રૌપદી દર્શન-નર્મદાશંકર.

બ૦—પૂંછડેથી પકડાય તે બળદ તે શા કામનો.

બર્થોલ્ડ.

જમવું-ખાવું.

ખાવું એ શબ્દ જમવું એની જગાએ વપરાયછે, પણ જમવું એ સબ્દ ખાવું એ શબ્દની જગાએ બધે ઠેકાણે વપરાતો નથી. જેમકે અફીણ, ઓસડ-ખાવું એને ઠેકાણે અફીણ ઓસડ જમવું એમ કહેવાણ નથી; પણ લાડુ જમો એને બદલે લાડુ ખાઓ એમ કહેવાય છે. જમવું એ શબ્દ રાંધેલી વસ્તુઓ શરીરને પોષણ આપવાને માટે અથવા ભૂખ મટાડવાને માટે ખાવી એ અર્થમાં વપરાય છે, પણ ખાવું એ શબ્દ રાંધેલી તેમજ કાચી અથવા વગર રાંધેલી વસ્તુઓના સંબંધમાં વપરાય છે; જેમ કે તેણે જામફળ-ટેપફ ખાધું, દાળ ખાધી.

રાંધેલા પદાર્થ ખાવાના અર્થમાં પણ જમવું અને ખાવું એ શબ્દો વચ્ચે વિશેષ ભેદ રહેલો હોય એમ જણાયછે. સાધારણ ખોરાક ખાવાને ખાવું કે જમવું કહેવાય છે, પણ જ્યારે વિશેષ ભોજન હોય-કે સગા સંબંધીઓ કે નાત જાતની જમણવાર હોય ત્યારે જમવું એ શબ્દ વપરાય છે, પણ ખાવું એ શબ્દ વપરાતો નથી. કંટાળા કે તિરસ્કારથી બોલતી વખત જમવું એ શબ્દ-

ની જગાએ ખાવું એ શબ્દ કેટલીક વખત વપરાય છે.

ભાવવાચક નામની સાથે ખાવું એ શબ્દ વપરાય છે, પણ જમવું એ શબ્દ બિલકુલ વપરાતો નથી; જેમકે માર ખાધો—ખોટ ખાધી—શેહે ખાધી—તો એ ઉપરથી સિદ્ધ થાય છે કે ખાવું એ શબ્દ ઘણા બોહોળા અર્થવાળો છે, પણ જમવું એ શબ્દ એથી ઓછા અર્થ વાળો છે.

કાઠિયાવાડમાં કેટલીક જગાએ સોપારી જમો એમ કહેવાયછે પણ ગુજરાતના બીજા ભાગોમાં તેમ કહેવાતું નથી.

દાખલા.

બાપા કહિને સૌ બોલાવે, જમવા શાળ દાળ છે;
સ્નેહ વધારે સુંદરીને, રહેવા મેડી માળ છે.

પ્રીતમદાસ.

જમવું જીવન તમથી જુદાં પડી;
હોય વિશ્વ વિધનાં પકવાનન્તે વિખનાં નિશાન,
સાથે રાખો સ્નેહથી.

દલપતરામ.

સગર્પણી થઈ સ્વાદ, શીરાપુરી જમતા,
ગુરૂનો લેઈ પ્રસાદ, રાગા સંગે રમતા.

કૃપારામ.

અમે વનફળ ખાઇ ખુશીમાં રહેશું,
કોઇ દિવસ તો કેવળ શાક, વિનાલુણ પાક, પધારો પીયર પ્યારી.

દલપતરામ.

વગર મેનતે ખાય, પારકા માગી મેવા,
વગર મેનતે ખાય, હરાયા સાંઢો જેવા.

નરભેરામ.

એકવાર વનમાંહું ગયો, ત્યાં વન હતું ઘનઘોર,
મેં ભાવ જોયો ભીલડીનો, ખાધાં એઠાં બોર.

ગોકુળ વિશે હું અવતર્યો, શિર પીંછ ધરતો મોર,
ખાતો હું માખણુ તસ્કરી, જગમાં કહેવાયો ચોર. અરજુન.

ધનદાસ.

સુણુસાહેલી ઇશ્વર કેરી માયા અપરંમ પારજો,
ગુણુ શું ગાઉ, શીવવિરંચી સહુએ ખાધી હારજો.

નર્મદાશંકર

ફોગટ માટે પરઘર જઈ ખાય ગાળ હો, બાઈ.

ભાલણુ.

કાઢી નાખે ઉભરે જેમ; ડુસકાં ખાઇ ખાઇ તેમ.

નર્મદાશંકર.

જાણવું અને ઓળખવું.

કોઈપણ વસ્તુના ગુણ, દેખાવ અથવા લક્ષણની માહિતી મ-ળી હોય તો તે વસ્તુ જાણી એમ કહેવાય. પણ તેવી માહિતીને આધારે ફરીથી તે વસ્તુ દેખવામાં, સાંભળવામાં, અનુભવમાં કે કલ્પના-માં આવેથી તે પારખી શકાય તો તેને ઓળખી એમ કહેવાય. ઓળખવાને માટે કોઇપણ ગુણ, દેખાવ અથવા લક્ષણ વગેરેનું વિશેષ જ્ઞાન થયું હોવું જોઇએ, કેમકે તેવા જ્ઞાન સિવાય તે વસ્તુ કયી છે એમ કહી શકાય નહિ. જાણવું એ શબ્દ સાધારણ જ્ઞાનની સંજ્ઞા તરીકે વપરાય છે. ઓળખવું એ શબ્દ વિશેષ જ્ઞાન અથવા માહિતી બતાવે છે. જાણેલી વસ્તુમાં જે ગુણ જાણવા લાયક હોય તે જાણી ધ્યાન રાખવામાં આવ્યો ન હોય તો તે વસ્તુ ઓળખી ન-થી એમ પણ કહેવાય છે.

જાણવું એમાં ભ્રાન્તિનું જ્ઞાન તે પણ આવી જાય. પણ ઓ-ળખવું, એમાં ભ્રાન્તિ ના આવે એટલુંજ નહિ, પણ ભ્રાંન્તિ અને એની વચ્ચેપરસ્પર વિરોધજ; ભ્રાન્તિનો નાશ એના અર્થમાં આવે.

દાખલા.

નથી જાણુતો ધર્મ ખટ કર્મ સેવા,
નથી જાણુતો જપ તપે દાન દેવા.

કાળિદાસ.

માળી મુની ભણી ધાયો, ચોર બેઠો જાણી;
પ્રહાર એક મુષ્ટીનો કીધો, ઝટ કર ગ્રહી તાણી.

પ્રેમાનંદ.

જમનાજીમાં નાહિને એટલે આવિયા,
જુવતિયે તો જાણ્યા શ્રી ભગવાનજો;
રઘુનાથના સ્વાંગીનાં સેવક ઓળખ્યા,
અરસપરસ ત્યાં દીધાં ઝાઝાં માનજો. ઓધવજી.

રઘુનાથદાસ.

રાંકની જાત તે રત્નશું ઓળખે, આખર ચેતન ચાકરનો;
ગરીબ તણે ઘેર પેટ ભરેતે, ઠાઠ શું જાણે ઠાકરનો?

શામળ ભટ.

સર્વ નાગરિયો પાયે પડે, ક્ષમા કરો અપરાધરે;
અમો અજ્ઞાનીએ ઓળખ્યા નહિ, તમે સર્વ શિરોમણ સાધ.

પ્રેમાનંદ.

ભાગવું અને ફોડવું.

કોઇ પોલી ચીજને ભાગવી અથવા તેમાં તડ, છિદ્ર કે કાણું કરવું એ અર્થમાં ફોડવું એ શબ્દ વપરાય છે. કોઈપણ નક્કર ચીજના કકડા કરવા અથવા તેના જોડાએલા ભાગોને જુદા કરવાના અર્થમાં ભાગવું એ શબ્દ વપરાય છે. ફોડવું એ શબ્દને ઠેકાણે ભાગવું એ શબ્દ ઘણી વખત વાપરી શકાય છે, પણ નક્કર ચીજોની બાબતમાં ફોડવું એ શબ્દ ભાગવું એ શબ્દની જગાએ ઘણું કરીને વપરાતો નથી. ભાવવાચક નામોની સાથે ફોડવું અને ભાગવું એ શબ્દો જુદા જુદા અર્થમાં વપરાય છે.

ફોડવું એ શબ્દ ક્રિયાના અનુકરણમાંથી થયેલો હોય એમ લાગે છે.

દાખલા.

સાતમો છાણુ માટીનો હોય, તેતો **ભાગી** હું નાંખુ સોય.

લજ્જારામ.

બપોરી વખતે નિત્યના નિયમ પ્રમાણે, રાજા પોતાના ઓરડામાં આવવા લાગ્યો અને ઉમરો ઓળંગીને પગ નીચે મૂકે છે એટલામાં પેલા દુધના વાસણને ઠેસ વાગી તેથી તે **ભાગી** ગયું.

બર્થોહડ.

ભાગીને સાંજી કરે, ગુપ્ત રીતે ઘડીઆળ;
જાદુ જરા ન જાણવું, જુગતીની એ જાળ.

જાદુકપટ પ્રકાશ.

ધનુષ તો એણે ભાગિયું, ઘણા અસુરનું કુળ લાજિયું.

નાનો ભક્ત.

કોણે **ફોડી** હો, આ ગોળી કોણે **ફોડી** હો;
સાદ સાંભળી નાઠા નરહરિ, અંબા દોડી હો. આ ગોળી.

પ્રેમાનંદ-દશમ.

શુભ વનમાં વન્હિ ફૂંકોરે, સરોવર પાળ **ફોડી** મૂકોરે.

પ્રેમાનંદ સસમ.

પર્વનાં **ફોડો** જળ પાત્રરે, ધાય મુને પ્રાણી ગાત્રરે.

ભોજન.

બળવું, સળગવું અને લાગવું.

કોઇ ચીજને ગરમી લાગ્યાથી તે જલદી ભડકો થઇ બળવા માંડે ત્યારે તે **સળગી** એમ કહેવાય. જ્યારે અગ્નિનું જોર અને વિસ્તાર વધે ત્યારે **લાગવું** એ શબ્દ વપરાય છે. **બળવું** એ શબ્દ ગરમી અને તાપની અસર સામાન્ય રીતે બતાવે છે. **સળગવું** એ શબ્દ જલદીથી ભડકો થઇ બળવું એનો અર્થ બતાવે છે.

પણ બળવું એ શબ્દમાં હમેશ એવો અર્થ રહેલો હોય એમ જ-ણાતું નથી. લાગવું એ શબ્દ જે પ્રમાણે અગ્નિનું જોર અને વિ-સ્તાર બતાવે છે તે પ્રમાણે સળગવું અને બળવું એ શબ્દો બ-તાવતા નથી. બળવું એ શબ્દ સળગવું અને લાગવું એને ઠે-કાણે વાપરી શકાય છે, પણ લાગવું અને સળગવું એ શબ્દો બ-ળવું એ શબ્દને ઠેકાણે હમેશ વપરાતા નથી. લાગવું એ શબ્દ જ્વાળાગ્રાહી પદાર્થ કોઇ ચીજમાં ઘણે અંશે છે એમ સૂચવતો ન-થી, પણ જ્વાળાગ્રાહી પદાર્થનો તે પરિણામ બતાવે છે. સળગવું એ શબ્દ જ્વાળાગ્રાહી પદાર્થની હયાતી ઘણે અંશે છે એમ સૂચવે છે. સળગવું અને લાગવું એ શબ્દ ભડકાની હયાતી બતાવે છે; પણ બળવું એ શબ્દ હમેશ તેમ બતાવતો નથી.

દાખલા.

વળતી બાજીગરે એક તેલનો કાકડો સળગાવી વીંટીવાળા દોરા ઉપર ધર્યો એટલે તે દોરો બળવા લાગ્યો.

જાદુ કપટ પ્રકાશ.

પછી ઘરના જે ભાગમાં જલદીથી બળે એવા પદાર્થ હતા ત્યાં એક મોટો કાકડો સળગાવી મુક્યો.

કરણ ઘેલો—

ધોતિયું સળગ્યું અને ભડ ભડ લાગવા માંડયું.

સરસ્વતી ચંદ્ર.

છણુ છણુતે તેલે છાંટિએ, લઇને નિર્મળ ઠંડુ જો નીર;
સળગી ઉઠે એતો સામટું, વળી સામાનું બાળે શરીર.

વેન ચરિત્ર.

બ્રાહ્મણો તે ઉપર ઘી પુષ્કળ રેડે છે અને મશાલવડે ઘાસ-કાંટાને સળગાવી મુકે છે. કરણ ઘેલો.

ચાલવું, હિંડવું, અને હાલવું.

ચાલવું એ શબ્દ **चल्** (=ધ્રુજવું–હાલવું–જવું–ચાલવું) ધાતુ

ઉપરથી થયો છે. હિંડવું એ શબ્દ હિંડ્ (=પગવડે એક સ્થળેથી બીજે સ્થળે જવું) ધાતુ ઉપરથી થયો છે **ચાલવુ** એ શબ્દનો અર્થ જવું, હિંડવું, ગતિમાં હેવું વગેરે થાયછે. હિંડવું એ શબ્દનો અર્થ એટલો બધો બોહોળો થતો નથી. હિંડવાથી ગતિપ્રાપ્ત થાય છે તેમજ ચાલવાથી પણ થાયછે, પણ સર્વપ્રકારની ગતિને માટે હિંડવું એ શબ્દ વપરાતો નથી; માત્ર પગવડે ચાલવાથી જે ગતી થાય તેને માટે વપરાય છે. પણ ચાલવું એ શબ્દ ઘણું કરીને સર્વ પ્રકારની ગતિને માટે વપરાયછે. હિંડવાથી અંતર કપાય છે પણ **ચાલવાથી** હમેશ એમ થતું નથી. **હાલવું** એ શબ્દ કાઠિયાવાડ તરફ **હિંડવું** અને **ચાલવું** એ અર્થમાં ઘણો વપરાય છે. સૂરત તરફ **ચાલવું** એ શબ્દ વધારે વપરાય છે. અને હિંડવું એ શબ્દ અમદાવાદ તરફ વધારે વપરાય છે. **હાલવું** એ શબ્દનો સાધારણ અર્થ **હિંડવું** અને ચાલવું એઓનાથી કેવળ જુદોજ થાય છે. હિંડવું એ શબ્દ ગ્રામ્ય થતો જતો હોય એમ જણાય છે.

દાખલા.

જળ ભર્યા જેવાં આભલાં, **ચાલતાં** માતંગ;
શબ્દ કરતા પુઠે ફરતા, શોભે પાખર તુરંગ.

પ્રેમાનંદ.

જે કદી **ચાલતો** નથી તે કદી પડતો નથી. **બર્થોલ્ડ.**

ચાલિ ચિત્ર લેખા જોતિ માગ, સામસામાં શોભિતાંછે ધામ;

પ્રેમાનંદ.

મસ્તક ગંગતરંગ, ચહૂ પાસે તે **ચાલે**;
કરતી હણુહણકાર, ભૂપ સઉ નજરે ભાળે.

શામળભટ.

શ્વાન ભસાવે **હીંડે** છકયો, હર્યો નહીને ઘર નવ રખ્યો.

અખોભકત.

ખાધાં મચ્છ હશે શકતી ઘણી, હિંડતાં **હારે** પાપણી.

નળાખ્યાન પ્રેમાનંદ.

ઘણું ઘેર હિંડે નિર્લજ, શાસ્ત્રે પણ તજવી કહી;
જિમ પ્રેત દષ્ટે પડ્યું ભોજન, જમવું પણ જુગતુ નહીં.

ઉદયરત્ન.

કરો કરોરે દીવડા ઘ્રતગાળી, હાલોહાલોરે હાથમાં હેમ થાળીજો.

રામકૃષ્ણ.

હાલોહાલોરે રામ તણા રસ્તામાં ભાઈ સીધા ચાલો;
રહો છાના જૂઠું શીદ ભાળો, તમે ભાઇ હરિસંગે મા'લો.

ધીરો ભક્ત.

તું તો હાલને મારે ઊતરરે હો કરહણિયા;
... ...

નરસિંહ મહેતો.

આવવું અને પધારવું.

છેટુ ઓછું થતું જાય તેમ કોઈની તરફ ચાલવું અથવા ચાલી મળવું એવા અર્થમાં આવવું એ શબ્દ સાધારણ રીતે વપરાય છે. પધારવું એ શબ્દ પણ એવાજ અર્થમાં વપરાય છે, પણ તે માત્ર માન આપવાની ખાતર વપરાય છે. કોઇ દેવ ગુરૂ કે મોટા માણસ ના આગમન વિશે બોલતાં પધારવું એ શબ્દ વપરાયછે. પધારો એ શબ્દ માનાર્થે જાઓ એવા અર્થમાં પણ વપરાય છે. આવવું એ શબ્દનો એવો ઉલટો અર્થ થતો નથી.

દાખલા.

બ૦—દીપડુ ખાડામાં પડ્યુ ત્યારે શિયાળે તેને કહ્યું કે, તારે અહિં આવવું જોઈતું નહોતું.

બર્ગોદહ.

રૂડા દીસો છો રાજેશ્વર મંદીર આવતારે, રૂડા દીસો છો;
દયારામ.

કાંઇ મોસાળું સારૂં લાવજો, સંપત હોય તો ઇહાં આવજો;
કાંઇ નાગ થાયજો પૃથ્વિ તળે, સાસરીયાનું મેણું ટળે.
પ્રેમાનંદ.

શ્રી પુજ જ્ઞાન વિજયજી મહારાજ સુરી આ જગા ઉપર શ્રી પાટણુથી ઘડી એકમાં પધારવાના છે, તેમના અમે સેવકો છઇએ.

વિરમતિ નાટક.

મુનિ કહે પુર સમીપ પધાર્યા, પછી મુને મોકલ્યો રે;
કહાવ્યું હારાં રહેજો પ્રસન્ન, દિવસ આવ્યો ભલો રે.
દયારામ

સમ ખાઇને સાચું કહું, આજ રાણી કોની ન રહું;
પધારો *પધારો પરભાવતી, વાર ન લગાડો રેણે રતી.
સામળભટ—સુડાબોતેરી.

છોડવું, તજવું અને છાંડવું.

કોઇ ચીજ કોઈ પણ પ્રકારના પ્રતિબંધમાં હોય તેને તે પ્રતિબંધમાંથી મુક્ત કરવી અથવા આપણા હાથમાં હોય કે આપણને કોઇ પણ રીતે વળગેલી હોય તેને મૂકી દેવી એને માટે છોડવું એ શબ્દ વપરાય છે. તજવું એટલે તેવી કોઇ ચીજને દૂર [illegible] છાંડવું એટલે તિરસ્કારથી અથવા અભાવથી તજવું. [illegible] પાસેની અથવા આપણને વળગેલી વસ્તુમાં અવગુણ છે [illegible] જાણવામાં આવેથી અથવા તેથી આપણે દૂર રહેવું જોઇએ [illegible] ગ યોગ્ય જણાયાથી આપણે તેનાથી જુદા થવાને માટે તેને [illegible] ડી દઇએ ત્યારે, તેમજ તે ઉપરથી પ્રિતિ ઉઠી જવાના કારણથી તેને છોડી દઇએ ત્યારે

* જાઓના અર્થમાં વપરાયો છે.

તજવું એ શબ્દ વપરાય છે. તજવું શબ્દ વાપરતી વખતે તજનારના મનમાં તજવાની વસ્તુ વિષેનો અભાવ, અપ્રિતિ કે સહજ ધિક્કાર વગેરેનો આભાસ માલુમ પડે છે. છાંડવું-શબ્દ વાપરતી વખતે તેવો અભાવ વગેરે ઘણો જણાય છે. છોડવું એ શબ્દમાં એવો અર્થ સમાયેલો જણાતો નથી. પરણેલી સ્ત્રીને અભાવથી અથવા બીજા કોઈ કારણથી છોડી દેવી એને માટે પણ છાંડવુ એ શબ્દ વપરાય છે. કેટલીએક વખત એ ત્રણે શબ્દો એક બીજાની જગાએ વપરાય છે.

દાખલા.

ઉપરા ઉપરી બંધન દીધાં, ચીંથરાં દશ વીસ;
રત્નની પેરે જત્ન કીધુ, જાગ ચડે છોડતાં રીસ.

સુદામા ચરિત્ર-પ્રેમાનંદ.

વેણુથી વાછને છોડી નૃપ દોડિયો,
શીર્ષ જઇ જોડિયા પાગ આગે;
મા' મુનિ આત્મદર્શી નહીં ઓળખ્યા,
પુંડરીક ઇંદીવર જોઇ ત્યાગે.

અષ્ટાવક્રાખ્યાન-પ્રેમાનંદ.

અતિ ત્રાસથી કેટલાક ઘરબાર છોડી નાસી ગયા.

સુરત-માંડવીનું દેશી રાજ્ય.

માત કોપથી ભમે કુમાર, કેવું તજિયું છે ઘરબાર.

અષ્ટાવક્રાખ્યાન—પ્રેમાનંદ.

મોટા આશે માનની, તજે તુચ્છ શરીર,
તું તે મનોરથ તજી, સહે દુખ ધરી ધીર. સ્વામી.

પાર્વતી કુંવર ચરિત્ર.

ભણતાં ગણતા આળસ તજીએ, લખતાં વાત ન કરીએજી;
પરહસ્તે પરદેશ કાને, આપણું નામ ન ધરીએ; સૂણજો.

વીર વિજય.

ત્રીજી વાડેરે ત્રિભુવન રાજિયોરે, એણિ પેરે દે ઉપદેશ;

આસન છાંડો રે સાધુજિ નારિનૂ રે, મૂર્ત લગે સ. વિશેષ.

ઉદયરત્ન.

પિતા ઘેર જે પુત્રી, હોય રિધ્ધી પણ રાંડી;
બોલે પુંઠળ લોક, કહે જે કંથે છાંડી.

શામળ ભટ.

ઇહાંથિ જઇ વનમાં તપ માંડ, હરિ ભજીને કાયા છાંડ;
ફરી જનમ લે મારે શરીર, તો તને રાજ અપાવીશ વીર; જેજે.

કાળિદાસ.

ઉશ્કેરવું અને ચડાવવું.

ઉશ્કેરવું એ શબ્દ સારૂં તેમજ માઠું કામ કરવા સારૂ મનની જે વૃત્તિઓ સુસ્ત હોય તેને જાગ્રત કરવી એને માટે વપરાય છે; પણ ચડાવવું એ શબ્દ કાંઈ ખોટું કામ કરવાને ઉશ્કેરવું એને માટે વપરાયછે. ઉશ્કેરનારનો હેતું સારો કે નઠારો હોયછે, પણ ચડાવનારનો ઇરાદો સારો હોતો નથી. કામ કાઢી લેવા માટે અથવા કરાવવા માટે સામાના વખાણ કરવાં કે જેથી કરીને તે કામ કરે તેને પણ ચડાવવું કહે છે. ઉશ્કેરવું એ શબ્દ ચડાવવું ને ઠેકાણે વાપરી શકાય, પણ ચડાવવું એ શબ્દ હમેશ ઉશ્કેરવાની જગાએ વપરાય નહિ.

દાખલા.

રત્ન—તમારા રાજાનાં પરાક્રમ અમે બહુ સાંભળેલાં ને તે સંભળાવી સંભળાવીને ભુવનાદિત્યને સહુએ ઉશ્કેરેલા.

કાન્તા.

શ્રોતાઓમાં કેટલાકનાં મન ઉશ્કેરાયાં, અને લાભ આવે તો દેશાટણ કરવાની ઉત્કંઠા કોઇકને થઇ.

કરસનદાસ ચરિત્ર.

માણસનું હૈયું ઉશ્કેરાય તેને જે આનંદ થાય તેનું નામ રસ.

નિબંધ રીતિ.

તેમણે ઠરાવ્યું કે મહારાજાને એક બે વધારે પ્યાલી શરાબની આપી એવી હાલતમાં લાવી મૂકવા, કે તેઓ નિશાના તોરમાં આપણે જે કંઇ ચઢાવીને કહીએ તે કબુલ કરે.

ગર્ધવસેન.

સાસુના ચડાવવાથી ભેવકૂફ વર તેને ઠોકે.

કરસનદાસ ચરિત્ર.

વિગળાએ તેને વ્હડાવ્યો, મોહનસિંહ અથવા માનસિંહે તેને ઉત્તેજ્યો, સુગુરૂએ તેને ઉપાડ્યો અને કોમળ સ્વભાવનાં માતાજીએ પણ તેને ઉદ્દેશ્યો તદપિ બળવાન શત્રુ ઉપરજ કરડી દૃષ્ટિ નાખનાર માધવસિંહે પોતાના બાપના કહેવાતા અને અત્યાર સુધી ગણાયલા છોકરાનો વાંકો વાળ ન થવા દીધો તે નજ થવા દીધો.

કુસુમાવલી.

લડવું અને વઢવું.

સામ સામી એક બીજાને ગાળો દેવી અથવા સહેજ મારંમારા કરવી, તેમજ સરકારમાં એક બીજાની સામે કજીયો ચલાવવો એને માટે વઢવું એ શબ્દ વપરાય છે. લડવું એ શબ્દ વઢવાના અર્થમાં વપરાય છે એટલુંજ નહિ પણ હથિયાર વડે સામસામી કાપંકાપા અને મારંમારા કરવી એવા અર્થમાં એ વપરાય છે. હથિયાર વડે મારામારી કરવી એ અર્થમાં વઢવું એ શબ્દ હાલમાં ઘણું કરીને વપરાતો નથી; પરંતુ જૂના કવિયોએ વઢવું એ શબ્દ શસ્ત્રવડે યુદ્ધ કરવું એવા અર્થમાં ઘણી વખત વાપરેલો હોય એમ જણાય છે. હાલના વખતમાં વઢવું એ ઘણું કરીને વાગ્યુદ્ધને પ્રસંગે વપરાતો માલમ પડેછે, અને શસ્ત્રયુદ્ધને પ્રસંગે લડવું એ શ-

બ્દ વપરાય છે. વઢવું એ શબ્દ હાલમાં ગ્રામ્ય થતો જતો હોય એમ જણાય છે. આ બે શબ્દો વચ્ચેનો તફાવત લડાઇ અને વઢવાડ વચ્ચેના તફાવત જેવો છે.

દાખલા.

આવે દલાલને લાવે લટકતા, વેપારી ટોળે ટોળે;
લડે, વઢે, દે ગાળ, ખેંચે, સમ ખાય, કરે કાંગા રોળ
રમીએ ગૂજરાતે રે.

બાળ-ગરબાવળી.

શૂરા પૂરા સનમુખ લડેરે, ળીકણું છાના રહીને છેક;
જીત સુધારાની સહુ ચહેરે, અદ્ભૂત કરે ઉપાય અનેક.

દલપતરામ.

હેમ૦—ના મહારાજ, પણ એવા રાજાઓ સત્યે લડેછે; ખરા કારણ વિના કંઇ કુદી પડતા નથી.

વીરમતિ નાટક—નવલરામ.

જર્મનીમાં બવેરિયાનો રાણો ફ્રેંચ સાથે મળી જઇ પાદશાહના લશ્કર સાથે લડવા મંડયો.

અંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ.

જાણે "જીત" શબ્દમાં સર્વ ઠેકાણે મોહિની હોય તેમ દાવો જીતનાર પુષ્કળ ખરચ થયા છતાં પોતાની જીત થવાથી ફુલાય છે, અને હારનાર પોતામાં દમ હોય ત્યાં સુધી, તથા કાયદાને આધારે જેટલું લઢી શકાય તેટલું લઢયા છતાં, પોતાની કચાશથી નહીં, પણ પોતાનું ન ઉપજવાથી, છેલ્લી કોર્ટમાં હાર ખાધાથી તેથી સંતોષ પામે છે.

ગર્ધવસેન.

સાસુને કહે શોક્ય, વહુ સામી રહી વઢતી,
પછી મૂકતી પોક, રાંક સરીખી રડતી.

કૃષ્ણરામ.

સતયુગમાં મુનીજન વઢયા, આણીને અભિમાન,
દ્વેષે ખટ-દર્શન હવાં, થે તાણાતાણ.

છોટમ.

અભિમાન ન ધરવુંરે, કે વઢવું ન કો સંગે,
વેણુ ઘટતું વદવુંરે, રે રહિ નિજકુળ ઢંગે.

ભામિનીભૂષણ.

બાંધી હય અમથો કેમ મુકું, સીતા પામે લાજ;
તે માટે તમને કહું સાચું, મારે વઢવું આજ.

તુલસીદાસ.

શોધવું અને ખોળવું.

જે વસ્તુ હયાતીમાં છતાં ખોવાવાથી અથવા બીજા કોઇ કારણથી જડતી ન હોય તે જડે એને માટે જે ઉદ્યમ કરવો તેને **ખોળવું** અથવા **શોધવું** કહે છે. પણ જે વસ્તુ હયાતીમાં તેના અમુક આકારમાં ન હોય તે વસ્તુ યોજી કાઢવી તેને **શોધવું** કહે છે. કોઇ વસ્તુનો રામબાણ ઇલાજ ન હોય, પણ ઉદ્યમ કરી યોજી કાઢવામાં આવે તો તે ઈલાજ **શોધી** કાઢ્યો કહેવાય છે, પણ ખોળી કાઢ્યો કહેવાતો નથી. ખોવાઈ ગયેલું છોકરૂં જડે એને માટે જે ઉદ્યમ કરવો તે **શોધવું** અથવા **ખોળવું** કહેવાય છે. પણ આગગાડી, તાર વગેરે યંત્રો જેણે યોજી કાઢ્યાં તેણે નવી શોધ કરી એમ કહેવાય છે. ખોળવામાં ચતુરાઇ, ડાહાપણ કે યુક્તિનો થોડો ઉપયોગ થાય છે, પણ **શોધવામાં** ઘણો ઉપયોગ થાય છે. કસબમાંથી રૂપું અને સોનું જૂદું પાડવાની ક્રિયાને **શોધવું** કહે છે, **ખોળવું** કહેતા નથી. બીજી ધાતુ અને ઉપધાતુઓ સાફ કરવાની ક્રિયાને પણ **શોધવું** કહે છે.

દાખલા.

જ્યારે જ્યારે નવા નવા રોગ દુનિયામાં પેદા થાય છે, ત્યારે તેનો તપાસ કરીને તેને લાગુ પડે એવાં ઓસડ નવા નવા વૈદ **શોધી** કાહાડે છે.

પુનર્વિવાહ પ્રબંધ.

માયા તો અદભૂત છે હરિ તણી, થાયે નહીં માપરે;

પોઢા કારણ શું હશે જગતમાં, શોધ્યા તણું પાપરે.

કરણ ઘેલો.

સુત્ર ભાષ્ય ભણી તે મહિલા, પામી જેનો ઝટપટ અંત;
સિદ્ધાંત એક શોધીને કાઢયો, જાણે જેકો પ્રજ્ઞાવંત.

અષ્ટાવક્રાખ્યાન.

ચાર વેદ ખટ શાસ્ત્રનો, વારે વારે કર્યો વિચાર;
ઉપનિષદનો અર્થનો, શોધતાં નિકળ્યો એ સાર;

દયારામ.

જેમ પંડીત શાસ્ત્રાર્થ શોધે, વળી મચ્છ રૂપ ધરી વેદ,
વળી પકવ મુમુક્ષ ગુરૂને ખોળે, પામી જયા નિર્વેદ.

ગિરધર.

બપોર નમતે ઠકરાળાં ઘરમાં શેર ખીચડુ પડયું હશે તે ઓ-રવા માટે વાસણ ખોળવા લાગ્યાં, તો પોતાની એકની એક મા-ટીની હાંલ્લી હશે તે ભાગેલી નીકળી.

ગર્ધવસેન.

બીડની પીડ બે સહી શકયા નહિ જરા, નાશી પેઠા ગુફા કેરી માંહે;
અશ્વ આરોહી નૃપ ખોળતો દશ દિશે, વકી કે શ્વેતકેતુન ત્યાંહે.

અષ્ટાવક્રાખ્યાન.

જેમ ગાહા યાત્રામાં વીછોહ થયો હોય,
માતને ખોળે કુમાર.

ગિરધરદાસ.

અટકવું અને થોભવું

આ બંને શબ્દો ગતિનો ભંગ થવો અથવા ગતિ બંધ પડવી એવો અર્થ બતાવે છે. બીજા કોઈ પ્રાણી કે વસ્તુની રાહા જોઇ ઊભા રહેવું અથવા અમુક વખત સુધી અટકવું એ અર્થમાં થો-ભવું એ શબ્દ ઘણું કરીને વપરાય છે. ચાલતી ગતિ બંધ પડે ત્યારે અટકવું એ શબ્દ સાધારણ રીતે વપરાય છે. એમાં બીજા

કોઇ પ્રાણી કે પદાર્થ કે અમુક વખતની રાહ જોવાનો અર્થ રહેલો હોય એમ જણાતું નથી, પણ થોભવું એ શબ્દમાં એવો અર્થ રહેલો હોય એમ જણાય છે. કેટલીક વખત આ બે શબ્દો એક બીજાની જગાએ વપરાયેલા માલમ પડે છે.

દાખલા.

ઉત્તરમાં અટકે નહીં, બહુળી જેની બુદ્ધ,
ઉચિત વચન તે ઉચરે, તન મન રાખી શુદ્ધ.

છોટમ.

દેશ દેશની દુકાન સર્વ અટકિયો,
ગાલ્લ ખોટ જોઈ જીવરાજ ફટકિયો.

જીવરામ ભટ.

ઓપે જાશે એનો, ચેનો ચિત્તે ચતુર ગુણાળા;
પોળે જાતાં અટકે, ખટકે ખાંતે ખરેખરૂં વા'લા.

અષ્ટાવક્રાખ્યાન-પ્રેમાનંદ.

તેઓ દાખલ થઇને બેસે ત્યાં સુધી તગારે થોભવું, અને ત્યાર પછી ઉઠીને ઘર ધણીઆણીની રજા માંગવી, અને બીજાં આવનારાંઓને સભ્યતાથી નગવું.

વિવેક વાણી.

સખી એકે ન રહ્યો આધાર, ક્યાં જેને થોભિયે;
હવે ભૂમાનંદના નાથ વિના શું શોભિયે.

ભૂમાનંદ.

પુસ્તકો વાંચી તેઓ પોતાનું ગન ભરે ત્યાં સુધી કાંઇ મહેતાજીથી થોભી શકાય નહિ.

નિબંધરીતિ—નવલરામ.

થાકે પણ થોભે નહીં, ભલો ઉપાડે ભાર,
કામ ધણીનું તે કરે, ગર્ધબ બહુ હુશિયાર.

છોટમ.

ધાવું અને દોડવું.

લાંબાં પગલાં ભરી ઘણુંજ ઉતાવળું ચાલવું તેને દોડવું કહે છે. કોઇ વસ્તુ કે પ્રાણી તરફ તેને સહાય થવાને, પકડવાને, તેની સામે થવાને, તેની પાસે કામ કરાવી લેવાને કે એવાજ બીજા કોઇ હેતુ કે ઉદ્દેશથી તે તરફ ઝડપથી દોડવું તેને ધાવું કહે છે. દોડનાર માણસનો હેતુ પણ ઉપર પ્રમાણે હોઇ શકે છે, અને એવાજ હેતુથી તે દોડતો હોય તો ધાય છે એમ કહેવાય; પણ જ્યારે દોડનારનો હેતુ માત્ર ઝડપથી જવું એટલોજ હોય તો તે ઠેકાણે ધાવું એ શબ્દ દોડવું એ શબ્દની જગાએ વપરાય નહિ. 'ધાવું' એ શબ્દ વાપરવામાં આવે છે ત્યારે ધાનારનો હેતુ પ્રધાનપણે બહાર પડતો જણાય છે; દોડવું એ શબ્દ વાપરતાં વખતે તેમ થતું હોય એમ જણાતું નથી. કેટલીક વખત ધાવું એ દોડવાના અર્થમાં વપરાયછે.

દાખલા.

ઊચીને કોટેરે ભાઇ શું દોડતોરે, આગળ તો આવેછે મહા અર્ણું,
રામકૃષ્ણ પ્રભુરે સાચા સેવજોરે, તે પ્રભુ રાખશે તુજને શર્ણું.

રામકૃષ્ણ.

બાળક પ્રકટ્યું કહ્યું કંસને, કે દોડી ઝટ આવ્યો;
કર ખડગ ધરી દેવકીશું,બોલ્યો, તેં બાળક ક્યાંહી છુપાવ્યો."

દયારામ.

એમ વદી ગઈ પતિની પાસે, દોડી દોડી દોટ;
જામાતા જળમાં તો ડૂબ્યો, ભામિની ભુમિ લોટ.

અષ્ટાવક્રાખ્યાન—પ્રેમાનંદ.

તેથી સ્મશાન ફરતો નર માંસ દેવા,
ધાયો સુણી રૂદન તાઈ દયામણું આ.

માલતી માધવ.

ભાઇ તો નથીજનો નકાર કરે મૂળથી,
ભાઇ તો મેસોડા પુઠે ધાય.. દેશી.

નવલરામ.

રૂઠ્યો રાવણ રાય, ધીર ધસમસતો ધાયો;
મારી મુઠ મરોડ, શૂર પૂછેથી સાંધ્યો.

અંગદવિષ્ટિ—શામળ.

ગોરાણી તો ગાભરી થી, પોકારે પરમેશ્વરીશી;
હા! હા! રે! રે! ધાઓ ;કો, પુત્રી મરતી સાંઓકો.

અષ્ટાવક્રાખ્યાન-પ્રેમાનંદ.

એવે દાસી ધાતી આવીરે, તેડી નાથે પાસે બોલાવીરે.

સુદામા ચરિત્ર.

ભણવું અને શિખવું.

ભણવું એ શબ્દ સંસ્કૃત **भण्** (અવાજ કરવો, બોલવું) ઉપરથી થયો છે. ગુજરાતીમાં એનો અર્થ, કોઇ વિદ્યા કે શાસ્ત્રનું જ્ઞાન એવી રીતે મેળવવું કે તે સબંધી પાઠ મોઢે બોલતાં કે વાંચતાં આવડે એવો થાય છે. કોઇ વિદ્યાના વિષય સંબંધી માત્ર સમજણુથી માહિતી મેળવવામાં આવે એને **ભણવું** કહેવાય નહિ. **શિખવું** એટલે કોઇ વિદ્યા શાસ્ત્ર હુનર અથવા હરકોઇ વિષયનુ જ્ઞાન મેળવવું અથવા કોઈપણ કામ કરતાં આવડે એને માટે ઉદ્યમ કરવો. **ભણવું** એ શબ્દ કોઇ વિદ્યા કે શાસ્ત્ર શિખવાના અને બોલવાના અર્થમાં વપરાય છે; કોઇ હુનર કે કળા શિખવાના અર્થમાં વપરાતો નથી. લુહાર, કુંભાર, મોચી વગેરે કારીગરોનાં કામ કરતાં આવડે એને માટે જે ઉદ્યમ કરવો તેને **શિખવું** કહે છે, **ભણવું** કહેતા નથી. **ભણવામાં** વાંચવું, લખવું અને મોઢે બોલવું એ અવશ્યે કરીને આવેછે. **શિખવામાં** હમેશ તેમ થતુ નથી. **ભણવું** એ શબ્દનો અર્થ માત્ર બોલવું કે કહેવું એવો થાય છે ત્યારે **શિખવું** એ શબ્દ તેની જગાએ વપરાતો નથી. કોઈ વિદ્યા કે શાસ્ત્રનું જ્ઞાન મેળવવાના સંબંધમાં **ભણવું** અને **શિખવું** એ શબ્દો ઘણું કરીને

સરખા અર્થમાં વપરાય છે.

દાખલા.

પચાશ વરસની ઉમરે તેણે અંગ્રેજી વ્યાકરણ ભણવા માંડ્યું.

જાત મહેનત.

હું તુજ પાસે વિદ્યા ભણ્યો; તને સાંભરેરે;
મને મોટો કર્યો મહારાજ, મને કેમ વીસરેરે.

સુદામા ચરિત્ર. પ્રેમાનંદ.

ભગત કહેવાણોરે, મોટા મોટા ગ્રંથ ભણી—પંચરંગી.

ભવાન ભકત.

એ વાતની અમે હા ભણીએ છીએ.........

જાત મહેનત.

શ્રી હરી મુખથી ભણ્યા સાધુ, જન્મ સાર્થક થાયરે;
ચતુર્થ સ્કંધ ભાગવતનો, હવો પૂર્ણ દ્વાદશોધ્યાયરે.

વલ્લભરામ.

વળી એકાંતે બેશીને સિદ્ધાંત શિખતો હોય તે વેળા ગમતનો વિચાર કરે, તો મને લાગે છે કે તે કોઇ દહાડો ગણિતશાસ્ત્રમાં કુશળ થવાનો નહિ.

ચેં૦ પુત્રપ્રતિ ઉપદેશ.

આટલાં વરસ ગુજરવાથી તે લખતાં વાંચતાં શિખ્યો હતો તે છેક ભૂલી ગયો હતો, તેથી તેણે ફરીથી ભણવા માંડ્યું.

જાત મહેનત.

નાનાં છોકરાંને ચાલતાં શીખવવાને એક નાની ગાડી થાયછે.

જાત મહેનત.

આવાં ચીની વાસણો બનાવવાનું શીખવાને માટે આપણા લોકોને અઘરૂં લાગે એમ નથી.

પરદેશી માલ.

શાસ્ત્ર પૂરાણો વેદ, કમાવા કારણ શીખે,

આઠ પહોર દિન રાત, જઈને ઝિકર્યું કીકે

નરસૈરામ.

ફેરવવું અને બદલવું.

કોઈ વસ્તુમાં થોડો ઘણો ફેરફાર કરવામાં આવે ત્યારે ત્યાં ફેરવવું એ શબ્દ વપરાય છે. પણ તે વસ્તુને બદલે બીજી કોઈ વસ્તુ દાખલ કરી હોય, અથવા તેમાં ઘણો ફેરફાર કર્યો હોય, અથવા થયો હોય, ત્યારે બદલવું એ શબ્દનો રૂપ વપરાય છે. ફેરવવું એ થોડો ઘણો ફેરફાર બતાવે છે. બદલવું એ ઘણોજ અથવા પૂર્ણ ફેરફાર બતાવે છે. કોઈ માણસના ચેહેરામાં એટલો બધો તફાવત પડી ગયો હોય કે કેટલાએક વખત પછી તે આપણે પારખી શકીએ નહિ, ત્યારે તેનો ચેહેરો બદલાઈ ગયોછે એમ કહેવાય. પણ એટલો તફાવત પડયો હોય કે મુશ્કેલીની સાથે પણ આપણે તે વરતી કાઢીએ તો તે ફરી ગયો એમ કહેવાય. કેટલીક વખત આ બે શબ્દો એક બીજાના અર્થમાં વપરાય છે.

દાખલા.

લાર્ડ રીપનની ઉદાર નીતિયે કેટલીક રૂડી યોજનાઓ કીધી છે પણ નવો વેસરાય તે નહિ ફેરવે ને તેમાં વધારો કરશે એની શી ખાતરી ?

ધર્મવિચાર—નર્મદાશંકર.

આવા રંગ પ્રેક્ષકો એવા નિર્ણય કરનાર છે કે જેના નિર્ણયને ફેરવવાનો કોઈ પણ અભિનેતાને પ્રસંગ આવતો નથી;

.................................ચેસ્ટરફીલ્ડ.......

એમ સ્થિતિ જોતાં ને ભૂતનો અનુભવ તથા ભાવિનો સંભવ એ ઉપર વિચાર કરતાં ઉદ્દેશને જરા પણ ફેરવવો અમને ઘટિત લાગતો નથી.

ધર્મ વિચાર—નર્મદાશંકર.

પોતાને પોતાના અભિપ્રાય ફેરવવાનો હક નથી એમ અમે

કહેતા નથી.

"મિઠ મલબારીનો છેલ્લો પ્રયત્ન."

કેટલાએકનાં ઘરમાં રાંધેલું ધાન બદલાઇને નરક થઇ ગયું.

કરણ ઘેલો.

હવે ત્યાં પડોસમાં કેટલાએક છોડવા ઉગેલા હતા તે ખાધાથી તેનું રૂપ બદલાઇને તે પાછો માણસ થયો.

બોજન.

અભ્યાસ વિનાના દેશીઓને ઘડી ઘડી બદલાતી ચંચળ નીતિ અસાવધ ને અલાભ કરનારી છે.

ધર્મ વિચાર—નર્મદાશંકર.

પણ હવે ઉમર બહુ થઇ એટલે પડેલો ચાલ બદલાતો નથી, અને તેટલા માટે હવે અમારે જેમ તેમ કરી, બાકીના દિવસ પૂરા કરવાના છે.

પિ. પુત્રપ્રતિ ઉપદેશ.

કોઈ સમૂહ પોતાનો મુખ્ય ધર્મ બદલે કે તેને બદલવો પડે તો પણ તેની મૂળ ધર્મ બુદ્ધિના અંકુર રહેવાના, પછી તે પરદેશમાં બીજાના સહવાસમાં જઇ રહેતો પણ.................

ધર્મ વિચાર.

કરવું અને બનાવવું.

આ બંને શબ્દો ક્રિયા બતાવે છે. કરવું એ શબ્દ હરકોઇ જાતની ક્રિયા કરવાના અર્થમાં વપરાય છે. બનાવવું એ શબ્દ કંઈ રચના કરવી કે ઘાટ ઘડવો કે કોઇ રૂપમાં લાવી મુકવું એવા અર્થમાં સાધારણ રીતે વપરાય છે. કરવું એ સામાન્ય તેમજ ભાવ વાચક નામની સાથે વપરાયછે; પણ બનાવવું એ ઘણું કરીને સામાન્ય નામની સાથે વપરાય છે. કરવું એ શબ્દ ઘણાજ પોહોળા અર્થવાળો છે, તેથી બનાવવું એ શબ્દ કેટલીક વખત એની જગાએ વપ-

રાય છે. બનાવવું એની જગાએ કરવું એ શબ્દ હમેશ વાપરી શકાય છે.

દાખલા.

નિદ્રા અલ્પ કરે છે શ્વાન, માટે શું મળશે ભગવાન;

દયારામ.

મંદીરના ગુરૂજી સુદેવજીરે, તમારે ખોળે સોંપુ એ તંન,
જય કહેજો મુજ માતનેરે, જીવની પેરે કરજો જતંન.

નળાખ્યાન.

આપણુ પટેલ કરી થાપીએ, એક જનાવર નિત્ય આપીએ;
ત્યારે તો સુખે રહેવાય, જો વારા ફરતી નિત્યે જાય.

શામળ મદનમોહના.

તન ત્રાડિયાં કરોને સજ; શા માટે રાખો છો અસજ;
બનાવે લોહું થાશે ધજ, મન સીકલીગર.

ધીરો ભકત.

વેળુ તે કેરો ઓટલો બનાવ્યો, તે લીપ્યો લાખ્યો ગારે;
ખુંધો તો ખુંદાય નહીં રે, એ ફાંસાઇ પડે બારેબારે. મુરખ.

ધીરો ભકત.

આઠ દશ માણુસો બેસીને હલેસાં મારી શકે, એવી મોટી અને મજબુત હોડી કરવાનો ફિપ્સે પ્રથમ મનસુબો કર્યો; અને તે બનાવવામાં એ પંડે વાંસલો લઈને અડતો.

જાત મહેનત.

તેઓમાંના કેટલાક સારી દવાઓ બનાવી જાણે છે.

પરદેશી માલ—ભવાનીશંકર.

એવો સંચો કોઈ બનાવે તો તેને અઢી હજાર રૂપિયાનું ઈનામ આપવાનું આલ્સેસના લોકોએ જાહેર કર્યું.

જાત મહેનત.

લાવવું અને આણવું.

લાવવું એ શબ્દ નજીકની તેમજ દૂરની વસ્તુઓ વિશે બોલતાં વપરાય છે. આણવું એ શબ્દ માત્ર દૂરની વસ્તુ લાવવી હોય ત્યારે વપરાય છે. "જામફળ લાવો" એનો અર્થ દૂરથી લાવો, તેમજ નજીકમાં પડયું છે તે લાવો એમ થાય છે. પણ જામફળ આણો એમ કહેવામાં આવે તો તેનો અર્થ દૂરથી લાવો, અથવા પૈસા ખરચી માગીને કે બીજી રીતે લાવો એમ થાયછે. આણો એ શબ્દનો અર્થ ઘણી વખત "જાઓ અને લાવો" એવો થાય છે. પણ ભાવવાચક નામની સાથે એ શબ્દ વપરાય છે ત્યારે એના અને લાવવાના અર્થમાં કંઇ તફાવત જણાતો નથી, તેમજ દૂરથી લાવવાની વસ્તુના સંબંધમાં પણ એ બે શબ્દ સરખા અર્થમાં વપરાય છે.

દાખલા.

એક એકને અળગા કરે, લાવ્ય માંળ કંઠ આગળ ધરે;
પાંચ નળ આવે ફરી ફરી, દમયંતી થઈ ગાભરી.

નળાખ્યાન–પ્રેમાનંદ.

હર હસી હરિ વદનીને કે'શું, દિગમ્બરે ન મળાય?
વારૂ લાવો વસ્ત્ર પે'રીએ, બોલ્યા ભોળો રાય.

દ્રૌપદી હરણ–પ્રેમાનંદ.

ઓખા તને પડયો એહેવા, સખી આણ્યાના ઉપાય કેવા,
તને પરણ્યા તણું મન થાય, નથી લાવ્યાનો એકે ઉપાય.

ઓખા હરણ–પ્રેમાનંદ.

લાવો સારથિ રથ તતકાળ, આજ્ઞા આપિ છે દીન દયાળ.

મુકતાનંદ.

તેથી નામ જાણ્યું એ વડું, સ્વાદ લાગ્યું તમને વડું;
આજ લાવું જઇને હુંય, એમાં માગ્યું ગુરૂજી શુંય.

મુકુંદ.

માગિ માગિને તે શુંરે માગ્યું, દમયંતી એક નારી;

દેવ કન્યા આણી આપું તો, કહ્યું ભિમકકુમારી.

નળાખ્યાન–પ્રેમાનંદ.

આપ ક્ષુરિકા મુજને આણી, સ્ત્રી લાવી જૂઠું જાણી.

મુકુંદ,

ભીલ કહે વનુભાને ચડવાને સુંદર સોરઠી ઘોડી મેં આણીછે.

વનરાજ ચાવડો–મહીપતરામ.

જોવું અને દેખવું.

આપણી આંખ ઉઘાડી હોય તે વખતે કોઇ પદાર્થ આપણી નજરે પડે ત્યારે **દેખવું** એ શબ્દ વપરાય છે; પણ કોઇ પદાર્થ તરફ આપણે નજર કરીએ ત્યારે **જોવું** એ શબ્દ વપરાય છે. **જોવું** એ શબ્દથી જોનારની જોવાની ઇચ્છા થઇ હતી એમ અનુમાન થાય છે, પણ દેખવામાં તેમ નથી. **દેખવું** એ શબ્દમાં કોઇ ચીજ અનાયાસે નજરે પડી એવો અર્થ રહેલો છે.

જોવું એમાં દ્રષ્ટા તરફ અર્થ વધારે જાય છે; **દેખવું** એમાં દ્રશ્ય તરફ. **જોવાની** વસ્તુ જોનારની નજરે પડે ત્યારેજ **'દેખવું'** એ વપરાય. જોવું એ શબ્દ હમેશાં તેમ વપરાતો નથી. ફક્ત દ્રશ્ય વસ્તુનો દર્શનેન્દ્રિય સાથે સંયોગ કરવાના પ્રયત્નને–વ્યાપારને–અર્થે પણ જોવું એ શબ્દ વપરાય છે. **દેખવું** એ શબ્દ એ અર્થમાં વપરાતો નથી.

દાખલા—

વિચાર અને ઉદાસીનતામાં ડુબેલો હોવાથી આસપાસની ધામધુમ **દેખાતાં** છતાં તેને **જોતો** ન હતો.

સરસ્વતીચંદ્ર.

દુર્જન બીજાનાં સર્ષવ જેવડાં છિદ્રને **જુએ** છે, પણ પોતાનાં બીલાં જેવડાં છિદ્રને **જોતાં** છતાં પણ **જોતો** નથી.

ભામિની ભૂષણ ૨

નાનું મોટું નમરતું સહુ, મળી બાળક બોલાને બહુ;
સાચું કહો રવા ક્યાં રાત, વળતી આવ્યા કામ પ્રભાત.

શામળ—પદ્માવતી.

સુતા સરસ્વતી શોક સિંધુમાં, ડૂબેલી મુજને દેખાય;
ખેદ ઉંડો કે રોગ ભુંડો છે, તેથી પેટ ભરી નવ ખાય.

સરસ્વતી ગુણવંતની કથા.

વણુ આદિનેવણુ અન્ત, વણુ આકારને વણુ માપ હું;
દેખે જનો જે ગોળ તે નિજ બિમ્બ જેની ખાપ હું.

સ્નેહ મુદ્રા.

જેને રામ રાખેરે, તેને મારી કુણ શકે;
અવર નવ દેખુરે, બીજો કોઈ પ્રભુ પખે.

ધીરો ભકત.

તરણા ઓથે ડુંગરરે, ડુંગર કોઇ દેખે નહી;
અજા જૂથ માંહેરે, સમરથ ગાજે સહી.

ધીરો ભકત.

ટાંગવું અને લટકાવવું.

કોઇ પદાર્થ કે પ્રાણીને હૂક, કડી વગેરે સાથે ઊંચે બાંધવું તેને ટાંગવું કહે છે; જરા દૂરથી બાંધવું તેને લટકાવવું કહે છે. ટાંગેલી વસ્તુ બહુ ઝુલતી રહેતી નથી, પણ લટકાવેલી તેમ રહેછે. કેટલીક વખત આ બે શબ્દો એકજ અર્થમાં વપરાય છે.

દાખલા—

હીરાકણી શાત જડી દર કાંગરામાં;
ટાંગ્યા મણી દિન મણી સમ તોરણોમાં

ઇંદ્રજીત વધકાવ્ય.

ધોળાવ્યાં રંગાવ્યાં ધામ, ચિતરાવ્યાં ચિત્રો બહુ ઠામ;
તખ્તા હાંડી ઝુમર અપાર, ટાંગી શોભા કીધ અપાર.

સરસ્વતી ગુણવંતની કથા.

સેવક સખિયો સહુકો કહે છે, એણિયે માળા લીધીરે;
બાંધો, ટાંગો મારો પછાડો, અબળા આકળી કીધીરે.

નળાખ્યાન-પ્રેમાનંદ.

ડાઢી મુછ મુંડીને પટા પાડિયા, શસ્ત્રે કરીને શ્રીનાથ;
રથની સાંગી પુઠળ લટકાવિયો, વસ્ત્રે બાંધ્યા બેહુ હાથ. જે જે૦

દયારામ.

એક વેળા રાજમાતા કેટલીક વાણીઅણો જોડે બેઠી વાતો કરતી હતી એટલે બાઇ ઊંદરને પૂછડીએ પકડી લટકાવતા લાવ્યા ને બઈરીઓના ઉપર ફેંક્યો.

વનરાજ ચાવડો.

પરચુરણ શબ્દો.

ટીકાકાર અને ટીકાખોર.

કોઈપણ કામ, ગ્રંથ કે બીજા પદાર્થના ગુણ દોષ બતાવી તેનું જે માણસ વિવેચન કરે તે ટીકાકાર કહેવાય છે. અસલ ગ્રંથ કે વિષય સમજાય તેને માટે, તેમજ તેના ગુણ દોષ બતાવવાને માટે ટીકાકાર ટીકા કરે છે. ટીકાખોર માણસ ગુણ ઉપર જોઇએ એટલું લક્ષ નહિ આપતાં માત્ર દોષ ઉપર ઘણી ચરચા ચલાવે છે. ટીકાખોરની મતલબ ગ્રંથ રચનાર કે કામ કરનારની નિંદા કરી તેને હલકો પાડવો કે તેની આબરૂને એબ લગાડવી એ હોય છે. ટીકાકારનો ઇરાદો આવો ખોટો હોતો નથી. ટીકાકાર એ ગુણ અને દોષ બંને સમદ્રષ્ટીથી બતાવે છે, પણ ટીકાખોર એ દોષ નાના હોય તે મોટા કરી બતાવે છે, તેમજ ગુણ હોય તે કેટલીક વખત છુપાવે છે.

દાખલા.

સારી સારી શોભા તેને ધારી ધારીને છુપાવે,
છટા છિદ્રવાળી છતી કરવા ચકોર છે;
ટીક ટીક કરે ટેક ટાળીને અટક્યાળો,
ટીકાકાર નહી એ બુલાખી ટીકાખોર છે.

નિંદા કરનારની નિંદા સત્ય હોતી નથી, ને નિંદાને બદલે વાસ્તવિક ટીકાકારના મતભેદથી, જે હોય તેને દુષણ લાગતું નથી.

સરસ્વતીચંદ્રનું અવલોકન.

કાળીદાસ કવિના ગ્રંથના ટીકાકાર મલ્લિનાથ પંડિતે પોતાની ટીકામાં કોઈપણ ઠેકાણે એ કવિના જન્મ વિષે સૂચના કરી નથી.

ગુજરાતી ભાષાનું વ્યાકરણ—હ. દ.

હાસ્યજનક અને હસવા લાયક.

જ્યારે કોઈ કૃત્ય, આચરણ, વાણી, કે દેખાવમાં એવી રમુઝ, મઝા કે ચમત્કૃતિ હોય કે તે જોવા, સાંભળવા કે વાંચવાથી હૃદય પ્રફુલ્લ થઇ હાસ્ય ઉત્પન્ન થાય ત્યારે તે કૃત્ય, આચરણ, વાણી કે દેખાવ હાસ્યજનક છે એમ કહેવાય. હસવા લાયક કૃત્ય, આચરણ, વાણી કે દેખાવથી વખતે હાસ્ય ઉત્પન્ન થાય છે પણ તે હાસ્યથી અંતઃકરણ પ્રફુલ્લિત થતું નથી. હસવા લાયકનો પરિણામ અણગમામાં આવે પણ હાસ્યજનકનો પરિણામ આનંદમાં આવે છે. મૂર્ખાઇ ભરેલા ચાળાથી કે બોલવા ચાલવાથી કોઈ માણસ હાસ્ય ઉત્પન્ન કરે તો તેનું બોલવું હસવા લાયક કહેવાય, પણ જ્યારે તેના બોલવા ચાલવામાં એવી કોઈ ચમત્કૃતિ હોય કે તેથી અંતઃકરણ પ્રફુલ્લ થઈ આનંદની સાથે હસવું આવે ત્યારે તે હાસ્યજનક કહેવાય. દ્રૌપદીહરણના મંગળા ચરણમાં મહાદેવજીએ સર્પને આધારે કટી ઉપર ગજચર્મ ધારણ કરેલું તે

ગરૂડ સહિત કૃષ્ણ આવ્યા એટલે ગરૂડને દેખી સર્પ નાશી જવાથી અજચર્મ કટીથી હેઠે પડી ગયું એ વાત, તથા નળાખ્યાનમાં ચાર દેવોએ એક બીજાને શાપ દેવાથી તેમનાં રૂપ બદલાઇ ગયાં એ વાત હાસ્યજનક છે એમ કહેવાય.

દાખલા.

શેકસપીઅર કૃત હામ્લેટ અથવા આપણા રણછોડભાઈ કૃત લલિતા જેવાં કરૂણારસ નાટકને કોઇ હાસ્યજનક નાટકરૂપે ભજવી બતાવવાની મૂર્ખાઇ કરે, અને તેથી તેની જેટલી હાંસી થાય, તે કરતાં એના ભાષણથી અતોલ વિશેષ તિરસ્કાર થઇ પડયો.

જાત મહેનત.

તમે જ્યાં બેસો છો ત્યાં પેંહેલાં વાળો છો, બોલો છો ત્યારે મ્હોએ લુગડું બાંધો છો, અને એ સિવાય જીવનું રક્ષણ કરવાને ઘણાએક હસવા લાયક ઉપાય કરો છો એ સઘળો તમારો ઢોંગછે.

કરણઘેલો.

બાળક કે અજ્ઞાની બોલે, તેનો તે શો તોલરે;
હસવા લાયક હોય હમેશાં, બાળક કેરા બોલ. હિંમત૦

વેન ચરિત્ર.

અને જો એમ કહેવાગાં આવે કે તે સ્વતંત્ર સ્વેચ્છાથી દરેક કાર્યમાં જુદી જુદી રીતે મરજી માફક વર્ત્તે છે, તો પછી સર્વમાન્ય કોઇ પણ ધોરણને માટેનો પ્રયત્ન હસવાલાયક થઈ પડે છે.

સ્રીપુરૂષના સમાન હકક.

માં, મોઝાર અને મધ્યે.

એક વસ્તુ બીજી વસ્તુના મધ્ય અથવા વચલા ભાગમાં હોય અથવા તે ભાગની નજીકમાં હોય ત્યારે તે ચીજ મધ્યે છે એમ કહેવાય. માં એ શબ્દ એક ચીજ બીજી ચીજની અંદર તેના જમે તે ભાગમાં હોય ત્યારે વપરાય છે. મોઝાર એ શબ્દ માંના જ-

ર્થમાંજ વપરાય છે, પણ તે ઘણું કરીને કવિતા સિવાય ગદ્યમાં વપરાતો માલમ પડતો નથી. કેટલીક વખત મધ્યે એ શબ્દ **માં** અને **મોઝાર**ના અર્થમાં વપરાતો માલમ પડે છે.

દાખલા.

પૃથ્વિ**માં** પડતી સાધુની કાય, તે આવતા સ્વર્ગની માંય.

પ્રેમાનંદ.

સ્વયંવર**માં** ચારે જઈએ, કોઈનું ભળશે ભાગ્યજી.

પ્રેમાનંદ—નળાખ્યાન.

પડયો રાવણ રણ **મોઝાર**, વરત્યો વિશ્વ**માં** જયજયકાર.

ગીરધર—રામાયણ.

અર્જુને ત્યાં આયુધ જોયાં, તો તે અંતઃપુર **મોઝાર.**
યુધિષ્ટિર ઘર વિષે રહ્યાં, હવે કરવો કોણ પ્રકાર.

સુભદ્રાહરણ—પ્રેમાનંદ.

જંમુત કેરૂ નામ સાંભળ્યું, ચઢિયો ક્રોધ અપાર;
વેગે ધાઇને આવિયો તે, રાજસભા **મોઝાર.**

લજ્જારામ.

ઘરની વાડી પરગ ગનોહર, **મધ્યે** અવાસછે એકજી.

નળાખ્યાન—પ્રેમાનંદ

સાગર **મધ્યે** નાવડું જેમ, ભિમક નગરી તો દીસે તેમ.

પ્રેમાનંદ.

લગભગ અને આશરે.

આ બે શબ્દો સંખ્યા કદ, મહત્વ કે જથો બતાવવાને માટે વપરાય છે, અને ઘણી વખત એક બીજાના પર્યાય તરીકે વપરાય છે. **લગભગ** એ કહેલી સંખ્યા કદ, મહત્વ કે જથાથી કાંઇક ઓછું કે તેની બરોબર બતાવે છે. **આશરે** એ શબ્દ તેથી કાંઈક ઓછું, કે તેની બરોબર, કે તેથી કાંઈક વધારે બતાવેછે. **લગભગ** એ શબ્દ કહેલી સંખ્યા કદ, મહત્વ કે જથા કરતાં કંઇ જ્યાદે છે એમ બતાવતો નથી.

દાખલા—

તેની ઉમ્મર **લગભગ** બે વર્ષની હતી.

પ્રમદા.

ચરોતરમાં કયારીને જરાયત જમીનનો જે દર છે તેજ દર **લગભગ** ત્યાં પણ લેવામાં આવે છે.

ગુજરાતની ખેતીવાડી.

તે વેળા **લગભગ** દશ હજાર આદમી ત્યાં બેઠા હતા.

ઇગ્લાંડની મુસાફરી. મહીપતરામ

એમ ગણતાં ઉંચ વર્ણના હિંદુઓમાં **આશરે** ૨૫ લાખ વિધવાઓ હશે એમ ગાલ્લગ પડે છે.

ગુજરાતશાળાપત્ર સન ૧૮૮૭.

આશરે સો એક માણસોનો જગાવ થવા લાગ્યો; પછી તેમને ભાષણો સાંભળવાની તૃષ્ણા થઈ..................

જાત મહેનત.

સન્મુખ અને સામું.

એક વસ્તુના મ્હોડાની સામે બીજી વસ્તુ હોય તો તે **સન્મુખ** છે એમ કહેવાય છે. **સામું** એ શબ્દ ઉલટી દિશા બતાવે છે. બે વસ્તુઓ એક બીજાથી ઉલટી દિશામાં હોય તો તે એક બીજાની સામે છે એમ કહેવાય. **સન્મુખમાં** વસ્તુઓનાં મ્હોં એક બીજાની સામે હોવાં જોઈએ; **સામેમાં** તેમ હોવાની જરૂર નથી. **સામું** એ શબ્દ **સન્મુખ**ની જગાએ વપરાય પણ **સન્મુખ** એ શબ્દ **સામું** એ શબ્દની જગાએ હમેશ વપરાય નહિ. **સન્મુખ** માત્ર મુખવાળાં પ્રાણી કે વસ્તુઓ વિશે બોલતાં વપરાય છે. **સામું** એ મુખ વગરના પદાર્થો વિશે પણ બોલતાં વપરાયછે.

દાખલા.

દલ મુખે કરતો ગર્જના, ક્ષિતિ ચક ચડાવ્યું ચાક;
તે સામે એક **સન્મુખ** થઇ, હનુમાન મારે હાક.

રણયજ્ઞ—પ્રેમાનંદ.

સનમુખ આવી લાગ્યા શૂર;
ઉભયદળ પામે ચકચૂર.

એજન.

એ રીતે સૂર્યફુલ દિવસે સૂર્યની સામું ફરીને સૂર્યની સન્મુખ થાય છે.

ચમત્કાર ચંદ્રિકા.

મંડપ લીંપ્યો કનકની ગાર, સામા સામી આસનની હાર.

નળાખ્યાન—પ્રેમાનંદ.

ઉભા કેડે હાથ ન દઈએ, સામે પૂર ન તરિયે. સુણજો.

વિશ્વવિજય.

જે નાડીમાં સ્વર લાવવો હોય તેની સામેની બાજુ દબાવીને સુવું, અથવા તે બાજુની બગલમાં એક તકીઓ કે કાંઈ દાબવું.

પ્રાણવિનિમય—મણિલાલ.

તળે અને નીચે.

એક ચીજના તળિયા નીચે બીજી ચીજ હોય તો પેહેલી ચીજ તળે બીજી ચીજ છે એમ કહેવાય છે. નીચે એ શબ્દ પણ એવા અર્થમાં વાપરી શકાય છે, એટલુંજ નહીં પણ જે ચીજ ઉંચી હોય તેની પાસે અથવા દૂર બીજી કોઈ ચીજ ાચાણમાં હોય ત્યારે પણ તે ચીજ નીચે છે એમ કહેવાય. નીચે એ શબ્દ બે વસ્તુઓમાંની એક ઉંચી સપાટી ઉપર છે એમ બતાવેછે, પણ તળે એ શબ્દ બેમાંની એક ચીજના તળિયાની સપાટી નીચે અથવા તેહી નજીક બીજી ચીજ છે એમ બતાવેછે.

દાખલા

કામનીનું ડહાપણ કોણ કળે, આવી પોપટ પંજર તળે.

સુડાબોતેરી-શામળ.

(પછે) એમ કરતાં આવિયા, મા' અઘોર વનમાં વીરરે;
એક વૃક્ષ તળે સૂતા સહી જેનાં, શ્રમીત થય શરીરરે.

શિવદાસ.

ભલે ગાજે ઘૂમે પવન કરિ તોફાન ઉપરે,
તમે રહેશો ભેટયાં, તદપિ રહિ આ મંડપ તળે.

કુસુમમાળા,

ઝાડે ટાંગી તળે તાપણી કરે..............................

ગર્ધવસેન.

વીંટી વીસ હજારની, સોંપી દાસી સાથ,
મેડી તળે મુજ માનની, હેતે આપજો હાથ.

સુડાબોતેરી–શામળ,

એક ગમાર ચડયો ગિરનાર, નિચે દસ બાર દિઠાં પુર બારે;
વેતી નદી જળ દેખી મરોડ, ધરે મન કોડ બહુજ પ્રકારે.

રાજ વિદ્યાભ્યાસ.

તેના સાથીઓએ કેટલાક ચોરને જખમી કરી નીચે પાડયા, ને કેટલાકને ઝાલી બાંધ્યા.

વનરાજ ચાવડો.

ગુરૂ થયા ઊંચારે, ટેકરૂ જળ વિનારે, નીર તે નીચે ખામે ભરાય;
વેદાંતને વાંચીરે, સિદ્ધાંતને સહી કરોરે, સર્વનું સિદ્ધાંત દેહ કહેવાય.

નીરાંતભક્ત.

છોકરો, દીકરો અને કુંવર.

છોકરો એ શબ્દ નાની ઉંમરના મરદ માણસને માટે સાધારણ રીતે વપરાય છે. દીકરો એ શબ્દ બાપની સાથેનો સંબંધ બતાવીને બોલતાં વપરાય છે. આ બે શબ્દ વચ્ચેનો ભેદ પ્રથમ પૃષ્ઠ ૧૪ મે બતાવ્યો છે. કુંવર એ શબ્દ રાજા કે ઠાકોરના દીકરાને માટે વપરાયછે. કેટલીક વખત કોઈ હાકેમ, અમલદાર, શાહુકાર કે મ્હોટા માણસના દીકરાને પણ કુંવર કહેવામાં આવેછે. કુંવર એ શબ્દ દીકરાની માફક બાપની સાથેનો સંબંધ બતાવે છે; છોકરાની પેઠે એ સાધારણ અર્થમાં વપરાતો નથી.

ગમે તે પંક્તિના માણસના છોકરાને દીકરો કહી શકાય; પણ

કુંવર એ શબ્દ ઉંચી પંક્તિના માણસના દીકરાને માટેજ વપરાયછે. છોકરો એ શબ્દ બાપની સાથેનો સંબંધ બતાવેછે ત્યારે તેની ઉંમરનો કંઈ મેળ રહેતો નથી.

દાખલા.

એવો મા' બળિયો પડયો દેખીને, અસુર અનેરા ધાય;
અહયા બાંધ આયુધ કે આપ્ય કન્યા, કેમ છોકરે છાશ પીવાય.
રૂકિમણી હરણ—પ્રેમાનંદ.

પોતાના આ દીકરાને ગાદી અપાવવા તે કાવતરાં કરવા લાગી.
વનરાજ ચાવડો.

કુંવર તારી માનો જીવ તારા વિના જાય છે.
વનરાજ ચાવડો.

ત્યારે કુંવર ભણે એ કારજ ખોટું, મેં તો વર વેર્યો શિશુપાળ;
તે તો દ્રાવિડ દેશનો મોટો રાજા, કૃષ્ણ ગાયો તણો ગોવાળ.
રૂકિમણી હરણ—પ્રેમાનંદ.

કહો કુંવર ક્યાંથી આવિયા, સમાચાર શાશા લાવિયા.
પદ્માવતી—શામળ.

સ્ત્રી—પત્ની અને વહુ.

સ્ત્રી એ સામાન્ય રીતે હર કોઇ પ્રાણીની અને વિશેષે કરીને મનુષ્ય પ્રાણીની નારી જાતી બતાવવાને વપરાય છે. **પત્ની** એ શબ્દ પરણેલી સ્ત્રીને માટે વપરાય છે. જે **સ્ત્રી** તેના પતિની આજ્ઞામાં રહેતી હોય તે **પત્ની** કહેવાય. **વહુ** એ શબ્દ પરણનાર કે પરણેલી સ્ત્રીના અર્થમાં સામાન્ય રીતે વપરાય છે. **વહુ** એ શબ્દના કરતાં **પત્ની** એ શબ્દ કંઇક વધારે માન વાળો હોય એમ જણાય છે.

વહુ એ શબ્દ છોકરાની વહુને માટે પણ વપરાય છે. **સ્ત્રીને પત્ની** એ શબ્દો એવા અર્થમાં વપરાતા નથી. વળી પરણેલી કે પરણનાર **સ્ત્રી** જે નામથી તેને સાસરે ઓળખાતી હોય તે નામની સાથે **વહુ** એ શબ્દ જોડી તેના સાસરાના પક્ષનાં માણસો તેને બો-

આવે છે, જેમ કે પરસન વહુ, માણેક વહુ, વગેરે. આવા અર્થમાં પત્ની કે સ્ત્રી શબ્દ વપરાતો નથી.

વહુ એ શબ્દ પરણેલી નહિ પણ માત્ર વિવાહ કરેલી કન્યાને માટે પણ વપરાયછે. પત્ની શબ્દ એવા અર્થમાં વપરાતો નથી. સ્ત્રી એ શબ્દ પરણેલી, વગર પરણેલી, તેમજ રાંટેલી સ્ત્રીને માટે વપરાય છે.

દાખલા.

વળી હાલ સ્ત્રીઓની સ્થિતિ કેવી છે એ સવાલનો જવાબ, કેવી હોવી જોઈએ અથવા શાસ્ત્રમાં કલ્પેલી છે, તે ઉપરથી બહુધા મળતો નથી.

સ્ત્રી પુરૂષના સમાન હક.

બરાબર ચાળીશ વર્ષની એક ઊંચી પણ ભરેલા શરીરની સ્ત્રી તેની પાસે બેશી માતાની પેઠેજ તેના સુરભારા કરતી હતી.

કુસુમાવલી.

સ્ત્રીના વાંક શત સહસ્ર, તોય તેને નવ હણવી;
ડહાપણ દશ હજાર, તોય મૂરખમાં ગણવી.

મદનમોહના—શામળ.

પુરૂષોના પત્ની પ્રત્યેના ધર્મ પ્રકાશે તેમાંજ;
પત્નીના ઉપયોગ તણા, અતિ ઉત્તમ ગુણ છે એમાંજી.

પાર્વતીકુંવર ચરિત્ર.

જે સ્ત્રીને હાલના રિવાજ પ્રમાણે પોતાને અનુરૂપ પતિ કે જે પતિને સ્વાનુરૂપ પત્ની મળી હોય તેનાં ધન્ય ભાગ્ય.

"મિ૦ મલબારીનો છેલ્લો પ્રયત્ન."

પ્રેમ સ્થાન પત્નીનું મોઢું, કષ્ટરૂપ પુઠ લાગી;
માત તાત પણ સ્વારથ સાધે, ઠોકર છેવટ વાગી. જનમના.

પ્રેમજીવન.

સરસ્વતીએ પછી કહ્યું 'બાળી', પિયર તમારે કરી તજવીજ;
પણ પત્તો ત્યાં પણ નવ લાગ્યો, એ સુણી વહુ ખરી પામી ખીજ.

સરસ્વતી ગુણવંતની કથા.

એ રીત એવી હતી કે બે કે વધારે ભાઈઓ વચ્ચે એક વહુ હોઈ શકે; અને વારસો પોતાનાં છોકરાંને ન મળતાં બેનનાં છોકરાંને મળે.

હિંદના લોકનો ટૂંકો ઇતિહાસ.

વિવાહ અને લગ્ન.

વિવાહ એ શબ્દ જૂદા જૂદા અર્થમાં વપરાયછે. **લગ્ન** કરતાં પહેલાં વાક્દાન અથવા લગ્ન કરવાનું સાટુ–કરાર કરવામાં આવે તેને **વિવાહ** કહેછે. લગ્ન પ્રસંગે માંડવા મહુરતથી માંડીને લગ્ન પુરૂ થતાં સુધી જે સમારંભ થાય છે તે પણ **વિવાહ**ના નામથી ઓળખાયછે. વળી લગ્નના અર્થમાં પણ **વિવાહ** એ શબ્દ વપરાય છે. **વિવાહ** એ શબ્દ આ પ્રમાણે ઘણા બો'ળા અર્થમાં વપરાય છે.

લગ્ન એ શબ્દ જે ક્રિયાથી સ્ત્રીપુરૂષ ધણીધણિયાણી તરીકે જોડાયછે તે ક્રિયાને માટે વપરાયછે. કેટલીક વખત તેવી ક્રિયાના સંબંધમાં જે સમારંભ માંડ્યો હોય તેનો પણ તેમાં સમાસ થાય છે. લગ્ન કરવાનું સાટુ કરવું એ અર્થમાં લગ્ન એ શબ્દ વપરાતો નથી.

લગ્નનું સાટુ કરવું અને **લગ્ન** એ બેની વચ્ચે ઘણો તફાવત છે. લગ્નનું સાટુ કરવું એને માત્ર **વિવાહ** કહેછે. તે ફોક પણ થઇ શકે છે, તેથી તે લગ્ન કહી શકાય નહિ.

દાખલા.

ઘેર આવેલા રૂકમીએ જ્યારે જાણ્યું કે બાપે જાદવોમાં **વિવાહ** કર્યોછે ત્યારે પોતે બાપનો કરેલો **વિવાહ** ફોક કરવાને જાદવોનાં ભૂંડાં બોલવા લાગ્યો અને એવી રીતે બાપ દીકરા વચ્ચે કજિયો થયો.

પ્રાચીનકાવ્ય માળા અંક ૧૪.

ફરી વીવા' મંડપ ત્યાં કરયા, અર્જુન સુભદ્રાને વર્યા;
પે'રામણી કીધી જદુપતિ, સર્વે સાથ સંતોષ્યો અતિ.

સુભદ્રાહરણ—પ્રેમાનંદ.

આંપણો વિવાહ ફોક કરીને રૂકમીએ કર્યું અપમાન;
જરાસંધ સરખા તેડીને, શિશુપાળ લાવેછે જાન.

રૂકિમણી હરણ—પ્રેમાનંદ.

હરિને હેગતે બાજઠ બેસાડિયા, આનંદ શું રે;
પાસેં બેઠા બળદેવ ભ્રાત, વિવાહ ગોવિંદ શું રે.

એજન.

સુત ચાંદલો કર્યો સ્વીકાર, ગળ્યો વિવા' નવ લાગીવાર;

સરસ્વતી ગુણવંતની કથા.

ઘેર ગંધર્વ વિવા' કરી, પરણાવો તમો પ્રીત;
બીજો કો જાણે નહિ, તે તો રૂડી રીત.

મદનમોહના—શામળ.

ગાઘ શુકલ પંચમી રવિવાર, આવી જાનભરી ઉદ્ગાર;
તે દિન લગ્ન થયું નિર્ધાર, હર્ષ પૂરવણું અપરંપાર.

સરસ્વતી ગુણવંતની કથા.

નારી પ્રતિષ્ઠામાં લગ્નનું તત્ત્વ પ્રથમ સ્થાપિત કર્યું છે;
તેને અનુરૂપજ આ નિર્ણય છે.

મિ. મલબારીનો છેલ્લો પ્રયત્ન.

તેણે લગ્ન લેઈ ફોફળ પાલટયાં, ધોળ મંગળ ગવાય;
ત્યાં તો ચોંપેશુ લગ્ન આરંભિયાં, નવાં ઘરરે રચાય.

રૂકિમણહરણ—પ્રેમાનંદ.

ન, ના, નહિ અને મા.

આ ચારે અવ્યય શબ્દો નિષેધ વાચક છે.

ન એ ફક્ત ક્રિયાપદોનાં રૂપની પેહેલાંજ આવે છે, તે બીજા

કોઇપણ રીતે છૂટો વપરાતો નથી.

નહિ એ શબ્દ ક્રિયાપદની પહેલાં તેમજ પછી વપરાય છે; પણ તે છૂટો વપરાતો નથી.

ના એ શબ્દ ન ની જગાએ વપરાય છે. વળી તે છૂટો પણ વપરાય છે. કેટલીકવાર ન્યૂન રૂપ નામ તરીકે પણ તે વપરાયછે. ન અથવા નહિ એ શબ્દો એ પ્રમાણે કદી વપરાતા નથી.

શકાર પ્રત્યયવાળા ભવિષ્યકાળના રૂપના પહેલાં નહિ એ શબ્દ કદી બોલાતો નથી, પણ તેવાં રૂપની પછીજ વપરાય છે. આજ્ઞાર્થ સિવાય ના એ શબ્દ પણ એવાં રૂપના પેહેલો આવતો નથી. તેમજ પછી પણ આવતો નથી.

ન અને ના એ બંને ક્રિયાપદના રૂપની પાછળ આવતા નથી, પણ નહિ એ આવેછે.

મા એ માત્ર આજ્ઞાર્થેજ વપરાય છે; અને તે ક્રિયાપદના પહેલાં તેમજ પછી આવે છે. આજ્ઞાર્થ સિવાય બીજી રીતે એ શબ્દ વપરાતો નથી.

દાખલા—

મિત્રની શોધ કરવાની જરૂર ન હત તો તો ચંદ્રકાંત વિદ્યાચતુરને ઉત્તર આપતજ.

સરસ્વતીચંદ્ર.

ચેતી લે ચેત્યાનો અવસર, ફરી ફરી ક્યાં મળશેરે;
જોબન જાતાં વાર ન લાગે, જરા આવિને ઢળશેરે.

દ્વારકો ભકત.

ચતુર લોકનું છિદ્ર, જગતમાં કોઇ ન જાણે;
ચતુર ન ચિંતા ધરે, મોજ આનંદે માણે.

શામળભટ

મુખ આગળથી વનરાજ જાય ત્યારે કુંવરી ઉદાસ થાય, ને પૂછે જઈ આભાસ ના બોલે તેમ રહે.

વનરાજ ચાવડા.

જે સત્તા થકી રાશિ ચક્ર ભગણો, ભાસે મહા મંડળે,
તે વિશ્વેશ તણી અચિંત્ય ગતિને, જીવો કદી ના કળે.

ઇશ્વર પ્રાર્થનામાળા.

કુંવરિ તો ઇચ્છાવર વરે, ના કહિયે તો નિશ્ચે મરે.

શામળભટ.

ના બાઇ માનવિ શું સર્વથા, કર્મ ભોગે ભોગવતી વ્યથા.

નળદમયંતી—પ્રેમાનંદ.

અયાચક વૃત્તિ પાળે સુદામો, હરિ ઉપર તેનું મન;
ક્ષણમાત્ર તે વિસરે નહીં, એવા ભક્તરાજન.

પ્રેમાનંદ—દશમ.

ચીલાવણ ચાલે નહિ, ભૂતળમાં રથ ચક્ર;
તેમ વસમે કોઇ વાળી ન શકે, કળિયુગમાં કાંઇવક્ર.

કાળિદાસ.

ઉત્તરા ઉત્તરા શું કરે, સાંભળ મારી માત;
રણમાં જ્યારે ઘા પડે, ત્યારે નહિ દે ઉત્તરા હાથ.

લલ્લુરામ.

હરી મારે ધરમ નથી કોઇ સાધન મુજને મૂકશો મા;
હરી મારે ધરમ નથી આરાધન, મુજને મૂકશો મા.

દયારામ.

રૂષિ કહે તમે મા રૂવો, મને મળ્યું હતું તે બાળ;
આશીર્વાદ દેઇ મોકલ્યો, ભજવા શ્રી ગોપાળ.

કાળિદાસ.

પેહેરામણી કરવિ હોય જેટલી, આશાશિ લખિ લાવો તેટલી;
લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એકે વસ્ત.

મામેરૂ—પ્રેમાનંદ.

સહિત અને સાથે.

સહિત એ શબ્દ જે પ્રાણી કે પદાર્થને લાગે છે તે પ્રાણી કે પદાર્થ ગૌણપક્ષે બોલાય છે, અને તે પદાર્થને **સહિત** વડે જેની સાથે સબંધ થાય છે તે પ્રધાન પક્ષે બોલાય છે. **સાથે** એ શબ્દ વાપરતી વખત હમેશ તેમ થતું નથી. **સાથે** એ શબ્દથી જોડાએલાં પ્રાણી કે પદાર્થમાંથી વખતે એક પ્રધાન પક્ષે બોલાયછે, અને વખતે બંને સમાન પક્ષે બોલાય.છે.

સાથે એ શબ્દ પ્રત્યે અથવા જોડેના અર્થમાં પણ વપરાયછે, પણ **સહિત** એવા અર્થમાં વપરાતો નથી.

દાખલા.

એવામાં જાન લઇ શીશુપાળ આવ્યો, **સાથે** છે રાજા બીજા બહુરે;

કાસીરાજ દંતવક્ર જરાસંઘ, શાલ્વ **સહિત** સેન્યા સહુરે.

દયારામ.

વરકન્યા, બંને તરફનાં સગાંવહાલાં **સહિત**, પરણવાનો સુંદર પોશાક પેહેરી દેવળમાં જાય છે.

ઇંગ્લાંડની મુસાફરી.

આમથી ભૂવડે પંચાસર સર કર્યા પછી બીજી સવારે કરણને પુષ્કળ સ્વારો **સહિત** સુરપાળની પાછળ મોકલ્યો.

વનરાજ ચાવડો.

તેમની **સાથે** આપણને લીલાપુર મોકલવાનો વિચાર કર્યો તેને એ બાબતની ખબર નહીં હોય ?

સરસ્વતીચંદ્ર.

રથ હાંકણુ વિદ્યા હાથેરે, મેં મૃગયાએ તેડયો સાથેરે.

નળાખ્યાન-પ્રેમાનંદ.

આ સાથે શીગોષ્ટી કરિયે; ભાવઠ ભાગી ભવની;
હીંડતાં પગના સ્પર્શ થકી તે, કાળી થાશે અવની.

નળાખ્યાન—પ્રેમાનંદ.

સમાપ્ત.

સૂચી પત્ર.

શુદ્ધિ પત્ર.

અશુદ્ધ.	પૃષ્ટ.	લીટી.	શુદ્ધ
ગાંહે.	૭	૧૪	ગાંહે,
તે	૧૨	૩	તો.
દર્ગે	૧૨	૨૧	દુર્ગે
સમંજવા	૪૧	૧	સમજવા
વસ	૫૨	૧૩	વાસર
હોયુછે	૫૩	૨૧	હોયછે.
શબ્જી	૬૯	૨	શબ્દની
બધીખાને	૮૦	૧૭	બંધીખાને
ખેતીયો	૮૨	૩	ખેપિયો
પકી	૯૯	૧૫	પૈકી
મહાર ન્યવન	૧૧૬	૧૨	ગહા રમ્ય વન
શરખો	૧૧૮	૩	સરખો
કુવારો	૧૧૮	૫	કુંવારો
ઢીગણું	૧૩૦	૪	ઢિંગણું
વૈદ્દ	૧૫૪	૨૪	વૈદો
થયં	૧૭૧	૨૭	થયાં
